STEEL WINDOWS & DOORS

Hot-dip Galvanised

A Life-time guarantee against corrosioı

Available from

**SEN HARVIC**

in

Steel Windows Industry

The most trusted name

Office :

37, Abdul Rehman Street,
Bombay-400 003
T. P. 327740

Works :

Industrial Estate,
Road No. 5, UDHNA-394 219
( Surat-Gujarat ) T. P. 88875

Use Standard Windows as per IS 1038/83

**Save Money & Time**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામને બદલે એ લાઇબ્રેરીનું નામ "નેટિવ લાઇબ્રેરી" રાખવા સૂચવ્યું. કરસનદાસ ઘણી વાર લીંબડીની હવેલીમાં દર્શન કરવા જતા તથા કોઈ વાર રકમ ભેટ આપતા.[૪] એક વાર બહારગામથી આવેલા માણભટ્ટની કથા એમણે પોતાના બંગલે ગોઠવી અને રૂા. ૫૦ થી ૬૦ ની રકમ એકઠી કરી આપી હતી.

કરસનદાસને શિક્ષણમાં ઘણો રસ હતો. એમણે લીંબડીની ઍંગ્લો વર્નાક્યુલર સ્કૂલના મકાનમાં વિદ્યાર્થિનીઓનો મેલાવડો કરી પરીક્ષા લીધી હતી તથા ઓઢણાં-કપડાંનાં ઈનામ વહેંચ્યાં હતાં.

એમને લીંબડીના પુસ્તકાલયના માનાર્હ પ્રમુખ (ઑનરરી પ્રેસિડેન્ટ) બનાવાયા હતા.[૫] ૧૮૭૧ ની ૧૫ મી જાન્યુઆરીએ ઍંગ્લો-વર્નાક્યુલર સ્કૂલના પુસ્તકાલયખંડમાં એમણે "ભારતમાં પુસ્તકાલયનું મહત્ત્વ" વિશે પ્રવચન કર્યું ત્યારે લીંબડીના ઠાકોર જશવતસિંહજીએ હાજરી આપી હતી. એઓ એ પુસ્તકાલયના પેટ્રન હતા તથા કેટલાંક પુસ્તકો અને સામાયિકો એમણે પુસ્તકાલયને ભેટ આપ્યાં હતાં.

લીંબડીમાં તારઑફિસ શરૂ કરવા એમણે પ્રયાસો કર્યા હતા.[૬] લીંબડીમાં તારઑફિસ થઈ એ પહેલાં લોકોને તાર-સંદેશા મોકલવા વઢવાણ-કેમ્પ (સુરેંદ્રનગર) જવું પડતું. એમના સમયમાં લીંબડીમાં વિવિધ સ્થળોએ નકશીદાર રંગીન થાંભલાઓ પર આઠ ખાપના ભપકાદાર ફાનસમાં કેરોસીનથી રોશની થતી. આ ઉપરાંત એમણે ઠાકોર સાહેબ માટે નવો સુંદર મહેલ બંધાવી આપ્યો.[૭] શહેરમાં એક ભાગમાં સુંદર બજાર બનાવવા એમણે યોજના કરરી હતી અને એ માટે એ વિસ્તારની કેટલીક દુકાનો પડાવી નાખી હતી, પરંતુ એમના આકસ્મિક મૃત્યુને લીધે એ યોજનાનો અમલ થઈ શક્યો ન હતો.[૮]

કરસનદાસ લીંબડીના જૈનો સાથે હળતામળતા અને એક વાર સંઘવી કુટુંબમાં વિવાહપ્રસંગે જમવા પણ ગયા હતા. એઓ સ્વચ્છતાના એટલા આગ્રહી અને શોખીન હતા કે પોતાનાં કપડાં ટપાલ-રસ્તે મુંબઈ ધોવા માટે મોકલતા હતા.

કરસનદાસને હરસનો રોગ હતો અને લીંબડીના ડૉક્ટર પેસ્તનજી જમશેદજીની એઓ સારવાર લેતા હતા. એમની અંતિમ માંદગી વખતે મુંબઈથી ડૉ. પાંડુરંગ લીંબડી આવ્યા હતા, પરંતુ એ રોગે ગંભીર રૂપ પકડતાં ૧૮૭૧ ની ૨૮ મી ઑગસ્ટે એઓ લીંબડીમાં જ ગોલોકવાસી થયા.[૯] મૃત્યુની બે કલાક પૂર્વે ડૉ. પેસ્તનજી અને બીજા મિત્રોને પાસે બોલાવીને એમણે કહ્યું હતું : "ભાઈ, મારા મરણની ક્રિયા મારાં કુટુંબીઓ જે પ્રમાણે કરવા માગે તે પ્રમાણે કરવામાં તમે વાંધો લેશો મા. મારે ગુંસાઈ મહારાજોની તથા વૈષ્ણવોની સાથે કાંઈ પણ વેર નથી.[૧૦] મેં ફક્ત તેમના અને વૈષ્ણવ ધર્મના ભલા સારું અને સુધારા સારુ આટલી તનમને રંજ ખેંચી પણ છે. તેને બદલે એ લોકોએ મને સંતાપવામાં કાંઈ પણ ખામી રાખી નથી. આ તેમના અપકાર માટે હું તેમને માફી આપું છઉં તથા મારા અંતઃકરણમાં કાંઈ પણ લાવતો નથી. મારા પછવાડે તમે આ જાહેર કરજો."[૧૧]

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ ઍન્ડરસને એમના મૃત્યુ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરી એમના માનમાં એ દિવસે તમામ સરકારી કચેરીઓ બંધ કરવાનો હુકમ કર્યો હતો. મુંબઈ સરકારે એમના ૧૮૭૧ ના ૧૪ મી સપ્ટેમ્બર ના ગેઝેટમાં એમના મૃત્યુના સમાચાર પ્રસિદ્ધ કરી એમને અંજલિ આપી હતી. એમના નિધન પછી એમ. એન. શિરગાંવકરની લીંબડી રાજ્યના આસિસ્ન્ટ પોલિટિકલ એજન્ટ તરીકે નિમણૂક થઈ હતી.

આમ, કરસનદાસ મૂળજીની લીંબડી રાજ્યના વહીટકર્તા તરીકેની કારકિર્દી ટૂંકી છતાં નોંધપાત્ર હતી. લીંબડીમાં એમની સ્મૃતિ સચવાય એવું યોગ્ય સ્મારક થવું જોઈએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દહેજ હરામનું ધન છે, હરામની કમાણી હરામમાં જશે.

આજની પહેલી અને બધાથી મોટી સમાજસેવા એ છે કે આપણે આપણા [illegible] તરફ વળિયે અને હિંદી અને હિંદીને જ રાષ્ટ્રભાષા તરીકે પ્રતિષ્ઠિત કરિયે.

**મહાત્મા [illegible]**

સનાતન ધર્મ જીવમાત્રમાં ઈશ્વરનું દર્શન કરે છે. હરિજનો હિંદુ સમાજનાં એકાત્મક અં[illegible] જે પ્રકારે બ્રાહ્મણો અને બીજા લોક.

**જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદજી સરસ્વતી**

હું આપણા દેશનાં બાળકોને માટે એ જરૂરી સમજતો નથી કે એઓ પોતાની બુદ્ધિના વિકાસને માટે વિદેશીય ભાષાનો બોજો પોતા ઉપર ઉપાડે અને પોતાની ઊગતી આવતી શક્તિઓનો નાશ કરે. આજ આ અસ્વાભાવિક પરિસ્થિતિ ઊભી કરનારાઓને જરૂર ગુનેગાર માનું છું. દુનિયામાં આવું બીજે કયાંય નહિ હોય. આને કારણે દેશને જે નુકસાન થયું છે તેની તો આપણે કલ્પના પણ કરી શકતાં નથી, કારણ કે આપણે પોતે એ સર્વનાશથી ઘેરાયેલાં છિયે. હું એની ભયંકરતાનો અંદાજ કરી શકું છું, કેમકે હું કરોડો મૂંગાં દલિત અને પીડિત લોકોના સંપર્કમાં આવ્યા કરું છું.

**મહાત્મા ગાંધી**

ભારતમાં જન્મ મળવો દુર્લભ છે; એમાં પણ મનુષ્ય તરીકેનો જન્મ સુદુર્લભ છે.

**મહાભારત**

આપણે જો દારૂ અને બીજાં નશો કરાવનારાં પીણાંઓની ટેવનો શિકાર થયા કરીશું તો આપણી સ્વતંત્રતા પણ ગુલામોની સ્વતંત્રતા જેવી હશે.

**મહાત્મા ગાંધી**

પ્રજાનું રક્ષણ કરવું એ શાસકની પહેલી ફરજ છે. જે શાસક એમ નથી કરતો તેને સત્તાસ્થાન ઉપર ચીટકી રહેવાનો કોઈ અધિકાર નથી.

**મહાભારત**

મગજ નશ્વર છે, સંપત્તિ થોડો સમય રહેનારી છે, જીવન ખૂબ જ ટૂંકું છે અને જુવાની ક્ષણભંગુર છે; પૃથ્વી ઉપરના બધા પદાર્થ નાશવંત છે, માત્ર નિર્મળ કીર્તિ અનશ્વર અને લાંબો સમય સુધી ટકી રહેવાની છે.

**હિતોપદેશ**

જુદાં જુદાં રાષ્ટ્રોએ પોતાના ચારિત્ર્યનો ખ્યાલ આપતાં પ્રતીકો-ચિહ્નો તરીકે જુદાં જુદાં પ્રાણીઓની પસંદગી કરી છે; જેમકે અમેરિકાએ ગરુડપક્ષીની, જર્મનીએ સિંહની, ઇંગ્લેન્ડે ગેંડાની, ફ્રાન્સે લડી રહેલા કૂકડાની, જૂના રશિયાએ રીંછની. આમાંનાં મોટા ભાગનાં પ્રાણી આક્રમણકારી અને લડી પડનારાં છે. એમાં કાંઈ આશ્ચર્યની વાત નથી કે ભારતીયો સ્વભાવથી સૌમ્ય અને અહિંસક છે, કારણ એનું સંરક્ષક પ્રાણી ગાય છે.

**પં. જવાહરલાલ નેહરુ**


# પંજાબી ચંદુ હલવાઈ કરાંચીવાળા

**પ્રધાન કાર્યાલય :** ૧૮૫, વાલકેશ્વર માર્ગ, તીનબત્તી, મુંબઈ-૪૦૦ ૦૦૬

**શાખાઓ :** ૧. ઝવેરી બજાર, ૨. ગ્રાન્ટ રોડ, ૩. કોલાબા, ૪. દાદર ટી ટી, ૫. [illegible] સાયન સર્કલ; ૭. ઠાકુરદ્વાર, ૮. ઘાટકોપર, (પશ્ચિમ), ૯. લિન્કન રોડ, બાંદરા, ૧૦. [illegible]

**કારખાનું :** 'ચંદુભવન', ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૭


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ-સંચાલિત
આદ્યતંત્રી : સ્વ. શ્રી માનસંગજી બારડ

દિવાળીઅંકના રૂ. ૧૨
વાર્ષિક લવાજમ : દેશમાં રૂ. ૩૦-૦૦
વિદેશમાં : શિ. ૬૦ : છૂટક : શિ. ૫
દેશમાં ચાલુ છૂટક અંક : રૂા. ૩-૦૦

તંત્રી : કે. કા. શાસ્ત્રી : સહતંત્રી : ડૉ. નાગજીભાઈ ભટ્ટી
વર્ષ : ૨૫ : ઑક્ટો.નવે.૧૯૮૫-આસો,કા.સં.૨૦૪૧ : અંક ૧-૨

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૨૭ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. જો ૧૦ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ અત્રે મોકલવી.

० 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ સાહિત્યિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

० પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે **ન** મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

० કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈયે. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

**० કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.**

० 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમઝવું.

० અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો જ પરત કરાશે.

० નમૂનાના અંકની નકલ માટે ૩-૦૦ ની ટિકિટો મોકલવી.

**મ. ઑ.-ડ્રાફ્ટ-પત્રો-લેખો-પથિક કાર્યાલય,** મધુવન, એલિસબ્રિજ, **અમદાવાદ-૩૮૦ ૦૦૬**

## નવા વિક્રમ-વર્ષનાં અભિનંદન

આગામી કાર્તિક માસથી ભારતમાં વિક્રમનું ૨૦૪૨ નું વર્ષ શરૂ થાય છે તે ટાંકણે 'પથિક'ના પેટ્રનો, આજીવન ગ્રાહકો, વાર્ષિક ગ્રાહકો અને આબાલવૃદ્ધ વિશાળ સંખ્યાના વાચકોને અભિનંદન આપતાં અમે આનંદ અનુભવિયે છિયે અને ભાવના કરિયે છિયે કે આપ સૌને જ માત્ર નહિ, સમગ્ર ભારતીય જનતા જ્યાં ક્યાંય હોય ત્યાં એમને આગામી વર્ષ આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી ઉગારી લઈ શાંતિ અને સૌખ્ય આપનારું નીવડો.

થજો સૌ સુખથી પૂર્ણ, તંદુરસ્ત બધાં થજો.
ભલું સર્વત્ર જોજો ને કોઈને દુઃખ ના હજો.

## વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ 'પથિક'ના પોતપોતાના નવા વર્ષના લવાજમના રૂ. ૩૦/-સમયસર મોકલી આપવા વિનંતિ. **સરનામામાં ગોળ-વર્તુલમાં પહેલો અંક કયા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ છે.** અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે.

અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/-થી અને આજીવન ગ્રાહક રૂ. ૩૦૧/-થી થવાય છે. બક્ષિસો તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ચાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઑ. કે ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦/- થી લઈ વધુ બક્ષિસની રકમો **અનામત** જ રહે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા

કાવ્યો :


| | | |
|---|---|---|
| નવલે વર્ષે | ડૉ. રમણભાઈ પી. પટેલ | ૯ |
| હતા (ગઝલ) | શ્રી હર્ષદેવ માધવ | ,, |
| "પથિકનો પંથ" | ,, ચંદ્રકાંત ન. ભટ્ટ | ,, |
| ભીતરનો ભડકો (ગઝલ) | ,, મનહર ચરાડવા | ,, |
| રસ્તાનો સંદેશ | ,, જગદીશ એમ. ચાડાવાલા | ૧૦ |
| ગમતું (ગીત) | ,, પીયૂષ પુ. પંડયા, 'જ્યોતિ' | ,, |
| ક્યારેક (ગઝલ) | ,, "મધુરમ્" | ૧૧ |
| ગઝલ | ,, ગુલામઅબ્બાસ "નાશાદ" | ,, |
| વંધ્યાનું ગીત | ,, નંદન અંધારિયા | ,, |
| કંદ હંસ (ગઝલ) | ,, હર્ષદ જોશી, 'ઉપહાર' | ,, |
| બે વરસાદી કાવ્ય | ,, નિલય અંજારિયા | ૧૨ |
| સાચો ઉપાય (સોનેટ) | ,, બચુભાઈ દેવાણી | ,, |
| પછી સં.સ.રીએ | ,, ભારત યાજ્ઞિક | ,, |
| ગઝલ | ,, શશિકાંત ઈસનાવા | ,, |
| ઓથાર | ,, દક્ષા પંડયા | ,, |
| ઊગેલી ડાળ પર | ,, શશિકાંત ઈસનાવા | ૧૩ |
| ગઝલ | ,, રજની પાઠક | ,, |
| ઝેરનો કટોરો | ,, ભાગ્યેશ જહા | ,, |
| ગઝલ | ,, અજય પુરોહિત | ,, |
| એક અધ્યાહાર (ગઝલ) | ,, અલ્પ ત્રિવેદી | ૧૪ |
| ગઝલ | ,, હરીશ વટાવવાળા | ,, |
| ગીત | ,, શિવાલકર રોહિત | ,, |
| સ્પર્શ | ,, દિલીપકુમાર મ. દેવાણી | ,, |
| નૂતન મંગલાષ્ટક | ,, નટવરલાલ શં. જોશી | ૧૫ |
| મૃત્યુથી સારો (મુક્તક) | ,, | ૨૫ |
| વીજ (ગીત) | પ્રો. વાસુદેવ વિ. પાઠક, 'વાગર્થ' | ૩૧ |
| ઉઘાડ (સોનેટ) | શ્રી બચુભાઈ દેવાણી | ,, |
| શોધ (ગીત) | ડૉ. ચંપકભાઈ ર. મોદી | ૪૭ |
| મૌન રુદન | ,, ,, | ૫૦ |
| ક્યાંથી પડે ? | શ્રી કુસુમ બી. ભગત | ૫૭ |
| હોય છે | ,, દિલીપ સી. પરીખ | ,, |
| આપણું અર્થતંત્ર (મુક્તક) | ,, નટવરલાલ શં. જોશી | ,, |
| ઊલટાસૂલટી જમાનો (,,) | .. | ૫૯ |


For Private and Personal Use Only

| | | |
|---|---|---|
| સ્વજનપ્રેમ | પ્રા. વાસુદેવ વિ. પાઠક, 'વાગર્થ' | ૬૪ |
| અર્થ સીધો હોય | શ્રી અહમદ મકરાણી | ,, |
| વસ્તીવિસ્ફોટનો ઉપાય (મુક્તક) | ,, નટવરલાલ શં. જોશી | ૬૯ |
| સમય ચાલ્યો ગયો (ગઝલ) | ,, પથિક પરમાર | ૭૦ |
| રિક્તાના દુહા | ,, અલ્પ ત્રિવેદી | ,, |
| એક કાવ્ય | ,, શશિકાંત ઈસનાવા | ૮૧ |
| તૃપ્તિ | ,, દક્ષા પંડ્યા | ૮૬ |
| વીંધી નાખ્યું | ,, નિલય અંજારિયા | ,, |
| પતંગિયું (ગઝલ) | ,, દિલીપકુમાર મનજીભાઈ દેવાણી | ,, |
| જવું ક્યાં (૧) (,,) | ,, મીરા આસીફ | ,, |
| મોતને (,,) | ,, હર્ષદેવ માધવ | ,, |
| નીડને ભણતર થશે (,,) | ,, ભરત યાજ્ઞિક | ૮૮ |
| પેથડજીની કથા | ,, મનહર ચરાડવા | ,, |
| જીવન (ગઝલ) | ,, હર્ષદ જોશી. 'ઉપહાર' | ,, |
| ચમન કાંઈ રોતું (,) | ,, | ૯૫ |
| વસંતમાં (ગઝલ) | શ્રી નલિન પંડ્યા | ૯૯ |
| સંબંધો મહીં (,,) | , દિલીપકુમાર મ. દેવાણી | ૧૦૨ |
| પત્ર (,,) | ,, હર્ષદ જોશી. 'ઉપહાર' | ,, |
| જનોઈવઢ (,) | ,, ભરત યાજ્ઞિક | ,, |
| ગઝલ | ,, અજય પુરોહિત | ૧૦૮ |
| સાત ખોટની (,,) | ,, હર્ષદેવ માધવ | ,, |


**ચરિત :**


| | | |
|---|---|---|
| અવતારી પુરુષ મહારાણા પ્રતાપ | વૈદ્ય રામસિંહજી ગોહિલ | ૧૬ |
| મહાયોગી શ્રી અરવિંદ | ડૉ. મુગટલાલ જી. થાનકી | ૧૭ |
| રાષ્ટ્રવીર છેલભાઈ | કુ. જયશ્રીબહેન કમલેશ ઠાકર | ૧૯ |
| ભક્તકવિ દયારામ : જ્ઞાતિ અને નિવાસસ્થાન | ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી | ૨૩ |


**રંગભૂમિ :**


| | | |
|---|---|---|
| ઉર્દૂ રંગભૂમિ ને ગુજરાતી કલાકારો | શ્રી. અમૃત જાની | ૨૬ |
| તખ્તાની કરુણાંતિકા | ડૉ. કિરીટ વૈદ્ય | ૩૨ |
| રંગભૂમિની ભાષા | પ્રો. જનક દવે | ૩૫ |


**નિબંધિકા :**


| | | |
|---|---|---|
| શ્રી/સંસારબારણે મહેકતી ધૂપસળી | શ્રી. રમેશદેવ આર્ટ | ૪૦ |


**લઘુવાર્તા :**


| | | |
|---|---|---|
| પ્રીતનું પ્રતીક | શ્રી. ચંદ્રકાંત ન. ભટ્ટ | ૩૯ |
| પતિ-પત્ની | પ્રો. કવિન શાહ | ૪૩ |
| સરકતી સાઇકલ સાથે | શ્રી. પીયૂષ પુ. પંડ્યા, 'જ્યોતિ' | ૪૮ |


Shri Mahavir Jain Aradhana Kendra　www.kobatirth.org　Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| પ્રીવન | શ્રી. ગૌતમ વટાવ | ૫૧ |
| અસંતોષની આગના તણખા | શ્રી. ઠાકરશી પુ. કંસારા | ૫૩ |
| દંપતી પાસે કરાવેલી સામાસામી શિક્ષા | શ્રી. નટવરલાલ શંકરલાલ [illegible] | ૫૮ |
| રાવણદહન | શ્રી. રમેશ જોશી | ૬૦ |
| **નિબંધાદિ :** | | |
| સમ્યક્ વિકાસ | ડૉ. પ્રવીણચંદ્ર પરીખ | ૬૨ |
| રાષ્ટ્રવિકાસમાં અવરોધક તત્ત્વો | આ. અરવિંદાબહેન મહેતા | ૬૪ |
| રાષ્ટ્ર-ઐક્યતાનું નિર્માણ | શ્રી. હર્ષદ જોશી | ૬૬ |
| જે પડકારોનો ભારતીય સંસ્કૃતિ આજે સામનો કરે છે | ડૉ. પ્રિયબાળા શાહ | [illegible] |
| **ઇતિહાસ-પુરાતત્ત્વ અને સંશોધન :** | | |
| પ્રાચીન ભારતીય વૈજ્ઞાનિકોનાં સૂર્ય-ચંદ્ર તથા અન્ય ગ્રહોનાં ભ્રમણ અંગેનાં અવલોકન | શ્રી. દેવેશ અ. ભટ્ટ | [illegible] |
| વાલ્મીકીય રામાયણમાં પ્રતિબિંબિત લોકજીવન | અધ્યા. સુભાષ બ્રહ્મભટ્ટ | ૭૮ |
| મૌર્યકાલીન સમાજવ્યવસ્થા | ડૉ. મગનભાઈ આર. પટેલ | ૮૨ |
| તારાદેવી | ડૉ. હસમુખ ધી. સાંકળિયા | ૮૬ |
| ગુજરાતમાં શીતળાપૂજા | અધ્યા. થોમસ પરમાર | ૮૯ |
| નવરાત્ર : દુર્ગાપૂજા-મહોત્સવ | શ્રી. હસમુખ વ્યાસ | ૯૨ |
| વીંઝણમાતા | શ્રી. મનસુખ સ્વામી | ૯૬ |
| કોટેશ્વરની વિરલ શક્તિગણેશ-પ્રતિમા | ,, રવિ હજરનીસ | ૧૦૦ |
| કોઠાયના પ્રાચીન મંદિરના સમયાંકન વિશે પુનર્વિચારણા | ,, દિનકર મહેતા | ૧૦૩ |
| ઇતિહાસસંકલનમાં સિક્કાઓનું મૂલ્ય | ,, ભાસ્કરરાય લ. માંકડ | ૧૦૬ |
| સુલતાન અહમદશાહ ૧ લો | ,, શંભુપ્રસાદ હ. દેસાઈ | ૧૦૯ |
| ઓગણીસમી સદીના પ્રારંભે સૌરાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ અને વૉકર-કરાર | ડૉ. એસ. વી. જોની | ૧૧૫ |
| જૂનાગઢમાં બ્રિટિશ ઍડમિનિસ્ટ્રેશન | પ્રો. એ. એમ. ફીકાણી | |
| ભાવનગર રાજ્યની કલ્યાણકારી આર્થિક નીતિ, ઈ. સ. ૧૮૯૬-૧૯૧૯ | ડૉ. પી. જી. કોરાટ | |
| કહાનદાસ મૂળજીનો લીંબડી રાજ્યનો વહીવટ | ડૉ. મુગટલાલ પો. બાવીસી | |


## ઇતિહાસ પરિષદનું જ્ઞાનસત્ર

ગુજરાત ઇતિહાસ પરિષદનું ૮ મું જ્ઞાનસત્ર વિસનગર મુકામે શ્રી વલ્લભરામ હેમચંદ લાઇબ્રેરીના ઉપક્રમે આગામી તા. ૧૬-૧૭ નવેમ્બરના રોજ સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ. ચીનુભાઈ નાયકના પ્રમુખસ્થાને યોજાવાનું છે. પ્રસિદ્ધ ઇતિહાસવિદ શ્રી મનુભાઈ પંચોળી, 'દર્શક' આ જ્ઞાનસત્રનું ઉદ્ઘાટન કરશે. આ જ્ઞાનસત્રમાં (૧) ગુજરાતની જ્ઞાતિઓ : પરંપરા અને પરિવર્તન, (૨) ગુજરાતમાં દેશી રાજ્યોનું વિલીનીકરણ તેમ એકીકરણ અને (૩) વિસનગરનો ઇતિહાસ અને સંસ્કૃતિ, એ ત્રણ વિષયો પર ચર્ચા થશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તંત્રીની નોંધ

'પથિક'ના વિશાળ સંખ્યાના વાચકોના કરકમળમાં એનો રજતજયંતી-દિવાળી અંક રજૂ કરતાં અમે આનંદ અનુભવિયે છિયે. સ્વ. માનસંગજી બારડે ૧૯૬૧ માં 'પથિક'નો આરંભ કર્યો ત્યારે જે ઉત્સાહ એમને હતો અને એ ઉત્સાહના બળ ઉપર થોડી તડકી–છાંયડી અનુભવીને પણ એમણે 'પથિક'ને ૨૦ મા વર્ષમાં પ્રવેશ કરાવ્યો અને ચાર મહિના પૂરા થતાં જ એઓ પાર્થિવ દેહનો ત્યાગ કરી પ્રભુના ધામના વાસી બન્યા ત્યારે હૃદયના કોઈ પણ જાતના હિચકિચાટ વિના અમે એમના મિત્રોએ પણ, જ્યારે સિલકમાં કશું જ ન હતું, 'પથિક'નો જૂનો એક પણ અંક અમે મેળવી શક્યા નહોતા છતાં પણ, અદમ્ય ઉત્સાહથી 'પથિક'ને ચાલુ રાખવાનો નિર્ધાર કર્યો અને અમને ભદ્ર અનુભવ થતો ગયો કે અમારા આ ઉત્સાહને 'પથિક'ના ગ્રાહકોએ અને અમારા સન્મિત્રો તેમજ શિષ્યોએ પેટ્રન તેમ આજીવન ગ્રાહકો બની, અનેક સજ્જનો કૉલેજો અને માધ્યમિક શાળાના અનેક આચાર્યો તેમજ પુસ્તકાલયોએ વાર્ષિક ગ્રાહક બની જે હૂંફ આપી છે તેનાથી અમને ઘણું બળ મળ્યું છે અને 'પથિક' ધીમે ધીમે એના પગ ઉપર ઊભું રહેતું થતું જાય છે. સ્વ. માનસંગજીભાઈની મનોભાવનાને ચિરંજીવી બનાવવા અમે તા. ૨–૩–૮૫ થી 'સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ'ની પણ સ્થાપના કરી અને સાર્વજનિક ટ્રસ્ટ તરીકે એ જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી–અમદાવાદ પ્રદેશમાં નોંધાઈ પણ ગયું, જેનાથી આજે ટ્રસ્ટીઓના ખાનગી માલિકીપણાનો કોઈ પ્રશ્ન રહ્યો નથી. વળી, ટ્રસ્ટના બંધારણમાં એ બંધન રાખવામાં આવ્યું છે કે પેટ્રન અને આજીવન ગ્રાહકોની રકમ **અનામત** જ રહેશે અને એનું વ્યાજ જ ઉપયોગમાં લેવાશે. અત્યાર સુધી એ બંધનને અમે અડગ રીતે વળગી રહ્યા છિયે, એટલું જ નહિ, બંધારણમાં એ પણ બંધન સ્વીકારવામાં આવ્યું છે કે રૂ. ૫૦/-થી લઈ ઉપરની રકમનાં ભેટ–બક્ષિસ–દાન મળે તો એ પણ **અનામત** જ રહે. બારે મહિનાના અંક અત્યારના ચાલુ ચાર ફર્માના કદમાં છપાય તેટલું વ્યાજ નથી આવતું, અમે ચાર મહિના થઈ શકે તેટલું વ્યાજ હજી મેળવી શકિયે છિયે. આના કારણે અમારે જાહેરખબરો તરફ નજર દોડાવવી પડે છે. ચાલુ વાર્ષિક જાહેરખબરોમાંથી નવા વર્ષથી બે આખા પાનાની બંધ થાય છે તો ૨૪ મા વર્ષથી આખા પાનાની બે ઉમેરાઈ છે. અમે વધુ વાર્ષિક જાહેરખબરો મળે એના પ્રયત્નમાં પણ છિયે. ગ્રાહકો જૂના થોડા બંધ થયા છે, તો નવી થનારી સંખ્યામાં સારો વધારો પણ થયો છે, જેને કારણે ૨૪ મા વર્ષના જાન્યુઆરી અને સપ્ટેમ્બરના અંક અમારી પાસે સિલકમાં રહ્યા નથી. બાકીના અંકોની પણ ચાર-પાંચ નકલ જ છે. દિવાળી–અંકથી નકલો વધુ સંખ્યામાં છપાવવી શરૂ કરી જ છે કે જેથી નવા થનાર આજીવન અને વાર્ષિક ગ્રાહકોને અમે [illegible] આપી શકિયે.

'પથિક'ની લેખોના સ્વીકાર વિશેની નીતિ સ્વ. માનસંગજીના સમયથી જ ચાલુ છે. આદરણીય વિદ્વાનો અને સર્જકોના લેખોનું તો સદ્ભાગ્ય એને મળે જ છે, ઉપરાંત નવોદિત લેખકોની આવતી રચનાઓનો પણ સમુચિત આદર કરવામાં આવે છે, જેને લઈ એવા નવલોહિયા સર્જકોનો ઉત્સાહ વધતો જાય.

ભાષા જોડણી અને વિરામચિહ્નો વિશે અમે સતત સજાગ છિયે. લેખક મહાશયો પોતાના લેખોની પોતા પાસે રાખેલી નકલો સાથે સરખાવી જોશે તો એ ખ્યાલમાં આવી જશે. રજૂ થયેલા [illegible] સૌષ્ઠવ જોઈએ તેટલો લેશ પણ ઓછું નહિ તેવું સૌષ્ઠવ ભાષા–જોડણી–વિરામચિહ્નોનો [illegible] એ બાહ્યાંગ છે અને એ માટે ચીવટ હોવી જ જોઈએ.

વર્ષ દરમ્યાન અનેક આદરણીય તેમજ નવોદિત લેખકોના [illegible]

ડૉ. હ. ધી સાંકળિયા, શ્રી હસમુખ વ્યાસ, શ્રી [illegible]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વી. જાની, શ્રી રમેશદેવ આર્ટ, શ્રી ગૌતમ વટાવ જેવા સ્વજનોએ સાથ સતત આપ્યો છે એ અમારું ગૌરવ છે. આ રજતજયંતી દિવાળી-અંકમાં પણ ઉચ્ચ કોટિના વિદ્વાન સાથીદારો અને સંશોધક તેમજ સર્જકોનો અમને સાથ મળ્યો છે. કવિતા માત્ર દિવાળી-અંકમાં જ લેવાનો શિરસ્તો છે તે પ્રમાણે આ રજતજયંતી-દિવાળી અંકમાં પણ જોવા મળશે. આ વખતે નાનાં કાવ્યોની સંખ્યા ઓછી નથી, મોટા ભાગના કવિઓ નવોદિત છે, પણ એમનામાં અમને કાવ્યતત્ત્વ અને વિચાર-સૌષ્ઠવ પણ જોવા મળ્યાં છે અને એનો અમે સમાદાર કર્યો છે.

આ બધા જ લેખકો-સંશોધકો-સર્જકોના અમે ઋણી છિયે અને વિનંતિ દોહરાવિયે છિયે કે આપનો સાથ-સહકાર અવિચ્છિન્ન મળી રહે તે પ્રમાણે ચાલુ રાખશો. જાહેરખબરો આપીને પણ સ્વ. માનસંગજીના અને અમારા સ્નેહીઓએ વર્ષ દરમ્યાન તેમ આ વિશેષાંકમાં પોતપોતાની સંસ્થાની જાહેરખબર આપી અમને સાથ આપ્યો છે. જાહેરખબર લાવી આપવામાં પણ એવો જ સાથ મળ્યો છે. આમાં વડોદરાના સ્નેહી ભાઈશ્રી અવિનાશ મણિયાર અગ્રસ્થાને છે. આમાં ભાઈ શ્રી પીયૂષ પુ. પંડયા(એડવોકેટ-રાજકોટ)નો પણ સાથ મળ્યો છે. બધા જ મહાનુભાવોનો અમે ટ્રસ્ટીઓ હૃદયપૂર્વક આભાર માનિયે છિયે.

અમારી વિશેષ વિનંતિ તો વિશાળ વાચક વર્ગને છે કે જેઓ પેટ્રન-આજીવન અને વાર્ષિક ગ્રાહક બની 'પથિક'ને ઉત્તરોત્તર આગળ વધારવામાં સહાયક થઈ રહ્યા છે.

'પથિક' ઇતિહાસ-પુરાતત્ત્વને વરેલું છે તેથી એને પણ એ વધુ સેવા આપી શકે એ દૃષ્ટિએ અને વાચકોને આકર્ષણ રહે એ માટે ગયા વર્ષથી 'સંધ્યાના રંગ' નામની કચ્છના તેજસ્વી ઇતિહાસના પ્રસંગોને મૂર્ત કરતી ઇતિહાસમૂલક રસમય નવલકથા આપવાનું શરૂ કર્યું કે જેણે ગ્રાહકોનું ખેંચાણ કર્યું છે. ગ્રાહકવૃદ્ધિમાં આ પણ એક કારણ ઉમેરાયું છે. 'પથિક'નું સદ્ભાગ્ય છે કે આ નવલકથાના લેખક કચ્છના એક વયોવૃદ્ધ નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી ઠાકરશી પુ. કંસારા જેવા બહુશ્રુત વિદ્વાન મળ્યા છે. એમનો અહીં સવિશેષ આભાર માનિયે છિયે.

અહીં અમારા વિશાળ સંખ્યાના સૌ કોઈ વાચકોને આ રજતજયંતી દિવાળી અંક અર્પણ કરી કૃતાર્થતા અનુભવિયે છિયે.

—તંત્રી

**વિનંતિ :** રૂ. ૩૦૧/-ના ચેકમાંથી હવે બૅન્ક-કમિશન વગેરેના રૂ. ૨૦/-કપાય છે. જ્યારે રૂ. ૩૦/-માંથી રૂ. ૧૩/- કપાય છે, તેથી અમારી ખાસ વિનંતિ છે કે નાણાં બહારથી મોકલનાર મહાનુભાવોએ મ.ઓ. યા બૅન્ક-ડ્રાફ્ટથી જ મોકલવાં. -તંત્રી

આર્થિક નબળા વર્ગના લોકો માટે

**હરિઓમ્‌નગર હાઉસિંગ સોસાયટી**

ઠે. આમોદર ગામ પાસે, તા. વાઘોડિયા, વડોદરા શહેરની તદ્દન નજીક

**મકાનની કિંમત રૂ. ૧૫૦૦૦/ અને વધારાની જમીનના રૂ. ૧/ ચો. ફૂ. પ્રમાણે**

વધુ વિગત માટે મળો :

**હરિઓમ, દુર્વાંકુર એપાર્ટમેન્ટ, ખારીબાવ રોડ, વડોદરા**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નવલે વર્ષે....

અંધારાના મહાસાગરને ઉલેચી
સમૃદ્ધિના પ્રકાશ પાથરવા
લાખ લાખ દીવડાઓ લઈ,
લ્યો, આવી ગઈ દીવાળી!
ચાલો, આપણે
વર્ષના આરે ઊભાં રહી
નિરાશા-હતાશા-અશ્રદ્ધાને
ખંખેરી નાખી,
અતીતની અસ્મિતાને સ્મરી
વીતેલા વર્ષનું સરવૈયું કાઢીએ:
ભૂલોનો ભાગાકાર,
બૂરાઈઓની બાદબાકી કરી
સત્કાર્યનો સરવાળો,
ગુણોનો ગુણાકાર માંડીએ
ને, પછી પુનઃ
જીવનની અદીઠ મંજિલના
'પથિક' બની
અધિક ઉમંગ-ઉત્સાહથી સજ્જ થઈ
સંકલ્પના લઈ
સક્રિય રહીએ......

(ડૉ.) રમણભાઈ પી. પટેલ
ઠે. લાંભવેલ (તા. આણંદ)

## ....હતા

એવા પતંગિયાના શાના શા કસબ હતા,
અત્યાર સુધી ફૂલના તો બંધ લબ હતા.
પ્હેલી કળીની જેમ આજે ઊઘડી છે આંખ,
સપનાંઓ એને એક બે તે ક્યાં સબબ હતાં?
તડકાઓ રઝળતા હતા શેરીમાં ગ્રીષ્મની,
એ પૂછતા'તા ચાંદનીનાં: ક્યાં પરબ હતાં?
ખામોશ બની સ્થિર થયાં જળ ફરી ફરી,
રેતાળ કાંઠા બેઉ એમની અદબ હતા.

હર્ષદેવ માધવ
જી-૨૪૭, ભાવના ટેનામેન્ટ્સ, વાસણા બેરેજ
પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭

## "પથિકનો પંથ"

જુવાનીને આરે ઊભો તું, છલાંગ હવે લગાવી દે;
અચલ અને અટલ રહેજે તું, તારું તેજ જમાવી દે.
કદી ડરીશ ના તારી રાહે, તુફાન અને વંટોળ જામે,
કદી નમાવીશ ના શિર તારું સમાજના દંભોની સામે.
પ્રગતિ ને પ્રતિભાનાં ઓજસ દેજે તું સર્વ પ્રસરાવી,
જ્ઞાન અને ગીતાના શબ્દો સર્વેના હૃદયે પ્રગટાવી.
જમાનાની જાલીમતા જોઈ જીવવાનું મુશ્કેલ થયું છે,
સમજાવી બંધુ ભગિની ને છૂટાં પડયાં તો સર્વ ગયું છે.
સમૂહની તાકાત વધારી સમૂહનો દે નાદ જગાવી,
તાણાવાણા સાથ કરીને સૌને દે તું આજ સજાવી.
ગયો જમાનો, ગઈ મહત્તા અહં અને ખોટા ઠાઠોનો,
કરો કાર્ય સૌ સાથ મળીને વખત ગયો છે વાતોનો.
'પથિક'! તારી પ્રચંડ શક્તિની ઝળહળ જ્યોત
જલાવી દે,
લેખનમાં વાચા મૂકીને ઊંચો પંથ બતાવી દે.

—ચંદ્રકાંત ન. ભટ્ટ
ઠે. "ગાયત્રી," માધવપુર (ઘેડ)-૩૬૨૨૩૦

## ભીતરનો ભડકો

(ગઝલ)

લો, અવ રૂંવે રૂંવે અડકો!
લપછપના કરતો નહિ ખડકો!
ડાળ ઉપર પોપટ હું બેઠો,
આ પીળો ખરતો નહિ ફડકો.
વાંસલડીનું સૂર મધ પીધું,
ભીતરનો ઠરતો નહિ ભડકો.
સાંજ પડયે ઘરમાં પગ મૂકશો,
ફૂણેરો ઝરતો નહિ તડકો.
હાથ જુઓ વહુનો; ઈ કહેતાં:
સમણે પણ સરતો નહિ લડકો!
આ મરવું-ની વચ્ચે સૂતો,
મા-મહીં ઊભરતો નહીં થડકો!

મનહર ચરાવડા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રસ્તાનો સંદેશ

ભયમાં ને ભયમાં
માણસોના ભયથી
સડસડાટ કરતો રોડ ઉપર હું
ઊડતો જતો'તો
સાઇકલ ઉપર.
 ત્યાં અચાનક હાથ લંબાયો
 "એ પથિક! એ ભાઈ...ઈ!"
 "કોણ?"
આજુબાજુ જોયું, કોઈ દેખાયું નહિ,
 અવાજ આવ્યો:
"હું માણસો વિના ઝૂરી ઝૂરી મરું છું,
ઘણાય દિવસથી માનવજાત કેમ નથી દેખાતી?
હવે આ વિરહ સહન નથી થતો,
આજે તમને નહિ જવા દઉં.
આજની રાત, પ્લીઝ,
રોકાઈ જાઓ મારે ઘેર."
 "નહીં નહીં નહીં, અરે! કર્ફ્યુ, પ્લીઝ."
 "ના...ના...ના, રોકાઈ જાઓ."
 "પણ કર્ફ્યુ."
 "અરે! કર્ફ્યુ એટલે?"
"માણસમાં સળવળી ઊઠેલી આસુરી શક્તિઓને
નાથવા માટેની કાયદાની જોગવાઈ."
 "તો માનવજાત અસુર બની છે?"
 "હા."
 "પણ હું અસુર નથી."
 "પ્લીઝ, રોકાઈ જાઓ."
 'ના...ના, અરે!'
"પેલી પુષ્પદિલની મારી નવોઢા
આખી રાત ઊંઘે નહીં ચિંતામાં ને ચિંતામાં,
કોઈ માણસે મારી નાખ્યા હશે
હમણાં જ ગુલ ગુલ ભમરો, વસંતે હસ્યા જે."
 "તો કહી દેજોને માણસોને:
 મને બીક લાગે છે
 મિલિટ્રી, એસ.આર.પી. ને પોલીસની."
 "અરે એમની બીક રખાય?
 "એ તો તારું રક્ષણ કરે છે."
 "માણસને, જોજે, તારી પાસે
 રાતવાસો રાખતો,
 એનો ભરોસો રાખીશ નહિ.
 માણસના રૂપમાં હવે માણસ નથી રહ્યો,
 એણે તો ફક્ત માણસનું મ્હોરું પ્હેર્યું છે,
 એ તો જંગલી અસુર બન્યો.
તારા ઉપર એસિડ-બલ્બ ફેંકશે,
તને મારશે, બાળશે,
બૉમ્બ—ધડાકો કરશે."
 "અરે...ઓ...બાપ...રે!
"પથિકભાઈ! મારો સંદેશો કહી દેજોને આ
 નગરજનોને:
માણસના રૂપમાં માણસ મારા ઉપર ચાલે.
આ તો ગાંધીબાપુની કર્મભૂમિ,
આપણે કેમ લજવીએ?
 બે હાથ જોડી
 માણસોના વિરહમાં ઝૂરતો
રોડ બોલ્યો.

**જગદીશ એમ. ચાડાવાલા**
૪૨, પ્રતાપનગર સોસાયટી, સિલ્વર મિલ પાસે,
રાજપુર ગોમતીપુર, અમદાવાદ-૩૮૦ ૦૨૧

## ગમતું

અમને ફૂલ બની ફોરમવું ગમતું,
હૈયે રાખી નામ પ્રીતની પાંખે તરવું ગમતું. અમને...
રંગોના દરિયામાં,
ફૂલ-ફૂલ-ફૂલોના મઘમઘતા વનમાં,
અસિતને આંખોમાં રાખી
યમુનાના અંતરમાં ઝીલવું ગમતું. અમને...
સવાર-સાંજે ધેનુધણમાં,
ઊડતી ગોરજના કણકણમાં
વનમાળીનાં પગલાં સુણતી રાધાના મન જેવું
અમને જીવન થઈને જીવવું ગમતું. અમને...

**પીયૂષ પંડ્યા, 'જ્યોતિ'**
ઈ-૨, ગવર્નમેન્ટ ક્વાર્ટર્સ, જામ ટાવર સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ક્યારેક

ઊડે મઘમઘી સૌરભ જીવનની વાડીમાં ક્યારેક,
બને સાકાર સ્વપ્નો કૈં હૃદયના ઉપવને ક્યારેક.
સફળતા ક્યાંક ઝૂકે છે જીવન કેરા ઝરૂખામાં,
પૂરિયે સાથિયા સુંદર જીવનના ચોકમાં ક્યારેક.
નિરાશાનું તિમિર છાયે, દિશાઓ ન દીસે ક્યાંયે,
દિસે આશાકિનારી હા જીવનનભમાં અરે ક્યારેક,
જીવનના મૃગજળે દોડતો, દીસે ના ચીજ સાચકલી,
મળે છે રત્નદીપી શાંતિ જીવનના રણ મહીં ક્યારેક,
જીવન જંજાળ ગૂંચવાડો, મતિ ખંડિત થાયે હા,
સફળ થાય છે પુરુષાતન પ્રભુપ્રસાદથી ક્યારેક.
જીવનના વન મહીં સઘળે સુણાયે 'કાકરવ' મોટો,
મધુર કોયલ તણા ટહુકા પડે કાને અરે ક્યારેક.
દીસે છે બગભગત સઘળે જગતના ચોકમાં આજે,
પ્રભુપ્રસાદ પામેલા દીસે છે હંસલા ક્યારેક.
જમાનામાં અહો આજે કવિતડાં સેંકડો ફાલે,
નગદ સાચી કવિતાની પ્રસાદી હા મળે ક્યારેક.
વિચારોના ખડકલામાં મૂંઝાઈ જાય છે મનડું,
સૂરજશી કિંતુ ઝળકે છે અનેરી આશ તો ક્યારેક.
કરોડો માનવી જન્મી ગુજારી જાય છે જીવન,
અરે પણ સંત સાચકલી મળી જાય છે ક્યારેક.

—મધુરમ્

૫, વલ્લભ સોસાયટી, કૉલેજ રોડ, નડિયાદ-૧

## ગઝલ

સંજોગો સામે એ કરગરતી હતી,
હૂંફ લોહીની જ થરથરતી હતી.
ભરબપોરે સૂર્ય માથા પર હતો,
મારી છાયા મારાથી ડરતી હતી.
ચોટતું જોયું નથી નામે નિશાન,
દુઃખના દરિયે સદા ભરતી હતી,
રૂપ પીડાનું ધરીને જિંદગી
હાસ્યરૂપે મશ્કરી કરતી હતી.
કાંઠે રહી ગઈ કામના "નાશાદ"ની,
નાવ તો મઝધારમાં તરતી હતી.

ગુલામ અબ્બાસ "નાશાદ"

C/o. એસ. એમ. એડનવાલા, લાડવાડા, બહેરા મસ્જિદ પાસે, વડોદરા-૩૯૦૦૧૭

## વંધ્યાનું ગીત

છંછેડયા સાપ સમી લલકારા મારતી
આ કાળઝાળ વાસનાની ભૂખ,
ધસમસતા ઢોલિયાના પૂરમાં તણાઉં છતાં
ખોળો ને ખાલી આ કૂખ...
ખળખળતા વેકળામાં લાખ લાખ સૂરજને
ઊડે અંધાર તણી રજ,
સૂરજની સાખે ને રન્નાની આંખે મેં
ચીતર્યાં છે શમણાંનાં વ્રજ,
લીલાંછમ ઘાસ અને લીલાછમ મોલનીય
ખાલીપે ખખડે-નું દુઃખ
છંછેડયા સાપ સમી......
પેટાવી પેટાવી થાકી રે, બાઈ! હું,
ભાળ્યો ઈ થાનકનો દીવો,
હોઠે ઊગેલ વેણ સૂક્કાં શે' થાય?
તમે ખમ્મા ખમ્મા રે, ઘણું જીવો.
આયખાની ઓઢણીએ લાગ્યાં કલંક,
આંખ્ય કુંડાળે કાળું છે મુખ!
છંછેડયા સાપ સમી......

નંદન અંધારિયા

ઠે. ગુ. હા. બોર્ડ કૉલોની, બ્લૉક નં. ૨, HST ૨૩, આનંદનગર, ભાવનગર-૩૬૪૦૦૧

## કંદ હંસ

(ગઝલ)

આકારોને રંગોથી એવા સજાવ્યા છે.
ચૂમીને રાતો રાતો એવા મ્હેકાવ્યા છે.
હોઠો ખોલી ટહુકીને એવા રડાવ્યા છે.
પૃથ્વીને મોલ કક્ષને એવા પ્રગટાવ્યા છે.
તમે દુષ્ટો બેવફૂફો પુષ્પો લૂંટો છો!
દર્દને દાબી બધાં એવાં ઉગાડયાં છે.
ભરેલા જામો ફરી ફરી ઢીંચ્યા કર્યા.
પિયુંને કોઠાને એવા જગાવ્યા છે.
કરી દો આજે તું અહેસાસ જખ્મોમાં
ગુંજી ગઝલે ફીદા થૈ હર્ષદે દહેકાવ્યા છે.

હર્ષદજોશી, 'ઉપહાર'

વ્યાસવાસણ તા. કપડવંજ-૭૮૭૬૨૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બે વરસાદી કાવ્ય

૧. ભીંજાયા હોવાનો
મારો કચવાટ
સાંજે
તું મળી ગઈ ત્યારે
દૂર થઈ ગયેલો,
તેથી જ તો
એ રાત્રે આકાશ
ઝરમર ઝરમર
વરસતું હોવા છતાંય
મને સ્વપ્ન
મુશળધાર આવ્યું !

૨. રાતભર
ધોધમાર પાણીને
લોથપોથ થઈ ગયેલા
વગડાની આંખો મળી ગઈ,
પછી સવારે
સૂર્યનું નવજાત
કિરણ પડયું ત્યારે
પાને પાન પર
તારી આંખોની ચમક
ફૂટી નીકળી.

**નિલય અંજારિયા**

ઠે. નવાપુરા, માંડવી–૩૭૦૪૬૫

## સાચો ઉપાય

[મંદા–અનુષ્ટુપ]

आषाढस्य प्रथमदिवसे સાવ આકાશ કોરું,
નાનું એવું નજર ચડતું ક્યાંય ના એક ફોરું;
ઘેરાં કાળાં ઘન સઘન ઘેરાય ને વીખરાતાં,
આશે ઊંચાં નયન ઢળતાં નિમ્ન નૈરાશ્ય થાતાં.
વાટે વાટે દિવસ વીતતાં માસ આખોય ખૂટયો,
વર્ષાનો ના નભક્ષિતિજથી કોઈ સંદેશ છૂટયો.

કોઈ બોલ્યું: "હરિભજનની આદરો એવી હેલી,
જાગી ઊઠે ભરનીંદર ને મેઘ આવી ધકેલી."
બોલ્યું કોઈ: "નગર-હદની બ્હાર યોજો ઉજાણી,"
ઉચ્ચારે કો: "અનશન કરો તો થશે પાણી પાણી."
ત્યાં તો ભોળું ભૂલકું વદતું: "વાત આ વ્યર્થ થાય,
સાદો એનો સરળ બસ છે એક સાચો ઉપાય:

કારેલાનું કરો શાક, રોટલીઓ ઊની ઊની,
મેહુલો આવશે દોડી, ખાવાનો એ ખરો ધૂની."

**અચ્યુભાઈ દેવાણી**

ઠે. બજારમાં, માધવપુર (ઘેડ)–૩૬૨૨૩૦

## પછી સંભારીએ

જાણે કિલ્લાની વિશે કંઈ ધારીએ,
કોણ ઝોંકા ખાય ડોકાબારીએ ?
આ બુરજ પરથી ખરેલા સૂર્યને
સૂર્યવંશી થઈ અમે પડકારીએ.
રોજ અફવાઓ હવા થઈ નીકળે,
શ્વાસનું પ્હેરી કવચ કૈં ઝાલીએ,
ચંદ્રવંશો લોઢીમાં થીજી ગયા,
આપણે ખાલી ચિંતાઓ ઠારીએ.
ખોલીએ ઈતિહાસનું પાનું જૂનું,
વાંચીએ નહિ તો પછી સંભારીએ...

**ભરત યાજ્ઞિક**

૭–૨૪૭, ભાવના ટેનામેન્ટ્સ, વાસણા બેરેજ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭

## ગઝલ

આંખ સામે ઘોર અંધારું હશે,
એ નગરમાં એક ઘર મારું હશે.
મૌન જેવાં બારણાં ઊભાં અને
બારસાખે સ્પર્શનું બારું હશે.
લાગણીનું વન હવે ઊગી જશે,
શ્વાસમાં તે શું હવે તારું હશે ?
ઓરડે પગલું હવે મૂકી ગયાં,
તે હવે કોરું ને કુંવારું હશે !

**શશિકાંત ડસનાવા**

## ઓથાર

કફન ઉપર કબર ચણીને, ઉપર ઊભડક બેઠી લાશ.
ઊંડી ઊંડી આંખોની બખોલે,તરફડતી સહરાની પ્યાસ.
મૃગજળના માતમ થાતો બાપડા સૂરજનો ઘાત.
આગળ પાછળ ઉપર નીચે ખંડેરનો થતો ખખડાટ.
પ્રચંડ બનીને પડઘાતો, લાશોનો જુઓ ઘોંઘાટ.
પથ્થર માટી આરસ ઈંટો, કબરોની ત્યાં મારંમાર.
ઈશુએ ઊઠીને જોયો ગાંધીજીનો ગોળીબાર.
ચામાચીડિયાથી ચિસાતો સમયનો પાગલ ઓથાર !!

**દક્ષા પંડયા**

૨૩, ગાયત્રી સોસાયટી, ધનસૂરા–૩૮૩ ૩૧૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઊગેલી ડાળ પર

ઊગેલી ડાળ પર
પર્ણોની મર્મર
સાવ...ખર ખર ખર...થૈ
સૂકીખમ બની ગઈ છે!
ને
શ્વેત ચળકતી રિક્ત સપાટી જેવી
કોરીધાકોર આ
કાગળની ડાળ પર
શબ્દનાં પરિચિત પંખી ટોળાં
આવી ને
બેસે છે ત્યારે
મારી ભીતરનું પંખી
એવું કૂંજી ઊઠે છે કે
મુક્ત આકાશમાં
સુનકાર ભર્યા
આકાશની પેલે પાર
શબ્દોની રેલાતી લાગણીમય
કવિતા ભરી દઉં ચોતરફ
ને કોરીધાકોર
આ કાગળની ડાળ પર શબ્દપંખીનાં ટોળાં
છવાઈ જશે... ...કાગળમાં શબ્દપણું લઈ–
......! ઊગેલી ડાળ પર
અતળ એવું શબ્દપણું રેલાતું......

**શશિકાંત પ્રસન્નાના**

## ગઝલ

ભેદ જે જુવે પથ્થર ને ઘાસમાં,
તે પડે ભૂલો અહીં આસપાસમાં,
ને વધે વૃક્ષો આંબવા આકાશને
વાદળાં નીકળતાં ખુદની તપાસમાં.
એક એક પૃષ્ઠ ચ્હેરા પર વાંચજો,
જિંદગીની વારતા છે પાસમાં.
લ્યો ફરે બિંદાસ થૈ ખ્હાડો ઝરણાં,
શું ભલા પુરાયો તારા નિવાસમાં?

**રજની પાઠક**

ઠે. એ/૨ પ્રકાર ક્વાર્ટર્સ, નં. ૩૧૫.
મીઠાપુર–૩૬૧૩૪૫

## ઝેરનો કટોરો

ઝેરનો કટોરો સ્હેજ પીધો ને અંગ અંગ મીરાં ફૂટી,
મેં તો હાથ મહીં હાથ સ્હેજ ઝાલ્યો
ને ચાર પાંચ રેખા તૂટી.
મીરાંની આંખમાંથી નીકળે છે રોજ
બની વ્હેલી સવાર એક ઝરણું,
મીરાંના તંબૂરનો તૂટેલો તાર
મારા આંગણાનું બોલકણું ગરણું.
રાણાને સંદેશો મોકલવા પેન લઈ
બેઠી ત્યાં સહી સ્હેજ ખૂટી,
મેં તો ઝેરનો કટોરો સ્હેજ પીધો ને
અંગ અંગ મીરાં ફૂટી.
રાધા બનીને સ્હેજ કહું છું હું "કા'ન"
ત્યાં તો પારધીએ તીર એક તાક્યું,
શબરીના બોરમાંથી કાંટાને કાઢતાં
જીવનનું ઝાડ ખૂબ થાક્યું.
ગિરિધર નાગરને રીઝવવા નાચું
ત્યાં ઘૂંઘરુની ગાંઠ એક છૂટી,
મેં તો ઝેરનો કટોરો સ્હેજ પીધો
ને અંગ અંગ મીરાં ફૂટી.

**ભાગ્યેશ જહા**

ઠે. ૫૫૩,એ/૨, સત્યમ્ સોસાયટી,
સેકટર–૨૨, ગાંધીનગર–૩૮૨૦૨૨

## ગઝલ

વાદળો પીધા પછી મૃગજળ લખું,
સ્વપ્નના કાગળ ઉપર સગપણ લખું.
આંસુમાં તારું ગઝલ થઈ આવવું,
આંખને હું છંદનું તારણ લખું.
લોહીમાં આકાશ પણ ટોળે વળે,
શ્વાસને સહવાસનું કારણ લખું.
હોય ઇચ્છા આસમાની રંગની,
સાંજનું સ્વપ્નું બની ક્ષણ ક્ષણ લખું.
લાગણીને ચીતરી છે શ્વાસમાં,
આ હથેળીને થીજેલું રણ લખું.

**અજય પુરોહિત**

૩૬, વિજયભવન, ભાઠારોડ, દેસરા.
પો. બીલીમોરા–૩૯૬૩૨૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## એક અધ્યાહાર

(ગઝલ)

અસ્તિત્વને ઊભું ચરેલી છે,
તું શ્યામ ભીતર પાંગરેલી છે;
વર્ષો સુધી ઇતિહાસ પણ કહેશે :
દસમી સદીમાં અવતરેલી છે.
આદમ અને ઈવના સમયથી હજી
વધસ્તમ્ભ પર લટકી રહેલી છે;
સંદર્ભમાં ઘટના સ્મરીને તું
ખાલી છતાં આખ્ખી ભરેલી છે.
ઉપમા કયા ગ્રહની હવે દઈશું ?
પૃથ્વી તરફ અવિરત ઢળેલી છે.
ભૂરો સમય હાંફી ગયો ત્યારે
સડકો બધી થીજી ગયેલી છે.
સાગર અને સાગર અને આખર
સંવેદનાઓ વિસ્તરેલી છે;
તું સૂર્યથી પર સંભવે ક્યાંથી,
જ્યાં આંખ પણ દ્રુમો ભરેલી છે ?

**અલ્પ ત્રિવેદી**

અમૃતવેલ-૩૬૪૨૯૦, વાયા : મહુવા (બંદર),
(જિ. ભાવનગર)

## ગઝલ

આંખમાં તારા સ્મરણની વારતા,
કૃષ્ણ તો છે વાંસળીની દ્વારકા;
ટેરવામાં શબ્દ-ગંગા ઘૂઘવે,
છે પવિત્ર, શિવજી! તારી જટા.
ચૂપ છે તું કેમ, ગાંધારી! હવે ?
પુત્ર સો માર્યા પછીની વાસના.
પાંડવો લાક્ષાઘરેથી નીકળી
મોત મુઠ્ઠી સાથ ભીડે બારણાં.
ખેંચને ખેંચાય એનાં ચીર તું,
દ્રૌપદી લૂંટાય એવી ધારણા.

**હરીશ વટાવવાળા**

ગુજરાત હાઉસિંગ બોર્ડ કોલોની, અકોટા રોડ,
વડોદરા-૩૯૦ ૦૦૫

## ગીત

તમે માનો ના માનો, ભાઈ! અમે ડમ્મરિયા માણસ,
વલવલતા વાયરાનાં જોબન અમે,
ખુલ્લાં મેદાનોના પટ,
ખૂબ ખૂબ ઊંચે ચડેલા અમે,
ધુમ્મરિયા માણસ,
તમે માનો, ના માનો...
સાગરનાં મોજાંનો ઉછાળ અમે,
આંખોનાં મોજાંનો તટ,
દૂર દૂર વિસ્તરેલા સાવ અમે,
ધુમ્મસિયા માણસ,
તમે માનો, ના માનો......
રુમઝુમ રુમઝુમ ઘમ્મર વલોણાં અમે,
આયખું જુઓ તો કોરું કટ,
છાસિયા સાગરમાં ફીણ ફીણ થતા અમે,
માખણિયા માણસ,
તમે માનો, ના માનો......

**શિવાલકર રોહિત**

## સ્પર્શ

સૂમસામ દિલની રાહમાં
ક્યાંક મૃદુ-સ્પર્શ, આચ્છાદિત,
સ્પર્શતાનો ભાવ ઝણઝણતા
એ વસંત-બહાર, સુવર્ણ-પર્ણ,
કો મધમધી ઊઠે, ઊર્મિ-ઋજુતા
ને વેદના-પછી-સંવેદના,
બસ એક પછી એક સ્વપ્નની
રાહ-રહે ગુલાબ-સમ મ્હેંકી ઊઠે,
પ્રિયે! એ કાતરતી હૃદય-મંદિરને
તારી યાદ, બસ બધે જ
સતાવતી, મન લલચાવતી,
નચાવતી ફરકે છે મારા એ
સૂમસામ દિલની રાહમાં,

**દિલીપકુમાર મનજીભાઈ દેવાણી**

માધવપુર (ઘેડ)-૩૬૨૨૩૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન મંગલાષ્ટક

## (શાર્દૂલવિક્રીડિત)

ભૂમિ ભારત પુણ્ય આ જહીં ઘણા દેવાંશીઓ જન્મિયા,
તે થી આશ્રિત અન્ય, મુક્ત કરવા વીરો ઘણાએ લડયા;
ને દેવી "જનશાહી" રૂપ કલિનું આવી લઈને છૂપું,
જે જોઈ જન દેશના ખુશ થતા, કુર્યાત્ સદા મંગલમ્!
પુત્રી એ જનશાહીની થનકતી સાથે જ આવી અહીં
ફેલાવી નિજ મોહિની, નીરખી સૌ ઘેલા બન્યા એ મહીં;
ને લાગ્યા કરવા ઉપાસન બધી યુક્તિપ્રયુક્તિ થકી,
તેવી "ચૂંટણી દેવી" દેશ તણી આ કુર્યાત્ સદા મંગલમ્।
જેને જ્ઞાન ન રાજનીતિનું કંઈ, જે ના ભણેલા વળી,
જેને જ્ઞાન ઉમેદવાર તણું ના, ના ચૂંટણીનું જરી,
જ્ઞાતિ લાલચ કે દબાણ થકી જે દે વોટ આપી નિજ,
તેવા એ મતદાર ભારત તણા કુર્યુઃ સદા મંગલમ્।
ના સિદ્ધાંત, સ્વમાન ના જીવનમાં દેખાય જેઓ તણા,
જોઈને નિજ સ્વાર્થ પક્ષપલટો જેઓ કર'તા સદા;
ચૂંટાવા પદ પામવા કુટિલ જે કર્મો કરે રાતદી,
તેવા સભ્ય ગૃહો તણા ગુણભર્યા કુર્યુઃ સદા મંગલમ્।
હોયે જે નિયમી નહીં, ફરજની ચિંતા ન જેના દિલે,
ભૂલો કૈં કરતા સમૂહથી છતાં જે લાભ સૌ માનતા,
ને જે રોફ બતાવતા, નવ કરે જે લાંચ વિના કંઈ,
સર્કારી જન દેશ આ પુનિતના કુર્યુઃ સદા મંગલમ્।
જેને થોભ ન લોભનો, નવ દયા, માનવ્ય ના કૈં દિલે,
ચિંતા કેવળ લક્ષ્મીની, કુટિલ જે કર્મો કરે કાજ એ,
ફાળાથી સરકારને વશ કરે ને જે પછીથી રળે,
તેવા સજ્જન શ્રેષ્ઠી ભારત તણા કુર્યુઃ સદા મંગલમ્।
ઇચ્છા અંતરમાં તુરંત બનવા શ્રીમંત જેને ઘણી,
જે કાજે દિનરાત મ્હેનત અને ખોટા વિચારો કરે,
જેને લોક તણી નથી જરી પડી, આદર્શ કોઈ નહીં,
તેવા સાંપ્રત શિક્ષિતો ભૂમિ તણા, કુર્યુઃ સદા મંગલમ્।
બીજા છે બહુ ભૂમિ આ શુચિ મહીં, જે સ્વાર્થ સાધે સદા,
જેને બંધન ધર્મ નીતિ તણું ના, ના દેશની લાગણી,
સેવા જે કરતા જણાય મહીંથી મેવા છતાં પામતા,
તેવા સાંપ્રત સજ્જનો સહુ મળી કુર્યુઃ સદા મંગલમ્।

૧૬, અંબિકાકુંજ સોસાયટી, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮ નટવરલાલ શં. જોશી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અવતારી પુરુષ મહારાણા પ્રતાપ

**વૈદ્ય રામસિંહજી ગોહિલ**

માહારાણા પ્રતાપનો જન્મ તા. ૯–૪–૧૫૪૦ ના રોજ થયો હતા. મહારાણા પ્રતાપનો રાજ્યાભિષેક મેવાડના કુંભલગઢ નામના ગામમાં રાજમહેલમાં થયો હતો. મહારાણા પ્રતાપનો સ્વર્ગવાસ તા. ૧૯–૧–૧૫૯૭ ના રોજ ઉદેપુર પાસેના ગામમાં થયો હતો. ચાવંડ ગામમાં ગોહિલોનાં કુળદેવી શ્રીચામુંડા માતાજીનું મૂળ સ્થાનક છે. મહારાણા પ્રતાપને ૧૧ રાણી તથા ૧૭ દીકરા હતા. મહારાણા પ્રતાપ બાદશાહ અકબરની સામે અણનમ રહેવા માટે જિંદગી પર્યંત લડયા. કોઈ સામાન્ય માનવી સહન ન કરી શકે તેવી એમણે અને એમના કુટુંબે યાતનાઓ સહન કરી.

એક દિવસ એવો પણ આવ્યો કે મહારાણા પોતાની માતૃભૂમિ મેવાડનાં ચોવીસેય પરગણાં હારી ગયા. પોતાના રાજકુટુંબને અરવલ્લી પહાડીની જાવરા ગુફામાં રાખ્યું અને પોતે માયરાની ગુફામાં, કે જ્યાં એમનું શસ્ત્રાગાર હતું ત્યાં, ઝૂંપડાં બાંધીને રહેવા લાગ્યા. બીજી બાજુ અકબરે મહારાણાનું માથું લાવી આપનારને સવાલાખ સોનામહોર આપવાનું જાહેર કર્યું, આથી મુઘલ સેનાના લાખો માણસો અરવલ્લીનાં પથ્થરે પથ્થર અને ઝાડવે ઝાડવું ખૂંદી વળ્યા. આવી પરિસ્થિતિમાં મહારાણાએ પોતાના સૈન્યના બધા માણસોને છૂટા કરી દીધા અને પોતે એવા નિર્ણય પર આવ્યા કે મેવાડની ધરતી છોડીને ચૂપચાપ કોઈ અજાણ્યા સ્થળનો આશ્રય લેવો. આ વાતની જાણ એમના અમાત્ય ભામાશાહ અને ભીલ સરદારને થઈ અને એઓ તરત જ વેરાન જંગલો ખૂંદતા માયરાની ગુફામાં આવી પહોંચ્યા કે જ્યાં મહારાણાનું નિવાસસ્થાન હતું. આ વખતે એટલે કે ૧૫૭૮ માં ભામાશાહે મહારાણા પ્રતાપને ૨૦,૦૦૦ સોનામહોર અને ૨૫,૦૦,૦૦૦ ચાંદીના સિક્કા ચરણોમાં ધરી દીધા. આ નજરાણું મહારાણાશ્રીને ચૂલિયા નામના ગામમાં આપવામાં આવ્યું હતું. એ જમાનામાં આ રકમ એટલી મોટી હતી કે મહારાણા ૨૫,૦૦૦ સૈનિકોને બાર વર્ષ સુધી નિભાવી શકે. આ રકમથી મહારાણાએ ઘોડા અને હથિયાર ખરીદીને એક શક્તિશાળી સેના તૈયાર કરી, જેમાં ૪૦૦૦ ભીલ સૈનિક પણ હતા.

મહારાણાએ સર્વપ્રથમ ૧૫૭૮ માં મુઘલોના દિવેર નામના એક અસરકારક થાણા ઉપર હુમલો કર્યો. આ વખતે દિવેર ઉપર મુલતાનખાં નામનો એક મુઘલ સેનાપતિ અધ્યક્ષ હતો. મુલતાનખાંએ હાથી ઉપર સવાર થઈને મહારાણા પ્રતાપની સેના ઉપર આક્રમણ કર્યું. મહારાણાની સેનાના સેનાપતિ આ વખતે મહારાણાના પાટવી કુંવર શ્રી અમરસિંહજી હતા. ખૂનખાર જંગ ખેલાયો. આ વખતે મહારાણાને તો માત્ર સૈનિકોને દોરવણી જ પૂરતું જ ધ્યાન આપવાનું હતું.

કુંવર અમરસિંહજીના લશ્કરમાં સોલંકી અને પઢિયારના કાફલાએ મુલતાનખાંના હાથીના બંને પગ કાપી નાખ્યા. હાથી જમીનદોસ્ત થઈ ગયો. ઉપર બેઠેલ મુલતાનખાં જમીન પર પટકાયો. એવે વખતે કુંવરશ્રી અમરસિંહજીએ વીજળીવેગે હાથી પાસે પહોંચી જઈને મુલતાનખાંની છાતીમાં જોરદાર ભાલો ભોંકી દીધો. મુલતાનખાંની છાતી વીંધીને લગભગ એક ફૂટ ભાલો જમીનમાં ખૂંપી ગયો એટલે કે મુલતાનખાં જમીનમાં જડાઈ ગયો. આ દશ્ય મહારાણા દૂરથી જોઈ રહ્યા હતા. એઓ તત્કાલ ઘટનાસ્થળ પર પહોંચી ગયા. કુંવર અમરસિંહજી પોતાના કામે લાગી ગયા. મુલતાનખાં જમીન પર તરફડતો હતો. એણે મહારાણાની સામે જોયું અને એમને એમ લાગ્યું કે આ જ મહાબાહુ મહારાણા પ્રતાપ હશે. એણે તરત પૂછ્યું કે આપ જ મહારાણા પ્રતાપ છો? મહારાણાએ સાંકેતિક ભાષામાં હા કહી તેથી મુલતાનખાં આનંદવિભોર બની ગયો અને આત્મસંતોષ થયો કે મૃત્યુવેળાએ આવા વિરલ પુરુષનાં દર્શન થયાં.

[ અનુસંધાન પા. ૬૮ નીચે ]

For Private and Personal Use Only

# મહાયોગી શ્રી અરવિંદ

ડૉ. મુગટલાલ જી. થાનકી

છેલ્લાં સો વર્ષોમાં ભારતવર્ષમાં થયેલા મહાપુરુષોની હારમાળામાં શ્રી અરવિંદનું એક ચોક્કસ અને અનન્ય એવું સ્થાન છે. એમના જીવનમાં અનેક ક્ષેત્રોમાં એઓએ નામના મેળવેલી.

હોશિયાર વિદ્યાર્થી, પ્રેમાળ કુટુંબીજન, વિદ્વાન અધ્યાપક, પ્રકાંડ મુત્સદ્દી, ઉત્તમ સલાહકાર, પ્રતિભાશાળી તંત્રી, ક્રાંતિકારી નેતા, આર્ષકવિ અને મહાયોગી તરીકે એઓને પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલી.

૧૫ ઓગસ્ટ, ૧૮૭૨ ના રોજ જન્માષ્ટમીના દિવસે એમનો જન્મ ડૉ. કૃષ્ણધન ઘોષ(એમ. ડી.)ને ત્યાં કલકત્તામાં થયેલો. અંગ્રેજ પ્રિન્સિપાલે શ્રી અરવિંદની આંખો જોઈને કહેલું : જાણે કે એમને દિવ્ય દર્શનો થતાં રહેતાં હોય એમ લાગે છે.

**સંસ્કારવારસો :** શ્રી અરવિંદને ધાર્મિક સંસ્કારોનો કેટલોક વારસો એમના નાના રાજનારાયણ બોઝ તરફથી મળેલો, ઈંગ્લેન્ડથી શિક્ષણ લઈ આવીને યુરોપીય સંસ્કૃતિથી અંજાઈ જઈ ડૉ. કૃષ્ણધન ઘોષે પોતાના ત્રણ પુત્રોને સંસ્કારથી અંગ્રેજો બનાવવા માટે ખાસ સૂચનાઓ સાથે વિલાયતમાં અંગ્રેજ શિક્ષકોના હાથમાં સોંપ્યા. ભારતવર્ષના મહાન ધર્મસ્થાપક ગૌતમ બુદ્ધને ધાર્યા સંસ્કાર આપવામાં એમના પિતા રાજા શુદ્ધોદન નિષ્ફળ ગયા હતા તેમ શ્રી અરવિંદને ભારતીય સંસ્કારોથી દૂર રાખવામાં એમના પિતા સંપૂર્ણ નિષ્ફળ ગયા એ એ પછીનાં વર્ષોમાં સ્પષ્ટ જોઈ શકાય છે.

**ગુલામીનો વિરોધ :** વિલાયતમાં વિદ્યાર્થી તરીકે એમની કારકિર્દી ઓજસ્વી હતી. કાવ્યો નિબંધો વગેરે ગ્રીક લેટિન વગેરે ભાષાઓમાં લખીને મેળવેલાં પારિતોષિકોથી તથા શિષ્યવૃત્તિઓ વડે ગુજરાનમાં ઘટતી રકમની ખોટ એમણે પૂરેલી. રાષ્ટ્રવાદથી પ્રેરાઈને ભારતીય વિદ્યાર્થીઓની ક્રાંતિકારી સંસ્થા "કમળ અને ખંજર"માં એમણે ઉગ્ર ભાષણો કરેલાં. આ કારણે અને અંગ્રેજોની ગુલામી ન કરવા ખાતર એઓ આઈ.સી.એસ. પરીક્ષામાં સામે ચાલીને હાજર ન રહ્યા અને નાપાસ થયા.

ગાયકવાડ રાજ્યમાં વડોદરા મુકામે નોકરી કરવાનું નક્કી કરી ફિરંગી સ્ટીમરમાં એઓ ભારતવર્ષ આવવા રવાના થયા. એ જ વર્ષે સ્વામી વિવેકાનંદ પશ્ચિમમાં ગયા. સ્ટીમર કમ્પનીની ભૂલમાં શ્રી અરવિંદવાળી સ્ટીમર ડૂબી ગઈ છે એવા ખોટા સમાચાર વહેતા થતાં પુત્રવિયોગે રાજા દશરથ પેઠે શ્રી અરવિંદના પિતાએ પ્રાણ છોડયા.

**સ્વપ્નદ્રષ્ટા :** વડોદરામાં અન્ય હોદ્દાઓ ઉપરાંત ૧૨ વર્ષ સુધી પ્રોફેસર અને પ્રિન્સિપાલ તથા મહારાજા સયાજીરાવના મંત્રી તરીકે એઓએ કાર્ય કરેલું. પ્રોફેસર તરીકે એઓ અતિશય લોકપ્રિય નીવડેલા એવું એમના શિષ્ય સ્વ. કનૈયાલાલ મુનશીએ લખ્યું છે.

**રાજકારણ :** ૧૯૦૭માં તોફાનવાળી સુરત કોંગ્રેસમાં ઉગ્ર નેતા તરીકે શ્રી અરવિંદે સભાભંગ કરાવવા પડદા પાછળથી સફળ કાર્ય કરાવેલું. દેશનાં દુઃખ દૂર કરવા ૧૯૦૪ થી જ ચાલુ રાજકીય કારકિર્દી સાથે એમણે યોગસાધના શરૂ કરી હતી.

૨૯ વર્ષની વયે પરદેશગમનનું પ્રાયશ્ચિત્ત કરીને પણ એમણે એક બંગાળી બાળા મૃણાલિનીદેવી સાથે લગ્ન કર્યાં. કલકત્તામાં નેશનલ કોલેજના પ્રિન્સિપાલ તરીકે રહેવા ઉપરાંત ઉગ્ર ભાષણો અને લેખોથી એઓ લોકસેવા કરતા રહ્યા. "'વંદે માતરમ્' પત્રના એમના લેખ વાંચવા સૌ આતુર ડોળે રાહ જોતાં" એવું આચાર્ય કૃપલાણીજીએ લખ્યું છે. ક્રાંતિકારી જુવાનોને એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ગીતા આપીને ગુપ્તતા અને શાંતિના શપથ એઓ લેવડાવતા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગેરી બાલ્ડી :** એની બેસન્ટે શ્રી અરવિંદને 'ભારતના ગેરી બાલ્ડી' કહેલા અંગ્રેજ સી.આઈ.ડી. ઑફિસરે નોંધ લીધેલી કે સદા ગંભીર દેખાતા શ્રી અરવિંદ ભારતવર્ષમાં ભયંકરમાં ભયંકર માણસ છે. એક વખત એમની ધરપકડ કરતી વખતે અંગ્રેજ અધિકારીઓ એમના ઓરડામાં પડેલી ભારતમાતાની ચરણરજ જેવી માટીને પણ દારૂગોળો માનીને ઉઠાવી ગયા હતા.

**નારાયણદર્શન :** અલીપોર જેલ-કલકત્તામાં એમને બૉમ્બ–મુકદ્દમા અંગે ૩૬૬ દિવસ રહેવું પડેલું, જ્યાં એઓને સર્વત્ર નારાયણદર્શન થયાં હતાં. એમનો એક પણ પૈસો લીધા વગર બચાવ કરનાર પ્રસિદ્ધ વકીલ દેશબંધુ ચિત્તરંજનદાસે કહ્યું હતું કે "જ્યારે એ નેતાના ભૌતિક દેહની હયાતી નહિ હોય ત્યારે પણ આ દેશના અને સમગ્ર જગતના લોકો એમના શબ્દોમાંથી પ્રેરણા મેળવશે."

**કલમની કૃતિઓ :** જેલમુક્તિ પછી થોડા સમયે ફરીને અંગ્રેજ સરકાર ધરપકડ કરનાની છે એવા સમાચાર અંગ્રેજ બહેન–ભગિની નિવેદિતા તરફથી મળતાં તુરત જ નૌકા વાટે એઓ ફ્રેન્ચ વસાહત "ચંદ્રનગર" ચાલ્યા ગયા અને થોડા વખતમાં ત્યાંથી તા. ૪–૪–૧૯૧૦ના રોજ પોંડિચેરી પહોંચી ગયા.

પોંડિચેરીથી એઓએ "આર્ય" અને "કર્મયોગી" નામનાં માસિક ચલાવ્યાં તથા ગીતાનિબંધો યોગસમન્વય વેદરહસ્ય-મહાગ્રંથ દિવ્યજીવન અને મહાકાવ્ય–સાવિત્રી વગેરે એમની કલમમાંથી પ્રગટ્યાં.

**શ્રી માતાજી સાથે :** ૧૯૨૦માં એમના કાર્યમાં કાયમ માટે મદદ કરવા ફ્રેન્ચ સન્નારી (મીરાં આલ્ફાન્ઝા) શ્રી માતાજી જોડાયાં, ૨૪–૧૧–૧૯૨૬ના રોજ અધિમનસ્-શક્તિ (શ્રીકૃષ્ણની ચેતના) પોતાના શરીરમાં ઉતાર્યા પછી આશ્રમનો વહીવટ શ્રી માતાજીને સોંપીને શ્રી અરવિંદ એકાંતમાં બેસી ગયા.

**સમાધિ :** ૧૯૫૦ની ૫ ડિસેમ્બરે ગંગાવતરણની જેમ એક દિવ્યશક્તિ (અતિમનસ્–શક્તિ) એઓએ પોતા ઉપર ઉતારી અને પ્રાણની આહુતિ આપી. તા. ૯–૧૨–૧૯૫૦ સુધી એટલે ૧૧૧ કલાક સુધી એઓનું શરીર તપતું રહ્યું, એટલે કે નિર્વિકાર રહ્યું અને જાહેર જનતા માટે ખુલ્લું રખાયેલું. (આ બાબત અતિમનસ્–શક્તિની એક મોટી સાબિતી છે)

આજે પણ એમની સમાધિનાં દર્શનથી હજારો માણસો શાંતિ મેળવે છે.

અનેકવિધ ક્ષેત્રો પર પ્રભુત્વ ધરાવનાર એમના વ્યક્તિત્વને શ્રીકૃષ્ણના શરીર સાથે સરખાવી શકાય. એમણે ચીંધેલા માર્ગનું અનુસરણ કરીને પૂર્વ અને પશ્ચિમમાંનાં હજારો લોક શાંતિ અને શક્તિ મેળવે છે અને મેળવશે એવું જરૂર લાગે છે.

આજે પણ દુનિયાના ૩૦ દેશોમાંથી લગભગ ૧૭૦૦ માણસો શ્રી અરવિંદાશ્રમ–પોંડિચેરીમાં રહે છે અને શ્રી અરવિંદના પૂર્ણયોગના સિદ્ધાંત મુજબ જુદાં જુદાં કામો દ્વારા ભગવાનને મેળવવાનો પ્રયાસ કરી રહ્યાં છે; જોકે આ બધાંનો પોંડિચેરી જઈને રૂબરૂ જોવાથી વધુ ખ્યાલ આવે.

**સંદર્ભગ્રંથો :**

(૧) શ્રી અરવિંદ મહાયોગી : સુન્દરમ્ (૨) યુગાવતાર શ્રી અરવિંદ : પંડિતરાવ રાવલ
(૩) મહાયોગી શ્રી અરવિંદ : અંબુભાઈ પુરાણી (૪) Mother India માસિકની ફાઈલ
(૫) તીર્થધામ પોંડિચેરી : ડૉ. મુગટલાલ જી. થાનકી

ઠે. પી/૩, ગવર્નમેન્ટ ઑફિસર્સ કોલોની, મેઘાણીનગર, અમદાવાદ-૩૮૦૦૧૬

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાષ્ટ્રવીર છેલભાઈ

કુ. જયશ્રીબહેન કમલેશ ઠાકર

* રાષ્ટ્રવીર છેલભાઈની છન્નુમી જન્મ-જયંતી પ્રસંગે-વંદના * [તા. ૧૬-૧૦-૧૮૮૯]

'સૌરાષ્ટ્રનો સિંહ' 'સૌરાષ્ટ્રનો શિવાજી' 'શૂરો-સંત' જેવાં અનેક પ્રજાકીય બિરુદો દ્વારા સોરાષ્ટ્રના લોકકવિઓના કંઠે અને કલમે બિરદાવાયેલા, સૌરાષ્ટ્રની ખમીરવંતી નારી-શક્તિએ જેમના વીરતત્વના ચકલે ને ચૌટે રાસડા લીધા તે અરધી સદીના ઇતિહાસ-પુરુષ અમર વીર છેલભાઈની શૌર્યકથાઓ ગુજરાતભરમાં અને ઠેઠ રાજસ્થાન સુધી ગુંજે છે.

સૌરાષ્ટ્રને બબ્બે ત્રણ ત્રણ દસકાઓથી ધમરોળતા બહારવટિયાઓની તકાયેલી બંદૂકો સામે એકલવીર છેલભાઈએ ઢાલ બની, ઊભા રહીને જનતાની પ્રતારણાઓનો અંત આણ્યો. લોકકવિઓની વાણી ગહેકવા લાગી. લોકોક્તિ પ્રચલિત બની કે 'સૌરાષ્ટ્રમાં સિંહ એક જ, તે છેલભાઈ, બાકી બીજા સરકસના' કવિસમ્રાટ ન્હાનાલાલે તો આ વીર જુવાનના શૌર્ય પર વારી જઈને કહ્યું : 'અઢારસો સત્તાવન પછી તો જાણે વીરત્વ મરી પરવાર્યું છે, ક્ષત્રિયત્વ હણાઈ ચૂક્યું છે, પણ હજુય એક અપવાદ છે અને તે છેલભાઈ.'

પોતાની હયાતી દરમ્યાન જ વીર છેલભાઈ 'અનુશ્રુતિઓના વીર' (LEGENDARY HERO) બની ગયા હતા. છેલભાઈની અનેક કીર્તિકથાઓ અને લોકકથાઓ – લોકકવિતો કાલને ચોપડે મઢાતાં ગયાં છે.

રાષ્ટ્રવીર છેલભાઈ વિશે એમની હયાતી દરમ્યાન જ એટલું બધું વિપુલ રીતે લખાયું છે કે અચંબામાં પડી જવાય. કોઈ પણ ઇતિહાસ-પુરુષ માટે એની હયાતીમાં જ આટલું બધું ભાગ્યેજ લખાયું હશે અને અત્યાર સુધીમાં તો થોકબંધ લખાતું ચાલ્યું છે. આજે પણ આ અદ્યતન યુગમાં પણ વીર છેલભાઈ વિશે કલમો સડસડાટ ચાલતી રહી છે.

વીર છેલભાઈના સમયના સૌરાષ્ટ્રમાં અવ્યવસ્થિત અસ્તવ્યસ્ત અને અસલામતીઓ વચ્ચે ભીંસાતું અને રહેંસાતું જનજીવત હતું. બહારવટિયા લુટારા, અસામાજિક તત્ત્વો ગામે ગામને સતત ધમરોળતા રહે, ઊભા મોલ બાળી નાખે, ઊભા પાક લણી લે, તીડની જેમ બહારવટિયાઓનાં ધાડાં ને ધાડાં ખાબકે. ધાડ લૂંટ ખૂન બળાત્કાર અને પારાવાર પાશવી જુલમો હેઠળ જનતા સબડે. આવે કપરે સમયે જનતાના તારણહાર તરીકે વીર છેલભાઈએ ઐતિહાસિક કર્તવ્ય બજાવ્યું હતું.

ભડ છેલભાઈએ અનેક કાળઝાળ બહારવટિયાઓને સામી છાતીએ પડકારી, જીવ-સટોસટનાં ધીંગાણાં ખેલી, ઉઘાડા યુદ્ધમાં પડકારીને પરાસ્ત કર્યા, હણ્યા અને ઉદ્ધાર્યા. વીર છેલભાઈએ એમની જ્વલંત કારકિર્દીમાં એકાવન જેટલી ખૂંખાર બહારવટિયા-ટોળકીને પરાસ્ત કરી હતી.

વીર છેલભાઈને બહારવટિયાઓને મારવામાં જ માત્ર રસ ન હતો, એમને બહારવટિયાઓને નહિ, પરંતુ બહારવટાંને ખતમ કરવાં હતાં, બહારવટિયાઓને ઉદ્ધારવા હતા, દાનવમાંથી માનવ, શેતાનમાંથી ઇન્સાન બનાવવા હતા. આ કામગીરી કઠણ અને દુષ્કર હતી. શરણે કરી, અભય આપી, સન્માર્ગે ચડાવી એમણે સમાજમાં બહારવટિયાઓને આત્મસાત્ કરી લીધા હતા. અદ્યતન યુગમાં જયપ્રકાશ નારાયણ દ્વારા પોલીસને માથાનો દુખાવો બનેલા ચંબલના ડાકુઓને ગુનામાંથી માફી બક્ષીને ઇન્સાન બનાવવાના નિષ્ફળ પ્રયત્નો વિશે આપણે જાણીએ છીએ. આ પ્રયોગ સરકારને મોંઘો અને ખતરનાક બન્યો અને ડાકુઓની વણઝાર વધતી ચાલી, અને પ્રશ્ન હલ ન થયો.

પરંતુ છેલભાઈના સમયમાં જ્યારે સમાજપરિવર્તન અંગે અને એને લગતા પ્રયોગો અંગે વિચારવાની ભૂમિકા જ સમાજ પાસે ન હતી ત્યારે આજથી પોણી સદી પહેલાં, સંપૂર્ણ અંધકાર-યુગમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીર છેલભાઈએ જે બહારવટાંને નિર્મળ કરી, બહારવટિયાઓનો ઉદ્ધાર કરી, સમાજજીવનને અભય બનાવ્યું તે હેસીઅંગેઝ બાબત હતી. વીર છેલભાઈએ ઉદ્ધાર કરેલા ખૂંખાર બહારવટિયાઓની નામાવલી મોટી છે, જેમાં મહંમદ ખૂંખાર નામનો કાળઝાળ બહારવટિયો છેલભાઈની હત્યા કરવા આવેલો તેનો હૃદયપલટો થતાં એણે બહારવટું તો છોડી દીધું, પરંતુ એ ફકીર થઈ ગયો અને 'મહંમદ સાંઈ' તરીકે આખા સોરઠમાં પૂજનીય બની ગયો.

રાષ્ટ્રવીર છેલભાઈનું ક્રાંતિકારી વ્યક્તિત્વ અગેથી જ પૂર્ણવિરામ પામતું નથી, ક્રાંતિકારી રાષ્ટ્રિય મુક્તિસંગ્રામ યજ્ઞના એક દેદીપ્યમાન ઋત્વિજ તરીકે પણ છેલભાઈનું નામ ઝળહળે છે. વીર છેલભાઈના સમયમાં રાષ્ટ્રિય જુવાળનાં હજુ તો આછેરાં આછેરાં પડઘમ સંભળાતાં હતાં, લાલ-બાલ-પાલ ત્રિપુટીની હાક વાગતી હતી, ગાંધીજીનું આગમન થઈ રહ્યું હતું, કાઠિયાવાડમાં તો રાજકીય અને સામાજિક સંદર્ભમાં સદંતર અંધકાર હતો.

એવે સમયે રાષ્ટ્રિય અને ક્રાંતિકારી ચેતનાની લહર વીર છેલભાઈને સ્પર્શી ગઈ હતી. છેલભાઈ રાષ્ટ્રિય રંગે રંગાયા, મહાત્મા ગાંધીજીના અંગત સંપર્કમાં આવ્યા. કાઠિયાવાડ રાજકીય પરિષદ અને કાઠિયાવાડ હિતવર્ધક સભાના આદ્ય સ્થાપક, સૌરાષ્ટ્રની જનજાગૃતિના આદ્ય ચેતાવક, મહાત્મા ગાંધીજીના વડીલ બંધુ સમાન માર્ગદર્શક સૌરાષ્ટ્રના અમર મહાજન બૅરિસ્ટર દલપતરામ ભગવાનજી શુકલનાં પુત્રીનાં લગ્ન છેલભાઈ સાથે થયાં હતાં. વીર છેલભાઈ આ કારણે ગાંધીજી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ સહિત અનેક રાષ્ટ્રનેતાઓના અંતરંગ સંપર્કમાં આવ્યા હતા.

રાષ્ટ્રવીર છેલભાઈનું જૂનાગઢનું નિવાસસ્થાન રાષ્ટ્રિય કાર્યકરો માટેનું છૂપું આશ્રયસ્થાન હતું. છેલભાઈ વીર ભગતસિંહની છૂપી ક્રાંતિકારી સેના સાથે સંકલિત હતા. વીર ભગતસિંહના સાથીદારને લાંબા સમય સુધી છૂપો આશ્રય છેલભાઈએ આપ્યો હતો. રાષ્ટ્રશાયર ઝવેરચંદ મેઘાણી છેલભાઈના અંતરંગ મિત્ર હતા. મેઘાણીભાઈના પ્રારંભકાલમાં લોકસાહિત્ય-સંશોધન માટે છેલભાઈ બધી સગવડો ઉપલબ્ધ કરી આપતા હતા.

જૂનાગઢમાં જનતા પર ભારે દમન ચાલતું હતું, નિર્દોષોની હત્યા થતી હતી ત્યારે વીર છેલભાઈ ઉઘાડી રીતે બ્રિટિશ હકૂમત સાથે સંઘર્ષમાં આવ્યા હતા. ગાંધીજી-સરદારે રાષ્ટ્રિય મહિલા કાર્યકર શ્રીમતી મૃદુલાબહેન સારાભાઈને ગુપ્ત રીતે મોકલ્યાં હતાં ત્યારે બ્રિટિશ હકૂમતને ખબર પડી જતાં એમને કારાવાસમાં પૂરી દેવા પેંતરા રચાયા ત્યારે વીર છેલભાઈએ એમને ગુપ્ત રીતે સરહદ-પાર કરાવ્યાં હતાં.

સૌરાષ્ટ્ર સળગાવવાની બ્રિટિશ કાવતરાખોરીને કારણે વેરાવળના દેશભક્ત ડૉ. ગોરધનદાસ ખંઢેરિયા સહિત પાંચ પ્રજાકીય કાર્યકરોની કરપીણ હત્યાઓ થતાં, માત્ર સૌરાષ્ટ્ર ગુજરાત જ નહિ, સમગ્ર દેશ ખળભળી ઊઠયો હતો. ગાંધીજી-સરદાર સહિત રાષ્ટ્રનેતાઓ ચોંકી ઊઠયા હતા. એવે સમયે રાષ્ટ્રવીર છેલભાઈ એ સળગતી જ્વાળામાં કૂદી પડયા હતા. બ્રિટિશ ખફગીની પરવાર કર્યા વગર હત્યારાઓને પકડીને ફાંસીને માંચડે લટકાડી દીધા. રાષ્ટ્રવીર છેલભાઈનો જનતામાં જયજયકાર થયો.

આ સમયે જ લગભગ રાજકોટ સત્યાગ્રહ ભભૂકી ઊઠયો. વીર છેલભાઈ આ ઇતિહાસપ્રસિદ્ધ સત્યાગ્રહમાં કૂદી પડયા. એ સમયે ગાંધીજી ઉપર ખૂની હુમલાનું કાવતરું રચાયું હતું, જેની જાણ છેલભાઈએ અગાઉથી કરી દેતાં બાજી ઊંધી વળી ગઈ હતી. સરદાર વલ્લભભાઈ પટેલ અને ગાંધીજીનો અપ્રતિમ સ્નેહ છેલભાઈએ પ્રાપ્ત કર્યો હતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલની હત્યાનું ગોઝારું ષડ્યંત્ર રચાયું હતું. સરદારશ્રી પર ખૂની હુમલો થયો. સદનસીબે સરદારશ્રી બચી ગયા. દેશભરમાં હાહાકાર થઈ ગયો. ગાંધીજીના મનમાં સખ્ત આઘાત લાગ્યો. ભાવનગરમાં રાષ્ટ્રવીર છેલભાઈએ આ કાવતરાખોરોને પડકાર્યા, સરદારશ્રીના હુમલાખોરોને ઝડપી લીધા અને ફાંસીને માંચડે ચડાવી દીધા. દેશભરમાં છેલભાઈના આ કાર્યની મુક્ત રીતે પ્રશંસા થઈ. એમને 'રાષ્ટ્રવીર'નું પ્રજાકીય બિરુદ સાંપડયું.

દેશ આઝાદ થયો ત્યારે બ્રિટિશ ચાલબાજીઓથી દેશના વધુ ગોઝારા ભાગલા કરવાનાં કાવતરાં રચાયાં હતાં તે વખતે વડોદરાના ગાયકવાડને છેલભાઈએ સાચી સલાહ આપી. હૈદરાબાદના નિઝામ સામે પગલાં લેવા છેલભાઈને નેતૃત્વ સોંપવા સરદારશ્રીએ આદેશ આપ્યો, પરંતુ એ સમયે છેલભાઈ નાદુરસ્ત હતા એટલે જનરલ ચૌધરીને નેતૃત્વ સોંપાયું હતું.

કોમવાદી કરતૂતોથી જૂનાગઢના નવાબને નિરાધારી દાખવી પાકિસ્તાન સાથે ભળવું પડયું. આ સમયે બાબરિયાવાડ પ્રદેશને મુક્ત કરવા રાષ્ટ્રવીર છેલભાઈ સૈન્ય સાથે ધસી ગયા હતા. મહાત્મા ગાંધીજી જૂનાગઢના નવાબને અયોગ્ય પગલું તજી દેવા સમજાવવા માગતા હતા, પાકિસ્તાની નાકાબંદી ભેદીને જાય કોણ? આવું જાનનું જોખમ ખેડે કોણ? ગાંધીજી-સરદારશ્રીએ આ વિકટ કાર્ય રાષ્ટ્રવીર છેલભાઈને સોંપ્યું. છેલભાઈ રાષ્ટ્રને કાજે, ખભે ખાપણ નાખી, વેશપલટો કરી જૂનાગઢના રાષ્ટ્રિય કાર્યકર ડૉ. પી. સી. નાણાવટી અને પોતાના અંગત અંગરક્ષક અબદુલ્લા સાથે છૂપી રીતે નવાબને મળ્યા, પરંતુ બધું રંધાઈ ચૂકયું હતું. છેલભાઈ નિરુપાય બની પાછા ફર્યા અને ગાંધીજીને પોતાનો અહેવાલ પેશ કર્યો. ભલે છેલભાઈને પોતાના કાર્યમાં નિષ્ફળતા મળી, પરંતુ ગાંધીજીની આજ્ઞાનો અમલ થયો હતો. ગાંધીજી રાષ્ટ્રવીર છેલભાઈના આ રાષ્ટ્રભક્તિપ્રેરિત કાર્યથી અતિ પ્રસન્ન થયા હતા.

આપણા રાષ્ટ્રિય મુક્તિસંગ્રામમાં રાષ્ટ્રવીર છેલભાઈનું મહાન ક્રાંતિકારી પ્રદાન છે, જે ભાવી પેઢીને સદાય પ્રેરણા આપતું રહેશે. આવા ગુજરાતના ગૌરવ સમા મહાન ક્રાંતિકારી ઇતિહાસ-પુરુષ રાષ્ટ્રવીર છેલભાઈને એમની છન્નુમી જન્મજયંતી પ્રસંગે ભાવભરી વંદના.

## સંદર્ભ-સૂચિ :

(૧) 'આત્મકથા'-ગાંધીજી. (૨) ગાંધીજી-સરદાર પટેલ-મહાદેવ દેસાઈ પત્રવ્યવહાર. (૩) ગાંધીજીની દિનવારી : સં. શ્રી ચંદુભાઈ ભગુભાઈ દલાલ. (૪) 'છેલ્લું પ્રયાણ' : લે. શ્રી ઝવેરચંદ મેઘાણી. (૫) વીર છેલભાઈચરિત્ર : લે. ગોકુલદાસ દ્વા. રાયચૂરા. (૬) છેલભાઈચરિત્ર : લે. રવિશંકર રાવળ. (૭) છેલભાઈ શૌર્યકથાઓ : લે. 'જયભિખ્ખુ'. (૮) 'મર્દાનગીની મશાલ' લે. દોલત ભટ્ટ. (૯) 'સૌરાષ્ટ્રનો સિંહ છેલભાઈ' (ધારાવાહી જીવનચરિત્ર) લે. શ્રી કમલેશ ઠાકર. (૧૦) પ્રવચન : નાનાલાલ દ. કવિ. (૧૧) છેલભાઈ શૌર્યકથાઓ : લે. પુષ્કર ચંદરવાકર. (૧૨) 'ઇન્કિલાબનો આતશ' સંપાદકો શ્રી મુકુન્દ શાહ, કનૈયાલાલ જોશી. (૧૩) વીર છેલભાઈ શૌર્યકથામાળા (ભાગ-પાંચ) લે. દોલત ભટ્ટ. (૧૪) 'સૌરાષ્ટ્રનો સિંહ શૂરા-સંત વીર છેલભાઈ' (ધારાવાહી શૌર્યપ્રસંગો), લે. જયશ્રીબહેન ઠાકર. (૧૫) 'મેઘાણીસ્મૃતિગ્રન્થ' સં. ચુનીલાલ મડિયા, ગુણવંતરાય આચાર્ય. (૧૬) 'છેલભાઈ સાહિત્ય સંદર્ભ-સૂચિ' : સૂચિકાર પ્રો. અમૃત રાણિંગા. (૧૭) 'જૂનાગઢ-દર્શન' સં. પ્ર શં. નથવાણી. (૧૮) 'જનનાદ' વીર છેલભાઈ-સ્મૃતિ વિશેષાંક. (૧૯) વીર છેલભાઈ લે. શ્રી મનુભાઈ ભટ્ટ. (૨૦) 'સૌરાષ્ટ્રના અમર મહાજન વીર છેલભાઈ' લે. શ્રીકૃષ્ણ શર્મા. (૨૧) 'સોરઠી સપૂત વીર છેલભાઈ' (સૌરાષ્ટ્રભૂમિ-જૂનાગઢ) લે. શ્રી ઉપાધ્યાય. (૨૨) છેલભાઈ-વિષયક રેડિયો નાટક : લે. શિવ આચાર્ય,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૩) વીર છેલભાઈ શૌર્યપ્રસંગો : લે. શ્રી નારાયણજીભાઈ ગો. કળસારકાર, પ્રો. રામશંકર ભટ્ટ (ઔદીચ્ય-પ્રકાશ). (૨૪) ઔદીચ્ય સહસ્રાબ્દી સ્મરણગ્રન્થ (વીર છેલભાઈ). (૨૫) લોકકવિઓનાં શૌર્યપ્રશસ્તિ કવિતો, કથાકવિતો (બૅલેડ્સ) વ. (૨૬) 'ચંબલથી ચડે સૌરાષ્ટ્ર' (ધારાવાહીક વીર છેલભાઈ શૌર્યકથા) લે. શિવ આચાર્ય. (૨૭) 'મહા-નિબંધ' : પ્રો. ડૉ. જશવંત જીવરાજાની (છેલભાઈ વિષયક ઉલ્લેખો). (૨૮) 'આત્મકથા' લે. રવિશંકર મ. રાવળ. (૨૯) છેલભાઈ-વિષયક લેખો- 'વાસરિકા' શ્રી નિરુભાઈ દેસાઈ. (૩૦) 'બ્રહ્મતેજના તણખા' લે. દોલત ભટ્ટ. (૩૧) 'સૌરાષ્ટ્રનો સિંહ છેલભાઈ' (ગુજરાતી ફિલ્મ)

## વર્તમાનપત્રો સામયિકો વગેરે

(૧) શારદા. (૨) કાઠિયાવાડ ટાઇમ્સ. (૩) ટાઇમ્સ ઑફ ઇન્ડિયા. (૪) બૉમ્બે ક્રોનિકલ. (૫) મુંબઈ સમાચાર, (૬) માતૃભૂમિ. (૭) જન્મભૂમિ. (૮) ફૂલછાબ. (૯) ઔદીચ્યપ્રકાશ. (૧૦) શ્રી અભ્યુદય. (૧૧) સૌરાષ્ટ્ર. (૧૨) વન્દે માતરમ્. (૧૩) જનજાગરણ. (૧૪) પ્રભાત-નવસૌરાષ્ટ્ર. (૧૫) પ્રજાબંધુ. (૧૬) ગુજરાત સમાચાર. (૧૭) સંદેશ. (૧૮) ભાવનગર સમાચાર. (૧૯) સયાજીવિજય. (૨૦) નવગુજરાત.

ઠે. ૬૭/૩૯૮ : વિજયનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

**SARASPUR FABRICS**

**The Fabrics that take you on the Flights of Fashion**

Polyester/Cotton Suitings and Shirtings
Polyester Cotton/Filament Weft Shirtings
Polyester/Cotton/Texturised Filament Weft Shirtings and Suitings
Superfine Dhoties
Polyester/Cotton Dhoties
Bleached, Dyed and Printed Poplins
Longcloth and many other Quality Products

**The Saraspur Mills, Limited**

**Saraspur Road, Ahmedabad-380 018**

☎ : 374 017, 374 066, 374 117, 374 168, 374 219

Telegram : Rupsaras Telex : 021-388

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભક્તકવિ દયારામ : જ્ઞાતિ અને નિવાસસ્થાન

ડૉ. હરિપ્રસાદ ગ. શાસ્ત્રી

ગુજરાતી સાહિત્યના જ્યોતિર્ધરોમાં નરસિંહ મહેતા અને પ્રેમાનંદની હરોળમાં અગ્રિમ સ્થાન ધરાવતા ભક્તકવિ દયારામની મધુર ગેય વાણી માત્ર ગુજરાતમાં નહિ, 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી' તેવા સર્વ દેશવિદેશોમાં ગુંજતી રહે છે.

એ સમયના અન્ય કવિઓની જેમ દયારામ પોતાની દીર્ઘ રચનાઓના અંતે આત્મ-પરિચય આપતાં પોતાની જ્ઞાતિનો તથા પોતાના નિવાસ-સ્થાનનો નિર્દેશ કરે છે.

સં. ૧૮૬૨ માં રચેલી કહેવાતી 'પત્રલીલા'ના અંતે કહ્યું છે : 'દયાશંકર દર્ભાવતી સેવે, મૂળ ચાણોદ નિવાસ', પરંતુ હવે આ કૃતિનું વર્ષ અને પ્રાયઃ એનું કર્તૃત્વ સંદિગ્ધ જણાયું છે.

સં. ૧૮૬૩ માં રચિત 'અન્યમિત્ર આખ્યાન'ના અંતે કવિ પોતાને ચાણોદમાં હોવાનું જણાવે છે :

'ચંડીગ્રામ છે નામ, જ્યાંહાં શ્રીશેષશાઈ પ્રભુવાસ જી,
ગુર્જરદેશ વિષે તે પુરમાં, વસે કવિ કૃષ્ણનો દાસ જી.'

ને પછી પોતે 'જ્ઞાતિ નાગર સાઠોદરો બ્રાહ્મણ' હોવાનું પણ સ્પષ્ટ કરે છે.

'રાસપંચાધ્યાયી'ના અંતે પણ કવિ ચંડીગ્રામના નિવાસનો તથા સાઠોદરા નાગર જ્ઞાતિનો નિર્દેશ કરે છે, 'પ્રેમરસગીતા' 'સત્યભામાનો વિવાહ' 'દશમસ્કંધની અનુક્રમણિકા' 'ભક્તિપોષણ' 'શ્રીરુક્મિણીજીનું સીમંત' ઇત્યાદિ કેટલીક અન્ય રચનાઓના અંતે પણ કવિ એ બંનેનો ઉલ્લેખ કરે છે.

o • o

ગુજરાતના બ્રાહ્મણોના જ્ઞાતિભેદનો નિર્દેશ પ્રમાણિત સંદર્ભોમાં દસમી સદીના પૂર્વાર્ધ સુધી ભાગ્યેજ પ્રયોજાયો છે. નાગર ઉદીચ્ય મોઢ રાયકવાલ આદિ જ્ઞાતિઓના ઉલ્લેખ પહેલવહેલા સોલંકી કાલ(ઈ.સ. ૯૪૨-૧૩૦૪)ના અભિલેખોમાં ઉપલબ્ધ થાય છે. 'નાગર' શબ્દની ઉત્પત્તિ માટે સ્કંદ-પુરાણના હાટકેશ્વરક્ષેત્રમાહાત્મ્ય ખંડમાં 'નગરવાસી તે નાગર' અથવા 'ન+ગર (વિષ) મંત્ર વડે નાગોનો પરાભવ કરનાર તે નાગર' એવી કલ્પના રજૂ થઈ છે, તો અર્વાચીન ચિંતનમાં 'નાગ'+'ર'નીય કલ્પના કરાઈ છે. વડનગરનું પ્રાચીન નામ 'આનંદપુર' કે 'આનર્તપુર' હતું તેમ 'નગર' પણ હતું; એ 'નગર નામે નગરના નિવાસી તે નાગર' એ મત એ સર્વ કરતાં વધુ સંભવિત લાગે છે.

નાગરોમાં વડનગરા વિસનગરા અને સાઠોદરા વગેરે ભેદ ક્યારે અને કેવી રીતે પડ્યા એ એક પ્રશ્ન છે. નાગરોના આ આંતરિક વિભાગોના ઉલ્લેખ સામાન્ય રીતે સોલંકીકાલ પછી દેખા દે છે. નાગરોમાં આ ભેદ કેવી રીતે પડ્યા એ વિશે શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસ એમના અપ્રકાશિત 'નાગર-પુરાવૃત્ત' નામે ગ્રંથમાં જણાવે છે કે વાઘેલા વંશના રાજા વિસલદેવે નાગદેવ આદિ નાગર મંત્રીઓના આગ્રહથી રાજસૂય યજ્ઞ કર્યો ને એના નાગર ઋત્વિજોને 'વિસલનગર' નામે નવું નગર વસાવી આપ્યું. ત્યારથી ત્યાં વસેલા નાગરો 'વિસલનગરા' (વિસનગરા) તરીકે ઓળખાયા.

વિસલદેવના પિતા રાણા વીરધવલની રાણી જયતલદેવીને તુલસીપૂજા કરતાં કપોતસ્પર્શનો દોષ લાગ્યો તેથી એના નિવારણ અર્થે એણે કપોત-વિધાન યાગ કરાવ્યો. તેમાં ચંદ્રશર્મા નામે નાગર ઋત્વિજે વેદમંત્રો વડે સર્વ કપોતોને હાજર કરી, એમાંથી કુંકુમના છાંટાવાળા કપોતને ઓળખી કાઢી, યજ્ઞમાં હોમી, એને પાછો સજીવન કરી ઉડાડી મૂકયો, આથી પ્રસન્ન થયેલા રાણા વીરધવલે ચંદ્રશર્માને રેવાકાંઠે નડા પૂડા થેઆવી તેન સાઠોદ અને કન્યાલી એ છ પદ્ર (ગામ) દાનમાં દીધાં ને એ પરથી એ અને એના વિભાગના નાગર 'ષટ્પદ્રા (સાઠોદરા)' તરીકે ઓળખાયા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્ભાવતી (ડભોઈ) રાજા વિસલદેવની જન્મભૂમિ હોઈ એ રાજાએ એને ઘણી સુશોભિત કરી ને ત્યાં નાગરોને ઉત્તમ પ્રાસાદ બંધાવી આપી વસાવ્યા ને એઓને જીવિકા બાંધી આપી. આ પાલના ભીલો સામે રક્ષણ કરવા એ રાજાએ દર્ભાવતીને ફરતો પથ્થરનો કોટ બંધાવ્યો. પ્રશ્નોરા ચિત્રોડા અને કૃષ્ણોલાના વિભાગ પણ રાજા વિસલદેવના સમયમાં પડ્યા. પછી વડનગરમાં જે રહ્યા તે 'વડનગરા' તરીકે ઓળખાયા. આમ વિસલદેવના સમયમાં નાગરોમાં છ વિભાગ પડયા.

અહીં જણાવેલ વીરધવલ એ ધોળકાનો વાઘેલો રાણો વીરધવલ છે. વસ્તુપાલ-તેજપાલ એના મહામાત્ય હતા. વીરધવલનું મૃત્યુ વિ. સં. ૧૨૯૪ (ઈ. સ. ૧૨૩૮)માં થયું. એ પછી એમનો પુત્ર વિસલદેવ ધોળકાનો રાણો થયો ને વિ. સં. ૧૩૦૦ (ઈ.સ. ૧૨૪૪)માં એ સમસ્ત ગુજરાતનો મહા-રાજાધિરાજ બન્યો. તેજપાલના મૃત્યુ (ઈ.સ. ૧૨૪૮) બાદ નાગડ નામે નાગર એમનો મહામાત્ય નિમાયો. આ નાગડ એ જ ઉપર જણાવેલો નાગદેવ છે. વિસલદેવે દર્ભાવતી(ડભોઈ)ના દુર્ગના પૂર્વ-દ્વાર પાસે વૈદ્યનાથ મહાદેવના મંદિરનું નિર્માણ કરાવ્યું (સં. ૧૩૧૧). વિસલદેવે વિ. સં. ૧૩૧૮ (ઈ.સ. ૧૨૬૨) સુધી રાજ્ય કર્યું.

સાઠોદરા-વિભાગની ઉત્પત્તિને લગતી ઉપર જણાવેલી અનુશ્રુતિમાં ગણાવેલાં છ ગામ ડભોઈની આસપાસ આવેલાં છે. નડા ડભોઈ-મિયાંગામ કરજણ રેલવે પરનું પહેલું સ્ટેશન છે. ડભોઈ-વિશ્વામિત્રી રેલવે પરનું થુવાવી નામે બીજું સ્ટેશન આવે છે ને ડભોઈ અને થુવાવીની વચ્ચે ફરતીકૂઈ સ્ટેશનની સામી બાજુએ પૂડા ગામ આવેલું છે. ડભોઈ-ચાંદોદ રેલવે પર વડજ પછી તેનતળાવ નામે સ્ટેશન આવે છે. સાઠોદ ગામ ડભોઈ અને વડજની વચ્ચે આવેલું છે. કન્યાલી એ ચાંદોદની પાસે નર્મદા-ઓરસંગના સંગમની પેલી પાર આવેલું કરનાળી છે. દયારામના પૂર્વજો આ પૈકી તેનતળાવ અને કરનાળીની વચ્ચે ચાંદોદમાં વસ્યા હતા ને એઓને ડભોઈના સાઠોદરાઓ સાથે સંબંધ હતો.

શું 'સાઠોદરા' નામ ખરેખર આ છ ગામો પરથી પડયું હશે? તો એ પૈકીના એક ગામનું નામ 'સાઠોદ' શી રીતે હોય? જો 'સાઠોદ' નામ 'ષટ્પદ્ર'માંથી વ્યુત્પન્ન થયું હોય તો 'ષટ્' તદ્ભવ રૂપ 'છટ' કે 'છ' થાય, 'સાઠ' કેવી રીતે થાય? 'ષષ્ટિ'માંથી 'સાઠ' થાય. કેટલીક વાર 'ષષ્ટિ' અને 'ષષ્ઠી' વચ્ચે ગોટાળો પણ થતો, તો સાઠોદનું મૂળ નામ ષષ્ટિપદ્ર-ખરી રીતે 'ષષ્ઠીપદ્ર' હશે? ષષ્ઠીદેવી એ દુર્ગાનાં સોળ સ્વરૂપો પૈકીની એક છે.

ચાંદોદને 'ચાણોદ' પણ કહે છે. દયારામ એને માટે 'ચંડીગ્રામ' તથા 'ચંડીપુરી' રૂપ પ્રયોજે છે. હાલ તો ચાંદોદમાં શેષશાયી વિષ્ણુનું પ્રાધાન્ય પ્રવર્તે છે, પરંતુ મૂળમાં ત્યાં પણ ચંડીનો સવિશેષ મહિમા હશે, નહિ તો ચાંદોદનું સંસ્કૃત રૂપ તો 'ચંદ્રપદ્ર' થાય.

દયારામની અસંદિગ્ધ કૃતિઓમાં દર્ભાવતીનો ઉલ્લેખ પહેલવહેલો 'શ્રીમદ્ભગવદ્ગીતામાહાત્મ્ય'-માં પ્રાપ્ત થાય છે. કૃતિ સં. ૧૮૭૯ (ઈ.સ. ૧૮૨૩)માં રચાઈ છે. એની રચના મુખ્યત્વે ચંડીગ્રામ-(ચાંદોદ)માં થઈ છે, પરંતુ એની રચના દરમ્યાન કવિ કોઈ કોઈ દિવસ દર્ભાવતી(ડભોઈ)માં પણ વસેલા. સં. ૧૮૮૨ માં એઓ ભરૂચમાં હતા ને સં. ૧૮૮૪ માં ચાંદોદમાં હતા, જ્યારે સં. ૧૮૮૬ (ઈ.સ. ૧૮૩૦)માં એઓ ડભોઈથી વ્રજયાત્રા કરવા નીકળ્યા હતા. સં. ૧૮૮૬(? ૧૮૮૭)માં એઓ ડભોઈથી પત્રવ્યવહાર કરતા. આમ કવિ દયારામ મોડામાં મોડા ઈ. સ. ૧૮૩૦ થી ડભોઈમાં સ્થિર થયા લાગે છે. આ સમયે એમની ઉપર ૫૩ વર્ષની હતી.

ડભોઈને સંસ્કૃતમાં 'દર્ભાવતી' કહેતા. અભિલેખોમાં એના ઉલ્લેખ મહારાજાધિરાજ ભીમદેવ ૨ જાના રાજ્યકાલ દરમ્યાન સં. ૧૨૫૧ (ઈ.સ. ૧૧૯૫)થી તો પ્રાપ્ત થાય છે જ. પછી વસ્તુપાલના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગિરનાર અભિલેખો(ઈ.સ. ૧૨૩૨)માં પણ એનો ઉલ્લેખ આવે છે ને રાજા વિસલદેવના સમયનો વિ. સં. ૧૩૧૧ (ઈ.સ. ૧૨૫૪–૫૫)નો શિલાલેખ ડભોઈના કિલ્લામાં વૈદ્યનાથ મહાદેવના મંદિર સંબંધી છે તેમાં એણે એનો દુર્ગ બંધાવી ત્યાં દુર્ગપાલની નિમણૂક કર્યાનું પણ જણાવ્યું છે. આ મંદિરની પાસે આવેલા કાલિકા માતાના મંદિમાં ગાયકવાડ દમાજીરાવ ૨ જાના સમયનો સં. ૧૭૯૦ (ઈ.સ. ૧૭૩૪)નો કે સં. ૧૮૦૭ (ઈ.સ. ૧૭૫૧)નો શિલાલેખ આવેલો છે તે મરાઠી ભાષામાં લખેલો છે. કવિ દયારામના નિવાસ પહેલાં વર્ષો સુધી ડભોઈમાં ગાયકવાડ પેશવા અને અંગ્રેજો વચ્ચે સંઘર્ષ ચાલતો હતો, પરંતુ ઈ.સ. ૧૮૧૭માં ત્યાં ગાયકવાડની સ્થિર સત્તા સ્થપાઈ હતી.

દયારામે પોતાના જીવનનાં ઓછામાં ઓછાં છેલ્લાં ૨૩ વર્ષ (ઈ.સ. ૧૮૩૦ થી ૧૮૫૩) દર્ભાવતી–ડભોઈમાં ગાળ્યાં હતાં, જે દરમ્યાન એમની વય ૫૩ થી ૭૬ વર્ષની હતી. એ પહેલાંની બે પચીસી દરમ્યાન એઓએ ચાંદોદમાં તથા તીર્થયાત્રામાં ભગવદ્‌ભક્તિનું તથા સાહિત્યસર્જનનું વિપુલ પાથેય બાંધ્યું હતું. એમનો જન્મ ચાંદોદની કંગાલપુરીમાં વામનદ્વાદશીએ સં. ૧૮૩૩ (ઈ.સ. ૧૭૭૭)માં થયો હતો. યુવાવસ્થાનાં આરંભનાં ૧૨ વર્ષ (૧૩ થી ૨૫) એમણે મથુરા ગોકુલ–વૃંદાવન ગિરિરાજ વ્રજ કાશી ભરચ નાથદ્વારા અને પુનઃ વ્રજની યાત્રા કરી હતી. એ દરમ્યાન નાથદ્વારામાં વનમાળીજીના મંદિરવાળા ગો. શ્રીવલ્લભજી મહારાજે એમને શ્રીનાથજીના સાંનિધ્યમાં બ્રહ્મસંબંધ દીક્ષા આપી શ્રીમદન-મોહનજીનું સ્વરૂપ પધરાવી આપેલું. સં. ૧૮૬૪ થી સાત વર્ષની બીજી તીર્થયાત્રા કરી હતી. ૪૨ થી ૪૯ વર્ષની વયે વળી નાથદ્વારા કાંકરોલી વ્રજ અને ઉત્તર ભારતની યાત્રા કરી હતી. ચાંદોદ–ડભોઈના સમસ્ત નિવાસકાલના મુખ્યત્વે સ્વાપ્નિક પ્રસંગોનું નિરૂપણ દયારામે 'અનુભવ-મંજરી' નામે ગ્રંથમાં કર્યું છે, જેની એમના અક્ષરની હસ્તપ્રત સચવાઈ રહેલી છે; એ ગુજરાત સાહિત્ય સભાએ મુદ્રિત પણ કરેલ છે.

આમ ભક્તકવિ દયારામે સાઠોદરા નાગર જ્ઞાતિને તેમજ ચાંદોદ તથા ડભોઈને ગૌરવ અપાવ્યું છે, પરંતુ વસ્તુતઃ દયારામની મધુર વાણીએ સમસ્ત ગુજરાતને તથા ગુજરાતની સમસ્ત પ્રજાને પ્રભુ પ્રેમનું સુધાપાન કરાવ્યું છે.

ઠે. ૧૯૨, 'સુવાસ' આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫

---

## મૃત્યુથી સારો

(શાર્દૂલ૦)

કટ્ટો દુશ્મન હોય રાજનીતિથી વા અન્ય રીતે જગે,
જેની સામું ન જોયું જીવન મહીં, ધિક્કાર ઊલટો ધર્યો.
તેનું મૃત્યુ થતાં વિપક્ષ સઘળા શ્લાઘા કરે તેહની,
સાચો જે જીવતાં ન'તો, થઈ જતો સારો ઘણો મૃત્યુથી.

મણિનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮ નટવરલાલ જોશી

---

ગીરનું ગેરંટેડ ૧૦૦/ટકા શુદ્ધ ઘી મેળવવા માટે

# વૃંદાવન અમૃતલાલ મોઢા

ઘી અનાજ અને કરિયાણાના વેપારી, મોટી શાક માર્કેટ સામે...જૂનાગઢ-૩૬૨ ૦૦૧

ઑર્ડર માટે સંપર્ક સાધો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "ઉર્દૂ રંગભૂમિ ને ગુજરાતી કલાકારો"

**શ્રી. અમૃત જાની**

તાલીમ યુનિવર્સિટીકી, ખાના ખરાબકી......
એમ. એ. બનાકે કયોં મેરી મિટ્ટી ખરાબ કી?......

આમ તો ઉર્દૂ તખ્તાથી હું બહુ માહિતગાર ન કહેવાઉં, એમ છતાં છેલ્લી "માદન થિયેટર્સ, લિ."ના, ઇમ્પીરિયલ થિયેટ્રિકલ કુ. નાં અમુક ઉર્દૂ નાટક જોવાનું સદ્ભાગ્ય–ઉપરાંત જૂની ઉર્દૂ નાટ્યસંસ્થાની વાતો હું આર્ય નૈતિક નાટક સમાજમાં જોડાયો ત્યારે એ વખતના લોકપ્રિય કોમિક કલાકાર સ્વ. શ્રી શિવલાલભાઈ (કોમિક) સાથેના સ્નેહસંબંધે ખૂબ જ જાણવા મળેલ અને સ્વ. શિવલાલભાઈ ઉર્દૂ રંગભૂમિના મહાન શિલ્પી એવા સ્વ. શ્રી અમૃત કેશવ નાયકના નજીકના સગા હોઈ એ વાતો સાંભળી મને ઉર્દૂ તખ્તા પરનાં નાટક જોવાની ખૂબ જ તાલાવેલી થતી, જે "માદન" અને "ઇમ્પીરિયલ" ઉપરાંત મુંબઈમાં ક્યારેક આવતી જતી અન્ય ઉર્દૂ નાટ્ય સંસ્થાઓનાં નાટકો અને કલાકારોના પરિચયમાં આવ્યો એનાથી પૂરી થઈ. વ્યવસાયી ઉર્દૂ નાટ્યસંસ્થાઓમાં એ જમાનાની અનેક સંસ્થાઓ કલકત્તા–કાનપુર–આગ્રા–દિલ્હી–લખનૌ વગેરે શહેરોમાં જ ઘણા ભાગે પોતાની કારકિર્દી જમાવી રહી હતી. ક્યારેક વર્ષમાં એકાદ વાર મુંબઈ પણ એમાંની સંસ્થાઓ આવી પોતાનું આગવું આકર્ષણ નાટ્ય–શોખીન જનતામાં જમાવી જતી. એમાંની છેલ્લી નાટ્ય સંસ્થા–વ્યવસાયીની દૃષ્ટિએ "માદન થિયેટર્સ, લિ." અને સ્વ. ફરેદૂન ઈરાનીની માલિકીની "ખટાઉ કમ્પની."

પણ "ખટાઉ"ની સંસ્થા "આંખકાનશા" અને "દિલકી પ્યાસ" અને અન્ય જૂની ઉર્દૂ સંસ્થાનાં નાટક ભજવી મુંબઈમાં પોતાનું સારું સ્થાન જમાવી શકી, પરંતુ ઉર્દૂ નાટ્યકારો ખાસ (નવાં નાટક લખનારા) ન હોવાથી અને મુંબઈની નાટ્યશોખીન જનતા ગુજરાતી નાટકોથી કાયમ મનોરંજન મેળવતી હોઈ સ્વ. શ્રી ફરેદૂનજીને (પ્લે–હાઉસ મુંબઈના) બાલીવાલા થિયેટરના એ વખતના વહીવટકર્તા અને પ્રસિદ્ધ અભિનેત્રી ને સંગીતકાર સ્વ. શ્રી મુન્નીબાઈના પતિએ ફરેદૂનજીને ગુજરાતી નાટકો તરફ એની સંસ્થાને (મુંબઈમાં–ગુજરાતમાં જ) વાળવા અને એમાં પોતાનો સારો એવો સહકાર આપવા કહ્યું અને એ રીતે છેલ્લી એ "ખટાઉ" પછી "રાણી પ્રેમલતા" વગેરે નામોથી થોડાં વર્ષ ફરેદૂનજીએ એ સંસ્થાને ગુજરાતી નાટકો દ્વારા લોકપ્રિયતા અપાવી. આજની સુપ્રસિદ્ધ અભિનેત્રી સરિતા તેમજ પદ્મા એ જ સંસ્થાની તખ્તાને ભેટ હતી, જેની અભિનયની તાલીમમાં એ સંસ્થાની અજોડ એવી અભિનેત્રી સ્વ. રાણી પ્રેમલતાની શક્તિ અને સમજદારી હતી. સ્વ. રાણી પ્રેમલતાનું અવસાન એ ગુજરાતી કે ઉર્દૂ રંગભૂમિને ન પુરાય તેવી ખોટ બની રહી. અસ્તુ. હવે મને મારા મિત્ર અને જાણીતા નાટ્યસંગીતમાં નિપુણ એવા સ્વ. શ્રી મોહન જુનિયર પાસેથી પણ એ ઉર્દૂ તખ્તાની જાહોજલાલીની વાતો ઘણી બધી જાણવા મળેલી, કારણ કે એમની શરૂઆત (બચપણથી) ઉર્દૂ રંગભૂમિની દુનિયામાં જ થયેલી.

એ વખતે ગુજરાતી નાટ્ય–સંસ્થાઓ ૪–૫ મુંબઈ અને ગુજરાતનાં શહેરોમાં હતી તેમાં નવી નવી અમદાવાદથી શરૂ થયેલી અને મુંબઈમાં આવેલી "સર વસંતકુમાર"ના સ્વ. મણિલાલ પાગલ–લિખિત સફળ નાટકથી લોકાદર પામી હતી. એણે એ સમયના જાણીતા સ્વ. "મુનશીનાઝા"ની કલમથી લખાયેલ "બોલતા હંસ" નાટક મુંબઈના પ્લે-હાઉસ પર આવેલા "એલ્ફિન્સ્ટન થિયેટર"માં રજૂ કર્યું, પણ થોડા જ વખતમાં એ સંસ્થાના સંચાલકનું અવસાન થતાં સંસ્થા બંધ થઈ. ત્યાર બાદ પ્લે-હાઉસના રિપન થિયેટર(અત્યારની આલ્ફ્રેડ ટોકીઝ)માં અવારનવાર અમુક ઉર્દૂ સંસ્થાઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતી, જેમાં 'ઇમ્પીરિયલ' તેમજ બીજી બે-ત્રણ સંસ્થાઓ કલકત્તા-કાનપુર-લખનૌથી મુંબઈ આવતી, જે થોડો સમય પોતાનાં નાટક ભજવી મુંબઈ છોડી જતી, સબબ કે કોઈ ઉર્દૂ સંસ્થા મુંબઈની વધુમતી ગુજરાતી જનતા દ્વારા લાંબો વખત આર્થિક દૃષ્ટિએ લાભદાયક ન થતી.

મારે અહીં મારા અનુભવે ઉર્દૂ સંસ્થામાં ગુજરાતી કલાકારોની કંઈક સંભળેલી, કંઈક જોયેલી વિગતો રજૂ કરવાની છે, જેમાં કાયમી છાપ જો મારા હૃદયમાં રહી ગઈ હોય તો એ "માદન થિયેટર્સ, લિ" ઉર્દૂ રંગભૂમિની છેલ્લી માતબર સંસ્થાની.

અજોડ અદાકાર-દિગ્દર્શક અને અનેક નટોને તેમજ લેખકોને ઘડનાર હતા સ્વ. શ્રી અમૃત કેશવ નાયક અને એમના ભાઈ સ્વ. શ્રી વલાભાઈ (જેમને મેં જોયેલા).

આ બંધુ જોડલીએ તો ઉર્દૂ રંગમંચના અનેક પારસી કોમના ધરખમ કલાકારોને પણ આશ્ચર્યમાં નાખે તેવી નાટ્યકલાની સિદ્ધિઓ હાંસલ કરેલી. સ્વ. શ્રી અમૃતભાઈએ તો અનેક ગુજરાતી કલાકારોને (જેમાંના ઘણા નાની ઉંમરના નાયક કોમના હતા) ઉર્દૂ તખ્તાની ભેટ આપી હતી.

અને શિરસ્તો છેક "માદન થિયેટર્સ"માં પણ મને જોવા મળ્યો. સ્વ. શરીફાબાનુ એ જમાનાની ખૂબ જ લોકપ્રિય અભિનેત્રી. એની અદાકારી માટે આજે પણ મને યાદ આવતાં માથું નમાવવાનું મન થાય. ત્યારબાદ કંજનબાઈ નીસાર-જે બોલતી ફિલ્મોમાં લયલા મજનૂ-શીરીં ફરહાદથી જાણીતી જોડી બની. મા. નીસારની શરૂઆત આપણા ગુજરાતી તખ્તા પર સ્ત્રીભૂમિકાઓથી થયેલી. મેં બે-ચાર એમની આ ભૂમિકા જોયેલી. સુંદર દેખાવ અને સંગીતના સારા અભ્યાસી હોવાથી મા. નીસાર અને મા. ફકીરા એ વખતના ગુજરાતી કલાકારો થિયેટર પર પોતાની આગવી પ્રતિભા જમાવી ગયા હતા. "માદન થિયેટર્સ"ની જાહોજલાલી તો મેં એના સંધ્યાકાલે જોઈ છે, પરંતુ આલ્ફ્રેડ (ખટાઉ) જૂની અને નવી, જેમાં સ્વ. સોરાબજી ઓગરા, સોરાબજી કામક ઉપરાંત મેવાવાલા (સોરાબ) અને બીજા અનેક ગુજરાતી પારસી કલાકારોએ પોતાની અભિનય-શક્તિથી ખૂબ જ પ્રશંસા મેળવેલ.

સ્વ. બાલીવાલા શેઠની સંસ્થાએ પણ પોતાનાં હિંદી-ઉર્દૂ નાટકોથી સારાય ભારત ઉપરાંત બર્મા સુધી પોતાની કીર્તિ જમાવી હતી. આ સંસ્થામાં પણ પારસી તેમજ મુસ્લિમ કલાકારો સાથે આપણા ગુજરાતી કલાકારો પણ સારી નામના મેળવી શક્યા હતા.

પણ ફરી ફરીને મને "માદન" અને જૂની આલ્ફ્રેડ (ખટાઉ શેઠની) અને નવી આલ્ફ્રેડની વાતો કંઈક જોયેલી, કંઈક જાણીતી, (સાંભળેલી) યાદ આવે છે.

દોઢસોથી બસો નાનો-મોટો પ્રત્યેક કલાકાર-કસબી-પડદા પાછળનો શિલ્પી, વેશભૂષા અને રંગભૂષા સંભાળનારા જાણકાર એવા માનવીઓનો મોટો સમૂહ ભારતભરમાં "માદન"નો. કહેવાય છે કે લગભગ વીસ થિયેટરો ("મોટાં શહેરો"માં) હતાં, જેમાં અમુક તો કાયમ ફિલ્મો (મૂંગી અને પછી બોલતી) રજૂ કરતાં અને અમુકમાં ફિલ્મો. પછી રાત્રિના નવ-સાડાનવે નાટકો શરૂ થતાં, જેની નામનાએ કલકત્તાની મારવાડી નાટ્યશોખીન જનતા-કાનપુર તેમજ લખનૌ વગેરે શહેરોમાં રહેતી નાટ્યશોખીન પ્રજા—ના પ્રેમને જીતી લીધો હતો તેવા સ્વ. મા. મોહન (મોહન માસ્તર) એ "માદન"ના અજોડ દિગ્દર્શક-અને પ્રહસનના મહાન કલાધર, જેમણે મિસ પેશન્સ કપૂરથી લઈને અનેક અભિનેત્રીઓને તૈયાર કરેલી.

શ્રી મોહન માસ્તરની લોકપ્રિયતાની વાત અહીં એક જ રજૂ કરું કે એઓ નાટકના સમયે એટલે કે નવ વાગ્યે ન આવે ને કદાચ અર્ધો કલાક મોડું થાય તોપણ નાટ્યશોખીનો એને જોવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે થિયેટરના દરવાજે એની રાહ જોતા બેસી રહે. એમનો બુલંદ અવાજ, ગાવાની એક આગવી રીત અને અભિનયની અજોડ છટાની વાતો સાંભળી છે, એકાદ-બે વાર જોઈ પણ છે.

"માદન"નું છેલ્લું નાટક એટલે મશહુર ઉર્દૂ નાટ્યલેખક (નાટ્ય-શેક્સપિયર) સ્વ. આગા હર્ષ-લિખિત ઈરાનનો છેલ્લો ઈરાની બાદશાહ "શહેરિયાર", જે નાટક અમો (આર્ય નૈતિકના માલિક તથા મુખ્ય કલાકારો) જોવા ગયા એમાં ગુજરાતી અદાકારોમાં સ્વ. મણિભાઈ મા. મોહન, "શહેરિયાર"ની ભૂમિકા ભજવતા "દાદીબા સરકારી" અને મુસ્લિમ (કાબૂલના) હોવા છતાં છેલ્લે અમારી સાથે ગુજરાતી નાટકોમાં પણ સફળ ભૂમિકાઓ ભજવી ગયા તે શ્રી અબ્દુલરહેમાન કાબૂલી.

"માદન" છેલ્લી વખત મુંબઈ આવી ત્યારે એનો અમુક સ્ટાફ અમો જે બિલ્ડિંગમાં રહેતા તેમાં રહેતો. આમાં અનેક ગુજરાતી નાટ્યબંધુઓ હતા, જેઓ માસ્તર મોહનના સગાવહાલા તેમજ સારા અદાકાર હતા. "માદન" લિમિટેડ સંસ્થા હતી. "

સાંભળીને તાજૂબ થવાય કે આ સંસ્થા બંધ થઈ ત્યારે પચાસ લાખ ઉપરનું દેવું હતું અને આખરે એ મારવાડી શેઠને ત્યાં ફડચામાં ગઈ.

કલકત્તાથી મુંબઈ સુધી સ્પેશિયલ ટ્રેઇનમાં (જેમાં મોટા ભાગે ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડ ક્લાસ) કલાકારો ઉપરાંત જેમનો કુટુંબ પરિવાર હોય તે બધાને સંસ્થા લઈ જતી. સંસ્થાનાં બે રસોડાં-શાકાહારી અને બિનશાકાહારી. એના રસોયા-એના સીનો તૈયાર કરનાર મિસ્ત્રીઓ-પેઇન્ટરો-ડ્રેસ સાચવનાર દરજીઓ, ટૂંકમાં બધાં કામ માટે ખાસ પગારદાર માણસ રોકાતા. મિસ. પેશન્સ કૂપર (એંગ્લો ઇન્ડિયન બાઈ) અને એની બહેનો તખ્તા પર એક અદ્ભુત આકર્ષણ જમાવી જતી. સેટિંગ્ઝ એવાં ખર્ચાળ અને આકર્ષક બનતાં કે એ જમાનામાં એક નાટક તૈયાર કરતાં હજારો રૂપિયા સીનસીનેરી અને ડ્રેસ પાછળ ખર્ચાતા.

સ્વ. શ્રી અમૃત કેશવ નાયક (ઇન્ડિયન હેન્રી ઇર્વિન) આ કલાધર પર રંગદેવતાના ખૂબ જ આશીર્વાદ ઊતરેલા. એઓ માત્ર દિગ્દર્શક કે કલાધર ન હતા, પરંતુ અજોડ એવા-ઉર્દૂ તખ્તાની નાની-મોટી બાબતોથી વાકેફ સંગીત-નૃત્ય અને લેખક તરીકે પણ એઓની પ્રતિષ્ઠા તારીફલાયક હતી.

એમના સમયમાં ઘણા ગુજરાતી નાયક બંધુઓ એમની સાથે-એમના હાથ નીચે તૈયાર થયેલા અને લોકપ્રિયતા મેળવેલી.

ખટાઉ આલ્ફ્રેડથી શરૂઆત કરીને ટૂંકી જિંદગીમાં સ્વ. અમૃતભાઈ રંગભૂમિ પર કંઈક કલાકારો-નાટ્યકારોની ભેટ તખ્તાને આપતા ગયા. સ્વ. (ઇન્ડિયન શેક્સપીયર) આગાહર્ષ કાશ્મીરીને તખ્તા પર નાટકની શૈલી (ઉર્દૂ) કેવી હોવી જોઈએ એ વિશે સારી માહિતી અને ઘડતર શ્રી અમૃતભાઈએ જ આપેલાં. એ વખતના ઉર્દૂ તખ્તાના ગુજરાતી કલાકારો એટલે સ્વ. શ્રી જગન્નાથ (ખૂબસૂરત બલા), મા. સરદાર તથા મા. અંબાલાલ (સુલ્તાના ચાંદબીબી), મા. મોહન, મા. ચંપાલાલ, મા. મણિલાલ, નારણદાસ અને અન્ય અનેક ગુજરાતી કલાકારો કોઈ ને કોઈ રંગમંચના કસબથી વાકેફ જ હોય. સંગીતમાં પણ મારવાડી કોમના ભાઈઓએ ખૂબ જ લોકપ્રિયતા મેળવી હતી. મારી દૃષ્ટિએ ઉર્દૂ રંગભૂમિની જાહોજલાલી એટલે ગુજરાતી તખ્તા કરતાં ખૂબ જ જીવંત અને નમૂનેદાર. આવી સંસ્થાઓ કાળના ગર્ભમાં ગર્ક થઈ ગઈ. જૂની રંગભૂમિ માત્ર ગુજરાતી જ નહિ, ઉર્દૂની પણ એ જ સ્થિતિ થઈ.

અલબત્ત, ઉર્દૂ તખ્તા પર અભિનેત્રીઓ વધુ આવી, ખ્યાતિ મેળવી, સંગીત અને અભિનયમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ઉચ્ચ શિખરો સર કરી ગઈ, છતાં ઉર્દૂ તખ્તા પર ગુજરાતના નાયક બંધુઓએ પણ સ્ત્રીભૂમિકા દ્વારા ખૂબ જ ખ્યાતિ પ્રાપ્ત કરી હતી, જેમાં માદન-સ્ટારમાં નર્મદાશંકરને હું ઘણી વાર યાદ કરું છું. તખ્તા પર એમના સુંદર-સુડોળ ચહેરા અને દેહની મોહકતા ઉર્દૂ તખ્તાની અનેક તારિકાઓને પણ ભુલાવે તેવી હતી. માદન-સ્ટાર તરીકે "માદન" સંસ્થા બંધ થયા પછી ગુજરાતી રંગભૂમિ પર આ કલાકારે સારી નામના મેળવી હતી.

એક સાંભળેલો પ્રસંગ યાદ આવે છે. કલકત્તામાં આપણા એક પૌરાણિક નાટકની રજૂઆત થવાની હતી તેમાં આપણાં પૌરાણિક પાત્રોમાં પવિત્ર અને પતિવ્રતા સ્ત્રીભૂમિકા ત્યારની લોકપ્રિય મહાન અભિનેત્રીને ભજવવાની હતી. આ વાત કલકત્તાની નાટ્ય-શોખીન પ્રજાએ જાણી અને "આપણી પૌરાણિક પવિત્ર સન્નારીની ભૂમિકામાં એક નટી રજૂ થાય" એ એઓને શરમજનક લાગ્યું. થિયેટર પરનાં બોર્ડ વગેરે તોડી ફોડી નાખ્યાં, તોફાન થયું અને આખરે એ ભૂમિકામાં એક સારા પુરુષને જે સ્ત્રીભૂમિકા કરતા તેને, સોંપવામાં આવી. આ હતી પ્રેક્ષકોની આપણા ધાર્મિક પાયા પ્રત્યેની પૂજનીય નજર.

ઉર્દૂ રંગભૂમિનો, એનાં યાદગાર નાટકોનો, એ નાટકોનાં લેખકોનો કંઈક ખ્યાલ આવે એવી હિંદીમાં છપાયેલી-એ સમયના અનેક નાના-મોટા-નાટ્યકારો-લેખકો-કવિઓ-મુનશીઓની કૃતિઓનો અમુક સફળ ભાગ-લખનૌની "અકાદમી"એ બહાર પાડ્યો છે, જેમાં ઘણાં ન સાંભળેલા નાટ્યકારો-લેખકોનાં નામો-એમણે લખેલાં નાટકો વગેરેની વિગતે વાત કરી છે.

આપણી ગુજરાતની આજ સુધીની રંગભૂમિની તવારીખની એકે એક વિગત છપાઈ છે? તમે વાંચી છે?

હા, સ્વ. મુ શ્રી જયંતીભાઈ ત્રિવેદીએ આ વિશે એક સુંદર પુસ્તક-મહામહેનતે પ્રસિદ્ધ કર્યું છે. શ્રી મધુકરભાઈ રાંદેરિયાએ એ તૈયાર કરવામાં ખૂબ જ ભાગ ભજવ્યો છે. એટલી પણ નોંધ લેવા જેવું કામ થયું જ છે છતાં ગુજરાતી રંગભૂમિનો સિલસિલાબંધ ઇતિહાસ ક્યારે કોણ રજૂ કરશે? આપણી સરકારને કોઈ જણાવે તો?...બાકી તો

"કબ તક ખીંચે રહોગે, કબ તક તની રહેગી,
કિસકી બની રહી હૈ, કિસકી બની રહેગી?"

**નોંધ:** જો આપણે પારસી બિરાદરોને "ગુજરાતી" તરીકે સ્વીકારતા હોઈએ તો એઓની કારકિર્દી રંગભૂમિના ઘડતરમાં શરૂઆતથી જ થઈ હતી એ વાત આપણે સ્વીકારવી જ જોઈએ. સ્વ. શ્રી સોરાબજી ઓગરા, શ્રીસોરાબજી કેરાવાલા સુધીના પારસી બિરાદરોએ ખૂબ જ ખેલદિલીપૂર્વક તખ્તાની -ઉર્દૂ તેમજ ગુજરાતી તખ્તાની સેવા કરી છે, એટલું જ નહિ, પણ સ્વ. શ્રી સોરાબજી કાત્રક તો ગુજરાતી નાટક કમ્પનીમાં પોતાની દિગ્દર્શનની કલા તેમ બુલંદ અવાજ સાથેના અભિનયથી એક અવિસ્મરણીય છાપ એ સમયના પ્રેક્ષકોના હૃદયમાં મૂકી ગયા છે."

ઠે. ૭, ત્રિમૂર્તિ સોસાયટી, ગુલબાઈ ટેકરો, અમદાવાદ-૩૮૦૦૧૫

## અંધેરીનો ગંડુરાજા

(સવૈયા)

ગોળખાંડના સરખા ભાવો, સરખા સર્વ અનાજોના,
અભણ ને શિક્ષિતના સરખા, સરખા શાક ફળો કેરા,
ખજૂર ને ખાજાંના સરખા, ઘણું થયું સરખું હાવે,
અંધેરીના ગંડુરાજની જે બોલો સૌ તાણીને.

મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮ **નટવરલાલ જોશી**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્ત્રી / સંસાર બારણે મહેકતી ધૂપસળી

શ્રી. રમેશદેવ આર્ટ

**[ભાવકથન]**

એક દિવસ એક બહેનને ફળફળાદિ ખાવા આપ્યાં ત્યારે બહેને પ્રત્યુત્તર આપ્યો કે "ભાઈ! હવે હું ઘરડી થઈ, હવે આ બધું ખાવાના મારા દિવસ ગયા." એમની સાથે આવેલી નાની બાળકીને બતાવીને કહે : "આને આપી દો."

એ બહેનની ઉંમર ૩૦ વર્ષથી પણ ઓછી છે, જે હજુ તો યૌવનકાલનો સમય હતો, પરંતુ બહેનના પ્રત્યુત્તરમાં ત્યાગની કે વૈરાગ્યની લેશમાત્ર ગંધ ન હતી, ભાવના ન હતી, માત્ર નિરાશા અને દુઃખનાં જ દર્શન પ્રગટ થતાં હતાં.

આજકાલ દેશની બહેનોનાં સ્વાસ્થ્ય-ઉમંગ ઉત્સાહ માત્ર વીસ-પચીસ વર્ષના યૌવનકાલમાં વસંતકાલમાં નાશ પામી જાય છે. આજકાલ જ્યારે એક તરફ ૨૦-૨૨ વર્ષની 'યુવતિ' છોકરીઓની સ્ત્રી સાથે એમની ૪૦ વર્ષની માતા કે ૫૦ કે ૬૦ વર્ષની સાસુઓની સાથે સરખામણી કરીએ છીએ ત્યારે ખૂબ જ આઘાત લાગે છે, જ્યારે સાસુ કે મા તંદુરસ્ત, સ્વસ્થ અને ઉમંગી હોય છે. જ્યારે ફિક્કા પીળા ચહેરાવાળી, દિનપ્રતિદિન ક્ષીણ થતા જતા શરીરવાળી વહુ કે દીકરી અપંગ ને નિઃસહાય બનતી જાય છે

પ્રાચીન યુગની સ્ત્રીને માથે એકસાથે પાણીનાં ભરેલાં ચાર ચાર દેગડાં એક સાથે લઈને ધમધમાટ ચાલવું એ એક સામાન્ય વાત હતી, જ્યારે આજે તો આધુનિક ફેશનેબલ યુવતિઓને પોતાની 'હેન્ડ-બેગ' કે 'સંતાન' સુધ્ધાં ભારે પડે છે, તો પછી એમના પોતાના સંતાનને સંભાળી ક્યાંથી શકે? વર્તમાનયુગની આપણી મા બહેન દીકરીઓની આજ આવી કરુણ હાલત જોઈને હૃદય દ્રવી ઊઠે છે. પ્રાચીન આર્યનારી આટલી બધી જલદી વૃદ્ધત્વનો ભોગ નહોતી બની બેસતી, બલ્કે એ તો પોતાનાં સ્ત્રીશક્તિ અને તેજથી ઘણા કાલ સુધી યૌવન ટકાવી શકતી હતી, સ્વસ્થ રહી શકતી હતી.

શહેરોમાં કેરોસીન અને ગેસના ચૂલાથી રંધાય છે. સત્ત્વહીન ખોરાકને તીખો તમતમતો બનાવી પેટમાં ઓરાય છે અને દાકતરોનાં દવાનાં લાલ પીળાં પાણી અને ઇન્જેક્શનોની સોઈઓથી શરીર કાણાં થાય છે. એમ શહેરીજીવન જિવાય છે.

સાચું પૂછો તો શહેરી જીવનમાં "પૈસાને ખાવામાં આવે છે અને પૈસો માણસને ખાતો હોય છે." શહેરી માણસ યંત્ર જેવો બની ગયો છે ઘરવાળી કરતાં ઘડિયાળને એને વધુ વફાદાર રહેવું પડે છે. આમાં જીવનનું તત્ત્વજ્ઞાન સમજાય કેમ? અને સમજાય તો શહેરનાં વાતાવરણ અને વ્યવહાર જ એવાં હોય છે કે બધું બનાવટી થઈ ગયું છે, કુદરતથી શહેરી લોકો ખૂબ દૂર ફેંકાઈ ગયાં છે.

ગામડાંની સ્ત્રીઓ કુદરતી વાતાવરણમાં રહેતી હોઈ ખૂબ તંદુરસ્ત અને રૂપાળી હોય છે. ગોરું મુખ, લાલ હોઠ અને ચહેરા ઉપરની કુદરતી લાલી ખૂબ આકર્ષક લાગે છે. ગામડાંની ગોરીને સૌંદર્યનાં પ્રસાધન વાપરવાની જરૂર પડતી નથી.

આજ એવી સમર્થ શક્તિશાળી મહિલાઓનાં સંતાનની આવી અવદશા જોઈને હૃદય રડી ઊઠે છે. શું શિવાજી કે મહારાણા પ્રતાપ આજકાલની ફેશનેબલ શોખીન કામિનીઓના પેટે અવતરે એ કદીય સંભવિત છે ખરું? શું સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ-દયાનંદ સરસ્વતી-રામકૃષ્ણ પરમહંસ જેવી મહાન વિભૂતિઓને વીસ વર્ષની ઉંમરે ચશ્માં ચઢાવતી અકાલે વૃદ્ધત્વ પામેલી યુવતિઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેટે જન્મ આપી શકશે? શું અર્જુન, ભગવાન મહાવીર, શંકર-રામ-કૃષ્ણ જેવી દૈવી વિભૂ તઓને પાઈ શકે તેવું પવિત્ર દૂધ એમનાં સ્તનોમાં છે? શું આજની મહિલાઓ સીતા જેવી રમણીને જન્મ આપી શકશે કે જે પોતાના ડાબે હાથે ધનુષને ઊંચકીને એક તરફ મૂકી દેતી હતી કે જે ધનુષને રામે અત્યંત અભિમાનપૂર્વક તોડયું હતું? શું આજના યુગની આ ક્ષીણકાય સ્ત્રી સાવિત્રી-અનસૂયા જેવી સતી નારીને જન્મ આપી શકશે કે જેણે યમરાજાને મહાત કરી ભગાડી મૂકયા હતા? શું આજની સ્ત્રીઓ સતી પાર્વતીની માતા બનવાને યોગ્ય છે, જેણે ભરસભામાં પોતાના પિતાને પોતાના પતિનું અપમાન કરવા બદલ સ્પષ્ટ સંભળાવી દીધું હતું અને પાવક-જ્વાળામાં પોતાના દેહને ભસ્મસાત્ કરી નાખ્યો હતો? એમના પેટે વીર રાજપૂત રમણી ઝાંસીની રાણી-લક્ષ્મીબાઈ જન્મ લે તે કદીય સંભવિત છે ખરું કે જેઓ પોતાના સતીત્વના રક્ષણ ખાતર પ્રાણત્યાગ કરતી?

હવે જ્યારે આપણો ભારતદેશ સ્વતંત્ર થયો છે ત્યારે એની ગૌરવગાથા-ગૌરવપતાકા ફરકાવનાર જુવાનોની જરૂર છે. હશે, પણ..ત્યારે એ સ્વતંત્રતાની રક્ષા કાજે મરી ફીટવાની તમન્ના ધરાવનાર વીર જુવાનો શહીદ ભગતસિંહ શું આ બહેનોના આવા મરકટ દેહે જન્મ દેશે?

દેશની બહેનોના સ્વાસ્થ્ય ઉપર જ દેશનું ભાવિ નિર્ભર છે, કેમકે એમની કૂખમાંથી-સ્તનોની દૂધધારાથી જાતિનું નિર્માણ થવાનું છે અને એમનું જ દૂધ પીને જગતને શાંતિનો અમર સંદેશ દેનાર બાળકો જગતના આંગણામાં ખેલશે.

ઠે. નાનો નાગરવાડો, કપડવંજ-૩૮૭૬૨૦ (જિ. ખેડા)

---

## વીજ

ભોમ બધી હોય શ્યામ-વાદળ જેવી જ,
તેજ તેજ રેલું, હું રાધા, હું વીજ......
આકાશી આંગણે પૂનમ અમાસ હોય,
હોય ત્રીજ, આઠમ કે બીજ,
સૂરજ ઢંકાય અને ઘોર ઘનઘોર હોય,
તુચ્છ બધું, એ તે શી ચીજ?
ઠેર ઠેર જગમાં હો છોને આંધી જ,
સઘળું અજવાળી દઉં એવી હું વીજ;
ભોમ બધી હોય શ્યામ......
ખેતર ઉદ્યાન વાડ વેલ છોડ ઝાડ પાન,
હોય ભલે રસ્તા યા કેડી,
પર્વત કે સાગરમાં, દેશ-પરદેશમાં
કૂટિયા કે ઊંચી કો મેડી;
સઘળું સમાન, ભેદ ના હો હરગીઝ,
અમૃતના વર્ષણની એંધાણની વીજ;
ભોમ બધી હોય શ્યામ......

**પ્રા. વાસુદેવ વિ. પાઠક, 'વાગર્થ'**

૬૬/૩૫૪, સરસ્વતીનગર, અમદાવાદ-૧૫

## ઉઘાડ

[પૃથ્વી]

થયો ફરી ઉઘાડ, મેઘની ઘટા હવે વીખરી
રહી હતી બરાડતી બહુ જ રોષથી વીફરી;
ગયા ગડગડાટ, વીજ-ઝબકાર બિહામણા,
બન્યા બલહીણા ભયંકર ભુજંગ ઝંઝા તણા;
વિઘાતક ધસંત રુદ્ર પૂર રાક્ષસી દાઢમાં,
થયાં ગરક ભૂમિની ભીતર ક્યાંય ઊંડાણમાં.

થયો ફરી ઉઘાડ, પદ્મદલ શ્વેત વિરાટનું
ખીલે ત્યમ ખીલી રહ્યું નભ નિરભ્ર સોહામણું;
ગુલાબ-નયના ઉષા સભર સેંથી સિંદૂરથી
કરી સરિતદર્પણે મુખ હસંત નિહાળતી;
ઝીલે ધરણી શુભ્ર નિજ અભિષિક્ત અંગે ધર્યાં
હરિત ચીર-પાલવે કિરણ ફૂમતાં સૂર્યનાં.

થયો ફરી ઉઘાડ, આંધી વસમી શમી કારમી,
નવી લહર ક્રાંતિની સુભગ વિશ્વશ્વાસે વસી.

**બચુભાઈ દેવાણી**

ઠે. બજારમાં,
માધવપુર ઘેડ-૩૬૨ ૨૩૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તખ્તાની કરુણાંતિકા

ડૉ. કિરીટ વૈદ્ય

સમાજ વિશેની સાચી સમજ સાહિત્ય દ્વારા પણ મળી શકે છે. સમાજ ભિન્ન ભિન્ન રૂપોમાં મુકરિત થતો હોય છે. સમાજનાં આ ભાતીગળ રૂપોને વ્યક્ત કરવા સાહિત્યકાર પ્રકારો સ્વીકારતો હોય છે. યુગનું કે સંસ્કૃતિનું ચિત્ર મહાકાવ્ય કે 'વૉર ઍન્ડ પીસ' કે 'સરસ્વતીચંદ્ર' જેવી પણ નવલમાં ખીલ્યું હોય છે. વ્યક્તિનું ઊર્મિમય મનશ્ચિત્ર ઊર્મિકાવ્ય કે નવલિકામાં વ્યક્ત થતું હોય છે. આમ સાહિત્યમાં અનેક પ્રકાર છે. અનેક પ્રકારોમાં એક પ્રકાર તે નાટક. નાટક એક અનોખો જ પ્રકાર છે. અન્ય પ્રકારમાં તો સમાજ વર્ણો દ્વારા વ્યક્ત થાય છે, તો નાટક પ્રકાર એક એવો પ્રકાર છે કે જેમાં સમાજ માત્રને તમે પ્રત્યક્ષ કરી શકો છો.-સુખદ આશ્ચર્યની વાત એ છે કે આજે કવિતા પછી સૌથી જૂનામાં જૂનો કોઈ પ્રકાર હોય તો એ નાટ્યપ્રકાર છે. ઈ. પૂ. પાંચમી સદીની આસપાસ ભારતવર્ષમાં તેમ ગ્રીસમાં આ પ્રકાર સફળતાપૂર્વક ભજવાતો હતો. સાહિત્ય અને સમાજમાં આ બંને પ્રકારોએ જેટલી લીલી સૂકી માણી છે, અનુભવી છે તેટલી અન્ય કોઈ પ્રકારે નહિ માણી હોય.

ગુજરાતમાં નાટકની શરૂઆત ભવાઈના વેશોમાંથી થઈ હોવાની સંભાવના છે. સમાજને મંચ પર લાવવાની દૃષ્ટિ ભવાઈવાળાઓએ કેળવી હતી. પછીથી એમાં નાટ્યપ્રકારના ઘટક ઉમેરાયા હોય એવુ સ્પષ્ટ જણાય છે, જે નાટ્યપ્રકાર ભવાઈથી પૂર્વના હોય એમ કહી શકાય. આજે ઘણાંખરાં ગુજરાતી નાટકોનાં પાત્રોના અવાજમાં, લહેકામાં ભવાઈશૈલીનો લહેકો સંભળાઈ જાય છે. એક મિત્ર કહેતા હતા કે કેટલાંક ગુજરાતી નટ નટીઓના અભિનય અને અવાજમાં ભવાઈસંસ્કારના પુરાવ-શેષોનો અણુસાર સ્પષ્ટ રીતે મળી રહે છે. કારણુ એ છે કે રંગભૂમિના નટોની મોટી સંખ્યા ઉત્તર ગુજરાતના ભવાઈ ભજવનારાઓનાં સંતાનોની રહી છે.

તો, નાટક એ સમાજ અને સાહિત્યનો એક લાડકો પ્રકાર છે. ગુજરાતમાં એક કાલે આ પ્રકારની જાહોજલાલી હતી એટલું સ્વીકાર્યા પછી વિચારીએ કે હાલ વર્તમાન સમયે ગુજરાતમાં નાટક-પ્રકારની સ્થિતિ શી છે. ગુજરાતમાં નાટ્યપ્રવૃત્તિને લૂણો લાગ્યો છે. છેલ્લા ત્રણેક દાયકાનો અભ્યાસ કરો. ગુજરાતમાંથી એક પણ એવું નાટક મળ્યું છે કે જે સંપૂર્ણ મૌલિક હોય કે નાટ્યસાહિત્યમાં સીમાચિહ્ન બની રહ્યું હોય? કર્ણાટકમાંથી ગિરીશ કર્નાડનું 'હયવદન', મહારાષ્ટ્રમાં વિજય તેંડૂલકરનું 'ઘાસીરામ કોટવાલ', મુંબઈમાં સિદ્ધાર્થ સંદેરિયાનું 'સરિતા દામોદર પરાંજપે' (ગુજરાતી) વગેરે. ગુજરાતમાં નાટ્યકારો છે જશવંત ઠાકર, ચંદ્રવદનભાઈ, લાભશંકર, માર્કંડ ભટ્ટ, સિતાશું એવા અનેક. ગુજરાતમાં નાટકોનો દુષ્કાળ નથી પડ્યો. નાટક તો છે, પરંતુ તખ્તા પર એનું અવતરણ ખાસ નથી થતું. આપણે છતે પાણીએ નપાણિયા પુરવાર થઈએ છીએ. નાટકની એક કમનસીબી એ બની રહી છે કે એ સાહિત્યિક પ્રકાર તરીકે ઓળખાય છે. ગુજરાતમાં જે પ્રકાર વધારે વંચાય, વેચાય તે જ ટકે કે જીવે, બાકીને વેઠવું પડે એવી સ્થિતિ સર્જાઈ છે. નાટકપ્રકાર પણ અત્યારે વેઠી રહ્યો છે. ગુજરાતમાં કોઈ પણ સાહિત્યિક-પ્રકારની શ્રેષ્ઠતા સિદ્ધ કરવાનો માપદંડ 'પ્રકાશન' પુરવાર થયેલ છે. વચ્ચે ગુજરાતી કવિતા પણ પાંગળી બનવા લાગી હતી, કારણ કે પરંપરિત કવિતાનો છેદ ઉડાડ-વાની પ્રવૃત્તિ આરંભાઈ હતી. એ જ ગાળામાં ઉશનસ્ પાસેથી શ્રેષ્ઠ સોનેટ્સ આપણને મળ્યાં હતાં, પરંતુ કાવ્યસાહિત્યની દશા માઠી હતી તેથી એ બધાં એમ ને એમ વહી ગયાં. તિરસ્કૃત ગુજરાતી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કવિતા ચાલાકીથી ગઝલનો ચહેરો ઓઢીને આવી, એને મુશાયરાના ટેબલ પર સુવરાવાઈ, સામયિકોનું ઑક્સિજન મળ્યું ને એ ટકી ગઈ. નાટકનો તો જન્મ જ તખ્તાના ઓપરેશન-ટેબલ પર થાય, કોણ હાથમાં લે? નવલ નિબંધ નવલિકામાંથી પૈસો ને પ્રતિષ્ઠા રળી લેવાતાં હોય પછી કોણ નાટક-ભજવણીની માથાકૂટ કરે?

એક બાબત મને સમજાતી નથી. મમ્મટે કાવ્યનાં છ પ્રયોજન ગણાવ્યાં છે તેમાનાં બે, યશ અને અર્થ, વિશેનાં પ્રયોજન સર્જકપક્ષે શોથી ઉપકારક પુરવાર થયાં છે. તમે નહિ માનો, પરંતુ આ બે પ્રયોજન નાટકપ્રકાર દ્વારા જેટલી હદે સિદ્ધ થઈ શકે છે તેટલી હદે અન્ય કોઈ પ્રકાર દ્વારા સિદ્ધ નથી થઈ શકતાં. બસ, એક ટીમ તૈયાર કરો, દુનિયામાં ગમે ત્યાં જાઓ, અભિનય દ્વારા પ્રત્યાયન શક્ય બનતાં સફળતા પૈસો ને યશ તો મળશે જ. નાટક ભજવાય એટલે હિસાબ રોકડો. કહેવાય છે કે પ્રકાશકો નવલના વેચાણ વિશેનો ચોક્કસ આંકડો રજૂ કરતા નથી, આથી નવલકથા યશ આપી જાય છે, પણ પૂરતા અને હક્ક જેટલો પણ પૈસો નથી આપતી. ગુજરાતના ઘણાખરા નવલકથાકારો એટલે જ પોતાની પ્રકાશનસંસ્થા રચવાની વેતરણમાં રચ્યા પડ્યા હોય છે. નાનાલાલ કવિએ ગ્રંથો પર હસ્તાક્ષરનો પ્રયોગ કરી જોયો, પરંતુ વેપારી માનસ ધરાવતા ગુજરાતી લેખકે એનું અનુકરણ કર્યું નથી તેથી એ કીમિયો પણ નિષ્ફળ ગયેલ જણાય છે. નાટકમાં છેતરાવાનો ભય નહિવત્. ટિકિટબારી પરથી જ રળેલ રકમનો ક્યાસ મળી રહે. આટલો બધો આ પ્રકાર ફાયદાકારક છે છતાં ગુજરાતી નાટ્યકાર શા માટે એમાં ખાબકતો નથી એ જ સમજાતું નથી! મુંબઈમાં ગુજરાતી નાટકો ટંકશાળ પાડે છે એ જાણી એક મિત્રે ટકોર કરી હતી કે ગુજરાતી નાટકનું વેપારી માનસ મુંબઈની રંગભૂમિમાં ગીરવી તો નથી મુકાઈ ગયું ને? ગુજરાતી સર્જક સંતોષી જીવ બની ગયો છે. નાટક સિવાયના અન્ય પ્રકારો દ્વારા જ એ પૂરતી પ્રતિષ્ઠા રળી લેતા હોય, ગુજરાતમાં ગુજરાતી પ્રેક્ષકને એ રીઝવી કે આકર્ષી નહિ શકે એવી સૂઝ એણે કેળવી લીધી હોય, મુંબઈની હરીફાઈમાં પોતાનું સ્થાન ક્યાં હશે-રહેશે એની ગંધ એને આવી ગઈ હોય, નવલ કે નિબંધ જેવા જામી ગયેલા પ્રકાર છોડી નાટકમાં ઝંપલાવવા જાય તો આવાનાં બેઉ બગડવાની ભીતિ હોય અને નાટક એટલે દોડધામ, આવા કંઈક ખ્યાલોમાં એ બંધ રહી ગયો હોય ને તેથી નાટકની દુનિયાથી દૂર ભાગતો હોય એ પણ શક્ય હોય. દોઢ બે દાયકા પહેલાં પોતાને નાટકકારમાં ખપાવવાની વૃત્તિ કેટલાકમાં સળવળી ઊઠી હતી. આપણને અનેક એકાંકી-સંગ્રહો મળી રહે છે, પરંતુ એ બધા જાહેરાત અને પ્રશંસાથી મઢાયેલા સંગ્રહોમાં નાટ્યક્ષમતા કેટલી હતી એ તો તરત જ પરખાઈ ગયું હતું. એ તો ભલું થજો ગુજરાત સરકાર તેમ સાહિત્ય પરિષદનું કે પ્રતિવર્ષ ઇનામી પુસ્તકોમાં નાટકપ્રકારનો પણ સમાવેશ કર્યો છે. ઇનામ મળી રહે એટલાં (એવાં!) એકાંકી તો તારવી કઢાય. રીઝવવાના તો પ્રકાશકને જ છે ને? એટલે એકાંકીઓ ગ્રંથસ્થ કરવાની અને એ રીતે કદાચ અ-ક્ષર બની રહેવાની ઊછળેલી વૃત્તિને પંપાળ-વાની ઇચ્છાને લીધે સંગ્રહો ઝીંકાયા, પરંતુ એ કંઈ ખાસ ફૂંફાડો દર્શાવી શક્યા નહિ ને આથી એ પ્રવૃત્તિ એ રીતે પણ નાટક-પ્રકારને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપી જિવાડવાની રીતે નાકામિયાબ નીવડી.

એક જમાનો ગુજરાતમાં હતો કે જ્યારે નાટક જેવી જ પ્રવૃત્તિ ઝાંખા ઝાંખા દીવાનાં રૂપમાં પણ પ્રકાશ રેલાવતી હતી. આપણે એ પ્રવૃત્તિને 'ભવાઈ' તરીકે ઓળખીએ છીએ. ગુજરાતી રંગ-ભૂમિની જનેતા કદાચ આ ભવાઈ છે. અસાઈત જાણે કે આપણો ભરત. અનુનર્મદ યુગમાં મોરબી ધોળકા અમદાવાદ સુરત વઢવાણ વગેરે સ્થળોએ 'ખેલ-કમ્પનીઓ'એ નાટકોને જિવાડ્યાં. આજે ગુજરાતમાં નાટકની સ્થિતિ તપાસીએ તો જણાશે કે આપણે હજુ એ જ યુગમાં જીવી રહ્યાં છીએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે ૧૯૮૫ માં અસાઈત સભા દ્વારા આપણને ત્રણ નાટ્યકૃતિ મળે છે. શ્રી ચીનુ મોદી–કૃત 'જાલકા' તો ભવાઇવેશ પર જ આધારિત છે. ગુજરાતની આ વર્ષની શ્રેષ્ઠ અને ધ્યાનપાત્ર ત્રણ (જ) નાટ્યકૃતિ તે 'જાલકા' 'પીળું ગુલાબ' અને 'ધુમ્મસ ઓગળે છે' મળી રહે છે એનો યશ અસાઈતના નામ સાથે સંકળાયેલી સભાને જાય છે.

સૌરાષ્ટ્રનું ગુજરાતી નાટક ક્યાંસુધી રહે છે એ વિશે કશી નુકતેચીની કરવાની જરૂર રહી છે? આજે ગુજરાતનાં મહાનગરો કરતાં નાનાં નગરોનાં કે ગામડાંનાં લોક સુખી છે. વર્ષે એકાદ વાર પણ એમને નાટક જોવા મળે છે. અરે, રામલીલા તો અવારનવાર મળી રહે, પરંતુ શહેરમાં ગુજરાતી નાટક હવે ધીમે ધીમે ટી.વી.માં પુરાવા લાગ્યું છે. આવતી કાલનું ગુજરાતી નાટક ટી.વી.ના પારણામાં જ ઝૂલતું હોય, સ્પૉન્સર્રની નીતિની બાટલીથી જીવતું હોય તો નવાઈ નહિ. હમણાં યુ.નો એ સંશોધન કર્યું છે કે એકવીસમી સદીમાં આ પૃથ્વી પર એક પણ વૃક્ષ નહિ હોય. ગુજરાતમાં ગુજરાતી નાટકો વિશેનું સંશોધન કરવાની જરૂર જ નથી રહેતી, કારણ કે એનું ભાવિ પણ સ્વયંસ્પષ્ટ જ છે. પદ્યવાર્તા પ્રબંધ આખ્યાન જેવા સમૃદ્ધ પ્રકાર પણ વૃદ્ધ થાય ને મૃત્યુ પામે તો નાટક તે વળી શું છે? ગુજરાતમાં નાટકપ્રકાર તો ગરીબ કહેવાય. ગરીબીમાં સબડેલા વૃદ્ધની પેઢીને ટકાવવા સમાજ કદી ઉત્સાહી બન્યો છે?

એમ કહેવાય છે કે સંસ્કૃત સાહિત્ય અને ભાષાનો તલાવગાહિત અભ્યાસ કરવો હોય તો જર્મનીની લાઇબ્રેરી ઠીક ઠીક ઉપકારક ને મદદકર્તા બની રહે. રવિશંકરની સિતાર પરથી શ્રેષ્ઠ ત જો માણવી હોય તો અમેરિકા જવું પડે, ભવિષ્યમાં ગુજરાતી નાટક માણવું હશે કે એના તત્કાલીન રૂપનો અભ્યાસ કરવો હશે તો મુંબઈ જવું પડશે. મુંબઈમાં એક ગુજરાતી નાટક 'પત્તાંની જોડ' ત્રીસ ત્રીસ વર્ષથી એકધારું ચાલે છે. આટલા આંચકાથી નથી ધરાયા? તો સાંભળો, એમાં દાદાજીનું પાત્ર ભજવતા શ્રી જગદીશ શાહ ત્રણ ત્રણ દાયકાથી એ જ પાત્ર સફળતાથી ભજવી રહેલ છે. મુંબઈમાં ગુજરાતી નાટક ગિનીસ બુકમાં ઉમેદવારી નોંધાવવાની પાત્રતા સજ્જ કરી રહેલ છે તો ગુજરાતીમાં ગુજરાતી નાટક? 'ગુજરાતી નાટક રૂપાંતરિયાં હોય છે' એવો આક્ષેપ છે. મુંબઈમાં હમણાં હમણાં સરિતા દ્વારા અભિનીત 'સરિતા દામોદર પરાંજપે' શહેરને ઘેલું કરી રહ્યું છે. કહેનારા કહે છે કે મૂળ મરાઠી કરતાં પણ આ રૂપાંતર વધારે સફળ છે.

આપણે ગુજરાતી જરા વધારે સુંવાળવાં બની ગયાં છીએ. નાટકમાં દ્વિઅર્થી સંવાદ ન ચલાવ્યા, પરંતુ સિનેમામાં દ્વિઅર્થી અભિનય કે સંવાદ આવ્યા તો કંઈ ન બોલ્યાં! અશ્લીલ નાટકો ન હોવાં જોઈએ, ન ચાલવાં જોઈએ, એ મંજૂર, પરંતુ અનૂદિત કૃતિઓની પણ ટીકા કર્યા કરવી એ કેવું? રંગ છે મુંબઈના રંગમંચને કે રૂપાંતર કે અનુવાદ ગમે તે ભોગે—રીતે એણે ગુજરાતી નાટકને ટકાવી રાખ્યું. બાળક ન હોય કે વિકલાંગ હોય તો દત્તક પણ લઈ શકાય. દત્તક બાળક કદાચ વિકલાંગને જિવાડી પણ જાય.

એવો અભિપ્રાય આપવામાં આવે તો એ સમુચિત લેખાશે કે ગુજરાતના ગુજરાતીએ નહિ, પરંતુ આજે મુંબઈના ગુજરાતીએ ગુજરાતી નાટકને ટકાવી રાખ્યું છે. ગુજરાત એ રીતે એનું ઋણી રહેશે.

ઠે. આર્ટ્સ કૉલેજ, સંખેડા-૩૯૧ ૧૪૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રંગભૂમિની ભાષા

(એક પત્ર)

પ્રો. જનક દવે

પ્રિય કૃષ્ણકાંત,

'જયહિંદ'માં 'પથ્થર અને પીછાં' એ વિભાગમાં 'રંગભૂમિની ભાષા' અંગેની તમારી લેખમાળા વાંચી હતી, પરંતુ 'અભિનીત'ના ફર્મા તમે મને મોકલ્યા ત્યારે એ આખો લેખ સંશોધિત રૂપમાં ફરીથી તમે લખ્યો છે એ જોવાની તક સાંપડી. પ્રો. કે. કા. શાસ્ત્રીએ લખેલી અનુપૂર્તિ પણ હું જોઈ ગયો છું. 'રંગભૂમિની ભાષા' વિશે મારે એક નટ તથા દિગ્દર્શક તરીકે જે કહેવાનું છે તે આ પત્રમાં જ કહીશ.

શ્રી. જશવંતભાઈ–દિગ્દર્શિત 'પરિત્રાણ'માં સહદેવની ભૂમિકામાં તમે એ પાત્રને જે પ્રકારે ન્યાય આપ્યો હતો તે આજે પણ યાદ છે તેમ સી. યુ. શાહ હાયર સેકન્ડરીના વાર્ષિકોત્સવ પ્રસંગે નિર્ણાયક તરીકે તમે જે 'પ્રેતડાન્સ' જોયો અને જે અનુભવ તમને થયો, તમારા આવા અનુભવોને પણ તમે આ ચર્ચામાં ખપમાં લીધા છે

, છેલ્લાં ચાળીસેક વર્ષથી નાટ્યના વિદ્યાર્થીઓને તાલીમ આપવાના તથા નટ અને દિગ્દર્શક તરીકેના મારા અનુભવોને પણ મેં એ રીતે અહીં ખપમાં લીધા છે.

નિર્માણ અને અભિનયની દૃષ્ટિએ ભાષાની અનિવાર્યતા અને એની અનુપસ્થિતિમાં રંગભૂમિ પર એની શી અસર થાય અને ભૂતકાલમાં થઈ હતી એ તરફ તમારું ધ્યાન દોર્યું છે અને એ રીતે તમે 'રંગભૂમિની ભાષા' પર કરેલા સંશોધનના અનુસંધાનમાં એ લેખ અનુમોદિત કરતો બની રહેશે એવી મને આશા છે.

માનવ સભ્ય સંસ્કૃત અને શિક્ષિત બનવા પહેલાં આદિ માનવ તરીકેની એની 'ભાષા' સંજ્ઞાની ભાષા હતી. એની ચેષ્ટા તેમ મુખ પર વ્યક્ત થતા ભાવો પરથી એના અકથ્ય કથનનો ખ્યાલ આવી જતો. સમૂહમાં આ પ્રકારે આદિમાનવો રહ્યા—જીવ્યા. માનવ માનવ વચ્ચેનાં વ્યવહાર વર્તનના ઇતિહાસનું પ્રથમ સોપાન એમના દ્વારા પ્રસ્થાપિત થયું અને ભાવસંક્રમણની પ્રક્રિયા પણ અહીંથી જ આરંભાઈ. અવાજ-ધ્વનિ સંકેતોએ પણ સામૂહિક જીવનમાં ભાષારૂપે વિનિયોગનું અને પ્રત્યાયનનું સ્વરૂપ ધારણ કર્યું. ભાષાના અદ્યતન વિકાસ પર્યંત પણ આ મૂળભૂત માનવ–અભિવ્યક્તિનાં અંગભૂત તત્ત્વ વત્તેઓછે અંશે આજે પણ સચવાયાં છે. ખાસ કરીને 'પર્ફોર્મિંગ આર્ટ'ને સંબંધ છે ત્યાંસુધી આ બળો અભિવ્યક્તિનાં અગત્યનાં પાસાંઓ તરીકે સ્વીકાર્ય બન્યાં છે. સંસ્કૃત નાટકો કે જેમાં છંદો–વૃત્તો અને અલંકારયુક્ત ભાષા સાથે પદ્યપ્રચુર લેખનશૈલી હતી એમ છતાં એનાં ગદ્ય અને પદ્યમાં ક્રિયાનું તત્ત્વ સભર હતું, બલકે ક્રિયા જ મુખ્ય હતી. સમગ્ર નાટકનો વાર્તાપ્રવાહ નટકાર્ય ક્રિયા ચેષ્ટા અને એમાંથી ઊપસતાં દશ્યાત્મક ચિત્રોના આધારે આગળ વધતો. ક્રિયાને અનુરૂપ સંવાદ અને સંવાદને અનુસરતી આંતર–બાહ્ય ક્રિયાને લીધે નાટકો રસપ્રદ બનતાં. વળી સંસ્કૃત નાટકોની પ્રસ્તુતિમાં મુદ્રાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. નૃત્ત નૃત્ય અને નાટ્ય એમ ત્રણેના સમન્વયે નાટ્યાર્થ પ્રગટ થતો. આંતરિક ક્રિયાઓ દ્વારા સાત્ત્વિક અભિનયની અભિવ્યક્તિની પળોમાં સંવાદો સ્થગિત થઈ જતા હોય છે, માત્ર ક્રિયાઓ જ અહીં અભિવ્યંજક બળ બની રહે છે અને એ રીતે જોતાં આંગિક ક્રિયા ચેષ્ટા અને મુદ્રાંકિત અભિવ્યક્તિ જ પ્રસ્તુતિનું આગવું અસરકારક માધ્યમ હતું સંસ્કૃત નાટકોનું. ભાસનાં એકાંકીઓ અભિનયક્ષમ છે. સંવાદશૈલી જ એ પ્રકારની છે કે એ ક્રિયાને પોષક ઉત્તેજક બળ બની રહે છે. 'દૂતવાક્ય'માં મંત્રસભાસ્થાનની રચના, સુદર્શન ચક્ર દ્વારા શ્રીકૃષ્ણને સહાયરૂપ થવા માટે બોલાવવામાં આવેલાં આકાશસ્થિત આયુધોનું આવવું, દુર્યોધન અને કૃષ્ણ વચ્ચેની વિષ્ટિ નિષ્ફળ જતાં દુર્યોધન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતાશાથી અકળાઈ કૃષ્ણને બાંધી લેવાનો પ્રયત્ન કરે છે, એ વખતે તખ્તા પરના કૃષ્ણનાં જુદાં જુદાં સ્વરૂપોનું દર્શન વગેરેમાં આંગિક ક્રિયાઓ ગતિક્રિયા મુખભાવ ચેષ્ટા આદિ દશ્યાત્મક સ્વરૂપનાં સાત્ત્વિક તત્ત્વ બની રહે છે. નાટ્યકાર અને પ્રસ્તુતિકર્તાનો અભિપ્રેત અર્થ એ દ્વારા સ્પષ્ટ થાય છે. નટ નટીઓ અને સૂત્રધાર સ્થળ કાલ સમયના બંધન વગર એના (નાટકના) દશ્યાત્મક તત્ત્વને કેંદ્રમાં રાખી પ્રસ્તુત કરી શકાય તેવી સંભવિતતાથી સભર આપણાં સંસ્કૃત નાટક કોઈ પણ પરિવર્તિત યુગમાં સામાજિકોને સંમોહિત કરનાર બની રહેશે.

ગ્રીક નાટકોનાં લખાણ ભાષા અને સંવાદ કરતાં એની રજૂઆતની રીતિ પર દૃષ્ટિપાત કરીએ તો આપણે સ્પષ્ટપણે સમજી શકીએ કે હજારોની સંખ્યામાં બેઠેલો પ્રેક્ષક વર્ગ, કોરસથી અલગ પડેલા મુખ્ય નટોને તેમજ કોરસની ક્રિયા—અભિનય સ્પષ્ટપણે જોઈ શકે એ માટે એમના મુખ પર પાત્રના વ્યક્તિત્વાનુસાર મહોરાં રાખવામાં આવતાં તેથી મુખભાવ કે સાત્ત્વિક અભિનયની પ્રક્રિયા અને એની સૂક્ષ્મતાને અહીં કોઈ જ સ્થાન ન હતું. અહીં નાટકનું વસ્તુ તો લોકોને સુવિદિત હતું એટલે પ્રેક્ષકો તો 'એક્રોપોલિસ'માં નાટક રજૂ કરનારની સૂઝ સમજ અને નિર્માણપટુતા તેમજ રજૂઆતનો કસબ જોવા આવતાં હતાં. ભાષાનું આગવું સ્થાન હતું એમ છતાં દૂર સુધી બેઠેલાં પ્રેક્ષકો આંગિક ક્રિયાઓ દ્વારા કે જોશપૂર્ણ ગતિક્રિયા મારફતે ઘટનાઓ અને પાત્રો, પાત્રો અને કોરસ વચ્ચેના લાગણીના આઘાત–પ્રત્યાઘાતોને દશ્યાત્મક સ્વરૂપે જોઈ શકતાં અને એ રીતે નાટ્યાર્થ સ્પષ્ટ થતો. પાત્રના વ્યક્તિત્વને વ્યક્ત કરવા માટે ગ્રીક નાટકોમાં વ્યક્તિભાષાને સ્થાન ન હતું, કારણ કે એ સામૂહિક રજૂઆતનું પુરસ્કર્તા છે. વેશભૂષા, પ્રોપર્ટીઝ તેમજ પાર્શ્વભૂ, નાટ્યવેદી, ઑર્કેસ્ટ્રા અને તખ્તાના મધ્ય ભાગ સાથે જોડાતા જુદી જુદી દિશાના માર્ગ વગેરે પણ નાટ્યાર્થને વ્યક્ત કરવામાં ઘણું મોટું પ્રદાન હતું. આ પરિબળોને લીધે અમુક અંશે રજૂઆતમાં ભાષાનું ભારણ હળવું થતું. નાટકનું વસ્તુ વિખ્યાત હોવાને કારણે ભાષાને પૂરક અને અભિનયને પ્રેરક દશ્ય તત્ત્વો જોવા પ્રેક્ષકો ઉત્સુક રહેતાં.

શેક્સ્પિયર કે મોલિયેરનાં નાટક વાણીપ્રધાન હોવા સાથે અભિનયક્ષમ પણ હતાં. ઇબ્સને જગતની પ્રજાની સમસ્યાઓનો પડકાર નાટકોમાં ઝીલ્યો તેથી તો એ સવિશેષ અભિનયક્ષમતાવાળાં બની રહેલાં. આ ત્રણે વિભૂતિઓનાં નાટક ઘટનામૂલક હતાં તેથી એ ઘટનાઓને ઘડવા માટે અને એ લોકો માટે રસપ્રદ બની રહે તે પ્રકારે દશ્યાત્મસ્વરૂપે રજૂઆત પામે એ હેતુને લક્ષમાં રાખીને સંવાદરચના થયેલી જોવા મળે છે. વળી આ ત્રણે નાટ્યકારોના નાટ્ય–વસ્તુમાં સર્વકાલીનતાનું તત્ત્વ હતું તેથી આજે પણ એ નાટકો વિશ્વનાં રાષ્ટ્રોની અલગ અલગ ભાષામાં અનૂદિત થયાં હોવા છતાં વર્તમાનકાલમાં પણ એની અસરકારકતા જેવી ને તેવી જ છે.

બે વિશ્વયુદ્ધ પછી માનવજીવનનું મૂલ્યાંકન બદલાયું. જીવનની નિરર્થકતા અને શૂન્યતા તરફના વલણમાંથી લલિત-કલા સાહિત્ય નાટ્ય અને અન્ય કલાઓનાં ક્ષેત્રોમાં સર્જકો દ્વારા અમૂર્ત સ્વરૂપસર્જનનો ઝોક શરૂ થયો. ઍબ્સર્ડ નાટકો અને ઍબ્સ્ટ્રેક્ટ પેઇન્ટિંગ્ઝ આવા સર્જનની પેદાશ છે, જેમાં તાર્કિક બુદ્ધિગમ્યતાને સ્થાન ન હોય, નીતિ ધર્મ અને માનવીય વ્યવહારનાં રૂઢ ધોરણ સ્વીકાર્ય ન હોય તેમજ એ અંગેનાં નિશ્ચિત બાંધેલાં કલ્પન જેમનાં તેમ વિભાવનારૂપે માન્ય ન કરનાર સર્જકો મારફતે નવોન્મેષ સાથેનો એક નવો પ્રવાહ શરૂ થયો. આ પ્રકારમાં અસંબંધકતા અતાર્કિકતા સાથે જેમાં ઘટનાઓની સુસંકલિતતાનો અભાવ હોવાથી સુગઠિત નાટકોના સંવાદની સુગ્રથિત રીતિ નવાં નાટકોમાં ખપ લાગે તેવી રહી નહિ. આ પ્રકારમાં ભાષા અને એના ઉપયોગથી લખાયેલા સંવાદોના તૂટતા લયમાં માનવની અંતિમ તરફની ગતિનાં ને કંઈક અસંભવિતની ઝંખનાનાં દર્શન થાય છે. આ નાટકો (ઍબ્સર્ડ) ક્રિયામૂલક જ છે. અમૂર્તતાને અશાબ્દિક ક્રિયા દ્વારા વ્યક્ત કરનાર પ્રથમ નટ ચાર્લી ચૅપ્લિન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન ગણુવો જોઈએ. અમૂર્તની અભિવ્યક્તિનો એ બેતાજ બાદશાહ હતો. એણે માત્ર ક્રિયામૂલક અભિનયથી પુરવાર કરી બતાવ્યું કે ફિલ્મ કે નાટકમાં સંવાદના ઘોંઘાટની અનિવાર્યતા નથી.

ઍબ્સર્ડ નાટકોમાં સંવેદનશીલતા અને ભાવુકતા સાથેની આંતર પ્રક્રિયાના આધારે વ્યક્ત થતો અભિનય આપણને એનાં પાત્રો દ્વારા જોવા નથી મળતો. ભાષા કરતાં અહીં મૌન ચિત્કાર અને આઘાતજનક શારીરિક ક્રિયાઓ જ પ્રેક્ષકો માટે અસરકારક બને છે. એકધારાપણા સાથે વૈચિત્ર્યપૂર્ણ વાણી અને ક્રિયાઓ દ્વારા ઊભું થતું બોડંમ, પ્રેક્ષકોને જોતાં સાંભળતાં થતો માનસિક ત્રાસ એ જ તો આવા પ્રકારની રજૂઆતોનો હેતુ હોય છે. ઍબ્સર્ડનો જન્મ ઈશ્વરના મૃત્યુના સ્વીકાર સાથે થયેલો હોવાથી એને જાગતિક બંધનોથી પર ઈશ્વરવિહીન દુનિયા તરફનું પ્રયાણ કરવું છે. ત્યાં પહોંચી શકાય કે ન પહોંચાય એવો પૂર્વનિશ્ચિત કોઈ અભિગમ પણ અહીં સ્વીકાર્ય નથી હોતો એટલે ભાષાનું પણ મૃત્યુ થયું ગણી એના અવશેષોનાં આભડછેટ વગરના નવા સ્વરૂપે ઘડાયેલાં શબ્દચોસલાં અને અવ્યવસ્થિત વાકયરચના પ્રેક્ષકો તરફ કંઈક—કશું પહોંચાડવાનું પ્રત્યાયનતત્ત્વ બને છે. ઍબ્સર્ડ નાટકમાં પણ ભાષાને 'મૃત' કહીને પણ સ્વીકારી તો છે જ, પરંતુ એકચક્રી રાજ, બંધન તેમ આપખુદી એને મંજૂર નથી. અહીં માનવનો માનવ સામે, એની રચાયેલી સૃષ્ટિ સામે વિદ્રોહ છે અને એ શબ્દ અને ક્રિયાનાં પ્રતીકો મારફતે પ્રેક્ષકો સમક્ષ પ્રસ્તુતિ પામે છે.

આજ પર્યંત અલગ અલગ શૈલીમાં લખાયેલાં નાટકોની રજૂઆત પણ જુદી જુદી નિર્માણ-શૈલીમાં થઈ છે. નાટક પ્રેક્ષકો સમક્ષ દૃશ્યાત્મક સ્વરૂપે આવે તે પહેલાં એનો અર્થઘટનકાર દિગ્દર્શક નિર્માણભાષાવાળી નિર્માણપોથી (Production Script) તૈયાર કરે છે અને એને આધારે તખ્તા પર સ્થાનસ્થિતિરચના(Composition), ગતિક્રિયા (Movements), લયસંવાદિતા અને ગતિની માત્રા (Rhythm & Tempo) ને એ મારફતે ઊભા થયેલાં તખ્તા પરનાં ચિત્રાંકનોવાળું શિલ્પન સવિશેષ અગત્યનાં છે, એટલા માટે કે સમગ્ર નાટક રિહર્સલ-પ્રક્રિયામાંથી પસાર થઈ જે આખરી સ્વરૂપ ધારણ કરે છે તેમાં પેલાં ભાષા શબ્દો કે સંવાદો અગત્યનાં નથી. ઘડતર-તબક્કાના સંવાદોને નાટક સંપૂર્ણ રીતે ઘડાઈ જતાં ઉડાવી લો તો જે સ્વરૂપ રહેશે તે પેલું ક્રિયાત્મક ચિત્રોનું માળખું રહેશે. આ જ તો પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરનાર તત્ત્વ ક્રિયા છે, નહિ કે નટો દ્વારા બોલાયેલા સંવાદ. નટોનો અભિનય અને એ દ્વારા સર્જાયેલી નાટ્યાત્મક પરિસ્થિતિઓ તેમ ઘટનાઓ પ્રેક્ષકોના સ્મૃતિપટ પર રહે છે, નહિ કે નટોએ રટેલા વ્યક્ત કરેલા સંવાદ.

પ્રેક્ષકોને પક્ષે જે સમયે કલ્પનાવિકાસ નહોતો થયો ત્યારે ધંધાદારી રંગભૂમિનાં નાટકોમાં સંવાદ અને ક્રિયા બંનેનો અતિરેક હતો. નટો શબ્દે શબ્દે ક્રિયા કરતા એટલે નાટકો પૂર્ણપણે વાસ્તવિક સ્વરૂપે રજૂ થતાં. પ્રેક્ષકના કલ્પનને અહીં સ્થાન ન હતું. વેશભૂષા કે સંનિવેશ કે રંગભૂષા આ પ્રત્યેક પૂરક કસબનો પણ એટલો જ અતિરેક તખ્તા પર થતો. આમ લેખક અભિપ્રેત અર્થને (નાટ્યાર્થને) પ્રેક્ષકો સુધી પહોંચાડવા તખ્તાને આટલું બધું ભારણ સહન કરવું પડતું, કારણ કે એ સમયે લેખક દિગ્દર્શક કે નટો પ્રતીકોની અસરકારકતાથી તદ્દન અજાણ હતા.

સુગ્રથિત નાટકની રજૂઆતને સંબંધ છે ત્યાંસુધી ભાષાને આપણે ઉદ્દીપન વિભાવ તરીકે સ્વીકારવી જોઈએ. નાટકોમાં સંવાદનું કામ અર્થને ઇંગિત કરનાર, આંતરને (ક્રિયાને) અનુસરનાર, બાહ્ય ક્રિયાને પકવ સ્વરૂપે રજૂ કરનાર ઈંધણ તરીકેનાં માધ્યમ બનાવવાનું છે, શબ્દ-સંવાદ તો એક આધાર માત્ર છે. દૃશ્યાત્મક દૃષ્ટિમૂલક અર્થમૂલક અને ભાવમૂલક સહેતુક ક્રિયાઓ જ નાટકનું હાર્દ છે. "નાટક જોવા માટે છે, સાંભળવા માટે નથી." નાટક તો પ્રેક્ષકો ઘેર પણ વાંચી શકે, એમને તો લેખકની સહાયથી દિગ્દર્શક અને નટો દ્વારા ક્રિયાની લિપિ તખ્તા પર અંકિત થાય છે એ જોવામાં રસ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે ત્યાં દાયકા-દોઢ દાયકાથી બોલકણાં સંવાદમૂલક અને એ પણ દ્વિઅર્થી સંવાદો સાથેનાં નાટકોની ભજવણીનો દોર શરૂ થયો છે અને એ રીતે ભાષાને આપણે વેશ્યા બનાવી દીધી છે, એનાં ચીર ખેંચીને જાહેરમાં એનું લિલામ કર્યું છે. નાટચક્ષેત્રના ધંધાદારીઓને એના ગૌરવની ન પડી હોય, પરંતુ પેલા સારસ્વતો ભાષાવિદો શાસ્ત્રકારો નાટચવિદો કેમ બેઠા છે? કે પછી મહાભારત-રીતિને અનુસરી આપણે પણ ભાષાને 'દ્રૌપદી' તરીકે જ સ્વીકારવી છે? અને જો આ પ્રકારે જ સ્વીકારવાની હોય તો નારીવાચક ભાષાની સહાયે બહેનોએ આવવું પડશે અને કહેવું પડશે કે શું આ ભરતકુલના પુત્રો છે? અર્વાચીન યુગમાં કોઈ ભીમ કે અર્જુન વહારે નહિ આવે તમારી; બહેનો! એકલે હાથે જ તમારે એ કરવું પડશે. નાટકમાં ભાષા-સંવાદ જ એક માત્ર આધાર હોત તો પેલા નટો અને દિગ્દર્શક તેમજ રંગભૂમિ સાથે જોડાયેલાં પ્રકાશનિયોજન રંગભૂષા વેશભૂષા સંનિવેશ આદિ આનુષંગિક કસબની આવશ્યકતા કે અનિવાર્યતા ન રહત, પરંતુ નાટકના અભિપ્રેત અર્થને પ્રેક્ષકો સુધી પહોંચાડવા માટે ઉપકરણો જરૂરી બની રહે છે અને આ ઉપકરણો પણ અભિવ્યક્તિનો એક અંશ બની રહે છે. ક્યારેક નાટકમાં વર્ણનથી જે થઈ શકે તેને બદલે માત્ર લાઈટ એન્ડ શેઈડ કે પ્રકાશમાં રંગોનો ઉપયોગ કરી દૃશ્યની માંગ પ્રમાણે એ તખ્તા પર પ્રસરતાં સવિશેષ અસરકારક બની રહે છે. અહીં સંવાદોની વાચાળતા સહેજે કારણ ન નીવડે. એવું જ સંનિવેશની બાબતમાં છે. સ્થળ કે સ્થળો (Locations), જ્યાં નાટકના વાર્તાપ્રવાહની ઘટનાઓ ઘટતી હોય તે જગ્યાઓ તખ્તા પરનાં ઓછાં માધ્યમ અને પ્રતીકો દ્વારા રજૂ કરવામાં આવે ત્યારે પાત્રો પાસે લાંબા-લસ સંવાદ બોલાવવાની આવશ્યકતા નથી રહેતી. તખ્તા પરની સૂચક પ્રતીકાત્મક વસ્તુઓ જ બુલંદી સંવાદ કરતાં વધુ અર્થસૂચક અને હેતુમૂલક બની જતી હોય છે. આવી પરિસ્થિતિમાં સંવાદો હાસ્યાસ્પદ બની રહે. એ જ રીતે નાટકનાં દૃશ્યોમાં ઘટતી નાટચાત્મક પરિસ્થિતિઓ સાથે સંકળાયેલા પાત્ર કે પાત્રોનું મૌન અથવા સંવાદ વગર એમને આપવામાં આવેલો કાર્યવ્યાપાર, પાત્રની ફોટો કે પ્રતીક તરફની દૃષ્ટિ, એનું વિચારમાં ડૂબી જવું અને તખ્તા પર ગતિ કરતાં ભૂતકાલમાં બનેલી બીનાના સ્મરણના અનુસંધાનમાં ઘરની પુરાણી વસ્તુ કે પોતાના સ્વજનની વસ્તુને સ્પર્શવું વગેરે કાર્યવ્યાપારથી દૃશ્યની અસરકારકતા વધે છે અને આવું નાટચકર્મ જ પ્રેક્ષકો માટે રસપ્રદ બને છે, નહિ કે ઘોંઘાટિયો સંવાદ.

સ્વભાષા સિવાયનાં અન્ય પ્રદેશનાં નાટક માણી શકાતાં નથી એવો એક ખ્યાલ આપણે ત્યાં પ્રવર્તે છે, પરંતુ આવો પૂર્વગ્રહ ન રાખતાં જો એક વખત અન્ય ભાષાનાં નાટક જોવાની દૃષ્ટિ કેળવવામાં આવે તો એ સહજ બની રહે.

નાટચના વિદ્યાર્થીઓને અન્ય પ્રદેશોમાં નાટચસ્પર્ધા કે ઉત્સવમાં ભાગ લેવા માટે જવાનું થાય છે ત્યારે એઓ બંગાળી મરાઠી કન્નડ વગેરે ભાષાનાં નાટકોને સુપેરે માણી શક્યા છે. કોઈ પણ નાટક જોવા કે માણવા માટે ભાષાની મધ્યસ્થિતિગીરીની જરૂર નથી રહેતી. નાટચના વિદ્યાર્થીઓને કલકત્તા ખાતે નૌબત, મિછીલ (સરઘસ), જગન્નાથ, ફૂટબોલ કે અન્ય બંગાળી નાટકો સમજવામાં સહેજે મુશ્કેલી પડી ન હતી, કારણ કે નાટકમાં શારીરિક ક્રિયાઓ, મુખભાવો આદિ અભિનયનાં અંગ જ ભાષાનું કાર્ય કરે છે, અર્થાત્ અભિનય જ ભાષાનું સ્વરૂપ ધારણ કરી જોનાર માટે માધ્યમ બની રહે છે.

ટૂંકમાં, ભાષાની અનિવાર્યતા તો નાટકના સમગ્ર ઘડતરના એક ભાગ તરીકેની જ છે, એનાથી વિશેષ નહિ. આ પરથી આપણે તારણ કાઢી શકીએ કે નાટકમાં નટકાર્ય ક્રિયા—અભિનય જ મુખ્ય છે, નહિ કે પેલા બોલકણા સંવાદ.

નાટચવિદ્યા વિભાગ, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ : તા. ૧૨-૯-૮૫ જનક દવે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રીતનું પ્રતીક

[ લઘુવાર્તા ] **શ્રી. ચંદ્રકાંત ન. ભટ્ટ**

અમી નીતરતી ચાંદનીમાં બળદોની ડોકમાં શોભતી ઘમઘમતી ઘૂઘરમાળના મીઠા રણકાથી માધવપુરનો સીમાડો ગુંજી ઊઠયો હતો. રંગબેરંગી છત્રીઓથી શોભતાં ગાડાંઓની હરોળની હરોળ માધવપુરનો મેળો માણવા પૂરપાટ આગળ વધી રહી હતી. મેર અને આહીર કોમની બહેનોના ગળામાંથી નીકળતાં ગીતોના મીઠા લહેકાથી આખુંયે વાતાવરણ સંગીતમય બન્યું હતું.

શ્રીકૃષ્ણ–રુક્મિણીના આ વિવાહ–ઉત્સવના મેળામાં ભાગ લેવા આવેલ મેર આહીર અને કોળી ભાઈઓની પડછંદ કાયાઓમાં સોરઠી ખમીરનાં અનેરાં દર્શન થતાં હતાં. ચૈત્રી અગિયારસ અને બારસની ચાંદની રાત એટલે સૌરાષ્ટ્રના લોકસાહિત્યની મોંઘેરી રસલહાણ. લોકગીત લોકવાર્તા હીંચ અને દુહાઓની રમઝટ અને એમાં પણ ગ્રામીણ નારીઓના ત્રણ તાળીના રાસડા એટલે સોરઠીધરાનાં શૌર્યગીતોનો ફક્ત ધમધમાટ નહિ, પરંતુ અનંત પ્રેમ અને અનુપમ વીરતાની છોળો ઉડાડતાં હૈયાંઓના થનગનાટ. એક ગત્તરાવે અને સાઠ સાઠ બહેનો એ ગીતને ઝીલે :

વ્હેતી નદીને સામે પાર રે, મારા વા'લમાની ઝૂંપડી;
તરતાં લાગે ન મુને વાર રે, આભેથી ઊતરે ચાંદની.
નદીના નીરમાં ઝીલ્યાં આનંદે રે, વ્હેતી નદી ગીત ગાતી'તી જી.

મંડેર ગામની મીઠી મેરાણીના ગળામાંથી જ્યારે ગીતના સૂર નીકળતા ત્યારે જુવાનિયાઓનાં ટોળેટોળાં આ મીઠીનો રાસડો સાંભળવા તીડનાં ટોળાંઓની જેમ ઊભરાવા મંડે, પણ મીઠીની નજર આ ટોળામાં ઊભેલ પાતા ગામના રંગીલા જુવાન વીરમ મેરને ભાળી જાય તો એના મનના મોરલા નાચી ઊઠતા અને પછી રાસડાની અનેરી જમાવટથી માનવમેરામણ ડોલી ઊઠે.

મીઠી અને વીરમની મુલાકાત તો ગયે વર્ષે આ જ મેળામાં થઈ હતી. મંડેર અને પાતા ગામ વચ્ચે ચાર ગાઉનો પંથ, પરંતુ મીઠીની મીઠી નજરના જાદુએ વીરમને ઘણી વાર મંડેર સુધીના પગપાળા ફેરા કરાવ્યા હતા, પણ એની મીઠી એને એક પણ વાર ત્યાં જોવા મળી ન હતી. ગામની સીમમાં આવેલ વાડીનાં રખોપાં કરવા એનાં માબાપ સાથે મીઠી પણ ગામનું ઘર ખાલી રાખી ત્યાં જ રહેતી હતી.

આમ એકબીજાંને મળવા તલસતાં આ પ્રેમીપંખીડાં એક વરસનાં વહાણાં પછી આ મેળામાં ફરી મળ્યાં. આંખોનાં કામણ હૃદયમાં ઊતર્યાં ને હૃદયનાં હેત જીભે વળગ્યાં, ને પછી તો હેત પ્રીતની વાતોના ડુંગરા ખડકી દીધા. જ્યાં જાય ત્યાં ભેળાં ને ભેળાં. જાણે જુગ જુગની પ્રીત.

અગિયારસની ચાંદનીની રૂપેરી સજાવટમાં મીઠીએ રાસડો ઉપાડયો. મીઠીની કાયા આજ અજબ રંગતે ચડી હતી. એના હાથની પડતી તાળીમાં કોઈ ટીખળી જુવાનિયાના ગાલ પર પડતી થપાટનો પડઘો હતો, એના કંઠમાં કિલકિલાટ કરતી કોયલડીનો ટહુકો હતો, એની આંખોમાં મીઠપનો અમીરસ છલકાતો હતો, એના પગમાં કોઈ નૃત્યાંગનાનો થનગનાટ હતો અને એની કાયામાં જોબનિયાનો રંગ સોળે કળાએ ખીલી નીકળ્યો હતો.

રાસડો પૂરો થયો અને હવે જુવાનિયાઓના દુહાઓનો લલકાર શરૂ થયો. વીરમ એટલે આપજોડિયા દુહાઓનો રાજા. એ ભલભલા દુહાગીરોને પાણી ભરાવતો. વીરમે દુહો ફેંકયો :

"છે કોઈ વીરલ જુવાનિયો, જે પડમાં સામો થાય ?
નહિ તો બલોયાં પ્હેરીને અહીંથી હાલ્યો જાય."

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બીજા એક જુવાને એ પડકાર ઝીલી લીધો ને સામો દુહો નાખ્યો :

"વીરમ! બળાપો મારય માં, શેરની માથે સવાશેર,
હે...દુહો એક બનાવ તું તો હું બનાવું તેર."

અને ઘડીભર તો મેદની ડોલી ઊઠી. "શાબાશ, જવાન! શાબાશ"ના પડકારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું.

એકબીજાને પાનો ચડાવવા જુવાનિયાઓનાં બે તડાં પડયાં અને વીરમે બીજો દુહો નાખ્યો :

"તયેં બોલ, જુવાનિયા! બોલ, કોનાં રૂડાં ગીતડાં?
અણમોલ મોજું માણતાં કોનાં જીવન મીઠડાં?"

અને બીજા જુવાને જવાબ આપ્યો :

"ગાયુ ચારે ગોવાળિયા, એનાં રૂડાં ગીતડાં.
બે ટંક રોટલો ખાય એનાં જીવન મીઠડાં."

અને વીરમ તરત જ સામેથી ત્રાડૂકયો :

"ચૂકયો ચૂકયો, જુવાનિયા! કોયલ મીઠાં ગીતડાં,
(પણ)જેની ઘરવાળી મીઠી એનાં જીવન મીઠડાં."

ને તાળીઓના ગડગડાટથી મેદનીએ વીરમને વધાવી લીધો. દ્વિઅર્થમાં વપરાયેલો "મીઠી" શબ્દ પોતાને માટે જ વીરમે વાપર્યો છે એટલે દુહા સાંભળવા પોતાની સહિયરો સાથે ઊભેલી મીઠીમાં આનંદની ધ્રુજારી છૂટી ગઈ. ઝાકળનાં બિંદુ જેમ વૃક્ષવેલ પર સ્થિર થઈ જાય તેમ શરમના શેરડા મીઠીના ગાલ પર રતૂમડો રંગ જમાવી સ્થિર થઈ ગયા.

હરીફ દુહાગીરોને હંફાવતા વીરમે આવા તો અનેક દુહાઓથી સાંભળનારાંઓને ડોલાવી મૂકયાં.

અડધી રાતે નીરણ-પાણી કરી ધરાયેલા બળદ જ્યારે નિરાંતે બેસીને વાગોળતા હતા અને મેળામાં હરીફરી થાકેલાં લોક ગાડાંઓની માથે અને ગાડાંઓની નીચે ઊંઘતાં હતાં ત્યારે રામદેવજીના મંદિરના ઓટલા પર બેસી વીરમ અને મીઠી વાતોએ ચડયાં હતાં.

"વીરમ! ઓણસાલ તો મળ્યાં, પણ આવતી સાલ કોને ખબર છે મળશું કે નહિ!"

"એમાં ખબર કેવી? ઓણસાલ જુદે જુદે ગાડે બેસી આવ્યાં, આવતી સાલ એક જ ગાડે બેસીને આવશું."

'પણ મારા માટે તો કંઈકનાં કે'ણ આવે છે અને આ સાલ મારા હાથ પીળા કરી નાખવાનું બાપા મારી માને કે'તા'તા." મીઠી બોલી.

"મીઠી! મારે નથી મા કે બાપ. હું જ્યારે સાત વરસનો હતો ત્યારે આઠ દિવસને અંતરે ટાઢિયા તાવમાં મારાં મા ને બાપ પાછાં થયાં. અમારી પડોશમાં રે'તાં હીરીઆઈએ મને મોટો કર્યો ને ગઈ સાલ મહા મહિને ઈ પણ સ્વધામ પો'ચ્યાં."

"તો હવે કોણ છે તારું સગું?" મીઠીએ પૂછયું.

"ઉપર આભ ને નીચે ધરતી. મીઠી! આજ ઠાકોરના વિવાહની રાત છે. રુખમણીનું હરણ કરી ઠાકોર અહીં પરણ્યા'તા. તું પણ થઈ જા તૈયાર અને બની જા મારી સગી."

"પણ અટાણે?"

"હા, આના જેવો બીજો કયો રૂડો દિવસ હોય? મારા દૂધમલિયા ગાડે વાટ જ જોતા હશે. ઘડીકમાં પાતે પુગાડી દેશે ને લાલજી મહારાજને જગાડી પરણી જાશું."

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંને જણાંને એમાંથી એક થવાના ઉમળકા જાગ્યા ને તરત ગાડે પહોંચ્યાં. દૂધમલિયા બળદ એના ધણીને ઓળખી ગયા ને ઝટ ઊભા થઈ ગયા.

"વાહ, મારા બાપલિયા ! વાહ"ના મીઠા શબ્દોથી નવાજી, પીઠ પર હાથ ફેરવી ગાડું જોડ્યું ને દોઢ ગાઉનો પંથ કાપી પાતા ગામમાં પહોંચી આવ્યાં.

"લાલજી મહારાજ ! એ લાલજી મહારાજ ! ઊઠો ઊઠો." વીરમ બોલ્યો.

"કોણ, વીરમ ? કાં, દીકરા ! અટાણે ?" વૃદ્ધ ડોસીમાએ વીરમનો અવાજ પારખી બારણું ખોલ્યું.

"મા ! લાલજી મહારાજનું કામ છે."

"દીકરા ! એ તો માધુપુરને મેળે ગ્યો છ. મોસૂઝણું થાય ત્યાં લગણમાં આવી પૂગશે."

"ભલે, મા ! તમે તમારે સૂઈ જાવ." કહેતો વીરમ પાછો ગાડા નજીક આવ્યો ને મીઠીને વાત કરી કે "મહારાજ તો મેળે ગયા છ ને સપરેક થાશે ત્યાં લગણમાં આવી પૂગશે."

"ઓહો હો હો ! છેટ સવારે ?" મીઠીનો અજંપો વધી ગયો.

"હાલ્ય મારી વાડીએ; ઘડીક વાતુચીતુ કરશું ત્યાં લગણમાં આવી પૂગશે."

વીરમ સાથે વાતો કરતાં મીઠી વિચારે ચડી કે 'મારા બાપા મારે વિશે શું ધારશે ? માને બધી વાત કરી દીધી હોત તો સારું હતું."

"શા વિચારે ચડી ગઈ, મીઠી ?" વીરમે પૂછ્યું.

"કંઈ નઈ, ઇ તો બાપાને ને માને વાત કરી દીધી હોત તો સારું હતું."

"ને ઇ લોકોએ ના પાડી દીધી હોત તો ?" વીરમે શંકા દર્શાવી.

"ઈ વાત પણ સાચી." મીઠી બોલી.

"ઇના કરતાં લગન કરીને પે'લવે'લાં ઇમને જ પગે પડશું."

"અલ્યા વીરમ ! અટાણે મારું શું કામ હતું ?" લાલજી મહારાજ વાડીએ આવી પહોંચ્યા.

"મારે અને આ મીઠીને અટાણે પરણી જાવું છ."

"અલ્યા ! ગાંડો થઈ ગ્યો લાગ છ ! આ કંઈ ઢીંગલા ઢીંગલીનો ખેલ થોડો છે ? આમાં તો ધોતિયાં કંકુ ચોખા અગ્નિ ફૂલપાન વગેરે ઘણી વસ્તુ જોયે."

"ઇ બધું તમારે ઘેરથી લઈ લ્યો."

"લ્યો, મારો દીકરો રહી જાતો'તો પરણ્યા વિનાનો ! લગન તારાં થાય અને માલ મારો લઉં ?"

"તમારા મે'નતાણાના માલ સાથેના રા. ૨૦૦) પાકા, પછી કંઈ ?"

"તયેં ઇમ બોલને, ભલા માણસ !"

બે રાશવા સૂરજ ઉપર ચડ્યો ત્યાં તો લાલજી મહારાજે લગ્નવિધિ પતાવી દીધો અને વીરમ મીઠીએ પાછો માધવપુરનો કેડો પકડ્યો.

મેળામાં મીઠીનાં માબાપ ચારે બાજુ તપાસ કરી વળ્યાં, પરંતુ મીઠીનો ક્યાંય પત્તો ન મળવાથી ભાંગી પડ્યાં. ખાધા પીધા વગર ડોસા કે ડોસીમાં હવે ચાલવાની તાકાત પણ ન હતી. એઓની ઊંડી ઊતરેલી આંખોમાંથી આંસુનાં ટીપાં દડ દડ વહેતાં હતાં. આંખ ઉપર નેજવું માંડી ડોસો ચારે તરફ પોતાની વહાલી દીકરી મીઠીને ભાળવા તલસી રહ્યો હતો ત્યારે મીઠીની મા ઢગલો થઈને ગાડામાં પડી હતી.

મીઠી તથા વીરમ બાપાને પગે લાગ્યાં અને મીઠી માને ગળે બાઝી પડી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"દીકરી! ક્યાં હતી અટાણુ લગણુ?" કહેતાં બાપાની આંખમાંથી હરખનાં આંસુડાં ટપકી પડયાં.

"બાપા! આશીર્વાદ આપો. હું ને મીઠી આજથી એક થયાં." કહેતાં વીરમ ફરી બાપાને પગે પડયો.

"એક થયાં?" અચાનક સાંભળેલા આ શબ્દોથી ડોસાનાં રુવાડે રુવાડાં ફરકી ઊઠયાં. મીઠી તરફ નજર નાખતાં એની શરમ નીતરતી આંખોએ પણ એ જ વાત કહી દીધી.

જમાનો જોયેલ વૃદ્ધ બધું સમજી ગયો અને વીરમને પૂછ્યું : "તું કોનો દીકરો?"

"પાતાવાળા દેવા સાંગણનો." વીરમે જવાબ આપ્યો.

"ઓળખ્યો, ઓળખ્યો, લીરી આઈએ મોટો કર્યો'તો ઈ વીરમ તો નઈ?"

"હા, બાપા! ઈ જ હું વીરમ."

"વીરમ! આજ સાઠેક વરસથી હું માધુપુરને મેળે આવું છ, તારા જીવો દુહાગીર કોઈ જોયો નથ, પણ તું આવો નાગો છે ઈની મને ખબર નઈ." ડોસો મીઠું હાસ્ય કરી બોલ્યો. બાપાની સંમતિ મળી જતાં મીઠી તથા વીરમ બેય હલકાંફૂલ જેવાં બની ગયાં. બધાંએ સાથે મળીને રોટલા-પાણી કર્યાં.

ડોસો ને ડોસી ગાડે આરામ કરવા પડયાં ત્યારે વીરમ અને મીઠી ફુજીત-ફારકે ચડી વાતોએ વળગ્યાં.

"મીઠી! આપણે તો નાહકનાં રાતોરાત લગન કરી લીધાં."

"તમને હતી ઉતામળ તી મને લઈને હાલી નીકળ્યા'તા."

"તયેં તું કમને આવી'તી, ઇમ ને?"

"હા, વળી, ગીતુ ગવાતાં હોય, ઢોલ શરણાઈ વાગતાં હોય ને ઘૂમટા તાણી લગન થાતાં હોય ઈ લા'વો તો ન મળ્યો!"

"પણ હજી ક્યાં લાલજી ગોર સિવાય કોઈને ખબર છે કે આપણે લગન કરી લીધાં છ!"

"તો આવજો ઘોડે ચડીને લગન કરવા.' ને બેય પંખીડાં ખિલખિલાટ કરતાં હસી પડયાં.

મીઠીને એનાં માબાપને સોંપી મીઠીને જ ફરી પરણવાના ઉલ્લાસ સાથે પોતાના ગાડે જઈ દૂધ-મલિયાને ડચકારતો પાતા તરફ થઈ ગયો વહેતો અને પચીસ દિવસ પછી તો મીઠી તથા વીરમનાં લગ્ન લેવાયાં અને સુંડેર તેમજ પાતાગામ લગ્નનાં ગીતોથી ધમધમી ઊઠયાં. આમ બંને વચ્ચેની જુગ-જુગની પ્રીત લગ્નબંધનમાં જકડાઈ ગઈ.

પાછો એ જ કૃષ્ણ-રુકૃમિણીના લગ્નોત્સવનો માધવપુરનો મેળો, એ જ આનંદ અને ઉલ્લાસ, એ જ દૂધમલિયા બળદોની ઘૂઘરા ઘમકાવતી મદમસ્ત ચાલ અને ઊંચા સ્વરે ગવાતાં મધુર ગીતોના ધ્વનિથી માધવપુરનો સીમાડો ફરી ઝણઝણી ઊઠયો ત્યારે એક જ ગાડે બેસી મેળે આવવાના કોડ આજ પૂરા થયા છે, પણ આજે તો ખડ ખડ હસતો, હાથ ઉલાળતો એક ત્રીજો જીવ પણ મીઠીના ખોળામાં કૂદી રહ્યો છે અને એણે પવિતર પાણીની શેળ મારી મીઠી તથા વીરમનાં પહેરેલ લૂગડાં ભીંજવી નાખ્યાં ત્યારે મીઠી તથા વીરમ જુગજુગની પ્રીતડીના પ્રતીક સમા નાના વીરમ સામે જોઈ શરમના મૂંગા હાસ્યમાં તરબોળ થઈ ગયાં.

ઠે. "ગાયત્રી," માધવચોક, માધવપુર (ઘેડ)–૩૬૨ ૨૩૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પતિપત્ની

[લઘુવાર્તા]

પ્રો. કવિન્ શાહ

'ઑફિસમાંથી પાછા આવ્યા પછી જનકે સ્કૂટરને સ્ટોર-રૂમની બાજુ પર મૂક્યું. જ્યોતિએ સામેથી આવતા પતિને સ્નેહભીનો આવકાર આપ્યો. આજે પતિના ચહેરાનો મુસ્કરાટ કંઈ ઓર જ હતો. જ્યોતિ પણ ગુલાબી ગાલની લાલીથી સંધ્યાના રક્ત રંગ સમી શોભી રહી હતી જનક બાથરૂમમાં ગયો, હાથ મોં ધોઈને સ્વસ્થ બન્યો અને હીંચકે ઝૂલવા લાગ્યો. જ્યોતિએ આ સમય દરમ્યાન રાઉન્ડ ટેબલ પર ભોજનની સામગ્રી પીરસી દીધી. બટાકાવડાં અને ચટણી જોઈને જનક ખુશ ખુશ થઈ ગયો. જનક ટેબલ પર બેઠો. સાથે એમનો પુત્ર બકુલ પણ બેઠો. જનક મુંબઈની એક જાણીતી ટેબલેટ્સ કમ્પનીનો સેલ્સમેન હતો અને ઘણો જ પ્રેક્ટિકલ હતો. એ માનતો કે ખાવામાં કોઈ પણ જાતની ઉતાવળ ન કરવી. વિદ્યાર્થી-અવસ્થાનું એક સંસ્કૃત સુભાષિત એના હૃદય પર અંકાયેલું હતું :

शतं विहाय भोक्तव्यं सहस्रं स्नानमाचरेत् । लक्षं विहाय दातव्यं कोटिं त्यक्त्वा हरिं भजेत् ॥

વિજ્ઞાનનો નિયમ એ બતાવે છે કે ખાવાનું પીઓ અને પીવાનું ખાઓ, એટલે જનક ખાતી વખતે ખૂબ જ ચાવીને શાંતિથી એકચિત્ત બનીને ખાતો. વળી બને ત્યાંસુધી જમતાં જમતાં ઘરથી દુનિયા સુધીની ડાહી ડાહી વાતો પણ ન છેડતો. ભોજન લીધા બાદ જનક આરામ કરવા પલંગ પર સૂતો; જોકે ઊંઘવાની ઇચ્છા ન હતી, પણ જરા પડખાં બદલીને શરીરનાં અંગોને થોડો આરામ આપી રહ્યો હતો. અર્ધ મીંચાયેલી આંખો વડે એ પડી રહ્યો હતો. જ્યોતિએ પણ પતિના જમ્યા પછી ખાઈ લીધું અને રસોડાના કામમાં લાગી ગઈ. એટલામાં જયદીપ આવ્યો અને "હલ્લો મિત્ર જનક!" કહ્યું. જ્યોતિએ વાસણ સાફ કરતાં કરતાં સ્વાગત કરી કહ્યું : "આવો, જયદીપભાઈ! બેસો. તમારા મિત્ર હમણાં જ જરા જમીને આરામ કરવા આડા પડ્યા છે. મને લાગે છે કે એકાએક મીઠી નીંદમાં પડી ગયા હશે."

જયદીપ 'મુંબઈ સમાચાર'નાં પાનાં ફેરવવા મંડ્યો કે તરત જ જનક જાગ્યો અને મિત્રને બેઠેલો જોઈ ખુશ થયો અને સ્વાગત ન કરી શક્યા બદલ દુઃખ વ્યક્ત કર્યું. જયદીપે કહ્યું : "મિત્ર જનક! તમે આવું બોલ્યા? ભાભી કંઈ વિવેકમાં પાછાં પડે એમ નથી. મારા આગમનની ખબર પડતાં જ દૂરથી સ્વાગત કરી દીધું છે, માટે કંઈ ચિંતા ન કરશો."

"બસ, ભાઈ! રહેવા દે. તું પણ બહુ જ વિવેકી લાગે છે."

"ના, ના, એવું કંઈ નથી."

જનક અને જયદીપ જુગલજોડી જિગરજાન દોસ્ત. મિત્રની પરીક્ષા તો વિકટ પરિસ્થિતિમાં થાય છે, કારણ કે આજકાલ ઘણાબધા એમ માને છે કે મારે તો અમુક મિત્રો છે, પણ બધા કંઈ મિત્ર હોતા નથી. ખરેખર આ બે મિત્ર મિત્રતાનાં લક્ષણ ધરાવતા હતા. સુખદુઃખમાં સાચા સાથીદાર હતા. પછી બેઉ મિત્ર ફરવા ગયા અને રાતે પાછા આવીને સૂઈ ગયા. જ્યોતિ પણ સવાર-સાંજ મંદિર જવાનો કાર્યક્રમ નિયમિત સાંચવતી. પતિના ફરવા ગયા પછી એ મંદિરે જઈ આવી અને ત્યારપછી ઘેર આવી મુન્નાની સાથે તેમજ પતિ સાથે વાતો કરતી એ પણ સૂઈ ગઈ. જયદીપ ઘેર પહોંચ્યો ત્યારે જોયું તો જયનિકા સખત તાવથી પીડાતી હતી. એ ઘણી જ અસ્વસ્થ લાગતી હતી. આંખો પણ સ્થિર થઈ ગઈ હતી. જયદીપે તરત જ ડૉક્ટરી સારવાર કરાવી, પણ રાત ખૂબ જ ભયાનક વીતી. ટેમ્પરેચર ખૂબ જ વધી ગયું હતું, જેથી ટેબ્લેટ્સ તેમજ ઇન્જેક્શનો પણ નિષ્ફળ નીવડ્યાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જયદીપને પરણ્યે હજી એક જ વર્ષ થયું હતું. લગ્નની શરૂઆતથી જ એની તબિયત સારી ન હતી. એને દરેક ઋતુના પલટાની અસર થતી હતી. એની કાયા પણ એવી નાજૂક હતી. જયદીપે પત્નીની આવી બીમારી એક વર્ષમાં કોઈ દિવસ અનુભવી ન હતી. સામાન્ય રીતે કંઈક બીમારી આવતી તો આરામ થઈ જતો, પણ આ વખતનો તાવ જીવલેણ નીકળ્યો. આખી રાતમાં એકાદ કલાક જયદીપને ઊંઘ આવી હશે. જનકને કેવી કોમળ સ્વભાવની સાત્ત્વિક પ્રકૃતિની શિક્ષિત પત્ની મળી છે! એ વિચારવા લાગ્યો : લગ્ન એક સમસ્યા છે, પણ પૂર્વનાં પુણ્ય વગર કોઈ પણ વ્યક્તિને સત્ત્વશીલ સ્ત્રી મળતી નથી. હજી તો સંસારી જીવનના પ્રથમ વર્ષમાં પ્રવેશતાં જ અકસ્માત્ નષ્ટ થઈ જશે. વિધિની વક્રતા પણ કેવી છે! સવારે ઊઠીને જયનિકા તરફ નજર કરતાં શરીર ઠંડું દેખાયું, આંખો ઊંડી ઊતરી ગયેલી જણાઈ. હાથ લઈને નાડી જોઈ તો નાડી બંધ. જયનિકાનું મૃત્યુ જોયું. સંસારના જીવનરૂપી બાગમાં ખીલેલું વૃક્ષ વસંતઋતુમાં પાનખરની દશાને પામ્યું. જયદીપના જીવનમાં આ એક અણધારી આફત આવી પડી. આ વાતની જનકને ખબર પડી. જનકે મિત્રપત્નીના અકાળ અવસાન માટે જયદીપને આશ્વાસન આપ્યું. જયદીપની નીંદ હરામ થઈ ગઈ હતી. પત્નીની સ્મૃતિ હૃદય પર આવતી હતી. મનમંદિરમાં સ્થાન પામી ચૂકેલી જયનિકાને ભૂલવાના પ્રયત્ન નિષ્ફળ નીવડ્યા હતા. આ ફાની દુનિયાને છોડીને અમર લોકમાં સિધાવેલી જયનિકાના સાચા સ્નેહથી પ્રેરાયેલો જયદીપ હવે વિધુર તરીકેનું જીવન જીવવા લાગ્યો અને ફરીથી ન પરણવાની પ્રતિજ્ઞા કરી. જ્યોતિને આ પ્રતિજ્ઞાની જાણ થતાં જયદીપને હાર્દિક અનુમોદન આપ્યું. જયદીપના જીવનનો સાચો આનંદ લૂંટાઈ ગયો હતો. એના હાસ્યમાં બાહ્ય દૃષ્ટિએ કૃત્રિમતા હતી. હસવું પડે છે માટે હસતો હતો. જીવનમાં એકલતા સાલવા લાગી. અવારનવાર મિત્રને ત્યાં પણ જતો હતો, પણ જે અંતરના ઉમળકાથી 'જ્યોતિભાભી' કે 'જનકભાઈ' કહીને જવાતું એને બદલે શરમનો માર્યો કે સમય પસાર કરવા કે એકલતાના અગાધ દુઃખને હળવું કરવા જતો; જોકે જનકે તો મિત્ર જયદીપને ગમે ત્યારે પણ આવવા જણાવ્યું હતું. ભાભીના અવસાનની ખોટ તો આ જન્મમાં પુરાવાની નથી. પત્નીના હાથની સુંદર અને સ્વાદિષ્ઠ રસોઈને બદલે લોજની રસોઈથી ખાઈને દિવસો પસાર કરતો હતો. નોકરીમાં પણ કામનો આનંદ ન હતો. અકાળે વૃદ્ધાવસ્થાથી કંટાળેલા જુવાન કે પ્રૌઢની જેમ દિવસો પસાર કરી રહ્યો હતો. હવે તો જયદીપના જીવનમાં શાંતિ કે દિલાસો, સુખ દુઃખની વાત કે અંતરનો અવાજ સાંભળનાર કે માર્ગદર્શન આપનાર જનક અને જ્યોત્સ્ના સિવાય કોઈ જ ન હતું. જ્યારે જ્યારે એ નોકરી કે બીજા કામથી છૂટતો કે જનકને ત્યાં આવતો અને સમય પસાર કરતો ત્યારે પોતાનું જ ઘર હોય એમ માનીને વર્તતો, કોઈ કોઈ વાર તો ઘરકામમાં મદદ પણ કરતો. જનકને પણ મિત્રના દુઃખથી કારમો આઘાત લાગ્યો હતો અને એની પ્રતિજ્ઞા માટે માન ઊપજ્યું હતું. સાથે સાથે એ પણ વિચાર આવ્યો કે વૃત્તિઓ ઉપર કાબૂ મેળવીને શેષ જીવન વિતાવવું એ ખરેખર કસોટી જ છે. ધન્ય છે એની ઊંચી મનોવૃત્તિને. વસંતનો મીઠો મધુર આહ્લાદક પવન વાતો હતો. જ્યોતિ શાંતિથી ઊંઘતી હતી અને જનક પવનની લહેરમાં વિચારોને વેગે સ્પર્ધા કરતો પડી રહ્યો હતો, પોતાની પત્નીના ગુણોને હૃદયપૂર્વક સ્મરી રહ્યો હતો. એ મોકો મળતાં પત્નીના કાર્યની પ્રશંસા કરવાનું ચૂકતો નહિ, કારણ કે ગૃહજીવનના સુખને માટે પતિ પત્નીના સંબંધોમાં આ એક આવશ્યક અંગ છે. સારી રસોઈ, અતિશ્રમનું કામ, સેવાચાકરી તથા બીજાં કેટલાંક કામોમાં નિઃસ્વાર્થ સેવાનું મૂલ્યાંકન અંતરાત્મ.થી પ્રશંસા-આભારના બે બોલ નવચેતન અર્પે છે.

પતિના જમ્યા પછી જમવું, ઘરકામ પણ જાતે જ કરી લેવું, બકુલના અભ્યાસ તેમજ નાની ટેવો ખાવું પીવું બેસવું ઊઠવું સ્વચ્છતા કપડાં વગેરેની ચોકસાઈ એ નોંધપાત્ર ગુણ છે. એનું સસ્મિત વદન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખીલતી કળાને યાદ આપતું હતું. શાંતિપ્રિયતાના ગુણને લીધે કદી પણ ઝગડો તો થયો જ નથી. 'એક વફાદાર પત્ની તરીકેનું હું ગૌરવ અનુભવું છું. આહાહા ! મારી જેવી પત્ની સૌને મળે તો સ્વર્ગ તો હાથવેંત જ હોય ને ?' આ પ્રમાણે જનકના મનની અંદર પત્નીના ગુણોની સ્મૃતિ ચાલી રહી હતી અને ક્યારે ઊંઘી ગયો એની ખબર પણ ન રહી. સવાર થયું. દૈનિક કાર્યક્રમ પતાવીને જનક ઑફિસે ગયો. મેનેજરે કહ્યું કે તમારે ૧૦ દિવસની ટૂર પર જવાનું છે એટલે ત્યાંથી બે જ કલાકમાં પાછો આવ્યો અને જનકે જ્યોતિને કહ્યું : "હું આજે પૂના તથા મદ્રાસ તરફના ૧૦-૧૫ દિવસના પ્રવાસે જાઉં છું, તું કોઈ જાતની ચિંતા ન કરીશ. લે આ રૂપિયા ૨૦૦-૦૦, જરૂર પડે તે મુજબ વાપરજે." પાડોશમાં રહેતા શેઠના ઘરમાંથી ટેલિફોન કરીને જનકે પોતાના મિત્ર જયદીપને પોતાના પ્રવાસની ખબર આપી. મિત્રે પણ પ્રવાસની સફળતા માટે શુભેચ્છા પાઠવી. રાતના મદ્રાસમેઈલમાં જનક પ્રવાસે ઊપડયો. જ્યોતિ પણ બકુલને લઈને સ્ટેશન પર વિદાય આપવા આવી હતી. અત્યાર સુધી આમ તો નજીકના પરામાં પતિને જવું પડતું પણ અવાર-નવાર આવી રીતે લાંબા પ્રવાસે પણ જવું પડતું. રાતના ૧૦ વાગ્યે ઘેર આવી અને પતિના સાંનિધ્યથી દૂર એવી જ્યોતિ બકુલની સાથે બાળભાષામાં મીઠી વાતો કરતી સૂઈ ગઈ. જ્યોતિ રાત દિવસ પોતાનાં ગૃહકામ તેમજ બકુલની કામગીરીમાં દિવસ ગુજારતી હતી. જયદીપ પણ એકલો હોવાથી જનકને ત્યા આવતો અને થોડો સમય બેસી જતો રહેતો, કારણ કે અત્યારે જ્યોતિ એકલી હતી, છતાં જ્યાં સ્નેહ છે ત્યાં કોઈ શંકાને સ્થાન નથી. બીજે દિવસે સવારે જ્યોતિનું માથું દુઃખી આવ્યું અને શરીરમાં પીડા થવા લાગી. બપોરનાં તાવ પણ આવ્યો. એ સહેજ ગભરાઈ ગઈ. દવા લાવનાર પણ કોઈ ન હતું. શરીરના સાંધા એટલા બધા દુખતા હતા કે પથારીમાં પડખાં ફેરવીને સમય પસાર કરવા લાગી. સાંજ પડી. જયદીપ આવ્યો. બકુલ સાથે વિનોદવાર્તા દ્વારા ગમ્મત કરતાં જ્યોતિભાભીનો અવાજ ઘરમાં પ્રવેશતાં સંભાળાયો નહિ. ઘરમાં આવતાંની સાથે જ ભાભીને પથારીમાં સૂતેલાં જોઈ એકદમ હૃદયમાં પોતાની પત્નીની બીમારીની હાલતની સ્મૃતિ થઈ આવી. મનને રોકી રાખી અમંગળ શંકાઓથી દૂર રહ્યો. ભાભીની તબિયતના સમાચાર જાણ્યા. જયદીપે તરત જ ડૉકટરને બોલાવ્યા અને સારવાર શરૂ કરી, ડૉકટરે નિદાન કરી બતાવ્યું કે "ટાઇફોડ તાવ છે માટે ધ્યાન રાખજો. ટેમ્પરેચર નોંધતા રહેજો. ડોન્ટ વરી, શી વિલ બી ઑલરાઇટ." ડૉકટર જતા રહ્યા. મિત્ર તો હતો નહિ તેથી જયદીપ નોકરી સિવાયનો બધો જ સમય ભાભીની સારવાર તથા બકુલના ખાવા પીવા તેમજ બીજા કામમાં ગાળવા લાગ્યો. આ રીતે જયદીપભાઈની સેવાચાકરી તેમજ નિષ્ઠાથી જ્યોતિ મનમાં બહુ જ ધન્યતા અનુભવવા લાગી. પોતાના 'પતિની ગેરહાજરીમાં આવી કાળજી રાખીને કોણ ધ્યાન આપે ? પુરુષને મન તો સ્ત્રી એ રમકડું છે. દવા કરાવવા પૈસા આપી દૂર જાય, પણ આજકાલ આવી રીતે સેવા કરનાર પુરુષ તો જવલ્લે જ મળે. સાચે જ જયદીપ ભાઈ સુખદુઃખના સાથી વફાદાર મિત્ર છે.' આ પ્રમાણે વિચારતાં વિચારતાં કોઈક વાર આંખમાં આંસુ પણ આવી જતાં. ચારપાંચ દિવસ થયા અને પત્ર આવ્યો કે '૧૦ દિવસ વધુ રોકાવાનો છું, જેથી આવી શકું એમ નથી.' એવા સમાચાર મળ્યા. જયદીપે મિત્રને પત્ર લખી જણાવ્યું હતું કે 'ભાભીને ટાઈફોડ થયો છે. સારવાર ચાલે છે. તમે કોઈ પણ જાતની ચિંતા કરશો નહિ' આમ ૧૦-૧૫ દિવસ પસાર થઈ ગયા. જનકને મદ્રાસ આ સમાચાર જાણીને દુઃખ થયું. પણ ઑફિસના કામને લીધે તરત જઈ શકાય એમ ન હતું છતાં કામ જલ્દી પતાવી બીમાર પત્નીની પાસે પહોંચવું એમ મનમાં નિશ્ચય કર્યો. જયદીપ જ્યોતિભાભીની મિત્રની ગેરહાજરીમાં ખૂબ જ સારવાર કરતો રહ્યો. તાવ ચડઊતર થતો હતો, જેથી અવારનવાર કોલન વૉટરના પાણીનાં પોતાં મૂકીને માવજત કરતો. આમ જ્યોતિની તબિયત સુધરવા લાગી. હવે તો જ્યોતિ અને જયદીપ ખૂબ જ નિકટ આવ્યાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકબીજાંના હૃદયમાં સેવા દ્વારા અનેરું આકર્ષણ પેદા થયું. બંને આત્મીયતા અનુભવવા લાગ્યાં. એક સાંજે જયદીપ પથારીમાં સૂતેલી જ્યોતિની પાસે બેસીને દવા આપી રહ્યો હતો. આ વખતે પતિના અનાગમન અને પોતાની બીમારીથી લાગણીવશ બનતાં આંખો અશ્રુભીની થઈ.

જયદીપનું હૈયું ભરાઈ આવ્યું અને કહ્યું : "ભાભી ! તમે મનમાં ઓછું ન આણશો. હવે બહુ દિવસ થયા છે. જનકભાઈ આજે આવશે એમ લાગે છે, કારણ કે મારી જમણી આંખ ફરકે છે એટલે ચોક્કસ આજે આવવા જ જોઈએ." એટલું બોલવાનું પૂરું થાય કે તરત જ ધીમેથી જનક આવ્યો અને જયદીપ તથા જ્યોતિને જે સ્થિતિમાં જોયાં તે જોઈને મનમાં અનિષ્ટ શંકા સેવવા લાગ્યો. જનક એવી રીતે આવ્યો કે બંનેમાંનાં કોઈને પણ ખબર ન પડી. પથારીની નજીક જયદીપને પોતાની સમક્ષ બેઠેલો જોઈને મનમાં દુઃખના ભાવ પેદા થયા. એ કૃત્રિમ રીતે હસ્યો અને પત્નીની માંદગી તથા ઘરના સમાચાર વગેરે જયદીપ પાસેથી જાણ્યા. જયદીપે પણ મિત્રને ખૂબ જ સ્વસ્થતાથી બધી જ હકીકત કહી. પછી તો જયદીપ ઘેર ગયો અને ભોજન કર્યા બાદ મીઠી નીંદમાં ડૂબી ગયો. જનકના મનમાં આજથી એક ઝેરી બીજ રોપાયું. પત્નીની તબિયત દિવસે દિવસે સુધરવા લાગી અને દરરોજની જેમ પ્રભાતથી રાત્રિ સુધીનાં કાર્ય ઉત્સાહથી કરવા લાગી, પણ જ્યોતિને લાગ્યું કે પ્રવાસથી આવ્યા પછી-થી પતિદેવના પ્રેમમાં અંતરનો અવાજ નથી, પણ કૃત્રિમતા લાગે છે. એમના બોલવામાં ને હસવામાં સહૃદયતા નથી. આ બાબતનું કારણ એ સમજી શકી. મનમાં વિચારતી : કદાચ મારી તબિયત અંગે ચિંતા થતી હશે. પ્રવાસના થાકથી કંટાળ્યા હશે, જેથી સ્વસ્થ નથી લાગતા, પણ જ્યોતિની દૃષ્ટિ ન પહોંચે તેવી અમંગળ શંકાથી પણ ઉદાસ બન્યા છે એ જ્યોતિના નિર્દોષ હૈયામાં આવી ન શક્યું, કારણ કે દૃષ્ટિ તેવી સૃષ્ટિ. રાત્રે જનક સૂઈ ગયો. પ્રવાસ પછીથી પ્રથમ રાત્રિથી જ મનમાં વિચારતો થઈ ગયો હતો કે 'જે જ્યોતિને હું સતી સમી સાધ્વી સ્ત્રી માનતો હતો અને જેને મેં મારું સર્વસ્વ સમર્પણ કર્યું છે તે સ્ત્રીનો મારા મિત્ર સાથે સંબંધ કેવો ? જો સ્ત્રી અંતે હૃદયદાન કર્યા પછી પણ આ રીતે બેવફા બની શકે તો પછી સાચા સ્નેહનો અર્થ શો ? જયદીપ સાચો મિત્ર નથી, પણ એ દગા-બાજ મિત્ર છે. મિત્રતાના ચંચળા હેઠળ છૂપી રીતે જ્યોતિની સાથે પ્રેમ કરે છે.' વગેરે વિચારોના વહેણમાં ગોથાં ખાતાં સૂઈ ગયો. હવે રાત એને ભયંકર લાગવા માંડી. દૃષ્ટિ સમક્ષ જ્યોતિની પથારી, જયદીપની અતિનિકટ બેઠેલી આકૃતિ, જ્યોતિનાં આંસુ, જયદીપનું આશ્વાસન વગેરે દેખાતું અને પત્ની તરફ શંકાની નજરે જોવા લાગ્યો.

જયદીપ એ જ મિત્રને ત્યાં આવતો, પણ જયદીપ તરફનું વર્તન પણ જનકનું બદલાઈ ગયું હતું. હવે એઓ જયારે મળતા ત્યારે સામાન્ય વાતચીત થતી, એકબીજાના અંતરની વાતોમાં રસ ન હતો, જીવનમાં કંટાળો જણાતો. જયદીપને પણ મિત્રના વર્તનના અણધાર્યા પરિણામથી નવાઈ લાગી અને એણે પણ વિચાર્યું કે 'દિલ વગર જવું ને મળવું બેકાર છે. જો મારા આવવાથી જનકને કંઈ દુઃખ થતું હોય તો દૂરથી જ મળીને સંબંધ સારો રહે.' જનકે પોતાની શંકાની વાત જ્યોતિને કહી જ નહિ, પણ જ્યોતિને પતિની શંકાની ગંધ આવવા લાગી હતી. એક દિવસે રાત્રે જનકે જ્યોતિને પોતાના મનની વાત કહી દીધી : "તું અપવિત્ર છે." જ્યોતિએ પોતાની પવિત્રતાની સોગંદપૂર્વક ખાતરી આપી, પણ પુરુષની શંકાને દૂર કરવી એ બ્રહ્માથી પણ શક્ય નથી. પુરુષ સ્ત્રીને શંકાની નજરે જોઈ શકે અને મનસ્વી વર્તન આચરી શકે, પણ પુરુષ પુરુષને શંકાની નજરે જોઈને સત્ય જાણવાની માગણી કરે તો અધિકારથી સ્ત્રીને દબાવવાની વાત કરશે. જ્યોતિના મનની શંકા પતિના કહેવાથી સાચી પડી અને પ્રવાસથી આવ્યા બાદ સ્વામિનાથના પરિવર્તિત સ્વભાવને કળી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગઈ. મનથી એ પીડાવા લાગી. હવે એ દિલ ખોલીને બોલતી, પણ પતિનો રિસ્પેન્સ સામાન્ય હતો. ફરીથી જ્યોતિને બીમારી આવી. આ બીમારીમાં માનસિક યાતનાએ પણ ભાગ ભજવ્યો. હવે ચિંતાથી જ્યોતિની જ્યોતિર્મય કાંતિ નિસ્તેજ બનવા લાગી. જનક વિલાયતી દવાઓ લાવીને જ્યોતિની સારવાર કરતો હતો છતાં દિનપ્રતિદિન એ વધુ બીમાર થતી ગઈ. એની બીમારીનું ખરું કારણ તો માનસિક હતું. સ્ત્રી બધું જ સહન કરી શકે છે, પણ નિર્દોષ અને નિર્મળ ઝરણું ર મી, જીવનમાં સ્વપ્ન કે જેની સાથે આત્મીયતા અનુભવીને જીવનસાગરની નૌકામાં બેસી સફર કરતાં ખોટું કલંક કે શંકાથી, સ્ત્રીના કોમળ હૃદયને વજ્રાઘાતની પીડા આવે તે સહન નથી કરી શકતી.

શનિવારની સંધ્યાએ જનક ઑફિસેથી આવ્યો. જ્યોતિને પોતાના શરીરનું ભાન ન હતું. એ બોલાવવા છતાં બોલી શકતી નથી. શરીર ફિક્કું પડી ગયું હતું. ચિંતાથી એ મૃતપ્રાય બની રહી હતી. મધ્યરાત્રિનો સમય હતો. સાથેની જ શય્યામાં જનક દુઃખી મનથી ઉદાસ બનીને આંખો ચોળતો પડખાં બદલીને ઊંઘવાના નિરર્થક પ્રયત્ન કરી રહ્યો હતો. એકાએક જ્યોતિ બોલવા લાગી : "સ્વામિનાથ! સ્વામિનાથ! માફ કરજો. હું જાઉં છું, અહીંથી તમારા સુખને માટે. બકુલને સંભાળજો. હું પવિત્ર છું. સ્ત્રી પુરુષને સમજી શકે છે, પણ પુરુષ સ્ત્રીને શંકાની નજરે જ જોતો આવ્યો છે, સમજી શકતો નથી. સ્ત્રી તો સર્વસ્વનું દાન કરે છે, સહન કરે છે. જયદીપ સાથે મારે કંઈ ખરાબ સંબંધ નથી. માનવું હોય તો માનજો. બસ, હવે હું ચાલી. આ શરીર છૂટ્યું સમજો. હવે તમારા આત્માને શાંતિ થશે. ઓ ભગવાન! ઓ પ્રભુ! સન્માર્ગે લઈ જજે." આ સાંભળીને જનક બેઠો થઈ ગયો, નાડીના ધબકારા વધી ગયા અને જ્યોતિ તરફ નજર કરતાં જોયું કે એ ચિર નિદ્રામાં પોઢી ગઈ હતી. જનક હવે શું બોલે? યૌવનના ઉન્માદમાં શંકાશીલ બનીને આપમેળે જ જીવનવૃક્ષ પર શંકારૂપી કુહાડો મારીને નષ્ટ કર્યું. 'જ્યોતિ' 'જ્યોતિ'ના ઉદ્ગારોથી એ હૈયાફાટ રુદન કરવા લાગ્યો.

ઠે. ૩/૧ માણેકશા, અષ્ટમંગલ ફ્લેટ, આબ્સ ફૅક્ટરી પાસે, બીલીમોરા-૩૯૬૩૨૧

## 'મૌન રુદન'

વૃક્ષ ઊભું જીર્ણ શુષ્ક સૂકું
નિરાશ હતાશ ઉદાસ
ડૂસકાં ભરે.
અતીતની યાદમાં અશ્રુ સારે.
હતી અહીં શી મનહર ઘટા!
વસંતોત્સવે શી રંગીન છટા!
હસતાં હરિત પર્ણ ઉછંગે,
ઝૂલતાં સમીર સંગ ઉમંગે,
વેરાન રણમાં મૌન રુદન
એ આજ કરે,
આછાં ફીકાં પીળાં પર્ણ ખખડે,
વાયુપ્રકોપે ખરંતા હાથ રઝળે!
કાળજું કોમળ નિત ફફડે,
વેરાન રેતીનું રણ રડે,
વૃક્ષ ઊભું જીર્ણ શુષ્ક સૂકું,
નિરાશ હતાશ ઉદાસ
ડૂસકાં ભરે.
આજે કથળી ગઈ જુવાન કાયા,
હતી ત્યારે દીધી સૌને શીતળ છાયા.
ટાઢ તડકો વર્ષા સહ્યાં,
કટુવચન ના બે કહ્યાં.
આજ ન સાથે કોઈ રહ્યા.
જોતા નથી પાછા વળી, ગયા તે ગયા.
કોણ છે કોનું? સમજ ના કંઈ પડે,
હે દયાસિંધુ! દયાબિંદુ ન ક્યાંય જડે.
હવે તો સુકાઈ ગયાં છે અશ્રુ,
વૃક્ષ ઊભું જીર્ણ શુષ્ક સૂકું,
વેરાન રણમાં એકલું,
મૌન રુદન કરે.

ડૉ. ચંપકભાઈ ર. મોદી
સરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ-૩૮૭૦૦૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સરકતી સાઇકલ સાથે

[લઘુવાર્તા]

શ્રી પીયૂષ પંડ્યા, "જ્યોતિ"

એની સાઇકલ જેવી નહેરુ બ્રિજ ઉપર આવી કે તરત એણે જતનથી સેવેલા વિચારોનાં પંખીડાં પાંખો ફફડાવવા મંડ્યાં, કલરવ કરવા મંડ્યાં અને એ પંખીડાંની પાંખે એ વિહરવા લાગ્યો... "એ... હા, તું શું મારાથી આગળ નીકળવાનો છે? હા, સ્કૂટર છે એટલે દોડાવ, પણ પાછળ બૈરીને... બૈરી ન પણ હોય... છોકરીને બેસાડી છે એટલે વટ મારે છે? મારેય બૈરી છે, તેં બેસાડી છે તે છોકરી કરતાં ક્યાંય રૂપાળી છે... તું શું વટ મારે છે? ઠીક છે, મારી પાસે સાઇકલ છે તેથી તું સ્કૂટરવાળો મારાથી આગળ નીકળે છે, પણ મારી પાસે સ્કૂટર આવશે ત્યારે જોજે ને!... માળા લોકો કમાય છે ખૂબ, પણ મારા કરતાં ખરચે છેય વધારે ને? એને 'ખરચે છે' એમ થોડું કહેવાય? વેડફે છે એમ જ કહેવાય. હા, ખૂબ વેડફે છે... મારી પાસે પૈસા આવશે ને ત્યારે...? ત્યારે...? એ પેલી મોટરમાં આગળ બેઠેલી સ્ત્રીએ સિલ્કની સાડી પહેરી છે તેવી સાડી મારી પત્ની માટે ખરીદીશ, એવી ઘણીબધી સાડી ખરીદીશ... મારા બાળક માટે સુંદર મઝાનાં કપડાં અને એક એકથી ચડે તેવાં રમકડાં ખરીદીશ. અત્યારે જે મકાનમાં રહીએ છીએ તે અમારા ત્રણ માટે પણ નાનું પડે. એક રૂમ અને એક રસોડું... બસ, એવડું રહેવા માટે મકાન? આટલું નાનું તે કાંઈ માણસને રહેવા માટે મકાન હોતું હશે? હું મોટું મકાન લઈશ, જેમાં એક ઑફિસ-રૂમ, જેને સિટિંગ-રૂમ કહે તે રૂમ, ડાઇનિંગ-રૂમ, ગેસ્ટ માટેનો રૂમ, મારા બાળકનો રૂમ અને પછી મને ખૂબ ગમતો મારી પત્ની માટેનો મારો બેડરૂમ... આટલું હોય તેવડું મકાન લઈશ. સોસાયટીમાં નથી પડવું. મારી પત્ની પણ એવું જ કહે છે. સોસાયટી-માં બધા એકસરખા માણસો હોય, એ લોકોને પોતાના ઘરને ભવ્ય રીતે શણગારવાની ઇચ્છા જ ન હોય. પૈસા આવે તે ગણી ગણીને વાપરે, પછી બૅન્કમાં જમા કરાવે અને મકાનના હપ્તા ચૂકવે... આપણે તો જમીન ખરીદી ભવ્ય બંગલો બનાવીશું શહેરની પોશ લૉકાલિટીમાં હોય તેવો બંગલો બનાવીશું... બંગલાને આંગણું હશે-ઇન્ડિયન ક્લાસિકલ આંગણું. મને આંગણાવાળું જ ઘર ગમે. ઘર એનાથી કેવું શોભી ઊઠે! પછી સુંદર બગીચો બનાવીશ, શહેરના ઉત્તમ બગીચાનો વખણાયેલ માળી મારા બગીચા માટે રોકી લઈશ... એ માગશે તેટલો પગાર આપીશ. પત્નીને બગીચામાં ફુવારો અને ઝૂલો બહુ ગમે... એ પણ રાખીશ. રોજ સાંજે બગીચામાં ફુવારાની સામે રાખેલા ઝૂલા ઉપર અમે પતિ-પત્ની બેસીને ચા પીશું, આનંદની વાતો કરીશું અને દિવસભરના થાકને પળમાત્રમાં દૂર કરી તાજાં તાજાં થઈ જઈશું... સાલું... હમણાં હમણાં ઘેર જતી વખતે થાક બહુ લાગે છે. હા, ઑફિસમાં આ તહેવારોને કારણે કામ વધી ગયું છે એટલે થાક લાગતો હશે. એ તો સારું છે કે હમણાં આ સાઇકલ ખરીદી તેથી બસની લાઈનમાં ઊભા રહેવું પડતું નથી... લાઈનમાં ઊભા ઊભા થાકી જઈએ ત્યારે બસમાં ચડવાનો વારો આવે અને બસમાં કોને ખબર, બેસવા મળે કે ન મળે! ઊભા રહેવું પડે તો તો ત્રાસ ત્રાસ થઈ જાય... ઘર પણ કાંઈ ઓછું દૂર? સારું છે કે સાઇકલ લેવાઈ ગઈ અને બંદાને જાણે મોટર મળી ગઈ!... હા, મારી પાસે પૈસા આવશે ત્યારે મોટર પણ લઈશ, પેલો શેઠ રોજ પસાર થાય છે મારા રસ્તે રસ્તે... કોઈક વાર તો સવાર સાંજ બેય વખત રસ્તે મળી જાય... એની ફૂલફટાકડી બૈરીને લઈને. હુંય મારી પત્નીને મોટરમાં ફેરવીશ. હું એને મારી આ સાઇકલ ઉપર ફરવા લઈ જાઉં છું ત્યારે એ કેવી રાજી રાજી થઈ જાય છે! એવું લાગે કે જાણે એને સુખનો સાગર મળી ગયો! બહુ ભોળી છે એ; મને બહુ જ ગમે છે... હું મોટર લઈશ ત્યારે રોજ સવાર-સાંજ એને આખા શહેરમાં ફરવા લઈ જઈશ.... લે! સાઈડ બંધ થઈ ગઈ! આ પોલીસ પણ અત્યારે સાઈડ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાષ્ટ્રવિકાસમાં અવરોધક તત્ત્વો

આચાર્યા શ્રીમતી અરવિંદાબહેન મ. મહેતા

ભારતીય જનતાનાં અહિંસક તથા હિંસક આંદોલનોના અને અસંખ્ય શહીદોની શહાદતના પરિણામે ભારતભૂમિ ગુલામીની જંજીરોમાંથી મુક્ત થઈ. ૧૫ મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ આપણો દેશ આઝાદ થયો, આપણે સ્વતંત્ર થયાં, ભારતીય જનતા મુક્તિનો શ્વાસ લેવા લાગી, પણ...

આ સ્વતંત્રતા કેવી, કોની? પ્રત્યેક દેશવાસી ઉન્નત મનુષ્ય તરીકે મુક્ત રૂપે જીવી શકે એવી અપેક્ષા આ સ્વતંત્રતા—આઝાદી પાસેથી રાખવામાં આવે એ સાવ સ્વાભાવિક છે. જો કોઈ પણ દેશવાસી પોતાના અંગત સ્વાર્થ માટે, હિત માટે વિચાર કરે ને એ મુજબ જ વર્તે તેમજ પોતાનાં અન્ય દેશવાસીઓના હિતની દરકાર ન કરે તો એ સ્વતંત્રતાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે એમ પણ ચોક્કસ કહી શકાય, એટલે કે સમગ્ર દેશવાસીઓનું કલ્યાણ થાય, આખા દેશનો—રાષ્ટ્રનો સમુચિત વિકાસ થાય એવું વાતાવરણ તૈયાર કરવાનું કામ સ્વતંત્ર દેશમાં જ થઈ શકે ને? એનું જ નામ આઝાદી સ્વતંત્રતા યા મુક્તિ. આવી તક આપણને ૧૯૪૭ માં સાંપડી.

સ્વતંત્રતાના અર્થની ચર્ચા કરતાં મને એક ઘટના યાદ આવે છે. સ્વતંત્ર દેશની એક મહિલાએ આઝાદીનો અર્થ પોતાની બુદ્ધિ-મતિ પ્રમાણે કર્યો: કોઈ પણ જાતની રોકટોક વિના મન ફાવે તેમ કરવાનું. એક દિવસ એ પોતાના ઘેરથી બહાર નીકળી. બજારમાં ખરીદી કરવા માટે શહેરના રાજમાર્ગની પગથી પર એ ચાલતી જતી હતી. ચાલતાં અચાનક એ અટકી ગઈ: પગથી પર ઊભી રહીને એ રાજમાર્ગ પર પસાર થતાં ખટારા મોટરો સાઇકલો રિક્શાઓ જેવાં અનેક ઝડપી ગતિશીલ વાહનોની વણથંભી વણજાર જોતી જ રહી. અચાનક એના મનમાં વિચાર આવ્યો કે જો આ બધાંય વાહન અને એ ચલાવનાર, એમાં બેસનાર લોકો રસ્તા વચ્ચે જ પસાર થતાં હોય તો મારે જ શું કામ આ પગથી પર ચાલવું જોઈએ? હું પણ એક સ્વતંત્ર વ્યક્તિ છું, જ્યાં મન થાય ત્યાં ચાલી શકું. બસ, મનમાં તરંગ આવવાની જ વાર હતી. તરત જ પગથી છોડીને સડકની વચ્ચે એ ચાલવા લાગી. ચારે બાજુથી વાહનોની દોડધામમાં એ અટવાઈ ગઈ. પોતાની જાતને બચાવવાની ઘણીયે મથામણ પછી આખરે એ એક સાઇકલ-સવાર સાથે અથડાઈ પડી. બિચારો સાઇકલ-સવાર હાંફળો ફાંફળો થઈ ગયો. એ પોતે પણ પડી ગયેલો, પણ એને બહુ વાગ્યું નહોતું. એણે પહેલાં પેલી મહિલાને બેઠી કરી, હાથ ઝાલી પગથી તરફ દોરી ગયો. અચાનક ભટકાઈને પડી જવાથી એને થોડું વાગેલું, પણ એ તો બૂમાબૂમ કરી ઊઠી, બિચારા સાઇકલ-સવારને કેટલીય ગાળો સંભળાવી દીધી: "જુઓ તો ખરા! જાણે એના બાપનો રસ્તો હોય એમ સાઇકલ ચલાવે છે! આંખો પર ડાબલા જેવાં મોટાં ચશ્માં ચડાવ્યાં છે, પણ આંધળો જ લાગે છે! રસ્તા પર ચાલતું માણસ એને દેખાતું જ નથી..." પેલો સાઇકલ-સવાર આ બધું સાંભળી રહ્યો હતો. આખરે એણે પૂછ્યું: "પણ, માજી! તમે પગથી પર ચાલવાને બદલે સડકની વચ્ચે વચ્ચે શું કામ ચાલતાં હતાં? આટલાં બધાં વાહનોની ભીડમાં તમે અટવાઈ જાઓ એમાં શી નવાઈ?" આટલું સાંભળતાં વેંત એ ફરી છંછેડાઈ ઊઠી: "કેમ? હું શું કામ પગથી પર ચાલું? તું કોણ છે મને એવું કહેનારો? હું સ્વતંત્ર દેશની નાગરિક છું. મન ફાવે ત્યાં ચાલું એમાં તારું શું જાય છે?" "માજી! તમારી વાત તો સાચી કે તમે સ્વતંત્ર છો, નાગરિક છો, પણ આપણી સ્વતંત્રતાનીયે એક મર્યાદા હોય ને?"

આમ આ ઘટના સ્વતંત્રતાનો વાસ્તવિક અર્થ સમજાવી જાય છે. આઝાદીની આવી મનોવૃત્તિનો શિકાર આજે આપણા દેશમાં ઘણુંય લોક થઈ પડેલાં છે ને? આપણા દેશના બંધારણમાં અપાયેલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વતંત્ર નાગરિકોના મૂળભૂત અધિકારો અંગે મનમાન્યા અર્થ તારવી સ્વાર્થી લોકો પોતાનું જ હિત સાધવાના કેવા અને કેટલા પ્રયાસ કરે છે એ આજકાલ ક્યાં અજાણ્યું છે? રાષ્ટ્રવિકાસમાં સૌથી પહેલું અવરોધક તત્ત્વ આ જ છે એમ કહેવાની જરૂર ખરી કે?

ખરેખર તો સ્વાધીનતા મળ્યા બાદ આપણે દેશનું નવ-નિર્માણ કરવાનું હતું, વિકાસની કેડીઓ પર આગળ વધવાનું હતું, નવીન જીવનમૂલ્યોની સ્થાપના કરવાની હતી, અખિલ વિશ્વમાં એક આદર્શ રાષ્ટ્રના નમૂના-રૂપે આપણા દેશને રજૂ કરીને આપણી પ્રતિષ્ઠા વધારવાની હતી, વળી બીજી બાજુ, દેશના કરોડો બાંધવોને સુખ શાંતિ સમૃદ્ધિ અને આઝાદી આપવાની હતી, દેશનો ઔદ્યોગિક વિકાસ સાધવાનો હતો. આવાં ભગીરથ કાર્યો માટે દેશની જનતાએ કઠોર પરિશ્રમ કરવો જ રહ્યો, સુવ્યવસ્થિત આયોજન વિચારી સમગ્ર દેશનાં ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરવો રહ્યો જ. આ ધ્યેય પ્રાપ્ત કરવા માટે જ દેશના વડાપ્રધાન સ્વ. પંડિત જવાહરલાલ નહેરુજી 'આરામ હરામ હૈ'નું સૂત્ર આપી પોતે અવિરત કાર્ય કરતા રહ્યા ને દેશવાસીઓને એવી પ્રેરણા આપતા રહ્યા. આમ છતાંય આજે એનાં પરિણામોનો વિચાર કરતાં વિકાસની ગતિ અતિ મંદ અને નિરાશાજનક લાગે છે. આપણા સન્નિષ્ઠ પ્રયાસો અને અવિરત પરિશ્રમ છતાંયે આજે દેશની જનતા વિક્ષુબ્ધ વિચલિત ત્રસ્ત ક્ષુધિત અને પીડિત છે. ૩૮ વર્ષોની આઝાદી પછીયે અસંખ્ય લોકો બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યાં છે. ક્યાં જવું અને શું કરવું એ સવાલ મૂંઝવી રહ્યો છે. આમ કેમ? આટલાં વર્ષોની આઝાદી પણ આપણે ધ્યેયસિદ્ધિની મંઝિલે કેમ પહોંચી શક્યાં નથી? આવા પ્રશ્નોના ઉત્તર પણ ક્યાં અજાણ્યા છે? આપણે સૌ એ તથ્ય જાણીએ જ છીએ કે દેશને ત્રણ-ચાર વિદેશી આક્રમણોનો સામનો કરવો પડ્યો છે, અરે! એટલું જ નહિ, પણ કેટલીયે કુદરતી આફતો—દુષ્કાળ પૂર વાવાઝોડાં ધરતીકંપ વગેરે વગેરે પણ દેશના વિકાસમાં અવરોધરૂપ બની ચૂકેલ છે, પરંતુ આ ઉપરાંત વધુ દુઃખની વાત તો એ છે કે ઉપર્યુક્ત પ્રાકૃતિક પ્રકોપો ઉપરાંત આપણને આપણા દ્વારા જ સર્જાયેલ અનેક સમસ્યાઓનો સામનો પણ કરવો પડે છે; જેમકે દેશવ્યાપી અનીતિ ભ્રષ્ટાચાર દાણચોરી, અનિયંત્રિત વસ્તીવધારો, સંકુચિત પ્રાદેશિક મનોવૃત્તિ, કામચોરી, કર્તવ્ય-ફરજપાલનમાં નિષ્ઠાનો અભાવ અને અંગત સ્વાર્થ ખાતર દેશદ્રોહી બનવાની તત્પરતા, આવાં અનેક તત્ત્વ રાષ્ટ્રના વિકાસમાં અવરોધક પરિબળોરૂપે કામ કરતાં હોય ત્યારે દેશનાં સર્વાંગી વિકાસ અને સમુન્નતિ ક્યાંથી થાય?

સંક્ષેપમાં, દરેક નાગરિક દ્વારા પોતાની ફરજનું નિષ્ઠાપૂર્વક પાલન ન થાય તો રાષ્ટ્રનો વિકાસ પણ ન થાય એ હકીકત છે ને? દેશમાં કેટલાંક એવાં સંકુચિત મનોવૃત્તિવાળાં તત્ત્વ પણ છે કે જે રાષ્ટ્રવિકાસમાં નડતરરૂપ બની રહ્યાં છે અને દેશવાસીઓમાં પરસ્પર દ્વેષ ઈર્ષ્યા અને વેરઝેરની લાગણીઓ ઉશ્કેરી રહ્યાં છે. આવાં પરિબળોની સંકુચિત લોભી સ્વાર્થી દેશદ્રોહી મનોવૃત્તિ અને કાર્યપદ્ધતિ દેશના રાષ્ટ્રવ્યાપી વિકાસમાં સૌથી મોટું અવરોધક તત્ત્વ છે.

આવું જ એક બીજું મોટું અવરોધક પરિબળ છે દાણચોરી કાળાં-બજાર અને બેનામી નાણાનું. આજે દેશનું કોઈ પણ શહેર આ રોગથી ભાગ્યેજ મુક્ત હશે. ખૂણે ખૂણે એનો ચેપ પ્રસરી ગયો છે. બજારોમાં મોંઘવારી વધારવામાં આ તત્ત્વોનો હિસ્સો નાનોસૂનો નથી. દેશની જનતા મોંઘવારીની નાગચૂડ તેમ ભાવવધારાના વિષચક્રમાં એવી તો ફસાઈ-અટવાઈ ગઈ છે કે એમાંથી છૂટવાનો કોઈ આરો કે કોઈ ઉપાય દેખાતો જ નથી. સરકારો અનેક પ્રયાસ કરે છે, પણ એ ભાગ્યેજ સફળ થાય છે. ઘણી વાર તો એવા પ્રયાસોનું વળી ઊલટું જ પરિણામ આવે છે.

વધુ ધન કમાઈ લેવાની અને અનર્ગળ સંપત્તિ જમા કરવાની મનોવૃત્તિ પણ માઝા મૂકી રહી છે, જેને કારણે બજારોમાં સામાન્ય જરૂરિયાતની ચીજ-વસ્તુઓની અછત વરતાય છે; જોકે આ અછત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચી નથી, કૃત્રિમ બનાવટી અથવા વેપારી ચાલબાજી જ છે. વધારે નાણું ખર્ચવાની તૈયારી જો બતાવાય તો આવી અછત ક્યાંય નડે એમ નથી, પણ એનાથી દેશની સામાન્ય જનતાની હાડમારીઓ તો વધતી જ જાય છે. આમ સંગ્રહખોરી, કાળાં બજાર, બેનામી નાણું એ સમાજનાં સમાનતા નીતિમત્તા ન્યાય શાંતિ વગેરેનો ભોગ લે છે. દેશનાં સામાજિક જીવન અને આર્થિક માળખા પર આનો ભારે બૂરો પ્રભાવ પડી રહ્યો છે. રાષ્ટ્રના વિકાસમાં અવરોધક આવાં તત્ત્વ કેમ કરીને દૂર થઈ શકે?

આ કાળાં નાણાંનો જ પ્રભાવ સામાજિક પ્રથાઓ પર પણ દેખાઈ આવે છે. દહેજની પ્રથા એનું એક ઉદાહરણ છે. કેટલીય નવવધૂઓનાં અરમાનોની હોળી આ દહેજ-પ્રથાને લીધે અને કાળાં નાણાંના જોરે થઈ ચૂકી છે એ ક્યાં અજાણ્યું છે? ધનસંપત્તિ એકત્ર કરવાની હોડમાં ડૂબેલો સમાજ દેશહિત રાષ્ટ્રવિકાસ ચારિત્ર્યભાવના નીતિમત્તા વગેરે વગેરે સદ્‌ગુણોનો વિચાર શી રીતે કરી શકે? કાળાં નાણાંના પ્રભાવે કરીને માનવીય મૂલ્યોનું અધઃપતન, ભૌતિક ભોગ-વિલાસની મનોવૃત્તિ અને લાંચરુશવત તથા ભ્રષ્ટાચારના કીડા રાષ્ટ્રના વિકાસરૂપી વૃક્ષને કોતરી કોતરી એનો સર્વનાશ કરી રહ્યાં છે.

રાષ્ટ્ર-વિકાસમાં અવરોધક એવું આવું જ બીજું આનુષંગિક તત્ત્વ છે દાણચોરી ને કરચોરી. વિદેશી ચીજ વસ્તુઓના મોહને વશ થઈ લોકો સ્વદેશીનો આગ્રહ ભૂલી રહ્યાં છે ને જાણ્યેઅજાણ્યે દાણચોરીને પોષી રહ્યાં છે. સુવર્ણ પ્રત્યેનો મોહ પણ એનું એક મોટું પ્રેરક બળ છે. એ સિવાય વિદેશી કાપડ ઘડિયાળો કેમેરા રેડિયો ટી.વી, વી.સી.આર, સોના ચાંદી જેવી અનેકાનેક વસ્તુઓ ચોરી-છૂપીથી પરદેશોમાંથી લાવી દેશમાં ઘુસાડી દેવામાં આવે છે. પરિણામે દેશના આર્થિક વિકાસને ભારે ફટકો પડે છે.

કાળું નાણું અને દાણચોરી જેવાં અવરોધક તત્ત્વો ઉપરાંત બેહદ વસ્તી-વધારો અને એને પરિણામે વધતી બેકારી પણ દેશના વિકાસનાં અવરોધક તત્ત્વ છે. દેશનાં અનેક કારખાનાં, અસંખ્ય ખેતરો કેટલુંય ઉત્પાદન કરે છે, છતાં વધતી જતી વસ્તી માટે એ ઓછું જ પડે છે. આ બધાં તત્ત્વ માનવ-સર્જિત અવરોધક પરિબળો છે. આપણે જ એનું સર્જન કર્યું છે, જે આપણા જ વિકાસને અવરોધી રહ્યાં છે.

આવું જ એક બીજું માનવસર્જિત અવરોધક તત્ત્વ છે કોમી એકતાનો અભાવ. આપણો દેશ અનેક ધર્મો સમાજો કોમોના વૈવિધ્યથી ભરપૂર છે. આપણો સમાજ બહુરૂપી જનસમાજ છે. આપણો દેશ દુનિયાના તમામ દેશો કરતાં વધુ સારો છે.

"સારે જહાંસે અચ્છા હિન્દોસ્તાં હમારા...
હિન્દી હૈ હમ; વતન હૈ હિન્દોસ્તાં હમારા..."

એ આપણું રાષ્ટ્રગાન જાણે કે ભૂતકાલીન ગાણું બની ગયું છે. આપણે માત્ર હિંદુ જૈન મુસ્લિમ પારસી શીખ કે ખ્રિસ્તી જ નથી, આપણે સૌ પહેલાં ભારતીય છીએ, પછી બીજું કાંઈ છીએ, એ આપણો રાષ્ટ્રિય આદર્શ કેમ ભુલાઈ ગયો? સ્વાર્થપરક સંકુચિત દૃષ્ટિકોણ, સહનશીલતાનો અભાવ અને સત્તાલાલસાએ આપણા રાષ્ટ્રમાં પ્રાદેશિક ભાવનાને બહેકાવી દીધી છે. કાશ્મીરથી છેક કન્યાકુમારી અને દ્વારકાથી છેક આસામ સુધી ભારતનો વિસ્તાર છે, માત્ર ગુજરાત મહારાષ્ટ્ર પંજાબ બંગાળ કે કર્ણાટક જ નહિ. પોતપોતાના પ્રદેશના વિકાસની સંકુચિત મનોવૃત્તિમાં ઘણી વાર દીર્ઘદૃષ્ટિ ને ઉદારતાનો અભાવ વરતાઈ આવે છે. પ્રાદેશિક વિકાસના નામે રાષ્ટ્રિય વિકાસનું બલિદાન શા માટે દેવાય? આ ન સમજાય તેવી વાત છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર્યુક્ત તમામ અવરોધક તત્ત્વોના મૂળમાં છે રાષ્ટ્રિય અનુશાસનનો અભાવ, વિવિધતામાં એકતા સમજવાની ખામી, દીર્ઘદષ્ટિની અછત. સમગ્ર ભારતીય જીવનને ચિરંજીવ બનાવનારી સંજીવની જેવો પ્રભાવ રાખનાર આત્મસંયમ કે જેની આવશ્યકતા કેવળ વ્યક્તિ માટે જ નહિ, સમાજ કે પ્રદેશ માટે જ નહિ, સમગ્ર રાષ્ટ્રની ઉન્નતિ અને વિકાસ માટે છે, જે અનિવાર્ય છે. પ્રત્યેક દેશવાસી રાષ્ટ્રનો સાચો નાગરિક ત્યારે જ બની શકે કે જ્યારે એ રાષ્ટ્રિય અનુશાસનના કર્તવ્ય માટે કટિબદ્ધ બની રહે. અનુશાસનની અખૂટ શક્તિના બળે કરીને જ અવરોધક તત્ત્વો નાબૂદ થશે અને રાષ્ટ્ર વિકાસના સોપાન પર આગળ વધીને ધ્યેય સિદ્ધ કરી શકાશે. આપણે સૌ દેશબાંધવ એકત્ર થઈને આ ભગીરથ કાર્ય સન્નિષ્ઠ પ્રયાસોથી પાર પાડીશું તો રાષ્ટ્ર-વિકાસની સિદ્ધિનાં શિખર જરૂર સર કરી શકીશું એમાં કોઈ શંકા નથી.

ઠે.' ઓસવાલ નિવાસ', શિક્ષક કોલોની, જૂનાગઢ રોડ, વેરાવળ-૩૬૨ ૨૬૬

---

[ અનુસંધાન પા. ૧૬ નું ચાલુ ]

મુલતાનખાંએ મહારાણાને પૂછ્યું કે મને ભાલો મારનાર વીર પુરુષ કોણ હતો ? મહારાણાએ પોતાની પાસે ઊભેલા કોઈ સૈનિક તરફ ઇશારો કર્યો. મુલતાનખાંએ ઇન્કાર કર્યો; એટલી વારમાં કુંવર અમરસિંહજી પિતાજીને ઘણા સમયથી એક જ જગ્યાએ ઊભેલા જોઈને સ્થળ પર દોડી આવ્યા. એ વખતે મહારાણાએ મુલતાનખાંને કહ્યું કે આ વીર પુરુષે તમને ભાલો માર્યો હતો અને એ વીર પુરુષ મારો પાટવી કુંવર છે. આટલું સાંભળ્યા પછી મુલતાનખાંના ચહેરા ઉપરથી ઉદાસીનતા દૂર થઈ ગઈ અને કહેવા લાગ્યો કે હવે મને અફસોસ નથી, કારણ કે મારું મૃત્યુ વીર પુરુષના હાથે થયું છે. મહારાણા પ્રતાપ પાસે સર્વસલામતી જોઈ અમરસિંહજી ફરી યુદ્ધમાં જોડાઈ ગયા.

મહારાણાએ મુલતાનખાંને પૂછ્યું કે તમારી કાંઈ ઇચ્છા છે? મુલતાનખાંએ ઇશારાથી પાણી પીવાની ઇચ્છા દર્શાવી. મહારાણાની પાસે ઊભેલા પાણીની ઝારીવાળા સૈનિકને મહારાણાએ આજ્ઞા કરી કે મુલતાનખાંને પાણી પાઓ. સૈનિકે ઘોડા પરથી ઊતરીને સોનાની ઝારીમાંથી એને ગંગાજળ પાયું. પછી તરત જ એનું મૃત્યુ થયું.

પછી ધીમે ધીમે ચડાઈ દ્વારા કોશીથલ ચૌધ બાગડ ભીમગઢ કુંભલગઢ ઉદેપુર છપ્પન વગેરે પરગણાંઓ ઉપર એક પછી એક વિજય મેળવીને ચિત્તોડગઢ સિવાય આખું મેવાડ પાછું જીતી લીધું. હાલ ચાવંડ ગામમાં એમના અંત્યેષ્ટિસ્થાન પર મહારાણાની આરસના પથ્થરની છત્રી મોજૂદ છે.

વીંછિયા-૩૬૦ ૦૫૫

---

## વસ્તીવિસ્ફોટનો ઉપાય

(સવૈયા)

વસ્તીવધારો હલ કરવાનો દર્શાવું સ્હેલો ઉપાય :
સ્વતંત્રતા રાજ્યોને આપો, સર્વ તણી છે એવી માંગ;
જુઓ પછી એ પ્હેલાં જેવાં લડશે એકબીજાની સાથ,
વસ્તી તણો નીકળશે ખોડો, નથી કોઈને આવ્યું જ્ઞાન.

મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮ નટવરલાલ જોશી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાષ્ટ્ર-એકતાનું નિર્માણ

**(આંતરિક એકતાનો આદર્શ : ભ્રાતૃભાવ)** **શ્રી હર્ષદ જોશી**

રાષ્ટ્ર-એકતાના વિકાસની બીજી અવસ્થા સામાજિક માળખાના જ પરિવર્તનરૂપ રહેલી છે, જેનાથી રાજનૈતિક અને શાસનકર્તાની એકતાનું શક્તિશાળી મહત્ત્વ દરેક કેંદ્રને માટે આપી શકાય.

આ પરિસ્થિતિની સાથે એક શક્તિશાળી પ્રતિ-બળ પણ મહત્ત્વ રૂપે જડાયેલું છે જ કે જેનાથી સ્વતંત્રતાની જડ સમાજના વર્ગોના ક્રમથી પ્રાપ્ત થાય છે તેને પણ નષ્ટ કરવું જ જોઈએ. સામાન્ય રીતે સત્તા એક એવી રાજ્યકર્તા સરકારના હાથોમાં સોંપી દેવામાં આવે કે જે હંમેશાં મનસ્વી — આપખૂદ નહિ, પણ કંઈક શક્તિશાળી અવશ્ય હોય, પરંતુ આધુનિક પ્રજાતંત્રીય વિચારો મુજબ શાસકને લોકો એવી પરિસ્થિતિમાં-સ્વરૂપમાં સ્વીકારે છે કે જ્યાંથી-જ્યાંસુધી એ રાજ્યજીવન (રાષ્ટ્ર-જીવન)નો નકામો-નિષ્ક્રિય તેમજ નામનો જ પ્રધાન, સેવક અથવા શાસનકાર્ય માટે અનુકૂળતાવાળો કેંદ્રરૂપ હોય. વાસ્તવિક રીતે નિયંત્રણ રાખવા માટે હવે એની કોઈ જરૂરત રહી નથી, પરંતુ એમાં કોઈ અત્યુક્તિ નથી રહી, કેમકે રાષ્ટ્ર-પ્રતિરૂપના વિકાસમાં એનો વિકાસ મધ્યયુગમાં થઈ ચૂક્યો હતો. એક શક્તિશાળી રાજાનું ઐતિહાસિક મહત્ત્વ રહ્યું છે, ત્યાં સુધી કે સ્વતંત્રતાપ્રેમી, દ્વિપક્ષીય-ભાવયુક્ત અને વ્યક્તિવાદી ઇંગ્લેન્ડમાં પણ પ્લેટેજેનેટ્સ અને ટ્યુડર્સ રાજા એવા વાસ્તવિક અને સક્રિય કેંદ્ર-બિંદુ હતા. એમને અનુસરીને અને વિકાસ પામીને રાષ્ટ્ર એક દૃઢ રૂપે પરિપક્વ શક્તિને પ્રાપ્ત કરી ચૂક્યું. આવું સ્પેન જર્મની અને ઇટલીમાં બન્યું.

પરંતુ જર્મનીની બાબતમાં કહેવાય છે ઈવાનો અને પીટરો વગર રશિયાનું અસ્તિત્વ ત્યાં ન હોત. આધુનિક સમયમાં પણ હોહેનસોલર્નસે જર્મનીનાં એકીકરણ અને વિકાસ માટે જ મધ્યયુગ જેવું કાર્ય કર્યું તેનાથી પણ જનતંત્રવાદી પ્રજાઓએ એ વ્યાકુળતા અને વિસ્મયના ભાવમાં જોયું છે, કેમકે એ લોકો માટે આ પ્રકારની ઘટનાને સમજવી એ કઠિન હતું જ, એના કરતાંય એની વાસ્તવિકતા ઉપર વિશ્વાસ કરવો એ તો પુષ્કળ કઠણ હતું.

પરંતુ આપણે બાલ્કનનાં નવાં રાષ્ટ્રોના પ્રથમ નિર્માણયુગમાં પણ આજ આ જ વાત જોઈ શકીએ છીએ, છતાં પણ આ આવશ્યકતા હવે એટલી વાસ્તવિક રહી નથી, પરંતુ આ જાતિઓ — ગ્નાતિઓના અચેતનમાં આનો હજુ પણ અનુભવ કરી શકાય છે.

આધુનિક પદ્ધતિમાં રાષ્ટ્રસ્વરૂપમાં જાપાનનું નવનિર્માણ મિકાડોએ પણ આ જ પ્રકારના કાર્યથી કર્યું. નવ-નિર્માતાઓની સહજ પ્રેરણા આ આંતરિક જરૂરિયાતને પૂરી કરવા માટે એને પોતાના અસલ એકાંતવાસમાંથી બહાર ખેંચી લાવી હતી.

પરંતુ રાષ્ટ્રિય વિકાસની આ આંદોલનની વિશિષ્ટ ભૂમિકા ભલે ગમે તેટલી હિતકારી હોય છતાં પણ એની સાથે પાછો વિનાશક રૂપમાં જ ગ્નાતિઓની આંતરિક સ્વતંત્રતાઓનો એક વિરોધ રહેલો જ છે, જે આધુનિક મનોવૃત્તિનો પ્રાચીન રાજતંત્રીય આપખૂદ પદ્ધતિ અને પ્રવૃત્તિઓ માટે સ્વાભાવિક, પણ અવૈજ્ઞાનિક પદ્ધતિથી અત્યંત અઉદારણીય મંતવ્ય માટે બંધનકર્તા ઠરે છે, કેમકે એ હંમેશાં કેંદ્રીકરણ કઠોરતા એકરૂપતા, મજબૂત નિયંત્રણ એક જ નિર્દેશનું કાર્ય હોય છે. એક જ કાનૂન, એક જ સિદ્ધાંત, એક જ સત્તાને સાર્વભૌમત્વનું રૂપ આપવાનો જરૂરિયાત પૂરી કરવાની છે,

આ જ વાતને ધ્યાનમાં રાખતાં આપણે ટ્યુડર અને સ્ટુઅર્ટ રાજવંશોના પ્રજા પર રાજ્યતંત્રીય સત્તા અને ધાર્મિક એકતા લાદવાના પ્રયત્નોને સ્પષ્ટ રૂપમાં સમજી શકીએ છીએ. એનાથી ફ્રાન્સને ધર્મ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુદ્ધોના, સ્પેનને કેથલિક રાજ્યતંત્રીય અને ન્યાયાલયી અન્વેષણને અત્યંત ખરાબ પદ્ધતિમય અને રશિયાને નિરકુંશ ઝારોની આપખુદ પદ્ધતિના રાષ્ટ્રિય ધર્મ લાદવાથી પીડાવું પડયું એ આપણી સમજમાં આવે છે. ઇંગ્લેન્ડમાં આ પ્રયત્નોને સફળતા ન મળી.

આ કારણથી નિશ્ચયપૂર્વક મનુષ્યના આત્માને માટે આ પદ્ધતિ અત્યાચારરૂપ છે.

આ વિકાસમાં રાજતંત્રીય રાજ્યે માનવોની ધાર્મિક સ્વતંત્રતાને કચડી નાખી હતી. ફરી પાછી એને અગ્રિમ બનાવી લીધી. મહદ્ અંશે મિત્રતાપૂર્વક ધાર્મિક સંઘને અને એમના દૈવી અધિકારના પુરોહિત તથા ધર્મને સાંસારિક રાજ્યપદના સેવક બનાવી લીધા. એમણે ખરાબ તંત્રની સ્વતંત્રતા નષ્ટ કરી નાખી. ફક્ત એમના માટે કેટલાક.... અધિકાર માત્ર રાખ્યા. એમણે મધ્યમવર્ગની અને જ્ઞાતિ-વર્ગની સ્વતંત્રતાનો નાશ કર્યો, એમની વાસ્તવિક અને સજીવ નાગરિક સ્વતંત્રતાનો નાશ કરી દીધો.

આપણે આ વિશાળ ક્રાંતિકારી આંદોલનનું આંતરિક ઔચિત્ય જોઈ લીધું છે.

ફક્ત આપણા જ અસ્તિત્વને માટે રાષ્ટ્ર-એકતાનું નિર્માણ નહિ થઈ શકે અને ન તો ટકી રહી શકે.

એનો આશય એ હોય છે કે માનવ-સમુદાયોના એવા બૃહત્સ્તરીય સંગઠનનું નિર્માણ કરવાનું છે કે જેમાં સમસ્ત જ્ઞાતિ—ફક્ત વર્ગ અને વ્યક્તિ નહિ—આપણા પૂર્ણ માનવ-વિકાસની તરફ વધી શકે, જ્યાંસુધી નિર્માણ કાર્ય માટે શ્રમ કરવો પડે. એ બૃહત્સ્તરીય વિકાસ રોકાઈ શકે છે, પરંતુ જ્યારે સમુદાયને પોતાના અસ્તિત્વપણા વિશે દઢતા થઈ જાય અને એ આંતરિક વિસ્તાર જરૂરિયાતનો અનુભવ કરવા લાગે તો એનું પ્રયોજન રહેશે નહિ. ત્યારે એ જૂનાં બંધન તોડવાં પડશે. નિર્માણનાં સાધનોના વિકાસમાર્ગમાં અડચણ સમજીને ત્યાગવું પડશે. ત્યારે સ્વતંત્રતા જાતિ-માનવજાતિનો પ્રેરક શબ્દ થઈ જશે.

ઠે. વ્યાસવાસણા (તા. કપડવંજ-૩૮૭૬૨૦) (શ્રી અરવિંદના 'રાષ્ટ્ર-એકતા લેખ'નો ભાવાનુવાદ)

---

## સમય ચાલ્યો ગયો

અર્થને ઠેબે ચડાવીને સમય ચાલ્યો ગયો,
શબ્દને પોકળ બનાવીને સમય ચાલ્યો ગયો.
હાથ ઘસતી રહી ગઈ આબોહવા સંબંધની,
શ્વેત અંગૂઠો બતાવીને સમય ચાલ્યો ગયો.
કેદ રસ્તો જ્યાં થયો તે બારણું ખોલી અને
આભ આખુંયે ગજાવીને સમય ચાલ્યો ગયો.
ફૂલ જેવા રંગ ને આ ઓરડામાં બંધ હું,
મ્હેકની ભીંતો સજાવીને સમય ચાલ્યો ગયો.
વાટ સૂની રહી ગઈ ને વાવટો ફરક્યા કરે,
સૌ દિશાઓ હચમચાવીને સમય ચાલ્યો ગયો.
ડૂબકી મારી સફળ સંવેદનાના સાગરે
નાવ ભાષાની ડુબાવીને સમય ચાલ્યો ગયો.

**પથિક પરમાર**

ઠે. શિવકૃપા સોસાયટી,
કુંભારવાડો, ભાવનગર-૩૬૪૦૦૬

## ત્યક્તાના દુહા !

સીતાપરીના વ્હેણમાં સૂરજ ફંગોળાય,
કાંઠે ડૂબી જાય હોડી નમતી વેળની.
કોમળ મારા ટેરવે છે ઝલમલની ઝૂલ,
સ્પર્શી ઊડે ફૂલ ખરતાં મનની ડાળથી.
દરિયા જેવી જાત ને રેતી જેવી આંખ,
ફીણ ભરેલી પાંખ ચારેપા ઊડયા કરે.
આંગણ ઊભા છાંયડે, ચકરાતું એકાંત,
પગરવનો વૃત્તાંત વેરાઈ જાતો ધૂળમાં.
બનાવ નામે ચાડિયો ધુમ્મસમાં ભીંજાય,
અફવા હિલ્લોળાય આલાલીલા વાયરે.
પીળા પમરખ પાંદડે લૂમેઝૂમે ઝાડ,
દંતકથાના ઘાડ પાડે પડઘા પાદરે.

**અલ્પ ત્રિવેદી**

અમૃતવેલ-૩૬૪૨૯૦, વાયા: મહુવા (બંદર)
(જિ. ભાવનગર)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જે પડકારોનો ભારતીય સંસ્કૃતિ આજે સામનો કરે છે

ડૉ. પ્રિયબાળા શાહ

'સંસ્કૃતિ' શબ્દ માનવસમાજની સ્થિતિનો ખ્યાલ આપે છે, જેને આપણે 'સુધરેલા' 'ઊંચા' 'સભ્ય' વગેરે વિશેષણોથી વિભૂષિત કરીએ છીએ. દેશદેશના આચાર ભિન્ન હોવાથી સુધારવાની ભાવના પણ ભિન્ન રહે છે, તેથી પણ આ ભિન્નતા સંબંધી ઊંડાણથી જોવાય તો એમાં અંતર્ગત એકતા અવશ્ય હોય છે. ભિન્નતા માત્ર બાહ્ય છે, આંતરિક નથી. સંસ્કૃતિનાં મૂળ તત્ત્વ બધા દેશોમાં એક જ હોય છે. દેશકાલ પ્રમાણે બાહ્ય સ્વરૂપમાં અંતર હોય એ સ્વાભાવિક છે.

પ્રાચીન ભારતવર્ષમાં શારીરિક માનસિક અને આત્મિક શક્તિના વિકાસને માનવજીવનનું ધ્યેય માનવામાં આવતું હતું. ધર્મ અર્થ કામ અને મોક્ષ વગેરેની પ્રાપ્તિ માટે મનુષ્યને જીવતા રહેવું જોઈએ, પરંતુ વીસમી સદીમાં કૃત્રિમતાએ માનવસમુદાય ઉપર પૂરો અધિકાર જમાવ્યો છે. દૈવી સંપત્તિને બદલે આસુરી સંપત્તિનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. સ્વાર્થનું પ્રભુત્વ જણાય છે. પ્રત્યેક વાત ધનના ત્રાજવે તોળાય છે. ધનવાન તો વિદ્વાન કુળવાન જ્ઞાનવાન મનાય છે. ધનથી વિશ્વવિદ્યાલયોની મોટી મોટી પદવીઓ પ્રાપ્ત કરી શકાય છે. ટૂંકમાં, જેની પાસે ધન છે તે સુસંસ્કૃત મનાય છે. પ્રકૃતિનાં રહસ્ય સમજીને એ જ્ઞાનનો ઉપયોગ એકબીજાનો નાશ કરવામાં થાય છે. પાશ્ચાત્ય જગત પણ પોતાને સુસંસ્કૃત અને પોતાની સંસ્કૃતિને આદર્શ સંસ્કૃતિ માનવામાં ખચકાતું નથી.

ઔદ્યોગિક ક્રાંતિને કારણે મનુષ્યની શક્તિની જગ્યાએ યંત્રોની શક્તિએ સ્થાન લીધું. યંત્રયુગના પ્રાદુર્ભાવને કારણે ભારતીય સમાજની સંપૂર્ણ વ્યવસ્થા બદલાઈ ગઈ, સમાજમાં અનેક વિષમતા ઉત્પન્ન થઈ. એની સૌ-પ્રથમ અસર પોશાક ઉપર પડી : સ્ત્રીઓના અને પુરુષોના પોશાકો. સ્ત્રીઓના પોશાકોમાં સાડી ચણિયા ઓઢણામાંથી ટૂંકાં સ્કર્ટ-ફ્રૉક અને બેલબોટમ પહેરાવા લાગ્યાં. છોકરા જેવો પોશાક અને ટૂંકા વાળ થવા લાગ્યા. પુરુષોના પોશાકમાં ધોતીને બદલે પેન્ટ દાખલ થયાં.

વાહનોમાં મોટર-સાઇકલ મોટર-ગાડી સ્કૂટર વગેરે દાખલ થયાં. એને જ કારણે પોશાકમાં પરિવર્તન આવ્યું, કારણ કે સ્ત્રીઓ આવાં વાહનોનો ઉપયોગ કરતી થઈ. રમતગમત-ક્ષેત્રે મર્દાનગીની રમતો ક્રિકેટ જેવામાં સ્ત્રીઓના પ્રવેશે પુરુષ જેવાં કપડાં પહેરતી સ્ત્રીઓને કરી. ભારતીય સંસ્કૃતિ "એડજસ્ટમેન્ટ"—બાંધછોડની સંસ્કૃતિ છે. આપણી જીવનરીતિ એ પ્રકારની થઈ ગઈ છે કે માણસ હંમેશાં બાંધછોડ કરવા તૈયાર હોય છે અને પોતાના રૂઢિગત વિચારો સાથે સમાધાન કરી લે છે. બંગાળી કવિ ચંદ્રસેન હિંદુની વ્યાખ્યા આપતાં કહે છે કે 'હિંદુ એ કે જે ભારતમાં અને બંને પક્ષે ભારતીય માબાપથી જન્મ્યો હોય અને જેણે પોતાની જ્ઞાતિના રિવાજોને માન આપીને સ્વીકાર્યા હોય.' પ્રાચીન સમયના મુખ્ય ચાર વર્ણોને બદલે અનેક જ્ઞાતિઓ આજે આપણે જોઈએ છીએ. ઊતરતી જ્ઞાતિનો કોઈ સભ્ય પાણી કે ખોરાક આપે તો ઉચ્ચ જ્ઞાતિને એનો સ્વીકાર કરવાની મનાઈ હોય છે. એવી જ રીતે પોતાની જ્ઞાતિ બહાર લગ્ન પણ અશક્ય બને છે. આજે આ લગ્નવ્યવસ્થા ભારતીય સંસ્કૃતિને માટે પડકાર-રૂપ છે. અત્યારે ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાતિપ્રથા અભૂતપૂર્વ છે કે જેનાં કેટલાંક બંધનોને કારણે ધાર્મિક અને બીજા હક્કોથી લોકોના સમુદાયને વંચિત રાખવામાં આવે છે. આવી સંસ્થામાં દરેક વ્યક્તિનું સ્થાન તેમ મોભો નિશ્ચિત હોય છે. દરેક પોતાની સેવા સમાજને આપતું હોય છે. એ જુદાં જુદાં જૂથો સાથે મૈત્રીસંબંધ ધરાવે છતાં પણ ખોરાક-પાણી અને લગ્નનાં સંબંધ (રોટી-બેટી-વહેવાર) એવાં લોક એકબીજાં સાથે બાંધતાં નથી. પોતાની શ્રદ્ધા-માન્યતાને જાળવવાનું એમને માટે મહત્ત્વનું છે તેથી બે જૂથો વચ્ચેના અંતરની ખાઈ વધતી જાય છે; જેમકે હરિજનો. અસ્પૃશ્યતા એવી ઘર કરી ગઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે એને કાઢવાનો પ્રયત્ન પણ સરકારી કાયદા દ્વારા પાર પડી શકતો નથી. દરેક વર્ગ સમાજનો એક ભાગ છે તેનાથી વિવિધતામાં એકતા જણાય છે. દરેકનું સ્થાન ભારતીય ફિલસૂફી પ્રમાણે કર્મથી નક્કી થયેલું છે. એમની મોક્ષની માન્યતા ધર્મના સિદ્ધાંતોને આભારી છે. સમગ્ર ધર્મ નિયમો ફરજ ગુણ વ્યવસ્થા કાયદા અને જીવનના આદર્શોમાં સમાયેલો છે.

ખોરાક માટેના નિયમ વધુ કડક હતા. ખોરાક માણસના ગુણ-સારા કે ખોટા ઉપર આધાર રાખે છે, ઉપરાંત માણસનાં સ્વાસ્થ્ય ચારિત્ર્ય સ્વભાવ વગેરે ઉપર પણ અસર કરે છે. 'અન્ન તેવો ઓડકાર' તેથી ખોરાકને મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચી દેવામાં આવે છે : સાત્ત્વિક ખોરાક બુદ્ધિને વિકસાવે છે, રાજસ ક્રોધી અને 'રેસ્ટલેસ' કરે છે, તામસ માણસને આળસુ અને મંદ કરે છે,

લગ્ન પોતાની જ્ઞાતિમાં હોય તે જ ધાર્મિક-પવિત્ર. એને જ કાયદાનો લાભ મળે. શ્રીમંત હોય કે ગમે તે પ્રકારની આર્થિક સ્થિતિ હોય કે ગમે તે ધર્મ પાળનાર હોય, પણ એને માટે લગ્નનાં બંધન તો ખરાં જ. રૂઢિચુસ્તોએ પણ પોતાની જ્ઞાતિ બહાર લગ્ન કરવાની મનાઈ કરવા છતાં પણ નિષેધને ગણકાર્યા વગર આંતરજ્ઞાતીય લગ્નો થતાં જાય છે.

આપણી સંસ્કૃતિ બાંધછોડમાં માનનારી છે તેથી પોતાના વ્યવસાય માટે પરદેશ ગયાં હોય કે ભણવા ગયાં હોય અને ત્યાં સ્થિર થયાં હોય તોપણ, બંને સંસ્કૃતિમાં ખેંચાણ માનસિક રીતે થતું હોય તોપણ પોતાની ભારતીય સંસ્કૃતિને ભૂલતાં નથી કે મૂકતાં નથી. ભારતીયો જ્યાં જાય ત્યાં પોતાનાં ભાષા ખોરાક ધર્મ લગ્ન પોશાક વગેરેને ભૂલતાં નથી. કામ પર જાય ત્યારે કામને અનુકૂળ વસ્ત્ર પહેરે, પરંતુ ઘેર આવે ત્યારે એ વસ્ત્રોને તિલાંજલિ આપીને પોતાનો (સ્વદેશી) પોશાક પહેરે ત્યારે એઓને મનથી હાસ થાય. ક્યારેક એવું બનતું હોય છે કે પોતાનો ભારતીય પોશાક ઘરમાં ન પહેરે, પણ લગ્ન પ્રસંગે, કેટલીક મિજબાનીઓ કે સમારંભોમાં હાજરી આપતી વખતે અચૂક પોતાના અલંકાર અને પોતાનો દેશી પોશાક પહેરવાનો આગ્રહ રાખે. ઘરમાં પોતાની ભાષાનો ઉપયોગ વાતચીતમાં કરતાં હોય છે. પોતાનાં બાળકોને દેશની લિપિ ન આવડી હોય તો એમને માટે હવે ભજન કીર્તન વગેરે રોમન લિપિમાં છપાય છે. પોતે નવા મકાનમાં કે ફ્લેટમાં રહેવા જાય, નવી નોકરી કે નવો વ્યવસાય શરૂ કરવાનો હોય કે જન્મદિવસ ઊજવવાનો હોય તોપણ પોતાની સંસ્કૃતિની રૂઢિગત-પરંપરાગત પ્રણાલીને જ અનુસરે છે. એ વખતે જરૂરી ધાર્મિક વિધિ કરવામાં આવે છે. ઘરના એક ખૂણામાં આરસ સુખડ કે હાથીદાંતની દેવની મૂર્તિઓ-કૃષ્ણ શિવ સરસ્વતી ગણેશ વગેરેની મૂર્તિઓ મૂકવામાં આવે છે. રોજ સવારે ત્યાં ધૂપસળી કરવામાં આવે છે. જ્યાં હિંદુઓની સંખ્યા વધારે હોય ત્યાં મંદિર પણ બંધાવે છે. એ રીતે પોતાના ધર્મનું સ્મરણ કરે છે. આ ઉપરાંત રોજિંદા જીવનનું મહત્ત્વ એ રસોઈ. ભારતીય રસોઈ ઘણો સમય માગી લે છે તોપણ પોતાના રોજિંદા વ્યવસાય સાથે ભારતીય સ્ત્રીઓ પોતાના સ્વાદ અને શોખ પ્રમાણે ભારતીય વાનગીઓનો સ્વાદ માણે છે. જુદા જુદા પ્રસંગની મિજબાનીઓ, લગ્નપ્રસંગ, રાષ્ટ્રિય તહેવાર કે માત્ર સંમેલનમાં તો ભારતીય વાનગીઓ ખાસ પીરસવામાં આવે છે.

લગ્ન-સંસ્કારનું મહત્ત્વ જીવનમાં ઘણું છે. પરદેશમાં રહેવા છતાં પણ પોતાની પુત્રવધૂ અમુક સંસ્કારવાળી અર્થાત્ ભારતીય સંસ્કારવાળી હોવાનો આગ્રહ રખાય છે. પોતાની પુત્રીને પાશ્ચાત્ય ઢબે કેળવી હોય તોપણ પુત્રવધૂ તો ભારતીય સંસ્કારવાળી જ જોઈએ, અર્થાત્ સંયુક્ત કુટુંબને અપનાવે તેવી, ઘર અને રસોડું સંભાળે તેવી હોવી જોઈએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેથી કામ ન કરી શકે તો પણ શું ? સાસુ-સસરાની સેવા કરવી એ શું વહુની ફરજ નથી? સાવિત્રીએ સત્યવાનનાં આંધળાં મા-બાપની સેવા કરી હતી. માતાની સેવા કરે, નાના ભાઈને ભણાવવા-ની ફરજ બજાવે અને નોકરીમાં પ્રામાણિક રહીને સાદાઈથી સંતોષી જીવન ગુજારવા ઇચ્છે તેવા પતિને માટે તારે ગર્વ લેવો જોઈએ, બેટા! બીજાની દેખાદેખી કરવાનો કંઈ અર્થ નથી. તારે તો તારા પતિને એની ફરજ બજાવે એમાં પૂરો સાથ-સહકાર આપવો જોઈએ. એને બદલે તું એનાથી ઝઘડીને અહીં ચાલી આવી એ બહુ ખોટું થયું છે. ચાલ, હું અત્યારે જ તારી સાથે તમારે ઘેર આવું છું. સાસુ-સસરાની સેવા કરે અને મા-બાપ તથા શ્વશુર બંને કુળની આબરૂ વધારે તેને જ કુળ-વધૂ કહી શકાય. પોતાના ગુણોથી એ ગૃહલક્ષ્મી બની બંને કુળનો ઉદ્ધાર કરે છે. શ્વશુરગૃહે ગુરુજનની સેવા કરવાની મહારાજ જનકે પુત્રી સીતાને તથા મહર્ષિ કણ્વે પોતાની પાલિતા પુત્રી શકુંતલાને સાસરે વિદાય આપતી વખતે અમૂલ્ય શિખામણ આપી હતી એ આપણો આર્યધર્મ છે, આપણો સંસ્કાર-વારસો છે. પતિનું શ્રેય ઇચ્છે તથા એ ગરીબ બેકાર કે બીમાર હોય તોપણ એને હિંમત આપે તથા જરૂર પડ્યે પરિશ્રમ કરીને, પોતે કમાઈને પણ પતિ તથા સાસુ-સસરા વગેરે આશ્રિતોને પોષે તે સાચી ગૃહ-લક્ષ્મી કહેવાય. ભૂતકાળમાં આપણી ઘણી બહેનોએ એ પ્રમાણે કર્યું છે."

લક્ષ્મીદાસ માલતીને લઈને એને સાસરે પહોંચ્યા અને ત્યાં સંતોકબાની માફી માગીને તથા દીકરીને પતિની સાચી અર્ધાંગના તથા સહધર્મચારિણી બની રહેવાની શિખામણ આપીને, સમજાવીને પછી ત્યાંથી વિદાય થયા.

ઠે. ગંગાબજાર, અંજાર-૩૭૦ ૧૧૦ (કચ્છ)

## ક્યાંથી પડે ?

વ્હેમનું આકાશ પણ તૂટી પડે,
સાવ હળવી યાદ પણ ભારી પડે.
પત્ર પડછાયો બનીને ઘૂઘવે,
આ ગઝલમાં અર્થ થઈ આવી પડે.
લાગણીની ઓટ પણ આવી જશે,
આ વરસતાં આંસુ ક્યાંથી પડે ?
કોણ સમજે વિરહનો આ સમય,
વેદનાના બાંધ જો ફૂટી પડે ?
યાદની છે આ સાપ્તરંગી વાદળી,
આ સમયની જાળથી છૂટી પડે.

કુસુમ બી. ભગત
સરદાર પટેલ રોડ, ટેલિસ્ટારની બાજુમાં,
બીલીમોરા-૩૯૬૩૨૧

## હોય છે

મારે વિરહના દવમાં સળગવાનું હોય છે
ને દિલને મીણ જેમ પીગળવાનુ હોય છે!
હું રણની વચ્ચે ફૂલ ઉગાડી શકું છું, પણ
વાદળને કહી દો : એને વરસવાનું હોય છે!
તારા નહીં તો વાયુ તણા આગમન વડે
મારા તો બારણાને ખખડવાનું હોય છે!
એ હો ભલેને પ્રેમનું, પણ જો અપૂર્ણ હો
તો એવા પાત્રને તો છલકવાનું હોય છે!
લોકો જુએ ના એવી રીતે મળવું છે તને,
રસ્તો બતાવ, ક્યાંથી નીકળવાનુ હોય છે.

દિલીપ સી. પરીખ
૨૧, શ્યામસદન, એફ રોડ, ૮૫ મરીન ડ્રાઇવ,
મુંબઈ-૪૦૦ ૦૨૦

## આપણું અર્થતંત્ર

(સવૈયા)

વસ્તુઓ મળતી'તી પહેલાં, અત્યારે પણ એય મળે,
છતાં મોંઘવારીને લીધે ભાવ આપવા ઊંચા પડે;
આથી સિક્કા નોટો કેરું છાપવા તણું ખર્ચ વધ્યું,
અર્થતંત્ર વિકસાવ્યું એવું મૂઠી ભરી દૈ લો થોડું.

મણિનગર-અમદાવાદ-૩૮૦૦૦૮ નટવરલાલ જોશી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દંપતી પાસે કરાવેલી સામાસામી શિક્ષા

[હાસ્યવાર્તા] **શ્રી. નટવરલાલ શંકરલાલ જોશી**

અમદાવાદમાં અનામત-વિરોધી આંદોલન લાંબું ચાલ્યું. આમાં અસામાજિક તત્ત્વોએ કોમી રમખાણ શરૂ કર્યું તેમણે ભયંકર રૂપ લીધું. સેંકડો દુકાનો લૂંટી ને બાળી. સેંકડો મકાનો લૂટ્યાં ને બાળ્યાં ને કેટલાંયની હૃદયદ્રાવક હિંસા કરી. સરકારે કર્ફ્યુ નાખ્યો, પણ પોલીસ તોફાનને પહોંચી શકી નહિ આથી એને લશ્કર બોલાવવું પડ્યું. હવે કર્ફ્યુ(સંચારબંધી)નું નિયંત્રણ લશ્કરના હાથમાં આવ્યું અને આપણે જાણીએ છીએ કે લશ્કરી સૈનિકો જડ હોય છે. એ સહેજ પણ એમાં ચશ્મપોશી ચલાવી ન લે.

શહેરમાં આવી સ્થિતિ હતી. બજારો બંધ હતાં. ઓફિસો બંધ હતી. રસ્તા સૂમસામ હતા. કોક પાસવાળો જ જતો દેખાય. એને પણ ભય લાગતો એવામાં એક દંપતીને સહેલ કરવાની ઇચ્છા થઈ, કર્ફ્યુ વખતે શહેરની શી સ્થિતિ હોય છે એ જાણવાની ઈચ્છા થઈ. એ ખરેખર સંશોધનશીલ હોવાં જોઈએ. રોજ ફરવા જનારાંને કર્ફ્યુને લીધે ઘરમાં ભરાઈ રહેવું ગમે ? આથી એમણે સ્કૂટર ઉપર બહાર જવાનું વિચાર્યું.

હવે પુરુષ પાસે પાસ હતો, સ્ત્રી પાસે નહોતો, પણ સ્ત્રી બુદ્ધિશાળી હતી. એણે એના પતિને કહ્યું કે "તમારી પાસે પાસ છે એટલે ચાલશે. પત્ની પતિની અર્ધાંગિની ગણાય છે ને શાસ્ત્રમાં પતિ પત્નીને એક ગણ્યાં છે માટે તમારા પાસથી આપણે બેઉ જઈ શકીશું, કોઈ રોકશે નહિ. આપણે તો થોડું ફરવા જઈએ છીએ, ઓછા કોઈ ગુનો કરવા જઈએ છીએ ? કર્ફ્યુવાળા કંઈ એટલું ન સમજે કે પુરુષ સ્ત્રીને સાથે લઈ ગુનો કરવા નીકળતો હશે ? માટે ગભરાશો નહિ, કશો વાંધો નહિ આવે. ખરું કહું તો તમારો પાસ જોયા પછી મને સ્ત્રી જોઈ મારો પાસ માગશે જ નહિ." પુરુષને પત્નીની દલીલો ગળે ઊતરી ને તાનમાં આવી જઈ એને પાછળ બેસાડી બહાર જવા નીકળ્યો.

રસ્તે એઓ થોડા ગયાં હશે ત્યાં લશ્કરી સૈનિકે એમને પડકાર્યાં ને રોક્યાં. પુરુષે પાસ બતાવ્યો. પત્ની શાંત રહી. સૈનિકે પત્ની પાસે પાસ માગ્યો, પણ હોય તો બતાવે ને ? સૈનિકે કહ્યું : 'એ ન ચાલે. શિક્ષા થશે.' સ્ત્રી ઢીલી પડી છતાં કહ્યું : 'અમે પતિ પત્ની છીએ અને એક સગું માંદું છે તેને જોવા જઈએ છીએ; ગુનો કરવાની કોઈ ઇચ્છા નથી.' સૈનિકે કહ્યું : 'એ ન ચાલે. શિક્ષા સહન કરવી પડશે.' પુરુષે સૈનિકને સમજાવ્યો, પણ એણે માન્યું નહિ પાછાં પણ જવા ન દીધાં. સ્ત્રીએ સૈનિક .પલળે તેમ ધીમી અને મીઠી વાણીથી આજીજી કરી : 'ભાઈ, હું કંઈ ગુનો કરવાની છું ? સ્ત્રીને કોઈ શિક્ષા કરતા નથી, જવા દે છે. મારા કહેવાથી એ તૈયાર થવા માટે મને બહેન ગણી જવા દો. હું તમારો આભાર ભૂલીશ નહિ.' પણ સૈનિક એકનો બે ન થયો. થાય તો સૈનિક શાનો ?

સ્ત્રીએ ઘણા કાલાવાલા કર્યા, પણ એણે માન્યું નહિ ને શિક્ષા જાહેર કરી કે 'બેઉએ એક-બીજાને જોરથી ધોલ મારવી.' દંપતી તો શિક્ષા સાંભળીને આભાં બની ગયાં. એમને થયું કે આ જડ માણસ માનવાનો નથી. છતાં મારે કહેવું જોઈએ કે એમના સદ્‌ભાગ્યે આ લશ્કરી સિપાઈ શિક્ષામાં બીજાઓ જેવો ક્રૂર નહિ, પણ રંગીલો નીકળ્યો. ઘણા સૈનિકોએ પાસ વગરનાંને ત્યારે શિક્ષા કરી છે. અરે ! પાસવાળાને પણ ઝૂડી નાખ્યા છે. આ સૈનિકે પણ ધાર્યું હોત તો બેઉને સખત શિક્ષા કરી હોત, પણ એ રમૂજી નીકળ્યો ને કોઈની કલ્પનામાં પણ ન આવે તેવી આ દંપતીને શિક્ષા કરી. એને આવી શિક્ષા જોવાનો લહાવો લેવો હશે. એ સૈનિક ભલે હોય, એણે જીવનની રસિકતા ગુમાવી નહોતી. અંદરથી એ કૌતુકપ્રિય રંગીલો જીવ હતો. એણે દંપતીને વિલંબ કર્યા વિના શિક્ષાનો અમલ કરવાનું કહ્યું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દંપતીએ જોયું કે આ માણસ જડ છે ને માનવાનો નથી, આથી શિક્ષાનો અમલ કરવાનો વિચાર કર્યો. પુરુષે વહાલ બતાવતો હોય એમ ધીમેથી પત્નીને ગાલ ઉપર ટપલી મારી. સૈનિકે એ માન્ય ન રાખી. એણે કહ્યું : 'જોરથી લગાવો, નહિ તો અહીંથી જવાશે નહિ.' આથી પુરુષને ન-છૂટકે જોરથી ધોલ લગાવવી પડી. ધોલથી સ્ત્રીનું મોઢું ફરી ગયું ને ગાલ લાલ થઈ ગયો. આવી ધોલ વખત છે એણે પહેલાં ગુસ્સે થઈને એને મારીય હોય, પણ સહેલ કરવા નીકળ્યાં હોય ત્યારે જાહેર રસ્તા ઉપર તો આ પહેલો જ પ્રસંગ હશે. પત્નીને સહેલ ભારે પડી ગઈ. હવે એ તો પુરુષને ધોલ મારવાની હતી. એણે પણ વહાલ કરતી હોય એમ પુરુષને ટપલી મારી ને ધાર્યું કે સૈનિક માની જશે, પણ સૈનિક રંગમાં આવ્યો હતો. એવો જોરથી ધોલ મારવાનું કહ્યું ને પત્નીએ ન-છૂટકે પુરુષને તમાચો મારવો પડ્યો. પત્નીના તમાચાનો પુરુષ માટે આ પ્રથમ પ્રસંગ હશે. આપણા સમાજમાં આવું ખાસ બનતું નથી, પણ કોઈ ભાયડાછાપ સ્ત્રી પુરુષને સાચો તમાચો મારી પણ લે. આવી સામાસામી શિક્ષા કરાવ્યા પછી સૈનિકે બેઉને જવા દીધાં. એને જોવાની ખરી મજા પડી હશે. દંપતીએ પણ સૈનિકો સિવાય સૂમસામ રસ્તા ઉપર બીજા કોઈએ આ સજા જોઈ નથી એથી મન વાળી ત્યાંથી લાલ ગાલે ચાલતી પકડી ને ઘેર આવતાં રહ્યાં ને એકબીજાની સામું જોઈ રહ્યાં.

બિચારા પુરુષને પત્નીની ધોલ ખાવી પડી એ એના જીવનનો એક કડવો અનુભવ ગણાય. એને થતું કે હશે કે 'સ્ત્રીનું કહ્યું માની હું શું કરવા બહાર જવા તૈયાર થયો ? ને થયો તો બીજી કોઈ નહિ ને પત્નીની ધોલની શિક્ષા સહન કરવાની આવી ? સૈનિકને આ સૂઝ્યું ?' એણે એને મનમાં કેટલીય ગાળો ભાંડી હશે, પણ એણે આવો વિષાદ કરવાની જરૂર નથી. ખરા પ્રેમી તો પ્રેયસીનો સ્પર્શ ઇચ્છતો હોય છે, આવું થતાં ખુશ થતો હોય છે, અહોભાગ્ય ગણતો હોય છે, એ સ્પર્શ પછી શરીર અડવાથી થાય કે ધોલ વાગવાથી થાય. ધોલમાંય પ્રિયાના કોમલ કરાંબુજનો સ્પર્શ તો છે ને ? અલબત્ત, એમાં ગુસ્સો રહેલો છે, પણ ગુસ્સાથીય પ્રેમ પ્રદર્શિત થઈ શકે છે. સંસ્કૃતમાં નાયક નાયિકાની ધોલ તો શું, કાંતાપાદતલાહતિ—એવી ભાતની પણ ઝંખના કરતો હોય છે. એય ક્યાં છે ? એનાથી પણ એ ખુશ થતો હોય છે માટે હે જુવાન ! તું પત્નીની ધોલથી ખેદ પામીશ નહિ. આ ધોલમાં ગુસ્સનો અભાવ પણ છે. એણે એમ સ્વેચ્છાથી નહિ, પણ સૈનિકના દબાણથી મારી છે. આવી ધોલ તારે કમને ખાવી પડી એને પ્રિયાનો કોમલ સ્પર્શ ગણી મનમાં લાવીશ નહિ. એમ છતાં જ્યારે જ્યારે આ પ્રસંગ તને યાદ આવે ને ખેદ થાય ત્યારે ત્યારે ઉપર્યુક્ત સંસ્કૃતના નાયકની પ્રિયાની વાતની ઝંખના યાદ કરીશ તો એ દૂર થઈ જશે.

૧૬, અંબિકાકુંજ સોસાયટી, મણિનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮

---

## ઊલટાસૂલટી જમાનો

(સવૈયા)

કાપડ કરતાં સિલાઈ મોંઘી, ઘડાઈ મોંઘી ચાંદીથી,
નારંગીથી લીંબુ મોંઘું, ધાતુ મોંઘી સિક્કાથી;
દાક્તર કરતાં દવા જ મોંઘી, અનાજ કરતાં મોંઘું કઠોળ,
ઊલટાસૂલટી થયો જમાનો : માણસ કરતાં મોંઘો વોટ.

મણિનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮ નટવરલાલ જોશી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાવણદહન

[માર્મિક પ્રહસન]

શ્રી રમેશ જોશી

નગરના કહેવાતા લોકનેતાઓ ભેગા થયા. દરેકની વાતમાં બસ એક જ બળાપો હતો...

'અરર...આ દેશનું શું થવા બેઠું છે ? જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટાચાર, અપહરણ-ખૂન-લૂંટ...લાંચ રુશવત...દેશમાં અનિષ્ટ તત્ત્વોએ માઝા મૂકી છે. સીધી રીતે જીવનાર માનવી માટે જીવતર દિવસે દિવસે દોહ્યલું બનતું જાય છે.

આનો કોઈ ઉપાય ?...ઉપાય તો બીજો શો હોઈ શકે ? દેશમાંથી અનિષ્ટનો નાશ થાય એ જ એક માત્ર ઉપાય દેખાય છે....

આજે તો દેશભરમાં અનિષ્ટ તત્ત્વોના નાશના પ્રતીકરૂપે વિજયાદશમીને દિવસે રાવણરૂપી અનિષ્ટને બાળવાનો કાર્યક્રમ જોરશોરથી થઈ રહ્યો છે. આપણે પણ આપણા નગરમાં રાવણદહનનો કાર્યક્રમ યોજવો જ જોઈએ.

ચર્ચાવિચારણાને અંતે નક્કી થયું કે નગરના ચોકમાં રાવણનું જંગી પૂતળું ઊભું કરીને એને બાળવું અને દેશનાં-નગરનાં દુષ્ટ તત્ત્વોને ચેતવણી આપવી કે જો અનીતિ નહિ છોડો તો તમારી પણ પ્રજા આવી દશા કરશે.

નિર્ણય લેવાઈ ગયો : નગરના ચોકમાં પચીસ ફૂટ ઊંચો રાવણ ઊભો કરવો. એને માટે ફંડ ફાળ પણ એ જ સમયે નોંધાઈ ગયા.

સવાલ એ ઊભો થયો કે રાવણદહન કોના હાથે કરાવવું.

"આપણા પેલા પ્રધાન પાસે જ આ વિધિ કરાવીએ." કોકે આંગળી ચીંધી.

"એ પ્રધાન ?!! દિલ્હીની ફાઈવસ્ટાર હોટેલમાં કોકની બૈરી સાથે ઝડપાયો હતો તે ?!! વિશેષ એના હાથે રાવણદહન ?" વિરોધપક્ષનો એક નેતા બરાડી ઊઠ્યો.

"રાવણદહનનો કાર્યક્રમ પ્રધાનોના હાથે જ થાય એવો આગ્રહ શા માટે ?" કોઈક ઉદ્દામે સવાલ કર્યો

"શાંતિ...શાંતિ...શાંતિ......ભાઈઓ ! શાંતિ રાખો...." ટોળે વળેલા લોકનેતાઓમાંથી કોક મવાળ મોવડી બોલવા ઊભો થયો.

"સત્તા આગળ શાણપણ ખોટું...આ બધું. આપણે આજે સત્તા પરના પક્ષનો વિરોધ કરીએ છીએ પણ આપણે પણ સત્તા માટે જ બાખોડિયાં ભરીએ છીએ ને ? ભાઈનું કહેવું સાચું છે...સત્તા વિ પ્રજાની સેવા થાય જ નહિ. આજે એ લોકો સત્તા પર છે, કાલે કદાચ આપણે પણ ખુરશીએ બેસીએ.. એટલે આવા કાર્યક્રમ તો ખુરશી ઉપર બેઠેલાના હાથે જ શોભે અને એમાં જ સમારંભનું ગૌરવ પ જળવાય." કોક મધ્યમમાર્ગીએ વાતનો તોડ કાઢ્યો.

ઉગ્ર વિરોધ અને લાંબી જીભાજોડી પછી નક્કી થયું કે રાવણદહનનો કાર્યક્રમ એ પ્રધાન સાહેબ શુભ (!) હસ્તે જ ઊજવવો.

વિજયાદશમી આવી પહોંચી. કાર્યકરોમાંય ચોથા વર્ગના કાર્યકરોએ નગરના વિશાળ મેદાન પચીસ ફૂટ ઊંચો રાવણ ખડો પણ કરી દીધો. આખાય નગરના કહેવાતા સંભાવિતો અને નેતાઓ નિમંત્રણ તેમ વિનંતીઓ પહોંચી ચૂકી હતી.

રાવણદહનનો કાર્યક્રમ રાતના બરાબર નવ વાગ્યે નક્કી થયો હતો. પ્રધાન સાહેબે થોડીક આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાની સાથે રાવણદહન કરવાનું સ્વીકાર્યું હતું. દહન કર્યા પછી પોતે થોડુંક પ્રજાજોગ પ્રવચન કરશે એમ પણ સૂચન કર્યું હતું.

રાવણદહનના કાર્યક્રમનું ટાણું આવી પહોંચ્યું. મેદાનમાં ટોળે વળેલા લોક-આગેવાનો તેમ નગરની પ્રજા મોટી સંખ્યામાં ભેગી થઈ હતી અને ભેગા થયેલા લોકો અને સમારંભના આયોજકો પેલા પ્રધાન-સાહેબની કાગને ડોળે રાહ જોઈ રહ્યા હતા.

પ્રધાનસાહેબને લાખ કામ ને હજાર ઉપાધિઓ હોય. દરેક વાતમાં સમયસર આવે તો તો પછી એ પ્રધાન શેના? પ્રધાનસાહેબ એમની મોટરમાં સ્થળ ઉપર નિર્ધારિત સમય કરતાં અર્ધો કલાક મોડા પધાર્યા. આયોજકો એમને સત્કારવા સામે દોડ્યા. ગંભીર મોઢું રાખીને પ્રધાનસાહેબ એક મહિલા સમાજસેવિકા સાથે મોટરમાંથી બહાર નીકળ્યા. ટોળે વળેલા લોકો પ્રધાનસાહેબના આ 'લફરા'થી અજાણ્યા નહોતા.

નગરનું મેદાન નિમંત્રિતો અને વણનોતર્યા પ્રજાજનોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. કાર્યક્રમની શરૂઆત રાવણદહનથી થવાની હતી. આયોજકોએ પ્રધાનશ્રીના શુભ હસ્ત(!)માં તેલમાં ઝબોળેલો કાકડો પકડાવ્યો, પ્રધાનશ્રી રાવણના પૂતળા તરફ આગળ વધ્યા. ત્યાં તો વાતાવરણને ખળભળાવી મૂકે તેવો અવાજ આવ્યો.

"થોભો..."

ટોળે વળેલા લોકો એકાએક આવેલા અવાજથી ચમક્યા...આવા પવિત્ર કાર્યને કોણ અટકાવી રહ્યું છે એ જોવા આજુબાજુ અંધારામાં ધ્યાનથી જોવા માંડ્યા.

ત્યાં તો ફરીથી અવાજ આવ્યો:

"તમારે રાવણને બાળવો છે ને? હું રાવણ પોતે બોલી રહ્યો છું...મને બાળતાં પહેલાં હું થોડાક પ્રશ્ન પૂછવા માગું છું...પહેલાં એના જવાબ આપો, પછી ખુશીથી તમે મારા પ્રતીકને બાળો."

આશ્ચર્યથી અવાક્ બનેલા લોક રાવણના પૂતળા સામે તાકી રહ્યાં.

"બોલ, ભાઈ રાવણ! તારે જે પૂછવું હોય તે પૂછી નાખ, ફાંસીએ ચડાવતાં પહેલાં અમે ગુનેગારની પણ અંતિમ ઇચ્છા પૂછતા આવ્યા છીએ...બોલ, તારી ઇચ્છા શી છે?" ટોળામાં ઊભેલા આયોજકોમાંથી કોકે હિંમત કરીને સવાલ કર્યો.

"તમારે આ દેશમાંથી દુષ્ટ તત્ત્વોનો નાશ કરવો છે ને?" રાવણે સહજ પ્રશ્ન કર્યો.

"એ કેવો સવાલ!!"

"તમે રામાયણનો બરાબર અભ્યાસ કર્યો છે?" રાવણે હવે લોકટોળાને પૂછવા માંડ્યું.

"લે, કર વાત; અહીં વળી આખું રામાયણ વાંચવાની નવરાશ જ કોને છે? ઠીક છે, સંતો કથાકારો ક્યારેક રામપારાયણ કરે ત્યારે બે ઘડી બેઠાં હોઈએ એટલે થોડીઘણી વાતો કાને પડી જાય, વળી." લોક-આગેવાનો ગણગણાટ કરી ઊઠ્યા.

"રામ જેવા રામે મને દુષ્ટ માન્યો નથી અને તમે મને મહાદુષ્ટ ગણાવી રહ્યા છો એનું મને આશ્ચર્ય થાય છે...ઠીક છે. મારો પહેલો સવાલ છે: 'મારી લંકા સોનાની હતી અને મારી પ્રજા કોઈ વાતે દુઃખી નહોતી.' એ વાત સ્વીકારો છો ને?"

"રામાયણમાં લખ્યું છે એટલે ખોટું તો હોય જ નહિ ને? સોનામાં આળોટતી પ્રજાને વારુ કઈ વાતે દુઃખ હોય?"

"હું જ્ઞાની અને વિદ્વાન હતો એ જાણીને રામે રામેશ્વરની પ્રતિષ્ઠા મારે હાથે કરાવી મારા આશીર્વાદ યાચ્યા હતા એ તો તમે જાણો છો ને?" રાવણે બીજો સવાલ કર્યો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"અલ્યા! તું બ્રાહ્મણકુળમાં જન્મેલો એટલે રામે તને બોલાવેલો એમાં વળી તેં નવું શું કહ્યું? આ બધુંયે અમે રામાયણમાં સાંભળ્યું છે, વાંચ્યું છે. હવે એ વાતનું પીંજણ અત્યારે શા માટે કરે છે?" પ્રધાનસાહેબ હવે આકળા ને ઉતાવળા બન્યા હતા.

"બસ, હવે ત્રીજો ને છેલ્લો એક સવાલ છે." રાવણે જરા પણ ધીરજ ગુમાવ્યા વિના સવાલ કર્યો.

"રામના બાણે હું વીંધાયો...મારા અંતિમ શ્વાસ ચાલતા હતા ત્યારે રામે રાજનીતિ શીખવા માટે લક્ષ્મણને મારી પાસે મોકલ્યો હતો એ તમે જાણો છો?"

"જો, ભાઈ રાવણ! તારી લંકા સોનાની હતી...પ્રજા દુઃખી નહોતી...તું જ્ઞાની અને વિદ્વાન હતો...રાજનીતિનો અચ્છો જાણકાર હતો. આ બધીયે વાત રામાયણમાં અમે વાંચી છે...અને રામાયણમાં લખાઈ છે એટલે સાચી હશે જ એ પણ અમને કબૂલ છે..."

"તો પછી તમે મને દુષ્ટ કઈ રીતે ગણો છો?" લોક-આગેવાનોના બોલને વચ્ચે જ અટકાવતાં રાવણ બૂમ પાડી ઊઠ્યો.

"તારા જેવો બીજો દુષ્ટ કોને ગણવો? સીતામાતાનું તેં હરણ કર્યું...અલ્યા! બીજી કોઈ સ્ત્રીને ઉપાડી ગયો હોત તો આ રામાયણ ઊભી ન થાત ને?"

"એટલે કે સીતાને સ્થાને અન્ય કોઈ સ્ત્રીનું હરણ કર્યું હોત તો વાંધો નહોતો, એમ જ ને?"

રાવણની આ પડપૂછથી લોક-આગેવાનો અને પ્રધાનશ્રી અકળાયા હતા એટલે હાથવગો ઝટ જવાબ આપી દીધો:

"અહીં તો દર ત્રીજે દિવસે કંઈકનાં બૈરાંને લોકો ઉપાડી જાય છે અને બળાત્કાર પણ થતા જ જ રહે છે, કેટલાંનું ધ્યાન રાખીએ? અમારે બીજું કાંઈ કામ હશે કે નહિ?"

"ઠીક...મને મહાદુષ્ટ ગણીને તમે બધાં મને બાળવા ભેગાં મળ્યાં છો તો ભલે, પણ..."

"શું પણ...પણ કર્યા કરે છે? હજુ શું બાકી રહ્યું છે?"

"યાદ રાખો, રાવણને મારવા માટે રામે અવતાર લીધો હતો, એક વચન, એક બાણ અને એક પત્નીવ્રતની મર્યાદા સ્વીકારનાર મર્યાદાપુરુષોત્તમ રામ જ રાવણને હણી શકે છે...તમારામાંથી જેણે એ વ્રત પાળ્યું હોય તે જ મને આગ ચાંપે..."

રાવણની વાત સાંભળીને અકળાયેલા પ્રધાનશ્રીએ હાથમાંથી કાકડો ફેંકી દીધો અને ટોળે વળેલાં લોકો તરફ ગુસ્સાથી બોલી ઊઠ્યા:

"તમે બધા છાસવારે બૂમો પાડો છો ને કે સત્તા ઉપર લાલચુ...ભ્રષ્ટાચારી ને અનીતિમાન માણસો બેસી ગયા છે...તો લ્યો, હવે તમે સતવાદીના દીકરા હો તો ચાંપો આ રાવણને આગ." બોલતા બોલતા પ્રધાનશ્રી સાથે આવેલાં મહિલા કાર્યકરનો હાથ ઝાલીને પોતાની મોટરમાં ગોઠવાઈ ગયા.

મોટર ઊપડી ગઈ...અને ટોળે વળેલા પેલા કહેવાતા આગેવાનો પણ અંધારાનું ઓથું શોધીને પાછે પગે રવાના થઈ ગયા.

અને ત્યાં તો રાવણ ખડખડાટ હસી પડ્યો: "માળા! રામનું મહોરું પહેરીને રાવણ દહન કરવા નીકળ્યા છે!! રાવણ એમને કાંઈ મરતો હશે?!!"

અને ત્યારે વગર નિમંત્રણે રાવણદહનનો તમાસો જોવા ટોળે વળેલી પેલી અબૂધ પ્રજા અંધારામાં શ્રદ્ધાથી અંતર માંડીને બેસી રહી હતી... "ક્યાંકથી રામ આવશે અને રાવણનો નાશ થશે જ થશે."

ઠે. ૫/૩, હિમાલયા પાર્ક, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યક્ વિકાસ

ડૉ. પ્રવીણચંદ્ર પરીખ

માણસ માત્ર આગળ ધપવા, પ્રગતિ કરવા વિકાસ સાધવા ઝંખે છે. ઘણી વાર સાંભળીએ છીએ કે 'આગળ ધપો' 'સ્થિર ન રહો' 'કદમ ઉઠાવો', ત્યારે ઘડીભર આપણને જોશ ચડે છે, પણ પછી મૂંઝવણ થાય છે કે કઈ દિશામાં આ બધું કરવું !

એક બાબત સ્પષ્ટ છે કે પ્રકૃતિનાં બળ આ વિશ્વમાં કશું સ્થિર રહેવા દેતાં નથી. જે ન વધે તે પાછળ હઠે કે બાજુએ ખસે, પણ ગતિ કર્યા વગર તો રહી શકે જ નહિ. આથી જ જગતભરના વિચારકો સૈકાઓથી આગળ ધપવા, પ્રગતિ કરવા, વિકાસ સાધવા પ્રેરતા રહ્યા છે. જર્મન વિદ્વાન ગથેનું વિધાન છે કે પ્રકૃતિ પોતાનાં ઉન્નતિ અને વિકાસમાં થોભવાનું જાણતી નથી, પોતાનો અભિશાપ પ્રત્યેક અકર્મણ્યતા ઉપર ઉતારે છે. ડિકન્સે લખ્યું છે કે સમયનો પોકાર માણસને આગળ વધવા લલકારે છે. વિવેકાનંદે તો વિકાસને જીવન અને સંકોચને મૃત્યુ કહેલ છે.

અહીં પ્રશ્ન એ થાય છે કે વિકાસ કઈ દિશામાં કરવો. અલબત્ત, આપણે ક્યાંક તો આગળ ધપી રહ્યાં છીએ, પણ શું એ જ દિશામાં આગળ ધપવાનું છે ? પૈસા મેળવવાની પાછળ પડયાં હોઈએ તો શું ત્યાં જ પ્રગતિ કરવી ? વિલાસમાં રાચતાં હોઈએ તો શું ત્યાં જ વિકાસ સાધવો ? સમજ વિનાની કાળી મજૂરી કરતાં હોઈએ તો શું એમાં જ મંડયા રહેવું ? કોઈ પણ સમજદાર મનુષ્ય કહેશે કે આગળ વધવાનો અર્થ તો આ નથી જ, આમ છતાં ચારે બાજુ જોવા તો આમ જ મળે છે.

આ સ્થિતિમાં બહાર નીકળવા અને વિકાસના સાચા રસ્તે પ્રયાણ કરવા માટે પ્રત્યેક મનુષ્યે સહુ પ્રથમ વિકાસ માટે પોતાની શક્તિ અને મર્યાદાઓને અનુલક્ષીને પોતાનું નિશાન નક્કી કરી લેવું જોઈએ. એક વાર એ નક્કી થઈ જતાં એને મેળવવાની ઝંખના જાગશે. બહુ દૂરનું નિશાન નક્કી કરવાની જરૂર નથી. જે વસ્તુ બીજાની નજરે જોઈ શકાય તે વસ્તુ પર લક્ષ કેંદ્રિત કરવામાં ડહાપણ નથી. જેવી હોય તેવી, આપણી આંખો જ આપણને રસ્તો બતાવવાની છે, એટલે મનની નજર પહોંચે તેટલું જ નિશાન નક્કી કરવું જોઈએ.

નિશાન રાખવું વધુ ને વધુ સારા થવાનું, સજ્જન બનવાનું, બીજાને કંઈ ઉપયોગી થઈ છૂટવાનું. આને જ ભગવાન ગૌતમ બુદ્ધે 'સમ્યક્ પ્રયત્ન' કહ્યો છે. સમ્યક્ પ્રયત્ન એટલે આપણામાં જે બૂરાઈઓ ન આવી હોય તે ન આવે એવો પ્રયત્ન, જે બૂરાઈઓ આવી હોય તેને દૂર કરવાનો પ્રયત્ન, જે સદ્ગુણો ન આવ્યા હોય તેઓને લાવવાનો પ્રયત્ન અને જે સદ્ગુણો આવ્યા હોય તેઓને વધારીને પૂર્ણતાએ લઈ જવાનો પ્રયત્ન. 'આગળ ધપો' 'પ્રગતિ કરો' 'વિકાસ સાધો' એવું કહેવાનો અર્થ આ જ છે કે 'સદ્'ને વિકસાવવાનો સમ્યક્ પ્રયત્ન કરવામાં આવે.

આપણા પોતાના અને બીજાના જીવનનું નિરીક્ષણ કરીશું તો જણાશે કે મૂળમાં સદ્ગુણો હતા, પરંતુ બેદરકારી અને પ્રલોભનોમાં ખેંચાવાને લઈને જ આપણે સમ્યક્ દિશામાં વિકાસ કરી શક્યાં નથી અને જીવનજહાજ ગમે તે દિશામાં ઘસડાઈ ગયું છે. વસ્તુતઃ આત્મનિરીક્ષણ કરવાની આપણી સાચી સ્થિતિને આપણે જાણી શકીએ. કામ કરવાની આપણી શક્તિ પ્રતિદિન અને પ્રતિવર્ષ વધી છે કે ઘટી છે ? આરોગ્યની શી સ્થિતિ છે ? જ્ઞાન અને માહિતીની મૂડીમાં કેટલી વૃદ્ધિ થઈ છે ? સમાજ અને દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના જાગેલી તે વિકસી છે કે સૂઈ ગઈ છે ? નિર્દોષ આનંદ પામવા તરફનું વલણ વધ્યું છે કે ઘટયું છે ? આવા સવાલ આપણી જાતને પૂછીને આપણી સ્થિતિ જાણી શકીએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આટલું થતાં આગળ વધવાનો માર્ગ નક્કી કરી શકાય. કોઈ સંત મહાત્મા મહાકવિ કે રાજપુરુષ અગર મહાન કલાકાર બનવા જેવાં ઊંચાં નિશાન સર કરવામાં કદાચ સફળ ન થવાય અને માર્ગમાં મૂંઝાઈ જવાય, પણ સારું માણસ બનવામાં અને જે ક્ષેત્રમાં આપણી શક્તિ ખીલી શકે તેવા ક્ષેત્રમાં થોડાંક પગલાં પણ આગળ ધપવાના આદર્શને સિદ્ધ કરવામાં કોઈ વાંધો ન આવે. આપણી દૃષ્ટિ અને શક્તિની મર્યાદામાં રહીને જ વિકાસને પંથે આગળ ધપવાથી પછીનાં લક્ષ્ય તો આપોઆપ પ્રાપ્ત થશે. પહેલું કામ પંથ નક્કી કરવાનું છે અને બીજું કામ એ દિશામાં સમ્યક્ પ્રયત્ન કરવાનું છે.

અલબત્ત, આત્મસંયમ વિના સમ્યક્ પ્રયત્ન સિદ્ધ થવાનો નથી. ગુરુદેવ ટાગોરે યથાર્થ જ કહ્યું છે કે સંયમથી જ વિકાસ થાય છે. ઝાડને મૂળીએ જમીન સાથે જકડી રાખ્યું છે એટલે જ ઝાડ ઊંચે જાય છે અને ફળફૂલથી શોભાયમાન બને છે. ઝાડ જો કહેશે કે "આ મૂળનાં બંધન શા માટે? મને ઊંચે ઊડવા દો," તો શું ઝાડ ઘેઘૂર ગંભીર કે ભરાવદાર થશે ખરું? એ સુકાઈ જશે. એ બંધેલું છે એટલે જ ઊંચે વધે છે. નદીને બંને બાજુ કિનારાનું બંધન છે એટલે જ એને ગતિ છે, ઊંડાઈ છે. સિતારને તાર બાંધેલા છે એટલે જ એ તાર દિવ્ય સંગીત સંભળાવે છે. સંયમ વિના વિકાસ નથી, સંયમ વિના સુસંસ્કૃતિ નથી.

ઠે. એ/૫, શીલ ઍપાર્ટમેન્ટ્સ, મીરાંબિકા માર્ગ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

---

## સ્વજન-પ્રેમ

સ્વજનપ્રેમના બોલ હૃદયને સાતા આપે,
સ્વજનપ્રેમના બોલ સર્વ સંતાપો કાપે.
સ્વજનપ્રેમના બોલ પત્રમાંયે છે પ્યારા,
શબ્દકોશમાં એ જ બધા સૌથી છે ન્યારા.
ભલે કોઈ દી શબ્દ કોશના વ્યક્ત ન થાયે,
મૌન મહીં નીતરતો મીઠો નેહ જણાયે;
અરે! શબ્દ ટાંચા, હૈયાના ભાવ શું કહે?
હોઠે આવી છલકે, ઊડતા તોય એ રહે...

**પ્રા. વાસુદેવ વિ. પાઠક 'વાગર્થ'**
૬૬/૩૫૪, સરસ્વતી નગર
અમદાવાદ-૩૮૦૦૧૫

## અર્થ સીધો હોય

હું જ મારાથી મને જુદો જણાતો,
ના જવાનો ક્યાંય એ રસ્તો જણાતો.
ભીડ લાગી છે અજબ વાતાવરણની,
કો' અનાગત શ્હેરમાં વસતો જણાતો.
દોડમાં હું પણ મને આંબી શકું ના,
હોઉં પાસે તે છતાં આઘો જણાતો.
રોમેરોમે જિંદગી-ભડકો ઊઠે છે,
કાળ-ફૂંકે એ ચલમ-ગાંજો જણાતો.
એક ચર્ચા છે હજી મારા વિશેની,
અર્થ સીધો હોય ને ઊલટો જણાતો.

**અહમદ મકરાણી**
ઠે. બગસરાવાળા પ્લોટ, ઉપલેટા-૩૬૦૪૯૦

---

## દિવાળી

[સ્ત્રગ્ધરા]

આવી આજે દિવાળી,
ગૃહ ગૃહ પ્રગટી દીપમાલા નિરાળી,
આછેરા જ્યોત-તેજે
તિમિર નીતરતું આભ દીધું ઉજાળી;
જ્યાં જ્યાં દીસે વસેલાં
છલ મદ અસૂયા-દીપ, એને પ્રજાળી,
રંગોળી વૃત્તિ સહુની
કિરણ-કુમકુમે પૂરજો ત્યાં રૂપાળી.

**બચુભાઈ દેવાણી**
ઠે. બજારમાં, માધવપુર (ઘેડ)-૩૬૨૨૩૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાષ્ટ્રવિકાસમાં અવરોધક તત્ત્વો

**આચાર્યા શ્રીમતી અરવિંદાબહેન મ. મહેતા**

ભારતીય જનતાનાં અહિંસક તથા હિંસક આંદોલનોના અને અસંખ્ય શહીદોની શહાદતના પરિણામે ભારતભૂમિ ગુલામીની જંજીરોમાંથી મુક્ત થઈ. ૧૫ મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ આપણો દેશ આઝાદ થયો, આપણે સ્વતંત્ર થયાં, ભારતીય જનતા મુક્તિનો શ્વાસ લેવા લાગી, પણ...

આ સ્વતંત્રતતા કેવી, કોની? પ્રત્યેક દેશવાસી ઉન્નત મનુષ્ય તરીકે મુક્ત રૂપે જીવી શકે એવી અપેક્ષા આ સ્વતંત્રતા—આઝાદી પાસેથી રાખવામાં આવે એ સાવ સ્વાભાવિક છે. જો કોઈ પણ દેશવાસી પોતાના અંગત સ્વાર્થ માટે, હિત માટે વિચાર કરે ને એ મુજબ જ વર્તે તેમજ પોતાનાં અન્ય દેશવાસીઓના હિતની દરકાર ન કરે તો એ સ્વતંત્રતાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે એમ પણ ચોક્કસ કહી શકાય, એટલે કે સમગ્ર દેશવાશીઓનું કલ્યાણ થાય, આખા દેશનો—રાષ્ટ્રનો સમુચિત વિકાસ થાય એવું વાતાવરણ તૈયાર કરવાનું કામ સ્વતંત્ર દેશમાં જ થઈ શકે ને? એનું જ નામ આઝાદી સ્વતંત્રતા યા મુક્તિ. આવી તક આપણને ૧૯૪૭ માં સાંપડી.

સ્વતંત્રતાના અર્થની ચર્ચા કરતાં મને એક ઘટના યાદ આવે છે. સ્વતંત્ર દેશની એક મહિલાએ આઝાદીનો અર્થ પોતાની બુદ્ધિ–મતિ પ્રમાણે કર્યો : કોઈ પણ જાતની રોકટોક વિના મન ફાવે તેમ કરવાનું. એક દિવસ એ પોતાના ઘેરથી બહાર નીકળી. બજારમાં ખરીદી કરવા માટે શહેરના રાજ-માર્ગની પગથી પર એ ચાલતી જતી હતી. ચાલતાં અચાનક એ અટકી ગઈ : પગથી પર ઊભી રહીને એ રાજમાર્ગ પર પસાર થતાં ખટારા મોટરો સાઇકલો રિકશાઓ જેવાં અનેક ઝડપી ગતિશીલ વાહનોની વણથંભી વણજાર જોતી જ રહી. અચાનક એના મનમાં વિચાર આવ્યો કે જો આ બધાંય વાહન અને એ ચલાવનાર, એમાં બેસનાર લોકો રસ્તા વચ્ચે જ પસાર થતાં હોય તો મારે જ શું કામ આ પગથી પર ચાલવું જોઈએ? હું પણ એક સ્વતંત્ર વ્યક્તિ છું, જ્યાં મન થાય ત્યાં ચાલી શકું. બસ, મનમાં તરંગ આવવાની જ વાર હતી. તરત જ પગથી છોડીને સડકની વચ્ચે એ ચાલવા લાગી. ચારે બાજુથી વાહનોની દોડધામમાં એ અટવાઈ ગઈ. પોતાની જાતને બચાવવાની ઘણીયે મથામણ પછી આખરે એ એક સાઇકલ–સવાર સાથે અથડાઈ પડી. બિચારો સાઇકલ–સવાર હાંફળો ફાંફળો થઈ ગયો. એ પોતે પણ પડી ગયેલો, પણ એને બહુ વાગ્યું નહોતું. એણે પહેલાં પેલી મહિલાને બેઠી કરી, હાથ ઝાલી પગથી તરફ દોરી ગયો. અચાનક ભટકાઈને પડી જવાથી એને થોડું વાગેલું, પણ એ તો બૂમા-બૂમ કરી ઊઠી, બિચારા સાઇકલ–સવારને કેટલીય ગાળો સંભળાવી દીધી : "જુઓ તો ખરા! જાણે એના બાપનો રસ્તો હોય એમ સાઇકલ ચલાવે છે! આંખો પર ડાબલા જેવાં મોટાં ચશ્માં ચડાવ્યાં છે, પણ આંધળો જ લાગે છે! રસ્તા પર ચાલતું માણસ એને દેખાતું જ નથી..." પેલો સાઇકલ–સવાર આ બધું સાંભળી રહ્યો હતો. આખરે એણે પૂછ્યું : "પણ, માજી! તમે પગથી પર ચાલવાને બદલે સડકની વચ્ચે વચ્ચે શું કામ ચાલતાં હતાં? આટલાં બધાં વાહનોની ભીડમાં તમે અટવાઈ જાઓ એમાં શી નવાઈ?" આટલું સાંભળતાં વેંત એ ફરી છંછેડાઈ ઊઠી : "કેમ? હું શું કામ પગથી પર ચાલું? તું કોણ છે મને એવું કહેનારો? હું સ્વતંત્ર દેશની નાગરિક છું. મન ફાવે ત્યાં ચાલુ એમાં તારું શું જાય છે?" "માજી! તમારી વાત તો સાચી કે તમે સ્વતંત્ર છો, નાગરિક છો, પણ આપણી સ્વતંત્રતાનીયે એક મર્યાદા હોય ને?"

આમ આ ઘટના સ્વતંત્રતાનો વાસ્તવિક અર્થ સમજાવી જાય છે. આઝાદીની આવી મનોવૃત્તિનો શિકાર આજે આપણા દેશમાં ઘણાંય લોક થઈ પડેલાં છે ને? આપણા દેશના બંધારણમાં અપાયેલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વતંત્ર નાગરિકોના મૂળભૂત અધિકારો અંગે મનમાન્યા અર્થ તારવી સ્વાર્થી લોકો પોતાનું જ હિત સાધવાના કેવા અને કેટલા પ્રયાસ કરે છે એ આજકાલ ક્યાં અજાણ્યું છે? રાષ્ટ્રવિકાસમાં સૌથી પહેલું અવરોધક તત્ત્વ આ જ છે એમ કહેવાની જરૂર ખરી કે?

ખરેખર તો સ્વાધીનતા મળ્યા બાદ આપણે દેશનું નવ-નિર્માણ કરવાનું હતું, વિકાસની કેડીએ પર આગળ વધવાનું હતું, નવીન જીવનમૂલ્યોની સ્થાપના કરવાની હતી, અખિલ વિશ્વમાં એક આદર્શ રાષ્ટ્રના નમૂના-રૂપે આપણા દેશને રજૂ કરીને આપણી પ્રતિષ્ઠા વધારવાની હતી, વળી બીજી બાજુ, દેશના કરોડો બાંધવોને સુખ શાંતિ સમૃદ્ધિ અને આઝાદી આપવાની હતી, દેશનો ઔદ્યોગિક વિકાસ સાધવાનો હતો. આવાં ભગીરથ કાર્યો માટે દેશની જનતાએ કઠોર પરિશ્રમ કરવો જ રહ્યો, સુવ્યવસ્થિત આયોજન વિચારી સમગ્ર દેશનાં ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરવો રહ્યો જ. આ ધ્યેય પ્રાપ્ત કરવા માટે જ દેશના વડાપ્રધાન સ્વ. પંડિત જવાહરલાલ નહેરુજી 'આરામ હરામ હૈ'નું સૂત્ર આપી પોતે અવિરત કાર્ય કરતા રહ્યા ને દેશવાસીઓને એવી પ્રેરણા આપતા રહ્યા. આમ છતાંય આજે એનાં પરિણામોનો વિચાર કરતાં વિકાસની ગતિ અતિ મંદ અને નિરાશાજનક લાગે છે. આપણા સન્નિષ્ઠ પ્રયાસો અને અવિરત પરિશ્રમ છતાંયે આજે દેશની જનતા વિક્ષુબ્ધ વિચલિત ત્રસ્ત ક્ષુધિત અને પીડિત છે. ૩૮ વર્ષોની આઝાદી પછીયે અસંખ્ય લોકો બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યાં છે. ક્યાં જવું અને શું કરવું એ સવાલ મૂંઝવી રહ્યો છે. આમ કેમ? આટલાં વર્ષોની આઝાદી પણ આપણે ધ્યેયસિદ્ધિની મંઝિલે કેમ પહોંચી શક્યાં નથી? આવાં પ્રશ્નોના ઉત્તર પણ ક્યાં અજાણ્યા છે? આપણે સૌ એ તથ્ય જાણીએ જ છીએ કે દેશને ત્રણ ચાર વિદેશી આક્રમણોનો સામનો કરવો પડ્યો છે, અરે! એટલું જ નહિ, પણ કેટલીયે કુદરતી આફતો—દુષ્કાળ પૂર વાવાઝોડાં ધરતીકંપ વગેરે વગેરે પણ દેશના વિકાસમાં અવરોધરૂપ બની ચૂકેલ છે, પરંતુ આ ઉપરાંત વધુ દુઃખની વાત તો એ છે કે ઉપર્યુક્ત પ્રાકૃતિક પ્રકોપો ઉપરાંત આપણને આપણા દ્વારા જ સર્જાયેલ અનેક સમસ્યાઓનો સામનો પણ કરવો પડે છે; જેમકે દેશવ્યાપી અનીતિ ભ્રષ્ટાચાર દાણચોરી, અનિયંત્રિત વસ્તીવધારો, સંકુચિત પ્રાદેશિક મનોવૃત્તિ, કામચોરી, કર્તવ્ય-ફરજપાલનમાં નિષ્ઠાનો અભાવ અને અંગત સ્વાર્થ ખાતર દેશદ્રોહી બનવાની તત્પરતા, આવાં અનેક તત્ત્વ રાષ્ટ્રના વિકાસમાં અવરોધક પરિબળોરૂપે કામ કરતાં હોય ત્યારે દેશનાં સર્વાંગી વિકાસ અને સમુન્નતિ ક્યાંથી થાય?

સંક્ષેપમાં, દરેક નાગરિક દ્વારા પોતાની ફરજનું નિષ્ઠાપૂર્વક પાલન ન થાય તો રાષ્ટ્રનો વિકાસ પણ ન થાય એ હકીકત છે ને? દેશમાં કેટલાંક એવાં સંકુચિત મનોવૃત્તિવાળાં તત્ત્વ પણ છે કે જે રાષ્ટ્રવિકાસમાં નડતરરૂપ બની રહ્યાં છે અને દેશવાસીઓમાં પરસ્પર દ્વેષ ઈર્ષ્યા અને વેરઝેરની લાગણીઓ ઉશ્કેરી રહ્યાં છે. આવાં પરિબળોની સંકુચિત લોભી સ્વાર્થી દેશદ્રોહી મનોવૃત્તિ અને કાર્યપદ્ધતિ દેશના રાષ્ટ્રવ્યાપી વિકાસમાં સૌથી મોટું અવરોધક તત્ત્વ છે.

આવું જ એક બીજું મોટું અવરોધક પરિબળ છે દાણચોરી કાળાં-બજાર અને બેનામી નાણાનું. આજે દેશનું કોઈ પણ શહેર આ રોગથી ભાગ્યેજ મુક્ત હશે. ખૂણે ખૂણે એનો ચેપ પ્રસરી ગયો છે. બજારોમાં મોંઘવારી વધારવામાં આ તત્ત્વોનો હિસ્સો નાનોસૂનો નથી. દેશની જનતા મોંઘવારીની નાગચૂડ તેમ ભાવવધારાના વિષચક્રમાં એવી તો ફસાઈ-અટવાઈ ગઈ છે કે એમાંથી છૂટવાનો કોઈ આરો કે કોઈ ઉપાય દેખાતો જ નથી. સરકારો અનેક પ્રયાસ કરે છે, પણ એ ભાગ્યેજ સફળ થાય છે. ઘણી વાર તો એવા પ્રયાસોનું વળી ઊલટું જ પરિણામ આવે છે.

વધુ ધન કમાઈ લેવાની અને અનર્ગળ સંપત્તિ જમા કરવાની મનોવૃત્તિ પણ માઝા મૂકી રહી છે, જેને કારણે બજારોમાં સામાન્ય જરૂરિયાતની ચીજ-વસ્તુઓની અછત વરતાય છે; જોકે આ અછત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ાચી નથી, કૃત્રિમ બનાવટી અથવા વેપારી ચાલબાજી જ છે. વધારે નાણાં ખર્ચવાની તૈયારી જો પતાવાય તો આવી અછત ક્યાંય નડે એમ નથી, પણ એનાથી દેશની સામાન્ય જનતાની હાડમારીઓ ો વધતી જ જાય છે. આમ સંગ્રહખોરી, કાળાં બજાર, બેનામી નાણું એ સમાજનાં સમાનતા નીતિમત્તા યાય શાંતિ વગેરેનો ભોગ લે છે. દેશનાં સામાજિક જીવન અને આર્થિક માળખા પર આનો ભારે ૂરો પ્રભાવ પડી રહ્યો છે. રાષ્ટ્રના વિકાસમાં અવરોધક આવાં તત્ત્વ કેમ કરીને દૂર થઈ શકે?

આ કાળાં નાણાંનો જ પ્રભાવ સામાજિક પ્રથાઓ પર-પણ દેખાઈ આવે છે. દહેજની પ્રથા ેનું એક ઉદાહરણ છે. કેટલીય નવવધૂઓનાં અરમાનોની હોળી આ દહેજ-પ્રથાને લીધે અને કાળાં ાણાંના જોરે થઈ ચૂકી છે એ કયાં અજાણ્યું છે? ધનસંપત્તિ એકત્ર કરવાની હોડમાં ડૂબેલો સમાજ ેશહિત રાષ્ટ્રવિકાસ ચારિત્ર્યભાવના નીતિમત્તા વગેરે વગેરે સદ્‌ગુણોનો વિચાર શી રીતે કરી શકે? કાળાં ાણાંના પ્રભાવે કરીને માનવીય મૂલ્યોનું અધઃપતન, ભૌતિક ભોગ-વિલાસની મનોવૃત્તિ અને લાંચરુશવત ાથા ભ્રષ્ટાચારના કીડા રાષ્ટ્રના વિકાસરૂપી વૃક્ષને કોતરી કોતરી એનો સર્વનાશ કરી રહ્યાં છે.

રાષ્ટ્ર-વિકાસમાં અવરોધક એવું આવું જ બીજું આનુષંગિક તત્ત્વ છે દાણચોરી ને કરચોરી. વેદેશી ચીજ વસ્તુઓના મોહને વશ થઈ લોકો સ્વદેશીનો આગ્રહ ભૂલી રહ્યાં છે ને જાણ્યેઅજાણ્યે ાણચોરીને પોષી રહ્યાં છે. સુવર્ણ પ્રત્યેનો મોહ પણ એનું એક મોટું પ્રેરક બળ છે. એ સિવાય વિદેશી ાપડ ઘડિયાળો કેમેરા રેડિયો ટી.વી, વી.સી.આર, સોના ચાંદી જેવી અનેકાનેક વસ્તુઓ ચોરી-છૂપીથી ારદેશોમાંથી લાવી દેશમાં ઘુસાડી દેવામાં આવે છે. પરિણામે દેશના આર્થિક વિકાસને ભારે ટકો પડે છે.

કાળું નાણું અને દાણચોરી જેવાં અવરોધક તત્ત્વો ઉપરાંત બેહદ વસ્તી-વધારો અને એને ારિણામે વધતી બેકારી પણ દેશના વિકાસનાં અવરોધક તત્ત્વ છે. દેશનાં અનેક કારખાનાં, અસંખ્ય ેતરો કેટલુંય ઉત્પાદન કરે છે, છતાં વધતી જતી વસ્તી માટે એ ઓછું જ પડે છે. આ બધાં તત્ત્વ માનવ-ર્જિત અવરોધક પરિબળો છે. આપણે જ એનું સર્જન કર્યું છે, જે આપણા જ વિકાસને અવરોધી રહ્યાં છે.

આવું જ એક બીજું માનવસર્જિત અવરોધક તત્ત્વ છે કોમી એકતાનો અભાવ. આપણો દેશ નેક ધર્મો સમાજો કોમોના વૈવિધ્યથી ભરપૂર છે, આપણો સમાજ બહુરૂપી જનસમાજ છે. આપણો ેશ દુનિયાના તમામ દેશો કરતાં વધુ સારો છે.

"સારે જહાંસે અચ્છા હિન્દોસ્તાં હમારા...
હિન્દી હૈ હમ, વતન હૈ હિન્દોસ્તાં હમારા..."

ે આપણું રાષ્ટ્રગાન જાણે કે ભૂતકાલીન ગાણું બની ગયું છે. આપણે માત્ર હિંદુ જૈન મુસ્લિમ પારસી ીખ કે ખ્રિસ્તી જ નથી, આપણે સૌ પહેલાં ભારતીય છીએ, પછી બીજું કાંઈ છીએ, એ આપણો ાષ્ટ્રીય આદર્શ કેમ ભુલાઈ ગયો? સ્વાર્થપરક સંકુચિત દષ્ટિકોણ, સહનશીલતાનો અભાવ અને ત્તાલાલસાએ આપણા રાષ્ટ્રમાં પ્રાદેશિક ભાવનાને બહેકાવી દીધી છે. કાશ્મીરથી છેક કન્યાકુમારી અને ારકાથી છેક આસામ સુધી ભારતનો વિસ્તાર છે, માત્ર ગુજરાત મહારાષ્ટ્ર પંજાબ બંગાળ કે કર્ણાટક નહિ. પોતપોતાના પ્રદેશના વિકાસની સંકુચિત મનોવૃત્તિમાં ઘણી વાર દીર્ઘદૃષ્ટિ ને ઉદારતાનો ાભાવ વરતાઈ આવે છે. પ્રાદેશિક વિકાસના નામે રાષ્ટ્રીય વિકાસનું બલિદાન શા માટે દેવાય? આ ન મજાય તેવી વાત છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર્યુક્ત તમામ અવરોધક તત્ત્વોના મૂળમાં છે રાષ્ટ્રિય અનુશાસનનો અભાવ, વિવિધતામાં એકતા સમજવાની ખામી, દીર્ઘદૃષ્ટિની અછત. સમગ્ર ભારતીય જીવનને ચિરંજીવ બનાવનારી સંજીવની જેવો પ્રભાવ રાખનાર આત્મસંયમ કે જેની આવશ્યકતા કેવળ વ્યક્તિ માટે જ નહિ, સમાજ કે પ્રદેશ માટે જ નહિ, સમગ્ર રાષ્ટ્રની ઉન્નતિ અને વિકાસ માટે છે, જે અનિવાર્ય છે. પ્રત્યેક દેશવાસી રાષ્ટ્રનો સાચો નાગરિક ત્યારે જ બની શકે કે જ્યારે એ રાષ્ટ્રિય અનુશાસનના કર્તવ્ય માટે કટિબદ્ધ બની રહે. અનુશાસનની અખૂટ શક્તિના બળે કરીને જ અવરોધક તત્ત્વો નાબૂદ થશે અને રાષ્ટ્ર વિકાસના સોપાન પર આગળ વધીને ધ્યેય સિદ્ધ કરી શકાશે. આપણે સૌ દેશબાંધવ એકત્ર થઈને આ ભગીરથ કાર્ય સન્નિષ્ઠ પ્રયાસોથી પાર પાડીશું તો રાષ્ટ્ર-વિકાસની સિદ્ધિનાં શિખર જરૂર સર કરી શકીશું એમાં કોઈ શંકા નથી.

ઠે.' ઓસવાલ નિવાસ', શિક્ષક કોલોની, જૂનાગઢ રોડ, વેરાવળ-૩૬૨ ૨૬૬

---

[ અનુસંધાન પા. ૧૬ નું ચાલુ ]

મુલતાનખાંએ મહારાણાને પૂછ્યું કે મને ભાલો મારનાર વીર પુરુષ કોણ હતો ? મહારાણાએ પોતાની પાસે ઊભેલા કોઈ સૈનિક તરફ ઇશારો કર્યો. મુલતાનખાંએ ઇન્કાર કર્યો; એટલી વારમાં કુંવર અમરસિંહજી પિતાજીને ઘણા સમયથી એક જ જગ્યાએ ઊભેલા જોઈને સ્થળ પર દોડી આવ્યા. એ વખતે મહારાણાએ મુલતાનખાંને કહ્યું કે આ વીર પુરુષે તમને ભાલો માર્યો હતો અને એ વીર પુરુષ મારો પાટવી કુંવર છે. આટલું સાંભળ્યા પછી મુલતાનખાંના ચહેરા ઉપરથી ઉદાસીનતા દૂર થઈ ગઈ અને કહેવા લાગ્યો કે હવે મને અફસોસ નથી, કારણ કે મારું મૃત્યુ વીર પુરુષના હાથે થયું છે. મહારાણા પ્રતાપ પાસે સર્વસલામતી જોઈ અમરસિંહજી ફરી યુદ્ધમાં જોડાઈ ગયા.

મહારાણાએ મુલતાનખાંને પૂછ્યું કે તમારી કાંઈ ઇચ્છા છે? મુલતાનખાંએ ઇશારાથી પાણી પીવાની ઇચ્છા દર્શાવી. મહારાણાની પાસે ઊભેલા પાણીની ઝારીવાળા સૈનિકને મહારાણાએ આજ્ઞા કરી કે મુલતાનખાંને પાણી પાઓ. સૈનિકે ઘોડા પરથી ઊતરીને સોનાની ઝારીમાંથી એને ગંગાજળ પાયું. પછી તરત જ એનું મૃત્યુ થયું.

પછી ધીમે ધીમે ચડાઈ દ્વારા કોશીથલ ચૌથ બાગડ ભીમગઢ કુંભલગઢ ઉદેપુર છપ્પન વગેરે પરગણાંઓ ઉપર એક પછી એક વિજય મેળવીને ચિત્તોડગઢ સિવાય આખું મેવાડ પાછું જીતી લીધું. હાલ ચાવંડ ગામમાં એમના અંત્યેષ્ટિસ્થાન પર મહારાણાની આરસના પથ્થરની છત્રી મોજૂદ છે.

વીંછિયા-૩૬૦ ૦૫૫

---

# વસ્તીવિસ્ફોટનો ઉપાય

(સવૈયા)

વસ્તીવધારો હલ કરવાનો દર્શાવું સ્હેલો ઉપાય :
સ્વતંત્રતા રાજ્યોને આપો, સર્વ તણી છે એવી માંગ;
જુઓ પછી એ પ્હેલાં જેવાં લડશે એકબીજાની સાથ,
વસ્તી તણો નીકળશે ખોડો, નથી કોઈને આવ્યું જ્ઞાન.

મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮ નટવરલાલ જોશી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાષ્ટ્ર-એકતાનું નિર્માણ

**(આંતરિક એકતાનો આદર્શ : ભ્રાતૃભાવ)** **શ્રી હર્ષદ જોશી**

રાષ્ટ્ર-એકતાના વિકાસની બીજી અવસ્થા સામાજિક માળખાના જ પરિવર્તનરૂપ રહેલી છે, જેનાથી રાજનૈતિક અને શાસનકર્તાની એકતાનું શક્તિશાળી મહત્ત્વ દરેક કેંદ્રને માટે આપી શકાય.

આ પરિસ્થિતિની સાથે એક શક્તિશાળી પ્રતિ-બળ પણ મહત્ત્વ રૂપે જડાયેલું છે જ કે જેનાથી સ્વતંત્રતાની જડ સમાજના વર્ગોના ક્રમથી પ્રાપ્ત થાય છે તેને પણ નષ્ટ કરવું જ જોઈએ. સામાન્ય રીતે સત્તા એક એવી રાજ્યકર્તા સરકારના હાથોમાં સોંપી દેવામાં આવે કે જે હંમેશાં મનસ્વી — આપખૂદ નહિ, પણ કંઈક શક્તિશાળી અવશ્ય હોય, પરંતુ આધુનિક પ્રજાતંત્રીય વિચારો મુજબ શાસકને લોકો એવી પરિસ્થિતિમાં-સ્વરૂપમાં સ્વીકારે છે કે જ્યાંથી-જ્યાંસુધી એ રાજ્યજીવન (રાષ્ટ્ર-જીવન)નો નકામો-નિષ્ક્રિય તેમજ નામનો જ પ્રધાન, સેવક અથવા શાસનકાર્ય માટે અનુકૂળતાવાળો કેંદ્રરૂપ હોય. વાસ્તવિક રીતે નિયંત્રણ રાખવા માટે હવે એની કોઈ જરૂરત રહી નથી, પરંતુ એમાં કોઈ અત્યુક્તિ નથી રહી, કેમકે રાષ્ટ્ર-પ્રતિરૂપના વિકાસમાં એનો વિકાસ મધ્યયુગમાં થઈ ચૂકયો હતો. એક શક્તિશાળી રાજાનું ઐતિહાસિક મહત્ત્વ રહ્યું છે, ત્યાં સુધી કે સ્વતંત્રતાપ્રેમી, દ્વિપક્ષીય-ભાવયુક્ત અને વ્યક્તિવાદી ઇંગ્લેંન્ડમાં પણ પ્લેંટેજેનેટ્સ અને ટયુડર્સ રાજા એવા વાસ્તવિક અને સક્રિય કેંદ્ર-બિંદુ હતા. એમને અનુસરીને અને વિકાસ પામીને રાષ્ટ્ર એક દઢ રૂપે પરિપકવ શક્તિને પ્રાપ્ત કરી ચૂકયું. આવું સ્પેન જર્મની અને ઇટલીમાં બન્યું.

પરંતુ જર્મનીની બાબતમાં કહેવાય છે ઈવાનો અને પીટરો વગર રશિયાનું અસ્તિત્વ ત્યાં ન હોત. આધુનિક સમયમાં પણ હોહેનસોલર્નસે જર્મનીનાં એકીકરણ અને વિકાસ માટે જ મધ્યયુગ જેવું કાર્ય કર્યું તેનાથી પણ જનતંત્રવાદી પ્રજાઓએ એ વ્યાકુળતા અને વિસ્મયના ભાવમાં જોયું છે, કેમકે એ લોકો માટે આ પ્રકારની ઘટનાને સમજવી એ કઠિન હતું જ, એના કરતાંય એની વાસ્તવિકતા ઉપર વિશ્વાસ કરવો એ તો પુષ્કળ કઠણ હતું.

પરંતુ આપણે બાલ્કનનાં નવાં રાષ્ટ્રોના પ્રથમ નિર્માણયુગમાં પણ આજ આ જ વાત જોઈ શકીએ છીએ, છતાં પણ આ આવશ્યકતા હવે એટલી વાસ્તવિક રહી નથી, પરંતુ આ જાતિઓ — જ્ઞાતિઓના અચેતનમાં આનો હજુ પણ અનુભવ કરી શકાય છે.

આધુનિક પદ્ધતિમાં રાષ્ટ્રસ્વરૂપમાં જાપાનનું નવનિર્માણ મિકાડોએ પણ આ જ પ્રકારના કાર્યથી કર્યું. નવ-નિર્માતાઓની સહજ પ્રેરણા આ આંતરિક જરૂરિયાતને પૂરી કરવા માટે એને પોતાના અસલ એકાંતવાસમાંથી બહાર ખેંચી લાવી હતી.

પરંતુ રાષ્ટ્રિય વિકાસની આ આંદોલનની વિશિષ્ટ ભૂમિકા ભલે ગમે તેટલી હિતકારી હોય છતાં પણ એની સાથે પાછો વિનાશક રૂપમાં જ જ્ઞાતિઓની આંતરિક સ્વતંત્રતાઓનો એક વિરોધ રહેલો જ છે, જે આધુનિક મનોવૃત્તિનો પ્રાચીન રાજતંત્રીય આપખૂદ પદ્ધતિ અને પ્રવૃત્તિઓ માટે સ્વાભાવિક, પણ અવૈજ્ઞાનિક પદ્ધતિથી અત્યંત અઉદારણીય મંતવ્ય માટે બંધનકર્તા ઠરે છે, કેમકે એ હંમેશાં કેંદ્રીકરણ કઠોરતા એકરૂપતા, મજબૂત નિયંત્રણ એક જ નિર્દેશનું કાર્ય હોય છે. એક જ કાનૂન, એક જ સિદ્ધાંત, એક જ સત્તાને સાર્વભૌમત્વનું રૂપ આપવાની જરૂરિયાત પૂરી કરવાની છે,

આ જ વાતને ધ્યાનમાં રાખતાં આપણે ટયુડર અને સ્ટુઅર્ટ રાજવંશોના પ્રજા પર રાજ્યતંત્રીય સત્તા અને ધાર્મિક એકતા લાદવાના પ્રયત્નોને સ્પષ્ટ રૂપમાં સમજી શકીએ છીએ. એનાથી ફ્રાન્સને ધર્મ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુદ્ધોના, સ્પેનને કૅથલિક રાજ્યતંત્રીય અને ન્યાયાલયથી અન્વેષણને અત્યંત ખરાબ પદ્ધતિમય અને રશિયાને નિરકુંશ ઝારોની આપખુદ પદ્ધતિના રાષ્ટ્રિય ધર્મ લાદવાથી પીડાવું પડ્યું એ આપણી સમજમાં આવે છે. ઇંગ્લૅન્ડમાં આ પ્રયત્નોને સફળતા ન મળી.

આ કારણથી નિશ્ચયપૂર્વક મનુષ્યના આત્માને માટે આ પદ્ધતિ અત્યાચારરૂપ છે.

આ વિકાસમાં રાજતંત્રીય રાજ્યે માનવોની ધાર્મિક સ્વતંત્રતાને કચડી નાખી હતી. ફરી પાછી એને અગ્રિમ બનાવી લીધી. મહદ્ અંશે મિત્રતાપૂર્વક ધાર્મિક સંઘને અને એમના દૈવી અધિકારના પુરોહિત તથા ધર્મને સાંસારિક રાજ્યપદના સેવક બનાવી લીધા. એમણે ખરાબ તંત્રની સ્વતંત્રતા નષ્ટ કરી નાખી. ફક્ત એમના માટે કેટલાક.... અધિકાર માત્ર રાખ્યા. એમણે મધ્યમવર્ગની અને જ્ઞાતિ-વર્ગની સ્વતંત્રતાનો નાશ કર્યો, એમની વાસ્તવિક અને સજીવ નાગરિક સ્વતંત્રતાનો નાશ કરી દીધો.

આપણે આ વિશાળ ક્રાંતિકારી આંદોલનનું આંતરિક ઔચિત્ય જોઈ લીધું છે.

ફક્ત આપણા જ અસ્તિત્વને માટે રાષ્ટ્ર-એકતાનું નિર્માણ નહિ થઈ શકે અને ન તો ટકી રહી શકે.

એનો આશય એ હોય છે કે માનવ-સમુદાયોના એવા બૃહત્સ્તરીય સંગઠનનું નિર્માણ કરવાનું છે કે જેમાં સમસ્ત જ્ઞાતિ—ફક્ત વર્ગ અને વ્યક્તિ નહિ—આપણા પૂર્ણ માનવ-વિકાસની તરફ વધી શકે, જ્યાંસુધી નિર્માણ કાર્ય માટે શ્રમ કરવો પડે. એ બૃહત્સ્તરીય વિકાસ રોકાઈ શકે છે, પરંતુ જ્યારે સમુદાયને પોતાના અસ્તિત્વપણા વિશે દૃઢતા થઈ જાય અને એ આંતરિક વિસ્તાર જરૂરિયાતનો અનુભવ કરવા લાગે તો એનું પ્રયોજન રહેશે નહિ. ત્યારે એ જૂનાં બંધન તોડવાં પડશે. નિર્માણનાં સાધનોના વિકાસમાર્ગમાં અડચણ સમજીને ત્યાગવું પડશે. ત્યારે સ્વતંત્રતા જાતિ-માનવજાતિનો પ્રેરક શબ્દ થઈ જશે.

ઠે. વ્યાસવાસણા (તા. કપડવંજ-૩૮૭૬૨૦) (શ્રી અરવિંદના 'રાષ્ટ્ર-એકતા લેખ'નો ભાવાનુવાદ)

---

## સમય ચાલ્યો ગયો

અર્થને ઠેબે ચડાવીને સમય ચાલ્યો ગયો,
શબ્દને પોકળ બનાવીને સમય ચાલ્યો ગયો.
હાથ ઘસતી રહી ગઈ આબોહવા સંબંધની,
શ્વેત અંગૂઠો બતાવીને સમય ચાલ્યો ગયો.
કેદ રસ્તો જ્યાં થયો તે બારણું ખોલી અને
આભ આખુંયે ગજાવીને સમય ચાલ્યો ગયો.
ફૂલ જેવા રંગ ને આ ઓરડામાં બંધ હું,
મ્હેકની ભીંતો સજાવીને સમય ચાલ્યો ગયો.
વાટ સૂની રહી ગઈ ને વાવટો ફરકયા કરે,
સૌ દિશાઓ હચમચાવીને સમય ચાલ્યો ગયો.
ડુબકી મારી સફળ સંવેદનાના સાગરે
નાવ ભાષાની ડુબાવીને સમય ચાલ્યો ગયો.

**પથિક પરમાર**

ઠે. શિવકૃપા સોસાયટી,
કુંભારવાડો, ભાવનગર-૩૬૪૦૦૬

## ત્યક્તાના દુહા !

સીતાપરીના વ્હેણમાં સૂરજ ફંગોળાય,
કાંઠે ડૂબી જાય હોડી નમતી વેળની.
કોમળ મારા ટેરવે છે ઝલમલની ઝૂલ,
સ્પર્શો ઊડે ફૂલ ખરતાં મનની ડાળથી.
દરિયા જેવી જાત ને રેતી જેવી આંખ,
ફીણ ભરેલી પાંખ ચારેપા ઊડયા કરે.
આંગણ ઊભા છાંયડે, ચકરાતું એકાંત,
પગરવનો વૃત્તાંત વેરાઈ જતો ધૂળમાં.
બનાવ નામે ચાડિયો ધુમ્મસમાં ભીંજાય,
અફવા હિલ્લોળાય આલાલીલા વાયરે.
પીળા પમરખ પાંદડે લૂમેઝૂમે ઝાડ,
દંતકથાના ત્હાડ પાડે પડઘા પાદરે.

**અલ્પ ત્રિવેદી**

અમૃતવેલ-૩૬૪૨૯૦, વાયા : મહુવા (બંદર)
(જિ. ભાવનગર)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જે પડકારોનો ભારતીય સંસ્કૃતિ આજે સામનો કરે છે

ડૉ. પ્રિયબાળા શાહ

'સંસ્કૃતિ' શબ્દ માનવસમાજની સ્થિતિનો ખ્યાલ આપે છે, જેને આપણે 'સુધરેલા' 'ઊંચા' 'સભ્ય' વગેરે વિશેષણોથી વિભૂષિત કરીએ છીએ. દેશદેશના આચાર ભિન્ન હોવાથી સુધારવાની ભાવના પણ ભિન્ન રહે છે, તેથી પણ આ ભિન્નતા સંબંધી ઊંડાણથી જોવાય તો એમાં અંતર્ગત એકતા અવશ્ય હોય છે. ભિન્નતા માત્ર બાહ્ય છે, આંતરિક નથી. સંસ્કૃતિનાં મૂળ તત્ત્વ બધા દેશોમાં એક જ હોય છે. દેશકાલ પ્રમાણે બાહ્ય સ્વરૂપમાં અંતર હોય એ સ્વાભાવિક છે.

પ્રાચીન ભારતવર્ષમાં શારીરિક માનસિક અને આત્મિક શક્તિના વિકાસને માનવજીવનનું ધ્યેય માનવામાં આવતું હતું. ધર્મ અર્થ કામ અને મોક્ષ વગેરેની પ્રાપ્તિ માટે મનુષ્યને જીવતા રહેવું જોઈએ, પરંતુ વીસમી સદીમાં કૃત્રિમતાએ માનવસમુદાય ઉપર પૂરો અધિકાર જમાવ્યો છે. દૈવી સંપત્તિને બદલે આસુરી સંપત્તિનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. સ્વાર્થનું પ્રભુત્વ જણાય છે. પ્રત્યેક વાત ધનના ત્રાજવે તોળાય છે. ધનવાન તો વિદ્વાન કુળવાન જ્ઞાનવાન મનાય છે. ધનથી વિશ્વવિદ્યાલયોની મોટી મોટી પદવીઓ પ્રાપ્ત કરી શકાય છે. ટૂંકમાં, જેની પાસે ધન છે તે સુસંસ્કૃત મનાય છે. પ્રકૃતિનાં રહસ્ય સમજીને એ જ્ઞાનનો ઉપયોગ એકબીજાનો નાશ કરવામાં થાય છે. પાશ્ચાત્ય જગત પણ પોતાને સુસંસ્કૃત અને પોતાની સંસ્કૃતિને આદર્શ સંસ્કૃતિ માનવામાં ખચકાતું નથી.

ઔદ્યોગિક ક્રાંતિને કારણે મનુષ્યની શક્તિની જગ્યાએ યંત્રોની શક્તિએ સ્થાન લીધું. યંત્રયુગના પ્રાદુર્ભાવને કારણે ભારતીય સમાજની સંપૂર્ણ વ્યવસ્થા બદલાઈ ગઈ, સમાજમાં અનેક વિષમતા ઉત્પન્ન થઈ. એની સૌ-પ્રથમ અસર પોશાક ઉપર પડી : સ્ત્રીઓના અને પુરુષોના પોશાકો. સ્ત્રીઓના પોશાકોમાં સાડી ચણિયા ઓઢણામાંથી ટૂંકાં સ્કર્ટ-ફ્રોક અને બેલબોટમ પહેરાવા લાગ્યાં. છોકરા જેવો પોશાક અને ટૂંકા વાળ થવા લાગ્યા. પુરુષોના પોશાકમાં ધોતીને બદલે પેન્ટ દાખલ થયાં.

વાહનોમાં મોટર-સાઇકલ મોટર-ગાડી સ્કૂટર વગેરે દાખલ થયાં. એને જ કારણે પોશાકમાં પરિવર્તન આવ્યું, કારણ કે સ્ત્રીઓ આવાં વાહનોનો ઉપયોગ કરતી થઈ. રમતગમત-ક્ષેત્રે મર્દાનગીની રમતો ક્રિકેટ જેવામાં સ્ત્રીઓના પ્રવેશે પુરુષ જેવાં કપડાં પહેરતી સ્ત્રીઓને કરી. ભારતીય સંસ્કૃતિ "એડજસ્ટમેન્ટ"—બાંધછોડની સંસ્કૃતિ છે. આપણી જીવનરીતિ એ પ્રકારની થઈ ગઈ છે કે માણસ હંમેશાં બાંધછોડ કરવા તૈયાર હોય છે અને પોતાના રૂઢિગત વિચારો સાથે સમાધાન કરી લે છે. બંગાળી કવિ ચંદ્રસેન હિંદુની વ્યાખ્યા આપતાં કહે છે કે 'હિંદુ એ કે જે ભારતમાં અને બંને પક્ષે ભારતીય માબાપથી જન્મ્યો હોય અને જેણે પોતાની જ્ઞાતિના રિવાજોને માન આપીને સ્વીકાર્યા હોય.' પ્રાચીન સમયના મુખ્ય ચાર વર્ણોને બદલે અનેક જ્ઞાતિઓ આજે આપણે જોઈએ છીએ. ઊતરતી જ્ઞાતિનો કોઈ સભ્ય પાણી કે ખોરાક આપે તો ઉચ્ચ જ્ઞાતિને એનો સ્વીકાર કરવાની મનાઈ હોય છે. એવી જ રીતે પોતાની જ્ઞાતિ બહાર લગ્ન પણ અશક્ય બને છે. આજે આ લગ્નવ્યવસ્થા ભારતીય સંસ્કૃતિને માટે પડકાર-રૂપ છે. અત્યારે ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાતિપ્રથા અભૂતપૂર્વ છે કે જેનાં કેટલાંક બંધનોને કારણે ધાર્મિક અને બીજા હક્કોથી લોકોના સમુદાયને વંચિત રાખવામાં આવે છે. આવી સંસ્થામાં દરેક વ્યક્તિનું સ્થાન તેમ મોભો નિશ્ચિત હોય છે. દરેક પોતાની સેવા સમાજને આપતું હોય છે. એ જુદાં જુદાં જૂથો સાથે મૈત્રીસંબંધ ધરાવે છતાં પણ ખોરાક-પાણી અને લગ્નના સંબંધ (રોટી-બેટી-વહેવાર) એવાં લોક એકબીજાં સાથે બાંધતાં નથી. પોતાની શ્રદ્ધા-માન્યતાને જાળવવાનું એમને માટે મહત્ત્વનું છે તેથી બે જૂથો વચ્ચેના અંતરની ખાઈ વધતી જાય છે; જેમકે હરિજનો. અસ્પૃશ્યતા એવી ઘર કરી ગઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે એને કાઢવાનો પ્રયત્ન પણ સરકારી કાયદા દ્વારા પાર પડી શકતો નથી. દરેક વર્ગ સમાજનો એક ભાગ છે તેનાથી વિવિધતામાં એકતા જણાય છે. દરેકનું સ્થાન ભારતીય ફિલસૂફી પ્રમાણે કર્મથી નક્કી થયેલું છે. એમની મોક્ષની માન્યતા ધર્મના સિદ્ધાંતોને આભારી છે. સમગ્ર ધર્મ નિયમો ફરજ ગુણ વ્યવસ્થા કાયદા અને જીવનના આદર્શોમાં સમાયેલો છે.

ખોરાક માટેના નિયમ વધુ કડક હતા. ખોરાક માણસના ગુણ–સારા કે ખોટા ઉપર આધાર રાખે છે, ઉપરાંત માણસનાં સ્વાસ્થ્ય ચારિત્ર્ય સ્વભાવ વગેરે ઉપર પણ અસર કરે છે. 'અન્ન તેવો ઓડકાર' તેથી ખોરાકને મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચી દેવામાં આવે છે : સાત્વિક ખોરાક બુદ્ધિને વિકસાવે છે, રાજસ ક્રોધી અને 'રેસ્ટલેસ' કરે છે, તામસ માણસને આળસુ અને મંદ કરે છે,

લગ્ન પોતાની જ્ઞાતિમાં હોય તે જ ધાર્મિક–પવિત્ર. એને જ કાયદાનો લાભ મળે. શ્રીમંત હોય કે ગમે તે પ્રકારની આર્થિક સ્થિતિ હોય કે ગમે તે ધર્મ પાળનાર હોય, પણ એને માટે લગ્નનાં બંધન તો ખરાં જ. રૂઢિચુસ્તોએ પણ પોતાની જ્ઞાતિ બહાર લગ્ન કરવાની મનાઈ કરવા છતાં પણ નિષેધને ગણકાર્યા વગર આંતરજ્ઞાતીય લગ્નો થતાં જાય છે.

આપણી સંસ્કૃતિ બાંધછોડમાં માનનારી છે તેથી પોતાના વ્યવસાય માટે પરદેશ ગયાં હોય કે ભણવા ગયાં હોય અને ત્યાં સ્થિર થયાં હોય તોપણ, બંને સંસ્કૃતિમાં ખેંચાણ માનસિક રીતે થતું હોય તોપણ પોતાની ભારતીય સંસ્કૃતિને ભૂલતાં નથી કે મૂકતાં નથી, ભારતીયો જ્યાં જાય ત્યાં પોતાનાં ભાષા ખોરાક ધર્મ લગ્ન પોશાક વગેરેને ભૂલતાં નથી. કામ પર જાય ત્યારે કામને અનુકૂળ વસ્ત્ર પહેરે, પરંતુ ઘેર આવે ત્યારે એ વસ્ત્રોને તિલાંજલિ આપીને પોતાનો (સ્વદેશી) પોશાક પહેરે ત્યારે એઓને મનથી હાસ થાય. ક્યારેક એવું બનતું હોય છે કે પોતાનો ભારતીય પોશાક ઘરમાં ન પહેરે, પણ લગ્ન પ્રસંગે, કેટલીક મિજબાનીઓ કે સમારંભોમાં હાજરી આપતી વખતે અચૂક પોતાના અલંકાર અને પોતાનો દેશી પોશાક પહેરવાનો આગ્રહ રાખે. ઘરમાં પોતાની ભાષાનો ઉપયોગ વાતચીતમાં કરતાં હોય છે. પોતાનાં બાળકોને દેશની લિપિ ન આવડી હોય તો એમને માટે હવે ભજન કીર્તન વગેરે રોમન લિપિમાં છપાય છે. પોતે નવા મકાનમાં કે ફ્લેટમાં રહેવા જાય, નવી નોકરી કે નવો વ્યવસાય શરૂ કરવાનો હોય કે જન્મદિવસ ઊજવવાનો હોય તોપણ પોતાની સંસ્કૃતિની રૂઢિગત–પરંપરાગત પ્રણાલીને જ અનુસરે છે. એ વખતે જરૂરી ધાર્મિક વિધિ કરવામાં આવે છે. ઘરના એક ખૂણામાં આરસ સુખડ કે હાથીદાંતની દેવની મૂર્તિઓ–કૃષ્ણ શિવ સરસ્વતી ગણેશ વગેરેની મૂર્તિઓ મૂકવામાં આવે છે. રોજ સવારે ત્યાં ધૂપસળી કરવામાં આવે છે. જ્યાં હિંદુઓની સંખ્યા વધારે હોય ત્યાં મંદિર પણ બંધાવે છે. એ રીતે પોતાના ધર્મનું સ્મરણ કરે છે. આ ઉપરાંત રોજિંદા જીવનનું મહત્ત્વ એ રસોઈ. ભારતીય રસોઈ ઘણો સમય માગી લે છે તોપણ પોતાના રોજિંદા વ્યવસાય સાથે ભારતીય સ્ત્રીઓ પોતાના સ્વાદ અને શોખ પ્રમાણે ભારતીય વાનગીઓનો સ્વાદ માણે છે. જુદા જુદા પ્રસંગની મિજબાનીઓ, લગ્નપ્રસંગ, રાષ્ટ્રિય તહેવાર કે માત્ર સંમેલનમાં તો ભારતીય વાનગીઓ ખાસ પીરસવામાં આવે છે.

લગ્ન–સંસ્કારનું મહત્ત્વ જીવનમાં ઘણું છે. પરદેશમાં રહેવા છતાં પણ પોતાની પુત્રવધૂ અમુક સંસ્કારવાળી અર્થાત્ ભારતીય સંસ્કારવાળી હોવાનો આગ્રહ રખાય છે. પોતાની પુત્રીને પાશ્ચાત્ય ઢબે કેળવી હોય તોપણ પુત્રવધૂ તો ભારતીય સંસ્કારવાળી જ જોઈએ, અર્થાત્ સંયુક્ત કુટુંબને અપનાવે તેવી, ઘર અને રસોડું સંભાળે તેવી હોવી જોઈએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરદેશમાં વસતા ભારતીયો પણ મનોરંજન ભારતીય પસંદ કરે છે. એમાં સિનેમા નૃત્ય સંગીત વગેરે ભારતીય હોય તેને પસંદ કરીને ફુરસદના સમયે જોવાનું પસંદ કરે છે. એને માટે ગમે તે ખર્ચ થાય તોપણ એ કરવા-ભોગવવા તૈયાર હોય છે. ભારતીય કુટુંબો અવારનવાર સત્યનારાયણની કથા, ભજનો, નવરાત્રમાં ગરબા વગેરે ગોઠવતાં હોય છે અને સૌ કોઈ એમાં આનંદથી ભાગ લે છે.

પહેલાં લગ્ન એક સંસ્કાર હતો, સ્ત્રીઓને લગ્નનું બંધન હતું, હવે લગ્ન સંસ્કાર ન રહેતાં કરાર થતો ગયો છે. પહેલાં જે બંધનો હતાં તેમાંથી સ્ત્રીપુરુષ બંને મુક્ત થયાં, પણ કરારનાં બંધન-જે હોય તે-બંનેને લાગુ પડે છે. સ્ત્રી પહેલાં અનુગામિની હતી, હવે એ સહગામિની બની છે, છતાં પણ પરંપરાગત નીતિનિયમો બદલાયાં નથી. કાયદાથી સ્ત્રીને ઘણા હક્ક મળ્યા; જેમકે એક-પત્નીત્વ. સ્ત્રી જન્મોજન્મ એ જ પતિને વાંછતી એને બદલે છૂટાછેડાના હક્ક મળ્યા. એ પુનર્લગ્ન તેમ વિધવા-વિવાહ કરી શકે, દત્તક પણ લઈ શકે. અધિકારથી સ્ત્રીએ ઘણું મેળવ્યું છતાં પણ આપણી રૂઢિ એટલી જડ છે કે આપણું સમાજનું માળખું એમાંથી બહાર નીકળી શક્યું નથી, તેથી વાસ્તવમાં મળેલા હક્ક પણ સ્ત્રી ભોગવી શકતી નથી. તેથી જ એમ કહી શકાય કે આજે ભારતીય સંસ્કૃતિને જે પડકાર છે તે પડકાર આપણી સંસ્કૃતિ બાંધછોડની હોઈને એમાંથી ક્ષેમકુશળ બહાર નીકળી શકશે.

જેમ કપડાં ખોરાક જ્ઞાતિવ્યવસ્થા રીતરિવાજ લગ્નવિધિ બધાંમાં જરૂરી ફેરફાર થવા લાગ્યા તેમ લલિત કલાઓમાં પણ ફરક પડવા લાગ્યો. સ્થાપત્યમાં રહેઠાણનાં મકાન ધર્મ પ્રમાણે-પોતપોતાની જરૂરિયાત પ્રમાણે થતાં, પણ ઔદ્યોગિક વસાહતો ઊભી થતાં ઝૂંપડપટ્ટી-વિસ્તાર વધવા લાગ્યો. સારાં મકાનોની આગળ આવી ઝૂંપડપટ્ટી થતાં મકાનોનું સૌંદર્ય હણાવા લાગ્યું, તેથી સૌંદર્યની પરખ ઓછી થતી ગઈ. આજે શહેરોને સુંદર બનાવો, સ્વચ્છ રાખો, વગેરે ઝુંબેશ થાય છે, પણ એ કાયમ ટકી શકતી નથી. વસ્તીના વિસ્ફોટને લીધે સ્વતંત્ર મકાન, ફરતો બગીચો શક્ય નહિ હોવાને કારણે બહુમાળી મકાનો થવા લાગ્યાં. ચિત્રકલામાં 'મૉડર્ન'ને નામે નવી શૈલી શરૂ થઈ. આ ચિત્રોમાં વિષયોનો અભાવ કહી શકાય. બીજી રીતે કહીએ તો એને ઍબ્સ્ટ્રેક્ટ—ઍબ્સર્ડ નામે ઓળખવામાં આવે છે. ધર્મ પ્રત્યે બેદરકારી થતાં મૂર્તિઓ ઘડવાની પ્રવૃત્તિ કાંઈક મંદ પડી. સસ્તાં મનોરંજનો તરફ લોકો વળ્યાં તેથી સિનેમા જુગાર દારૂ વગેરેનો ઉપયોગ વધવા લાગ્યો, તેથી એમ લાગવા માંડ્યું કે આજની સંસ્કૃતિને કરવો પડતો સામનો એક પડકારરૂપ છે, છતાં પૂર્ણ ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વ આપણે જોઈ શકીએ છીએ. ઐતિહાસિક દૃષ્ટિએ ભારતીય સંસ્કૃતિ ઘણી પ્રાચીન છે, એ નિત નવીન છે. ઋગ્વેદમાં ઉષાના વર્ણનમાં એને 'યુવતિ પુરાણી' છતાં નિતનવીન કહેલી છે. આ જ વિશેષણ આપણે ભારતીય સંસ્કૃતિને એના આધારભૂત સિદ્ધાંતોને કારણે આપી શકીએ.

ઝીણવટથી જોતાં માલૂમ પડશે કે આ સંસ્કૃતિના મૂળમાં જે સિદ્ધાંતો છે તે કોઈ દેશ-વિદેશ કે જાતિ-વિશેષના નથી, પણ સમસ્ત માનવજાતિના કલ્યાણ માટેના છે. ભારતના ઋષિમુનિઓની સામે સાંસ્કૃતિક વિકાસનો એક વિશાળ દૃષ્ટિકોણ નજર આગળ હતો કે કઈ રીતે માનવસમાજનું કલ્યાણ થાય અને એ અધિક સુખી થાય. ભારતના આર્થિક સામાજિક ધાર્મિક દાર્શનિક વગેરે સિદ્ધાંતોને આ કસોટી ઉપર કસવામાં આવે તો એ જરૂર એમાંથી પાર ઊતરે.

ભારતીય સંસ્કૃતિ આટલી પ્રાચીન હોવા છતાં એ આજે હયાત છે. સમયના પરિવર્તન સાથે એનું સ્વરૂપ થોડુંક બદલાયું છે. એમાં જે પ્રકાશ છે તે આજે પણ દેદીપ્યમાન છે. એ જ પ્રકાશથી સમસ્ત વિશ્વ ઝગમગી ઊઠશે. કેટલાયે આઘાત પોતાની જીવનશક્તિના રક્ષણ માટે સહન કર્યા છતાં એ આજે સુરક્ષિત છે. સૌ-પ્રથમ આ સંસ્કૃતિનો ફેલાવો સમસ્ત વિશ્વમાં થયો એમાં માનવકલ્યાણની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવના હતી. બારમી સદી સુધી કેટકેટલાં આક્રમણ ભારતવર્ષ પર થયાં ! એ આક્રમણકારો ભારતીય સંસ્કૃતિના રંગે રંગાયા હતા. બારમી સદી પછીનાં આક્રમણ ભારતવર્ષની સંસ્કૃતિની દૃષ્ટિએ હાનિકારક જણાયાં. ત્યારપછી સમયના પરિવર્તન સાથે નવા સ્વરૂપની આવશ્યકતા જણાઈ. કબીર નરસિંહ વલ્લભ મીરાં ચૈતન્ય તુલસી તુકારામ વગેરે મધ્યકાલીન સંતો આચાર્યો અને ભક્તોએ આ ન્યૂનતાને પૂરી કરી. બ્રહ્મા વિષ્ણુ મહેશની ભક્તિની ત્રિવેણી નવા સ્વરૂપે વહેવા લાગી. ભારતવર્ષનું સાંસ્કૃતિક જીવન જે મૂરઝાતું હતું તેને ત્રિવેણીના નવા જળથી બચાવી લેવાયું.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જર્જરિત ભારતીય સંસ્કૃતિ પર જબરજસ્ત કુઠારાઘાત પડચો તે અંગ્રેજી સામ્રાજ્યની સ્થાપનાથી. એના પરિણામે પાશ્ચાત્ય સંસ્કૃતિ સાથે સંઘર્ષ થયો. આ સંઘર્ષમાંથી જણાતું હતું કે ભારતીય સંસ્કૃતિ કાયમને માટે વિદાય લેશે. સનાતન સિદ્ધાંતો પર અવલંબિત સંસ્કૃતિ ક્ષીણ ન થઈ, જોકે થોડો વખત એને મૂર્છાવસ્થા આવી ગઈ, પણ નવી ચેતનાથી એ ફરી બેઠી થઈ. રાજા રામમોહનરાયે બ્રહ્મસમાજની સ્થાપના કરીને એમાં ચેતનાશક્તિ ભરવાનો પ્રયત્ન કર્યો. દયાનંદ સરસ્વતીએ ભારતીય સંસ્કૃતિનું શુદ્ધ સ્વરૂપ વિશ્વની સામે ધર્યું એના ફલસ્વરૂપે ભારતીયોએ પોતાનાં રત્ન ફરી પ્રાપ્ત કર્યાં.

આજના ભારતની આકાંક્ષાઓ — મહત્ત્વાકાંક્ષાઓ મહાત્મા ગાંધીના સ્વરૂપે પ્રગટ થઈ. મહાત્મા ગાંધી એ શરીરધારી ભારત. ગાંધીજીએ પોતાના જીવનમાં ભારતીય સંસ્કૃતિને ઓતપ્રોત કરી અને માનવ-જીવનના સંચાલનમાં એની ઉપયોગિતા બતાવી, સમસ્ત ભારતમાં ભારતીય સંસ્કૃતિનાં પ્રતીક સત્ય–અહિંસા–તપની ત્રિવેણી વહેવડાવી. એમણે બતાવ્યું કે માનવતાના સિદ્ધાંતો ઉપર અવલંબિત ભારતીય સંસ્કૃતિ અપનાવવાથી સાચી શાંતિ મળશે. તેથી સમજાય છે કે ભારતીય સંસ્કૃતિ સામે ગમે તેટલા પડકાર ફેંકાશે તોપણ એ ટકી રહેશે. આ કૃત્રિમતાપૂર્ણ વીસમી સદીમાં ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વ ઘણું વધી જશે. એક વ્યક્તિ બીજાનું ગળું કાપવા તૈયાર થાય છે, એક સમાજ બીજા સમાજનું લોહી પીવા તૈયાર થાય છે. એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને ગુલામ બનાવીને એને બેડીઓ પહેરાવવા તૈયાર થાય છે. ચારે બાજુ સ્વાર્થ અને દ્વેષના વાતાવરણમાં હિંસાનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. આવા સમયમાં માનવજાતિની રક્ષા સનાતન સિદ્ધાંતો પર આધારિત ભારતીય સંસ્કૃતિ જ કરી શકશે. જે સંસ્કૃતિમાં અહિંસા સત્ય અને તપની ત્રિવેણી આદિ કાલથી વહી રહી છે તે ગાંધીસ્વરૂપે આપણે જોઈ શકચાં છીએ. જ્યારે હિંસાથી વિશ્વ છવાઈ જશે ત્યારે અહિંસા સત્ય તપથી શાશ્વત શાંતિ મળશે. પાશ્ચાત્ય સમાજ પણ હવે જાણી ગયો છે કે ભારતમાં જે શોધ થાય છે તે માનવકલ્યાણની, જ્યારે પોતાના દેશની શોધ માનવ–સંહારની છે, ભારતના આધ્યાત્મિક અને ધાર્મિક જીવનમાંથી શાંતિ મેળવવા ભારત તરફ નજર રાખી રહ્યા છે; જેમકે હરેકૃષ્ણ–આંદોલન, 'સર્વેઽત્ર સુખિનઃ સન્તુ' એવી ભાવના આપણી સંસ્કૃતિની છે. કોઈ મનુષ્યનો ધર્મ જુદો હોય તો એનું પણ સુખ માગ્યું છે, એક જ ધર્મના માણસો સુખી રહે એમ નથી ઈચ્છયું. આ રીતે આપણી સંસ્કૃતિ જગતના ધર્મોની જનેતા જેવી છે. આ એક પ્રકારનું 'જનરેટર' છે. એ 'જનરેટર' ખોટકાશે તો બીજા ધર્મોની પ્રગતિ અટકશે, એઓને પણ નુકસાન પહોંચશે. ધર્મની ઉન્નતિ સાધવા બધા ધર્મો વચ્ચે મૈત્રી જોઈએ. હિંદુઓમાં પડોશીધર્મ પરાપૂર્વથી છે. અન્યની સેવા કરવી એ તો આપણી સંસ્કૃતિના હાડમાં જ છે, માટે તો 'જીવો અને જીવવા દો' નીતિ એકસરખી રહી છે.

ઠે. ૧૨, સજ્ઞ સોસાયટી, અમદાવાદ–૩૮૦૦૦૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન ભારતીય વૈજ્ઞાનિકોનાં સૂર્ય–ચંદ્ર તથા અન્ય ગ્રહોનાં ભ્રમણ અંગેનાં અવલોકન

શ્રી દેવેશ અ. ભટ્ટ

આ લેખમાં આર્યભટ્ટ બ્રહ્મગુપ્ત તથા ભાસ્કર(બીજા)નાં સૂર્ય–ચંદ્ર તથા બીજા ગ્રહોનાં ભ્રમણો અંગેનાં અવલોકનોનો અભ્યાસ છે. આજનો સર્વમાન્ય જે સિદ્ધાંત કે પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે તેનાથી તદ્દન વિરુદ્ધ કે સૂર્ય અને બધા ગ્રહ પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે એવુ આ વૈજ્ઞાનિકોએ માન્યું હતું અને આ ધારણાને આધારે અવલોકનો બાંધી આ ગ્રહોની અવકાશમાં કઈ સ્થિતિ હોય એટલે કે ભવિષ્યના અમુક સમયે આ ગ્રહો અવકાશમાં ક્યાં હોઈ શકે એ પામવા એઓએ પ્રયાસ કર્યો છે. અલબત્ત, મહદ્ અંશે હાલનાં સંશોધન–પરિણામોએ એઓને ખોટા સાબિત કર્યા છે, પરંતુ એ યુગમાં એ પણ પ્રદિપાદિત કરી જ્ઞાનનો એક નવો વિષય ખોલવાનું શ્રેય એમને ફાળે જાય છે, એમની મહત્તા માનીએ તેટલી ઓછી છે.

એક ચોખવટ કરી લઈએ. આ વૈજ્ઞાનિકોના અભ્યાસને સિદ્ધાંતો નહિ, પણ ફક્ત અવલોકનો તરીકે ગણવાનું નીચેનાં કારણોએ થાય :


૧. લગભગ દરેક સ્વીકાર્ય સિદ્ધાંત પહેલાં અવલોકનરૂપે જ પ્રગટે છે, પરંતુ જ્યારે એનું તથ્ય મપાય છે ત્યારે એ સર્વમાન્ય સિદ્ધાંત બને છે. આ રીતે આ વૈજ્ઞાનિકોએ જે પ્રતિપાદિત કર્યું તે સૈકાઓ સુધી અહીં કે પાશ્ચાત્ય દેશોમાંય ખરું કે ખોટું સાબિત થયું નહિ.

૨. આ વૈજ્ઞાનિકોએ પણ અટકળો જેવું ગણ્યું હતું, આજની વૈજ્ઞાનિક પદ્ધતિમાં સંશોધન જેવો ગણાય તેવો આ વૈજ્ઞાનિકોનો પ્રયાસ ન હતો.


પણ જે હોય તે, ટાંચાં સાધનોની ઉપલબ્ધિ અને કલા અને સાહિત્યના ઝોકવાળા સમાજમાં વૈજ્ઞાનિક પદ્ધતિનું અવલોકન કરવું એ અતિમહત્ત્વની વાત છે. બીજું એ કે અવલોકન તો અવલોકન કે પરંપરા, જેમાંની ઘણી આજે અદ્ભુત રીતે સાચી પડી છે, તો ઘણી બધી ફક્ત બે–ત્રણ દાયકા પહેલાં જ ખોટી પડી છે.

મૂળ વાત કરીએ. જ્યોતિષશાસ્ત્ર કે ખગોળશાસ્ત્રનો પહેલો ઉપલબ્ધ ગ્રંથ 'વેદાંગ જ્યોતિષ' (ઈ. સ. પૂર્વે ૧૪૦૦ કે પહેલાંનો) સૂર્ય–ચંદ્રની ભ્રમણકક્ષા વિશે મૌન સેવે છે, આર્યભટ્ટે જ એનો પ્રથમ વિચાર કર્યો જણાય છે અને બ્રહ્મગુપ્તે તથા ભાસ્કરે એનો વિસ્તાર કે સુધારો કર્યો છે. આ ત્રણેએ આ અંગે શું વિચાર્યું હતું એ જાણીએ તે પહેલાં એમનાં અવલોકન કેવી રીતે થયાં હશે એ જાણવું જરૂરી છે.

કોઈ પણ ગ્રહની ભ્રમણકક્ષા અને ગતિ જાણવા કેટલાક દાયકા લાગે છે, કારણ કે દરેક ગ્રહ વર્તુળાકાર કે લંબગોળાકાર માર્ગે, પણ બિલકુલ ચોક્કસ માર્ગે, ભ્રમણ કરતો નથી. વૈજ્ઞાનિકો ગ્રહના ભ્રમણમાર્ગનાં વલયોને ધ્યાનમાં રાખી એનો ભ્રમણમાર્ગ નક્કી કરે છે. દા. ત. નીચે આપેલ આકૃતિ ૧ માં કોઈ ગ્રહ ગોળાકાર ભ્રમણમાર્ગમાં ફરતો દર્શાવ્યો છે, પણ એ દર વર્ષે ચોક્કસ અને સંપૂર્ણ



આકૃતિ ૧




આકૃતિ ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોળાકારમાં ફરતો નથી, એનો માર્ગ થોડો અનિશ્ચિત હોય છે. વળી એ એના કેંદ્રથી ચલિત પણ થતો હોય છે, જેનો પથ eccentreic હોય છે. આકૃતિ ૨ માં બતાવ્યા પ્રમાણે જો આ વર્ષે કોઈ ગ્રહ અ૧ને કેંદ્ર બનાવી અબક વર્તુળમાં ફરે છે, તો બીજા વર્ષે પ૧ને કેંદ્ર બનાવી પફવમાં ફરે છે, જ્યારે ત્રીજા વર્ષે ચ૧ને કેંદ્ર બનાવી ચછજમાં ફરે છે. ગ્રહના લાંબા ભ્રમણમાર્ગને ધ્યાનમાં લઈએ તો આ ફેરફારો બહુ મોટા ન ગણાય, છતાં આ પ્રક્રિયા આપણા વૈજ્ઞાનિકોના ધ્યાનમાં હતી અને લગભગ ૧૭ મા સૈકા સુધી (જોહાન કેપ્લર સુધી) આ માન્યતા સાચી ગણાતી હતી.

આ પૂર્વભૂમિકામાં આપણા વૈજ્ઞાનિકોએ તારવ્યું કે પૃથ્વીને કેંદ્રમાં રાખી બધા ગ્રહો સૂર્ય-ચંદ્ર સહિત, નીચેના નિયમને ધોરણે ભ્રમણ કરે છે. આ નિયમ દ્વારા એમનું માનવું હતું કે ભવિષ્યના કોઈ પણ ચોક્કસ કોઈ સમયે સૂર્ય ચંદ્ર કે કોઈ ગ્રહનું અવકાશમાં ચોક્કસ સ્થાન જાણી શકાય (જોકે હાલ આ તદ્દન ખોટું સાબિત થયું છે).

"બધા ગ્રહ અસમાન કેંદ્રવાળી વર્તુળાકાર ભ્રમણકક્ષામાં, કોઈ એક નિશ્ચિત વક્ર સરેરાશ ગતિએ, રાશિઓની ગતિની જ દિશામાં, પોતાના ભ્રમણમાર્ગમાંના પૃથ્વીથી એકદમ દૂરના બિંદુએથી નજીકના બિંદુ તરફ ઘૂમે છે."

આ ઉપરના ઉપનિયમ આ પ્રમાણે છે:

૧. આ અસમ કેંદ્રવાળો ભ્રમણમાર્ગ મૂળ માર્ગ જેટલો જ હોય છે.


૨. જ્યારે ગ્રહ મૂળ માર્ગથી અસમ કેંદ્રવાળા વર્તુળાકાર માર્ગમાં જાય છે ત્યારે મૂળ માર્ગ કે જેના કેંદ્રમાં પૃથ્વી આવેલી છે તેનાથી એનાં કેંદ્ર અને વર્તુળ ચલિત થાય છે.

૩. પૃથ્વીથી નવા માર્ગના કેંદ્રનું અંતર નવા ઉપવર્તુળના ત્રિજ્યાના ફેરફાર જેટલું હોય છે.

સીધા શબ્દોમાં કહીએ તો આ ગ્રહો પૃથ્વીથી સમકક્ષ અંતરે પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે અને જો એના ભ્રમણમાર્ગમાં ફેરફાર નજરે પડે તો એનું કારણ નવા ભ્રમણમાર્ગનું કેંદ્ર પૃથ્વીથી ખસેલું છે તે છે.

આ અવલોકનને બે રીતે સમજાવી શકાય. એક તો ચલિત કેંદ્રની દૃષ્ટિએ અને બીજું ભ્રમણ-કક્ષાના પરિઘના અંતરમાં થયેલા ફેરફારની દૃષ્ટિએ.

પહેલી રીત સમજવા નીચેની આકૃતિ નં. ૩ સમજીએ :




આકૃતિ ૩

इ પૃથ્વીનું સ્થાન એટલે ભ્રમણ કરતા ગ્રહનું કેંદ્ર ગણવું. अपमने સૂર્યનો ભ્રમણમાર્ગ ગણવો. अ અને पने અનુક્રમે સૂર્યની પૃથ્વીથી ગુરુતમ તથા લઘુતમ સ્થિતિઓ ગણવી (ફક્ત સાધારણ તફાવત સાથે, જે આકૃતિમાં ધ્યાનમાં સીધો નથી.) સૂર્ય એના મૂળ માર્ગથી જેટલો ચલિત થાય તે ફેરફારને ધ્યાનમાં લઈ, નવી સુધારેલી ત્રિજ્યા इअ१ લઈ સૂર્યનો બીજો માર્ગ બનાવવો, જેનું નામ अ१च१स

For Private and Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવું. નિયમ પ્રમાણે વલય पम અને प$^{1}$सનું અંતર અનુક્રમે प અને प$^{1}$થી માપતાં સરખાં થશે. આમ ખાતરી થયે નવો માર્ગ प$^{1}$सअ$^{1}$ નક્કી થશે, તેથી આવા વર્ષ દરમ્યાન સૂર્યનું સ્થાન આ ભ્રમણ-માર્ગમાં ક્યાં હશે એ સહેલાઈથી જાણી શકાશે. આમ સૂર્યની ભ્રમણકક્ષા સહેલાઈથી જાણી શકાશે. આમ ચંદ્રની ભ્રમણકક્ષા પણ જાણી શકાશે.

અહીં આ વૈજ્ઞાનિકોની માન્યતા એ હતી કે સૂર્ય (કે કોઈ પણ અન્ય ગ્રહ) એ प અને प$^{1}$ બિંદુઓથી ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં લગભગ સરખા અંતરે સરખી ઝડપે પૃથ્વીનું ભ્રમણ કરે છે તથા એઓ જુદાં જુદાં વર્તુળોએ એકસાથે સરખા અંતરે આવી શકે છે, તેથી જો કોઈ એક ગ્રહનું સ્થાન એક સમયે નક્કી થાય તો બીજાનું સ્થાન તરત જ નક્કી થઈ શકે છે. ( આપણે જાણીએ છીએ કે આ માન્યતા તદ્દન ખોટી પુરવાર થઈ છે.)

ઉપરના નિયમને બીજી રીતે એટલે કે ભ્રમણકક્ષાના પરિઘમાં થયેલા ફેરફારની દૃષ્ટિએ પણ નીચેની રીતે સમજી શકાય :



આકૃતિ ૪

ધારી લો કે આકૃતિ ૪ માં બતાવ્યા પ્રમાણે સૂર્ય अमप ભ્રમણકક્ષામાં પૃથ્વી इની આજુબાજુ ઘૂમે છે. म એ એના મૂળ માર્ગના પરિઘનું એક સ્થાન છે. હવે માની લો કે સૂર્યની ભ્રમણકક્ષામાં જ્યારે ફેરફાર થાય છે ત્યારે એ કોઈ स બિંદુએ કોઈ સમયે સ્થાન ધરાવે છે. मને કેંદ્ર ગણી स પરિઘ ઉપર આવે એટલે કે मस ત્રિજ્યા લઈ એક વર્તુળ દોરો. હવે ધારી લો કે સૂર્યના નવા ભ્રમણમાર્ગનું ચલિત થયેલું કેંદ્ર क છે. इनमइ તથા कस અને उस રેખાઓ દોરો.

જો Lउमस = Lमइअ, मस//इअ અને इक = मस રહે તો कस હંમેશાં इम જેટલી રહે, તો નવો ભ્રમણમાર્ગ કે જેના ઉપર स બિંદુ ધારેલું હતું તે માર્ગ નક્કી થઈ જશે અને એમ વર્ષ દરમ્યાન ગમે તે સમયનું સૂર્યનું સ્થાન એની ઉપર ધારી શકાશે.

હાલ તો આ બધું નિરર્થક સાબિત થયું છે, પરંતુ હાલ પણ આ અવલોકનના અભ્યાસ પછી આ વૈજ્ઞાનિકો કેટલા ઊંડાણમાં ગયા હતા એ અનુભવતાં એમના માટે અનહદ માન થયા વિના રહેતું નથી. *

*ब्रह्मगुप्तના ब्रह्मस्फुटसिद्धान्तના આધારે

ઠે. ૪૯૫, જેઠાભાઈની પોળ, ખાડિયા, અમદાવાદ-૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાલ્મીકીય રામાયણમાં પ્રતિબિંબિત લોકજીવન

અધ્યા. સુભાષ બ્રહ્મભટ્ટ

જગતનાં મહાકાવ્યોમાં વાલ્મીકીય રામાયણનું સ્થાન વિશિષ્ટ છે. કવિચેતનાના સૌથી ઊંડા સ્તરેથી સર્જન પામેલી આ કૃતિ માનવભાવોમાં દૈવી સુંદરતાનું દર્શન કરાવે છે. મહાકાવ્યના આ ચિરંજીવ ગ્રંથમાં સદાચારનું મહાસંગીત અને સંતજનોનો સદ્બોધ ગુંજે છે. રામાયણમાં પાત્રોએ જે જીવન-ઘડતર કર્યું છે, પ્રજાને શાંતિ અને શ્રદ્ધા આપ્યાં છે, તે જગતનાં બીજાં મહાકાવ્યોએ કર્યું નથી. આ કારણથી જ આ કથામાં મનુષ્યજાતિનું આકર્ષણ રહેલું છે. હજારો વર્ષોથી ભારતીય સંસ્કૃતિનું ઘડતર કરનાર આ મહાકાવ્ય "એપિક ઑફ આર્ટ" તરીકે ઓળખાયું છે. તેથી જ આ મહાકાવ્ય "માનવ-સંસ્કૃતિનું મહાકાવ્ય" કહેવાયું છે.

રામાયણમાં મુખ્ય આધાર અયોધ્યાના રાજકુમાર રામની કથાનો છે. આ કથા કોઈ પણ એક કાલના ભારતવર્ષની રાજકીય સ્થિતિનું ચિત્ર સ્પષ્ટ કરે છે છતાં આ કથા ઐતિહાસિક કે રાજકીય દૃષ્ટિએ નિરૂપાયેલ નથી, એ માનવીય મૂલ્યો અને માનવધર્મની કથા છે. ભારતીય સંસ્કૃતિનાં અનેક પાસાં એમાં પ્રતિબિંબિત થયાં છે. સત્યધર્મનું પાલન કેવું અનિવાર્ય અને કેટલું છે એ અહીં પાને પાને જોવા મળે છે. સત્ય અને સ્નેહ પર નિર્ભર આત્મધર્મના વિજયની પતાકા લહેરાવતું આ મહાકાવ્ય છે.

ભારતવર્ષના કોઈ એક કાલના પૂર્વભાગની રાજકીય સ્થિતિનું ચિત્ર એમાં સ્પષ્ટ થાય છે. રાજાશાહી લોકશાહીના રંગે રંગાયેલી હતી. રાજા અમુક ચોક્કસ પ્રદેશ ઉપર કુલપતિની જેમ પ્રવર્તતો હતો. રાજગાદીની પરંપરા રાજાના વંશમાં જ રહેતી, આમ છતાં રાજ્યના વારસાનો પ્રશ્ન પ્રજા દ્વારા જ ઉકેલાતો. રાજ્યનો વારસો પ્રજાની અનુમતિ લઈને રાજકુમારને સોંપાતો. જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા રાજા રાજ્ય કરતા હતા. રાજા પોતાના જીવનનો મોટો ભાગ પ્રજાકલ્યાણનાં કામો માટે ગાળતો અને એનો બધો વ્યવહાર ધર્મ દ્વારા ચાલતો. પ્રજાના સુખ માટે એ તત્પર રહેતો. ન્યાય અને ધર્મનું રક્ષણ કરવું તેમજ પ્રજાના અભિપ્રાયોને વશ રહેવું એ રાજાની પ્રથમ ફરજ ગણાતી. પ્રજાની ઇચ્છા વિરુદ્ધ એ વર્તી શકતો ન હતો.

### આચારવિચાર :

સામાજિક શિષ્ટાચાર તેમજ જનસમાજમાં પ્રચલિત આચારવિચાર સંસ્કૃતિના દર્શક હોય છે. રામાયણની પ્રજાના આચારવિચારમાં ધર્મ એ જ સર્વસ્વ હતો. અતિથિસત્કાર એ મનુષ્યની પહેલી ફરજ ગણાતી. આંગણે આવેલા અતિથિનો વિનયપૂર્વક સત્કાર કરવો એ રામાયણના સમાજની પરંપરા હતી. રાજાઓ વનમાં રહેતા મુનિઓ તેમજ મહર્ષિઓનો આતિથ્યસત્કાર કરતા. વનમાં રહેતી શબરીએ કરેલ રામનો આતિથ્યસત્કાર જગપ્રસિદ્ધ છે.

માતાપિતાની આજ્ઞા પાળવી એ પુત્રોની ફરજ ગણાતી. રામ પિતૃવચન નિભાવે એ સહજ હતું. વડીલોની આજ્ઞા શિરોમાન્ય લેખાતી. ભરત રામની પાદુકા લઈ રામના કહેવાથી નંદિગ્રામે પાછો ફરે છે. વિશ્વામિત્રની આજ્ઞાને માન આપીને દશરથ રાજા રામ-લક્ષ્મણને વનમાં લઈ જવાની રજા આપે છે. લક્ષ્મણની વાત સ્વીકારી ઊર્મિલા માતાઓની સેવા કરવા ૧૪ વર્ષનો પતિવિરહ સહી લે છે.

પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી એ પત્નીનો પતિવ્રતાધર્મ ગણાતો. ગૃહસ્થ માટે રોજના આચારમાં પંચમહાયજ્ઞોની ક્રિયા આવશ્યક ગણાતી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજમાં પડેલી પરંપરાઓ તેમજ રૂઢિઓ કોઈ તોડી શકતું નહિ, એમાં કોઈ પણ પ્રકારનો ભંગ થતો તો એવા મનુષ્ય સમાજમાં નિંદાને પાત્ર બનતા. અપકીર્તિ થાય એવું કોઈ પણ કાર્ય પ્રજા ચલાવી લેતી નહિ. રાવણ દ્વારા અપહરણ પામેલી સીતાને રામ અયોધ્યા લાવ્યા એ પહેલાં એ અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ હોવા છતાં એનું ચારિત્ર્ય ચર્ચાનો વિષય બન્યું હતું. આ લોકચર્ચાના ફલસ્વરૂપે રામે સીતાનો ત્યાગ કર્યો હતો.

**માન્યતાઓ :**

રામાયણમાં નિરૂપિત પ્રજા અત્યંત ધાર્મિક અને શ્રદ્ધાળુ હતી. સમાજમાં જ્યોતિષ અને મુહૂર્તનું સ્થાન હતું. કોઈ પણ શુભ કાર્ય માટે મંગળ દિવસ, મંગળ ઘડી જોવામાં આવતાં. શુભ કાર્ય કરવામાં જો કોઈ સંકટ આવતું તો એનું કારણ અશુભ મુહૂર્ત. ઘરમાંથી બહાર નીકળતાં પોતાના વાહનને જમણી બાજુ રાખવું અશુભ મનાતું. પ્રજા ભાગ્ય અને ઈશ્વરના કર્તૃત્વમાં માનતી. ખુદ રામ પોતે પણ નસીબમાં માનતા હતા. શુકન અપશુકન રામાયણમાં નિરૂપિત પ્રજાના જીવન સાથે વણાઈ ગયાં હતાં. સ્વપ્નમાં પ્રકાશહીન સૂર્ય, પૂંછડિયો તારો, માથા વિનાનું શરીર, ચંદ્રને પ્રકાશરહિત જોવો તેમજ પૃથ્વીને કાંપતી જોવી, પર્વતોને હાલતા જોવા વગેરે અપશુકનો ગણાતાં હતાં. રથના ઘોડાઓની ચાલ ધીમી પડવી, ઘોડાઓની આંખોમાંથી આંસુ પડવાં, હાથીઓનું મદરહિત થવું, ઊંટ ગધેડાં અને ખચ્ચરોનાં રુવાડાં ઊભાં થવાં વગેરેને અપશુકન માનવામાં આવતાં. વળી પક્ષીઓના ભયંકર અવાજ સાંભળવા, ગીધ અને કાગડાઓનું રોવું, મકાનના છાપરા ઉપર ગીધનું બેસવું વગેરેને અપશુકન લેખવામાં આવતાં. આ ઉપરાંત પુરુષોની ડાબી આંખ ફરકવી, સ્ત્રીઓની જમણી આંખ ફરકવી, માથામાં પીડા થવી, સારથિના હાથમાંથી લગામ પડી જવી, દિશાઓનું ભાન ન રહેવું, બુદ્ધિનો નાશ થવો અને સ્મૃતિભ્રંશ વગેરેનો અપશુકનોમાં સમાવેશ થતો. અપશુકનની સાથે સારા શુકનની પણ માન્યતા હતી. સૂર્યનો નિર્મળ પ્રકાશ, શીતળ અને સુગંધિત પવન, સ્વચ્છ અને મધુર પાણી, પશુપક્ષીઓનું મધુર બોલવું, જમણી આંખની ઉપરની પાંપણ ફરકવી, મનમાં આનંદ થવો, સ્મૃતિ તાજી રહેવી વગેરે સારાં શુકન મનાતાં. લોકમાન્યતા પ્રમાણે વાસનાવાળો જીવ ભૂતયોનિમાં જન્મતો. સમાજમાં ભૂતપ્રેતની માન્યતા પ્રચલિત હતી. પુણ્યવાન જીવ મરીને આકાશનો તારો બનતો.

**વેશભૂષા-પહેરવેશ :**

રામાયણમાં નિરૂપિત થયેલા સમાજમાં સુતરાઉ અને રેશમી કાપડનો ઉપયોગ પ્રચારમાં હતો. વિશેષ કરીને સ્ત્રીઓ રેશમના કાપડનો ઉપયોગ કરતી. સુતરાઉ અને રેશમી કાપડ ઉપરાંત મૃગચર્મ અને વલ્કલવસ્ત્ર પણ પહેરાતાં. આ સમયમાં મૃગચર્મને "અજિન," ઝાડની છાલનાં વસ્ત્રોને "વલ્કલ" અને ઘાસમાંથી બનાવેલાં વસ્ત્રોને "કુશચીર" તરીકે ઓળખવામાં આવતાં. સામાન્યતઃ વનવાસીઓ એનો ઉપયોગ કરતા. વસ્ત્રોના વિવિધ પ્રકાર પ્રચારમાં હતા. પોતાની પુત્રીના વિવાહ વખતે જનક રાજાએ મોટી સંખ્યામાં વસ્ત્રો વહેંચ્યાં હતાં એવો ઉલ્લેખ મળે છે. રાવણની સ્ત્રીઓ અનેક પ્રકારનાં વસ્ત્ર પરિધાન કરતી. કવિએ પણ વસ્ત્રો અને આભૂષણોમાં સજ્જ એવી સ્ત્રીઓનું વખતોવખત વર્ણન કર્યું છે. સ્ત્રીઓ અને પુરુષો બે વસ્ત્ર પહેરતાં : ઉત્તરીય અને અધોવસ્ત્ર. બ્રહ્મચારી એક જ વસ્ત્ર ધારણ કરતો. માથા ઉપર મુકુટ ધારણ કરવાની પ્રથા હતી. રાજ્યાભિષેક વખતે રાજાને રત્નજડિત મુકુટ ધારણ કરવો પડતો. પુરુષો તેમજ સ્ત્રીઓ શરીરને સોનાના અલંકારોથી શણગારતાં હતાં. કાનમાં કુંડળ અને બાવડે બાજુબંધ સામાન્યતઃ દરેક સ્ત્રી પુરુષ ધારણ કરતાં. સ્ત્રી કાનનાં વિશિષ્ટ ઘરેણાં ને કાંડે કંકણ તથા પગમાં નૂપુર ધારણ કરતી. કુમાર રામ ૧૪ વર્ષ વનમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા ત્યારે એમને કુટુંબીજનો તરફથી ખૂબ આભૂષણો આપવામાં આવેલાં. યુદ્ધક્ષેત્રમાં જતી વખતે સૈનિકો અલંકારો ધારણ કરતા. શસ્ત્રોની શોભા અર્થે પણ અલંકારોનો ઉપયોગ થતો. રાવણનું ધનુષ મુક્તા-મણિથી અને રામની તલવાર હેમપરિવૃત હતી. છત્રો ઉપર પણ અલંકારો લગાડવામાં આવતા હતા. લોકો પોતાનાં પશુઓને પણ અલંકારો પહેરાવતાં અને યુદ્ધમાં વપરાતા રથ પણ અલંકૃત કરાતા.

**ખાનપાન :**

રામાયણમાં નિરૂપિત સમાજમાં શાકાહાર અને માંસાહાર બંને પ્રકારનું ભોજન પ્રચલિત હતું. ઘેર આવેલા અતિથિને ઉત્તમ પ્રકારનું ભોજન જમાડવું એ સમાજનો એક મહત્ત્વનો શિષ્ટાચાર ગણાતો. શાકાહારી ભોજનમાં ઘઉં બાજરી જવ અને ચોખા એ મુખ્ય ખોરાક હતો. કઠોળમાં ચણા મગ અને અડદ પ્રચલિત હતા. સમાજમાં માંસાહાર પણ પ્રચલિત હતો. ખાદ્ય પદાર્થોમાં ચાર પ્રકાર પ્રચલિત હતા : (૧) ભક્ષ્ય, (૨) ભોજ્ય, (૩) ચોષ્ય, (૪) લેહ્ય.

દૂધ ઘી અને દહીંનો ખોરાકમાં છૂટથી ઉપયોગ થતો હતો. વિવિધ ફળોનો સૂપ પણ બનાવવામાં આવતો. મદિરાપાન પણ સમાજમાં પ્રચલિત હતું. વિવિધ પ્રકારની સુરાઓ બનાવવામાં આવતી અને સ્ત્રીઓ પણ સુરાપાન કરતી.

**આનંદપ્રમોદ :**

રામાયણમાં નિરૂપિત પ્રજા સુખી અને સમૃદ્ધ હોઈ આનંદપ્રમોદ માટે અનેક પ્રકારના ઉત્સવોમાં ભાગ લેતી. રથયાત્રા, હાથીઘોડાની સવારી તેમજ પશુઓની સાઠમારી એ આનંદપ્રમોદનાં સાધન હતાં. સંગીત અને નાટક પણ મહત્ત્વનાં સાધન ગણાતાં. લોકો સામાજિક અને રાજકીય ઉત્સવોમાં ભાગ લેતાં. સ્ત્રીઓને આ ઉત્સવોમાં ઘણી મોકળાશ હતી. એઓ વિવિધ પ્રકારની માળા, રંગબેરંગી વસ્ત્રો, આભૂષણોથી સજ્જ થઈ ગીત વાદ્ય અને નૃત્યમાં સ્વતંત્રપણે ભાગ લઈ શકતી. રાજ્યપ્રેરિત ઉત્સવોમાં ગણિકાઓ નટ નર્તકો પુરોહિતો વેપારીઓ નાગરિકો તેમજ ગ્રામજનતા છૂટથી ભાગ લેતી. "ઇદ્રધ્વજ" નામનો સામાજિક મહોત્સવ લોકો ઊજવતાં. શિકાર મદિરાપાન કરવાં તેમજ જુગાર ખેલવો એ આનંદનાં સાધન ગણાતાં. શેતરંજની રમત રામાયણવર્ણિત પ્રજામાં પ્રચલિત હતી. મલ્લવિદ્યા પણ આનંદ-પ્રમોદનું સાધન હતી. મૃગયા માટે રાજા વનમાં જતા અને હરણને સંગીતથી લોભાવી જાળમાં ફસાવતા.

સંગીતની સાથે તાલ માટે કેટલાંક વાદ્ય પણ પ્રચલિત બન્યાં. આ વાદ્યોના ચાર પ્રકાર કહ્યા છે: (૧) તંતુવાદ્યો, (૨) ચર્મવાદ્યો, (૩) ઘનવાદ્યો, (૪) સુષિરવાદ્યો. દુંદુભિ મૃદંગ પખવાજ ઢોલ વાંસળી અને શંખનો વિશેષ ઉપયોગ થતો. ભિન્ન ભિન્ન નૃત્યોનું આયોજન થતું.

આ સમયમાં નાટક મનોરંજનનું મહત્ત્વનું સાધન મનાતું. રામાયણમાં ઉલ્લેખ છે કે ભરતનું ખિન્ન મન રાજી કરવા માટે નાટકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અયોધ્યાના વર્ણનમાં નાટ્યશાળાઓનું વર્ણન આવે છે. નાટકમાં સ્ત્રીઓ પણ ભાગ લેતી. રામાયણમાં નટો માટે શૈલૂષ શબ્દ જોવા મળે છે.

ગીત વાદ્ય અને નાટ્ય ઉપરાંત નગરમાં બાગ બગીચા અને ઉદ્યાનો હતાં. ઉદ્યાનોમાં નરનારી ક્રીડા-વિનોદ માટે આવતાં. સંધ્યા સમયે કુમારી કન્યાઓ પણ અલંકારો અને આભૂષણોથી સજ્જ થઈ ઉદ્યાનોમાં ફરવા આવતી હતી.

રામાયણની પ્રજાની આનંદપ્રમોદની પ્રવૃત્તિઓ આ રીતે ઘણી શિષ્ટ હતી. સંગીત નૃત્ય નાટ્ય વાદ્ય અને ચિત્ર એ લોકોના આનંદનો વિષય હતાં. મદ્ય અને જુગાર સમાજમાં પ્રચલિત હતાં. વિવિધ પ્રકારના પેય પદાર્થ તેમજ ખાદ્ય પદાર્થ જીવનના આનંદનું સાધન ગણાતા હતા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણી :

આ સમયે ક્ષત્રિય રાજકુમારો માટે અનેક પ્રકારની કેળવણી આપવામાં આવતી હતી. કેળવણી સંસ્થાઓ મોટે ભાગે દાન ઉપર કે રાજ્યસંસ્થાના આશ્રયથી ચાલતી હતી. વિદ્યારંભે યજ્ઞોપવીતધારણ પવિત્ર સંસ્કાર મનાતો અને યજ્ઞોપવીત બાદ વિદ્યાર્થી ગુરુને ઘેર વિદ્યા પ્રાપ્ત કરવા જતા. ગુરુ-આશ્રમે વિદ્યાર્થી જીવનલક્ષી કેળવણી પામતા. એને માધુકરી ઉપરાંત બીજો ઘણો શ્રમ કરવો પડતો હતો. ગુરુની સેવા એ શિષ્યને મન આનંદનો વિષય હતી. સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ શિષ્યનો જીવનમંત્ર હતાં. આ આશ્રમમાં સંયમ અને તપ પર ભાર મૂકવામાં આવતો. બ્રહ્મચર્યનું ઉગ્ર પાલન આવશ્યક હતું. પ્રાતઃકાલે કરવાં પડતાં સ્નાન-સંધ્યા ફરજિયાત હતાં. જુદા જુદા આશ્રમોમાં જુદી જુદી વિદ્યાઓ ભણાવવામાં આવતી. અધ્યાત્મવિદ્યાનો અભ્યાસ મુખ્ય હતો. રાજનીતિ અને ટેકનિકલ વિદ્યા પણ શીખવાતી. રામાયણમાં નિરૂપિત કેળવણીપ્રથામાં વિદ્યાર્થીને શારીરિક તાલીમ પણ અપાતી. વિદ્યાર્થી ઉત્તમ નાગરિક અને સાચો માનવ બને એ માટે પ્રયત્નો પણ કરવામાં આવતા.

રામાયણમાં નિરૂપિત સંસ્કૃતિ એક એવી વ્યવસ્થિત સમાજરચના પર નિર્ભર હતી કે એમાં મનુષ્યની દરેક પ્રકારની પ્રગતિને અવકાશ હતો. સ્ત્રીનો મોભો સમાજમાં ઘણો ઊંચો હતો. બ્રાહ્મણો અને ગુરુ પ્રત્યે આદર રાખવામાં આવતો. નિમ્ન વર્ણો પ્રત્યે પણ સદ્વર્તન રાખવામાં આવતું. આખોયે માનવસમાજ કલા અને સંસ્કૃતિનો ઉપાસક હતો. ધર્મ અને કર્તવ્યના પાલનમાં પ્રજા તત્પર રહેતી. રામાયણની પ્રજાએ એવી જીવનપદ્ધતિઓ ઊભી કરી હતી કે જે આજે પણ સમગ્ર ભારતની પરંપરામાં અગત્યનું સ્થાન ધરાવે છે.

ઠે. રાવપુરા સોસાયટી, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૯

## એક કાવ્ય

શ્વાસોચ્છ્વાસથી
હૂંફમાં
છવાતી લાગણી પરસ્પર
આ
સ્પર્શત્વચા એકમેકને ઢાંકતી નગ્નતા પર,
મશરૂ-રુવાંટીમાં લપસતો
સ્પર્શભીનો હાથ
સ્પર્શમૃદુ બનીને
સતત...સરકતો કોમળ કોમળ
ત્વચાની રજરજમાં
ધબકતું શ્વેત સ્વરૂપ
ને
જળભીની માછલીના આકાર જેવી
બીડાતી આંખોમાં ખોવાઉં હું
ને
કુંવારાહાથભીનું અજવાળું,
સ્પર્શ ભીની ભીની લીંપાતી
ઓકળીઓમાં સળવળે છે
મૌન વચ્ચાળે
આ તદ્દન તાજા જ ખીલેલા
કમળ-પાંદડી જેવા
બીડેલા હોઠથી હોઠનો સ્પર્શ ત્વચાનું
મુલાયમ
મખમલ ભીનાં અંગ અંગ ઊઘડતાં ભીને વાને
ને
પુષ્ટ બાહુઓ તસતસ્યા
આ
આનંદકંદથી સોળ વરસના
દરિયા તરફડયા
ને
ઝાંખપ જેવી દશે દિશાઓ શોધતો
તમારી આંખોમાં
ને
ભીતરમાં લાગણી જેવું
છવાતું વાદળ
શ્વાસોચ્છ્વાસથી
આપણી વચ્ચે.

શશિકાંત ઘસનાવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૌર્યકાલીન સમાજવ્યવસ્થા

ડૉ. મગનભાઈ આર. પટેલ

પ્રાચીન ભારતવર્ષના ઇતિહાસમાં મૌર્યયુગ તેના વિશાળ સમૃદ્ધ અને શક્તિશાળી સામ્રાજ્યની સ્થાપનાને કારણે સવિશેષ મહત્ત્વ ધરાવે છે. આ યુગ દરમ્યાન ભારતમાં પ્રથમ વાર વિસ્તૃત સામ્રાજ્ય સ્થપાયું હતું. એની વિશિષ્ટતા એ હતી કે કેંદ્ર સરકાર ખૂબ જ શક્તિશાળી હતી. રાજ્યનો સઘળો વહીવટ કેંદ્ર દ્વારા વ્યવસ્થિત રીતે ચાલતો. જનકલ્યાણની ભાવનાથી બધો વહીવટ થતો. અનેક વિદ્વાનોએ એ અંગે નોંધપાત્ર બાબતો રજૂ કરી છે.

રાધાકમલ મુકરજીના મત મુજબ "જગતનું સર્વપ્રથમ ધર્મનિરપેક્ષ જનકલ્યાણકારી રાજ્ય મૌર્યોનું હતું."[1] વી. ડી. મહાજન[2] રાધાકુમુદ મુકરજીના કથનને નોંધતાં કહે છે કે "મૌર્ય સામ્રાજ્યનું આગમન ભારતીય ઇતિહાસની એક અપૂર્વ ઘટના હતું."

ભટનાગર અને બી. ડી. શુકલના[3] વિવરણ અનુસાર ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં મૌર્યયુગ (ઈ.સ. પૂ. ૩૨૦ થી ઈ.સ. પૂ. ૧૮૭) ગંભીર પરિવર્તનનો યુગ રહ્યો છે સમાજ અને ધર્મ તેમજ રાજનીતિ એ બધાં ક્ષેત્રોમાં આ યુગમાં અનેક નવીન પરિવર્તન આવ્યાં હતાં.

આ યુગની વહીવટી અસર સમાજ પર પણ પડી હતી.

કૌટિલ્ય મેગેસ્થિનિસ જેવા ખ્યાતનામ વિદ્વાનોના આધારભૂત ગ્રંથોમાં મૌર્યયુગનાં સમાજ રાજકારણ ધર્મ વગેરે પર નોંધપાત્ર માહિતી રજૂ થયેલી છે. મેગેસ્થિનિસ ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં ગ્રીસના રાજદૂત તરીકે કેટલોક સમય રહ્યો હતો. એણે પાટલિપુત્રનાં સુંદરતા અને વહીવટ વિશે તથા ભારતવર્ષની સામાજિક સ્થિતિ અંગે વર્ણન કર્યું છે; જોકે એનું પુસ્તક 'ઇન્ડિકા' ઇતિહાસકારોને આજે પ્રાપ્ય નથી છતાં ગ્રીસના ઇતિહાસકારોના ગ્રંથોમાં એના સંદર્ભ મળે છે.[4]

કૌટિલ્યે અર્થશાસ્ત્રમાં[5] નોંધ્યું છે કે "રાજાએ સામાજિક ફરજોનું બળ દ્વારા વ્યવસ્થિત રીતે પાલન કરાવવું જોઈએ અને બાળ વૃદ્ધ રોગિષ્ઠ અનાથ અને સ્ત્રીઓ તથા એમનાં બાળકોના રક્ષણની જવાબદારી રાજાની હોવી જોઈએ."

આ લેખકોનાં લખાણો પરથી ખ્યાલમાં આવે છે કે મૌર્યયુગમાં વર્ણવ્યવસ્થા તથા આશ્રમવ્યવસ્થા વિશિષ્ટ પ્રકારની હતી; જોકે એનું સ્વરૂપ રૂઢિચુસ્તતાવાળું હતું. આ અંગે ગ્રીક લેખકોએ પણ કેટલીક માહિતી આપી છે. એરિયન નામના ગ્રીક લેખકે કરેલ તદ્વિષયક વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે પ્રજાના કોઈ પણ માણસને તત્ત્વજ્ઞાની બનવાની છૂટ હતી.

મેગેસ્થિનિસ નોંધે છે કે સમાજમાં બ્રાહ્મણોની સંખ્યા ઓછી હોવા છતાં એમનું સ્થાન પ્રથમ હતું. બ્રાહ્મણો તત્ત્વજ્ઞાની હતા. આ તત્ત્વજ્ઞાનીઓના પણ બે વિભાગ હતા : બ્રાહ્મણો અને શ્રમણો—બંનેનાં કાર્ય ભિન્ન ભિન્ન હતાં. બ્રાહ્મણો ગૃહસ્થજીવન વ્યતીત કરતા. એમનું જીવન મોજીલું હતું. એઓ માંસ પણ ખાતા. એમનું મુખ્ય કામ પુરોહિતનું હતું. બ્રાહ્મણો કરતાં શ્રમણોનું સમાજમાં વિશેષ માન છે, પરંતુ જે લોકો જંગલોમાં રહે છે તથા લગ્ન કરતા નથી તેમનું ખૂબ જ માન છે, પરંતુ એક બાબત સ્પષ્ટ છે કે મેગેસ્થિનિસે કહેલા આ શ્રમણો બૌદ્ધ ધર્મના સાધુઓ કરતાં બ્રાહ્મણ ધર્મના વિવિધ પંથના સાધુઓ હોવાનો સંભવ વધારે છે. [આ મુખ્યત્વે ભાગવતધર્મના અનુયાયીઓ હતા. **તંત્રી**]

રાધાકુમુદ મુકરજીના[6] મતાનુસાર ગ્રીક લેખકોને બૌદ્ધધર્મના સાધુઓનો પરિચય હોય એમ જણાતું નથી, કારણ કે એ વખતે કદાચ પંજાબ સુધી બૌદ્ધ ધર્મ ફેલાયો નહિ હોય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૌટિલ્યે વૈશ્યોને ખેતી તથા વેપાર કરતા વર્ણવ્યા છે, પરંતુ જમીન પરનો હક્ક રાજાનો હતો અને ખેડૂતોને મજૂરીના રૂપે ફસલનો એક અંશ મળતો. એક નોંધપાત્ર બાબત એ છે કે કૌટિલ્યે બધા નાગરિકોને 'આર્ય' ગણ્યા છે,[૭] તેથી એમ જરૂર કહી શકાય કે શૂદ્ર પણ જન્મથી આર્ય હતા, દાસ ન હતા. ['આર્ય' વંશ(race)વાચક નહિ, 'સંસ્કારી' અર્થ આપનારો શબ્દ હતો. તંત્રી]

કૌટિલ્ય તથા મેગેસ્થિનિસનાં લખાણોમાંથી મૌર્યયુગના સમાજની આધારભૂત માહિતી મળે છે એમ છતાં બંનેનાં વર્ણનોમાં કેટલીક ભિન્નતા પણ જોવા મળે છે. અશોકના શિલાલેખો તથા ગ્રીક વિદ્વાનોનાં લખાણોમાંથી પણ ઈ.પૂ. બે સદી પહેલાંના ભારતીય સમાજ વિશેની અનેક બાબતોનો ખ્યાલ આવે છે.

અર્થશાસ્ત્રમાં[૮] દર્શાવ્યું છે કે વર્ણ અને આશ્રમ સામાજિક એકતાનું મૂળ હતા. નીલકંઠ શાસ્ત્રી[૯] કહે છે તે મુજબ મેગેસ્થિનિસે વર્ણવ્યવસ્થાનું વર્ણન ભિન્ન રીતે કર્યું છે. એમણે દાર્શનિક ખેડૂત ગોપાલક કારીગર સૈનિક ગુપ્તચર અને અમાત્ય અથવા રાજાના ઉચ્ચ પદાધિકારી જેવા સાત વર્ગોનો ખ્યાલ આપ્યો છે.[૧૦] એમણે સમાજના રીતરિવાજો વિશે પણ માહિતી આપી છે. એમના વર્ણન મુજબ પ્રત્યેક વર્ગના લોક આપસઆપસમાં જ લગ્ન કરતા. સમાજમાં બ્રાહ્મણો અને શ્રમણોનું સ્થાન સર્વશ્રેષ્ઠ હતું. બૌદ્ધ શ્રમણ પ્રત્યેક વર્ગના હતા, પણ પાછળથી વર્ગભેદ માનવામાં આવતો ન હતો.[૧૧]

ગ્રીક લેખકો કહે છે કે હિંદનાં લોક કરકસરથી રહેતાં. ખેડૂતો નમ્ર અને ભોળા સ્વભાવના હતા. ચોરી ભાગ્યેજ થતી. ખોટું બોલવાનો આરોપ કોઈ પણ ભારતીય પર મુકાતો નહિ. કાયદા સાદા હતા. ચોરીનું પ્રમાણ ખૂબ ઓછું હતું. વચનભંગ કે થાપણ ઓળવી જવા માટે કોઈ દિવસ મુકદ્દમા દાખલ થતા નહિ. યજ્ઞ સિવાય લોકો કદી મદ્ય પીતા ન હતા.[૧૨]

મેગેસ્થિનિસ નોંધે છે કે ભારતવર્ષનાં લોક સીધાં સાદાં અને ભોળાં હતાં. એમને લખતાં વાંચતાં આવડતું નહિ અને બધો વ્યવહાર મૌખિક જ હતો, પરંતુ આ બાબતો ભૂલભરેલી લાગે છે, કારણ કે ગ્રીક લેખક સ્ટ્રેબો નોંધે છે કે લડવૈયા જ્યારે રણમેદાનમાં ન જવાનું હોય ત્યારે પોતાનો સમય આળસમાં અને મદિરાપાનમાં વ્યતીત કરતા. દર વર્ષે તત્ત્વજ્ઞાનીઓની સભા ભરાતી. એઓ સૂચનો લખીને આપતા. વળી એ ઉમેરે છે કે ભારતીયો લીનનના ટુકડાઓ પર પત્રો લખતા. કર્ટિઅસ પણ કહે છે કે લખવા માટે ઝાડની છાલનો ઉપયોગ કરવામાં આવતો.

ભારતીય સમાજમાં નારીની સ્થિતિ કેવી હતી એ બાબત પણ ગ્રીક લેખકોના વિવરણ પરથી જાણવા મળે છે. એ સમય દરમ્યાન સમાજમાં નારીનું સ્થાન નીચું જતું હતું. એ જ્ઞાન પ્રાપ્ત કરી 'તત્ત્વજ્ઞાની' બની શકતી, પરંતુ લગ્ન કર્યા પછી એને ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવાનો હક્ક મળતો ન હતો. અલ્તેકર નોંધે છે કે સ્ત્રી-શિક્ષણ હ્રાસ તરફ જઈ રહ્યું હતું. સ્ત્રીઓ માટે લગ્ન અનિવાર્ય બંધન હતું. રાજપરિવાર તથા ઉમરાવકુટુંબમાં બહુપત્નીત્વનો રિવાજ પ્રચલિત હતો.[૧૩] મૌર્યયુગમાં સંયુક્ત પરિવારની વ્યવસ્થા હોવાનું માનવામાં આવે છે. સામાન્ય રીતે છોકરા છોકરીનાં લગ્ન સોળ અને બાર વર્ષની ઉંમરે થતાં.[૧૪] અર્થશાસ્ત્રમાં[૧૫] આઠ પ્રકારના વિવાહ વર્ણવાયા છે : બ્રાહ્મ પ્રાજાપત્ય આર્ષ દૈવ આસુર ગાંધર્વ રાક્ષસ અને પિશાચ. આમાં પહેલા ચાર આવકારદાયક ગણાતા, જ્યારે પાછળના ચારને નિંદાજનક ગણવામાં આવતા. કેટલીક શરતો સાથે સ્ત્રીને છૂટાછેડાની સગવડ હતી.[૧૬] વિધવાવિવાહનો રિવાજ હતો. વિધવા પોતાના શ્વશુરની સંમતિ લઈને પુનર્વિવાહ કરી શકતી.[૧૮] દાંપત્યજીવન સુખી હતું. બહુવિવાહપ્રથા પ્રચલિત હતી.

મૌર્યકાલીન સમાજવ્યવસ્થા એવી હતી કે વિશિષ્ટ સંજોગોમાં પતિને પત્નીનો ત્યાગ કરવાનો હક્ક હતો.[૧૯] રાજબલિ પાંડેય નોંધે છે કે 'વેશ્યાવૃત્તિ સમાજમાં પ્રચલિત હતી, જે સરકાર દ્વારા નિયં-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રિત હતી, પરંતુ એમાં સંદેહ નથી કે કન્યા સ્ત્રી અને માતાના સીમિત ક્ષેત્રમાં સ્ત્રીઓનો સમાજ દ્વારા આદર થતો.[૨૦] મેગેસ્થિનિસના મત મુજબ આ યુગના વિવાહનું ધ્યેય જીવનસાથી મેળવવા માટે ભોગ અને સંતાનોત્પત્તિનું હતું. સ્ત્રીપુરુષ બંને વિશિષ્ટ સંજોગોમાં પુનર્વિવાહ કરી શકતાં.[૨૧] એવો સંકેત પણ મળે છે કે સતીપ્રથા પ્રચલિત હતી.[૨૨]

અશોકના શિલાલેખો પરથી પણ માલૂમ પડે છે કે સ્ત્રીઓને માત્ર નાના ધાર્મિક વિધિઓમાં સ્થાન મળતું. શિલાલેખોમાં 'ઓરોધન' શબ્દ વપરાયેલ છે તેના પરથી એવો ખ્યાલ આવે છે કે સ્ત્રીઓમાં પરદા-પ્રથા હશે અથવા અમુક સમયે સ્ત્રીઓને જાહેર નજરથી દૂર રાખવામાં આવતી હશે. સ્ત્રીઓની ગતિવિધિની દેખરેખ રાખવા માટે અધિકારીઓ પણ નિમાતા. ધર્મકાર્યોમાં એમને તદ્દન અલિપ્ત રખાતી નહિ હોય, કારણ કે અશોકની બીજી પત્ની કારુવાકીએ દાન કર્યું હતું.

મૌર્યયુગીન સમાજમાં મહદ્ અંશે પોતાની જ્ઞાતિમાં જ વિવાહ કરવાનું ઉચિત ગણાતું, પરંતુ સમાજમાં આંતરજ્ઞાતીય વિવાહ પ્રચલિત હતો અને એ સમયના કાયદા એનો સ્વીકાર પણ કરતા. સગોત્ર અને સપ્રવર કન્યાની સાથે લગ્ન કરવાની મનાઈ હતી. આ રીતે સપિંડ વિવાહ પણ ઉચિત ગણાતો ન હતો, એમ છતાં કેટલીક જાતિઓ, જેવી કે શાક્ય અને મૌર્યોમાં સગોત્ર લગ્નોનું પ્રચલન હતું. દક્ષિણમાં માતુલ-કન્યા (મામાની યા માસીની પુત્રી) સાથે લગ્ન કરવાનો રિવાજ હતો, પરંતુ ઉત્તરમાં એવી પ્રથા પ્રચલિત ન હતી. અલબત્ત, મનુ તથા અન્ય શાસ્ત્રકારોએ એનો સ્વીકાર કર્યો નથી.

મૌર્યયુગ દરમ્યાન સમાજમાં વેશ્યાવૃત્તિ પણ પ્રચલિત હતી. વેશ્યાઓ લલિત કલાઓમાં પ્રવીણ હતી. એઓ રાજ્યની આવકનું સાધન ગણાતી, ગુપ્તચર અને નિરીક્ષિકાઓનું કામ પણ રાજ્ય એના દ્વારા લેતું. એઓ સૈનિક અને અંગરક્ષિકાઓ પણ બની શકતી. ચંદ્રગુપ્ત મૌર્યને અનેક સશસ્ત્ર અંગરક્ષિકાઓ હતી.[૨૪] એરિયન મેગેસ્થિનિસના આધારે એમ કહે છે કે "બધા જ ભારતીયો મુક્ત છે અને ત્યાં એક પણ ગુલામ નથી." સ્ટ્રૅબો પણ આ વિધાનનું સમર્થન કરે છે, પરંતુ ગ્રીક લેખકોનું આ નિરીક્ષણ બરાબર લાગતું નથી, કારણ કે ભારતવર્ષમાં એ વખતે ગુલામીપ્રથા હતી. અશોકે શિલાલેખોમાં મજૂર અને ગુલામ વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરી છે. એમના પ્રત્યે માયાળુ થવાનું ત્યાં કહેવાયું છે.[૨૫] પંડિત નહેરુના[૨૬] મતે "અહીં ગુલામીની પ્રથા મોટા પાયા પર ન હતી તથા એ વખતે બીજા દેશોમાં હતાં તેવાં મજૂરી કરાવવા માટેના ગુલામોનાં મોટાં જૂથ નહોતાં."

મેગેસ્થિનિસ કહે છે કે સામાજિક જીવન સાદું સરળ અને સુવ્યવસ્થિત હતું. લોકો મિતવ્યયી ચારિત્ર્યવાન સાહસિક વીર અને સ્વમાની હતાં. ચોરી કરવી અને જૂઠું બોલવું એ પાપ ગણાતાં. અતિથિસત્કાર ઉદારતા સહિષ્ણુતા દયાળુતા અહિંસા દાન દર્શન વગેરે પર ભાર મુકાતો.

અર્થશાસ્ત્રમાં[૨૭] વર્ણન છે તે મુજબ રાજ્યમાં યાત્રાળુઓ માટે ધર્મશાળાઓ, સાર્વજનિક નિવાસો, ભોજનગૃહો, દ્યૂતગૃહો હતાં. વ્યવસાયીઓ અને ઉદ્યોગપતિઓ માટે પણ સાર્વજનિક ભોજન તથા હરવા-ફરવાની વ્યવસ્થા હતી. વળી દર્શાવ્યું છે કે આમોદપ્રમોદ દ્વારા સત્કાર કરવાનો એક એવો વ્યવસાય બની ગયેલો કે જેના દ્વારા અનેક પ્રકારનાં નૃત્યકારો તથા નૃત્યાંગનાઓ, ગાયકો અને ગાયિકાઓ તેમ અભિનેતા તથા અભિનેત્રીઓનું પાલનપોષણ થતું.[૨૮]

અશોકના શિલાલેખોમાં 'ઉત્સવો' અને 'સમાજો'નો ઉલ્લેખ વારંવાર જોવા મળે છે. એવા પ્રસંગે રાજાઓ છૂટથી ધન વાપરતા. સંગીત નૃત્ય ગાયન વગેરે થતાં. બ્રહ્મા પશુપતિ-શિવ કે સરસ્વતીના માનમાં 'સમાજો'-ઉત્સવો ગોઠવાતા ત્યારે અંગબળનું પ્રદર્શન થતું. દૂરદૂરથી મલ્લો આવતા. એરિયન આવાં મલ્લયુદ્ધો તથા માણસ અને હાથી વચ્ચેનાં યુદ્ધો તેમ રથહરીફાઈનું વર્ણન કરે છે. કેટલીક વાર ઉત્સવો-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં નાટકો પણ ભજવાતાં અને પાસાની રમતો પણ રમાતી. બૌદ્ધ લેખકો શતરંજની રમતને મળતી આવતી રમતનો ઉલ્લેખ કરે છે, જ્યારે જૈન 'સૂત્રકૃતાંગ' તો શતરંજ(અષ્ટપદ)નો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે.

મેગેસ્થિનિસ ભારતીયોની સૌંદર્યપ્રિયતાનાં વખાણ કરે છે. એઓ ઊંચાઈ વધારવા માટે બૂટનો ઉપયોગ કરતા હોવાનું એ નોંધે છે. પંડિત નહેરુ પણ કહે છે કે "એઓ ખુશમિજાજ લોક હતા, આત્મવિશ્વાસ ભરેલા હતા અને પોતાની પરંપરાને માટે અભિમાન રાખતા." વળી નોંધે છે કે ભારતવર્ષની સિકંદરની ચડાઈના ગ્રીક ઈતિહાસકાર ઍરિયન પર ભારતીયોની આ ખુશમિજાજ પ્રકૃતિની ભારે છાપ પડી હતી. એ લખે છે કે "ભારતીયોના જેટલી સંગીત તથા નૃત્યની શોખીન પ્રજા બીજી કોઈ પણ નથી."

રાજબલિ પાંડેયના[૩૦] મત મુજબ મેગેસ્થિનિસે રથદોડ ઘોડદોડ સાંઢયુદ્ધ હાથીયુદ્ધ વગેરેને પણ મનોવિનોદમાં ગણાવ્યાં છે. શિકાર પણ વિનોદનું સાધન ગણાતો. મનોવિનોદ માટે 'સમાજ' વિહારયાત્રા ઉત્સવમેળા વગેરે પણ યોજ્યાં હતાં, પરંતુ સરકાર એવાં કશાં મનોરંજન થવા દેતી નહિ કે જેને કારણે પ્રજાનાં રોજબરોજનાં કામો પર અસર થાય.

આ બધી માહિતી પરથી ફલિત થાય છે કે મૌર્યયુગની સમાજવ્યવસ્થા વિશિષ્ટ પ્રકારની હતી. વિશાળ સામ્રાજ્ય હોવા છતાં શાસન જનકલ્યાણલક્ષી હતું. સમાજમાં વિવિધ વર્ગો એમની ફરજો વ્યવસ્થિત રીતે બજાવતા. ગ્રીક લેખકોનાં લખાણો તથા અશોકના શિલાલેખો દ્વારા તત્કાલીન સમાજનાં લોકોનાં જીવન રહેણીકરણી આમોદપ્રમોદ વગેરે-વિષયક ઠીક ઠીક જાણકારી મળી રહે છે.

ઠે. ઈતિહાસ વિભાગ-સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર-૩૮૮ ૧૨૦

## પાદટીપો


૧. રાધાકમલ મુકરજી : ભારતકી સંસ્કૃતિ ઔર કલા, પૃ. ૮૨

૨. વી. ડી. મહારાજ : પ્રાચીન ભારતકા ઈતિહાસ, પૃ. ૨૦૫

૩. કાશીચરણ ભટનાગર તથા બી. ડી. શુક્લ : ભારતીય સંસ્કૃતિકા ઈતિહાસ : તૃતીય સંસ્કરણ, ૧૯૭૧-૭૨, પૃ. ૧૪૮

૫. આર. સી. અગ્રવાલ, આર. આર. શેઠી : પ્રાચીન વ મધ્યકાલીન ભારતકા સાંસ્કૃતિક વ રાજનીતિક ઈતિહાસ, અધ્યા. ૧૦, પૃ. ૨૩૬

૫. અર્થશાસ્ત્ર : ૧. ૨. ૩૦-૩૩, પૃ. ૭૮

૬. રાધાકુમુદ મુકરજી : ઍન્શિયન્ટ ઈન્ડિયા, પૃ. ૧૫૭

૭. ઍન્શિયન્ટ ઈન્ડિયા ઍઇજ ડિસ્ક્રાઈબ્ડ ઈન ક્લાસિકલ લિટરેચર, પૃ. ૪૮

૮. અર્થશાસ્ત્ર : ૧. ૩, પૃ. ૧૧; ૧. ૫, પૃ. ૧૪; ૩, ૧, પૃ. ૨૩૨-૨૩૮

૯. એઇજ ઑફ ધિ નન્દઝ ઍન્ડ મૌર્યઝ, પૃ. ૧૧૩, ૧૧૪

૧૦. રાજેંદ્ર પાંડેય : ભારતકા સાંસ્કૃતિક ઈતિહાસ, પૃ. ૯૪

૧૧. ડાયોડોરસ, ૨, ૪૦-૪૧; ઍરિયન, ૧૧-૧૨; સ્ટ્રેબો, ૧૫, ૧, ૪૬-૪૯, ૫૮-૬૦: પ્લિની, ૬. ૨૨

૧૨. (i) ઈન્ડિયા ઍઇજ ડિસ્ક્રાઈબ્ડ ઈન ક્લાસિકલ લિટરેચર, પૃ. ૫૫ અને ૨૬૯; ઍન્શિયન્ટ ઈન્ડિયા, પૃ. ૭૦

૧૨. (ii) અલ્તેકર : ધ પોઝિશન ઑફ વિમેન ઈન હિંદુ સિવિલિઝેશન, પૃ. ૧૯૧

૧૩. રમાશંકર ત્રિપાઠી : પ્રાચીન ભારતકા ઈતિહાસ, પૃ. ૧૩૨


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૪. મનુસ્મૃતિ : ૯.૯૪
૧૫. અર્થશાસ્ત્ર : ૨-૩, પૃ. ૨૩૮, ૨૩૯
૧૬. ઇન્ડિયા એઇજ ડિસ્કાઇબ્ડ ઇન ક્લાસિકલ લિટરેચર, પૃ. ૩૮,૨૦૨
૧૭. અર્થશાસ્ત્ર : ૩.૨, ૨૫-૩૩, પૃ. ૨૪૦
૧૮. મેક્રિન્ડલ-કૃત એન્શિયન્ટ ઇન્ડિયા, પૃ. ૨૨૨
૧૯. અર્થશાસ્ત્ર : ૩.૨, ૪૭, પૃ. ૨૪૧
૨૦. રાજબલિ પાંડેય : પ્રાચીન ભારત, પૃ. ૧૮૮
૨૧. એન્શિયન્ટ ઇન્ડિયા એઇજ ડિસ્કાઇબ્ડ ઇન ક્લાસિકલ લિટરેચર, પૃ. ૩૮
૨૨. રાજેંદ્ર પાંડેય : ભારતકા સાંસ્કૃતિક ઇતિહાસ, પૃ. ૯૫
૨૩. અર્થશાસ્ત્ર : ૧.૨૦, પૃ. ૬૭
૨૪. એજન : ૧.૨૦, પૃ. ૬૮
૨૫. દેવેંદ્ર ભટ્ટ : ભારત ઇતિહાસદર્શન, ખંડ-૧, પૃ. ૨૩૧
૨૬. પંડિત જવાહરલાલ નહેરુ : મારું હિંદનું દર્શન, પૃ. ૧૫૧
૨૭. અર્થશાસ્ત્ર : ૧:૧૯, પૃ. ૬૩
૨૮. એજન : ૨:૨૭, પૃ. ૧૯૬,૧૯૭
૨૯. પંડિત જવાહરલાલ નહેરુ : મારું હિંદનું દર્શન, પૃ ૧૫૨
૩૦. રાજબલિ પાંડેય : પ્રાચીન ભારત, પૃ. ૧૮૯


---

## તૃપ્તિ

તૃપ્તિના તીણા તંતુનું ભીગીને આડે ધડ વીંટાવું.
વરુના હિંસક દંતોમાં રક્ત બનીને ફેલાવું.
સહરાની સૂની ભાગોળે મૃગજળ બનીને તરસાવું.
આંસુઓના તોરણ તોરણ, તૃષામાં તૃપ્તિને ગળતાં!
શિયાળવાંની લારીની લાળે લથબથતાં તે લટકતાં.
તૂટયા તૃપ્તિના તારેતાર, છિન્નભિન્ન ને ખિન્નભિન્ન.
શોધું બનીને ગોકળગાય,ધૂળની કણકણમાં પાડી લાળ.
તરણે તરણે તૃપ્તિ તૃપ્તિ, કરડું દંતે ફરતી ફરતી.
સળગતા સહરાના શ્વાસે, મૂકીને મૃગજળના નિઃશ્વાસ!

**દક્ષા પંડયા**

૨૩, ગાયત્રી સોસાયટી, ધનસૂરા-૩૮૩૩૧૦

## વીંધી નાખ્યું

ખીંટી પર ટીંગાતી
પોતાની બંદૂક ઉઠાવીને
વીરચક્રધારક
એક નિવૃત્ત અફસરે
ઘૂ...ઘૂ...કરતા
કબૂતરને
વીંધી નાખ્યું,
—શાંતિની શોધમાં.

**નિલય અંજારિયા**

૩. નવાપુરા, માંડવી-૩૭૦૪૬૫

## પતંગિયું

બનીને હું પરવાનો બસ ભટકયા કરું
ને વેદનાની વાતો મહીં અટકયા કરું.
હું સંબંધોથી બીઉં છું એટલે, પ્રિયે!
રોજ લોલક માફક બસ લટકયા કરું.
આમ વસંત આવીને જતી રહેશે, ખબર ના,
એટલે જ હું સંબંધો ચીતર્યા કરું.
'દિલીપ'ને વસવસો છે મજનૂ હોવાનો,
માટે જ પરવાનો થઈને ભટકયા કરું.

**—દિલીપકુમાર મનજીભાઈ દેવાણી**

માધવપુર (ઘેડ)-૩૬૨૨૩૦

## જવું કયાં?

સમયના શ્વાસમાં વ્યાપી જવું કયાં?
તરંગો યાદના માપી જવું કયાં?
ગુલાબી આંખમાં દરિયો વહે છે,
ભીતરથી નાવ આલાપી જવું કયાં?
સતત દરયો રહે લોહીમાં વહેતાં...
સ્મરણના સ્તંભને સ્થાપી જવું કયાં?
મલકતા હોઠ વચ્ચે ક્ષણ ટહુકે,
કુંવારી લાગણી આપી જવું કયાં?

**મારા આસોફ**

મનોરમા પાર્ક, સહયોગ બિલ્ડિંગ, વટવા ક્રોસિંગ,
ઇશનપુર, અમદાવાદ-૩૮૨૪૪૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તારાદેવી

ડૉ. હસમુખ ધીરજલાલ સાંકળિયા

હમણાં જેમ ગણેશ-ગણપતિની પૂજા-અર્ચા આખાયે ભારતમાં પ્રચલિત છે તેમ આજથી ૧૫૦૦ વર્ષ પર તારાદેવીની પૂજા મુખ્યત્વે બિહાર બંગાળ તેમજ મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં પ્રચલિત હતી; એમાં પશ્ચિમ કિનારા પર તો ખાસ. હમણાં એક અભ્યાસમાં માલૂમ પડ્યું છે કે તારાદેવીની પૂજા હજુ હિમાચલ પ્રદેશમાં પ્રચલિત છે.

તારાદેવીના નામ પરથી તરત ખ્યાલમાં આવે કે આ દેવી એના ભક્તોને સર્વ દુઃખોમાંથી તારતી હશે તેથી એ "તારક" કહેવાતી અને ટૂંકમાં 'તારા.'

તારાદેવીની પૂજા-અર્ચા ઈ. સ. ૪૦૦-૫૦૦ માં શરૂ થઈ કે વધારે પ્રચલિત થઈ. એને બૌદ્ધ ધર્મના મહાયાન પંથની સાથે નિકટનો સંબંધ હતો. આ પંથનો ઉદ્ભવ જ આવાં કારણોથી થયો હતો. અસલ બૌદ્ધ ધર્મમાં બુદ્ધે પોતાની મૂર્તિરૂપે પૂજા-અર્ચા કરવાની મનાઈ કરી હતી. આવા પ્રતિબંધથી એમના સાધારણ ભક્તો, જે એમનાં વિવિધ પ્રકારનાં દુઃખોમાંથી છૂટવા માગતા, તેમને સંતોષ થતો નહિ, આથી પ્રથમ બુદ્ધની મૂર્તિ ગાંધાર-હમણાંના અફઘાનિસ્તાનમાં રહેતા ગ્રીક લોકોએ બનાવી. આમાં ગ્રીક અને રોમન દેવોનું અનુકરણ કર્યું હતું. ત્યાર પછી કુષાણ રાજા કનિષ્કે બુદ્ધની મૂર્તિ એના સોનાના સિક્કા પર છાપી. આમ બૌદ્ધ ધર્મમાં મૂર્તિપૂજા પ્રવેશી. બીજાં ૩૦૦ ખાસ અને અન્ય દેવદેવીઓની પૂજા નાલંદા વિદ્યાપીઠમાં શરૂ થઈ.[1] નાલંદાના ઉત્ખનનમાં પથ્થરની અને ધાતુ(કાંસા)ની કેટલીયે મૂર્તિઓ મળી છે. આમાં એક અતિ સુંદર છે. એ વજ્રાસનમાં કમલ પર બેઠેલી છે. એને ૧૮ હાથ છે. બે મુખ્ય હાથ ધર્મચક્રમુદ્રામાં છાતી સામે કે અડકીને રાખ્યા છે. એણે વિવિધ પ્રકારના દાગીના-મુકુટ હાર વગેરે—પહેર્યા છે

હવે આવી જ તારા, પરંતુ બે હાથ વાળી કાષ્ઠની મૂર્તિ કાન્હેરીની ગુફામાંથી સદ્ગત ડૉ. મોરેશ્વર દીક્ષિતને મળી હતી. આનો ફોટો એમણે મને આપ્યો હતો તે અહીં પ્રકાશિત કર્યો છે. (જુઓ આ-ખાસ અંકનું ઉપરના પૂંઠાનું પાનું.) આ મૂર્તિનો અભ્યાસ કરતાં મને માલૂમ પડ્યું કે તારાની આ મૂર્તિ બિહાર બંગાળમાંથી લાવ્યા હશે, કારણ કે એની બનાવટમાં પાલકળાની છાપ છે.[2] આ પ્રદેશની કેટલીયે તાંબા જસત અને પથ્થરની મૂર્તિઓનો અભ્યાસ આજથી ૪૦ વર્ષ પહેલાં જ્યારે હું નાલંદા વિદ્યાપીઠ પર મહાનિબંધ લખતો હતો ત્યારે કર્યો હતો. આ અનુમાન સત્ય હતું. આનો પુરાવો હમણાં જ થોડાંક વર્ષો પર જ્યારે કાન્હેરી ગુફાના શિલાહાર વંશનો શિલાલેખ મહામહોપાધ્યાય મિરાશીએ[3] પ્રગટ કર્યો ત્યારે મળ્યો. આ શિલાલેખ પરથી જાણવા મળે છે કે જ્યારે રાષ્ટ્રકૂટ વંશનો અમોઘવર્ષ ગુજરાત કોંકણ અને કર્ણાટક પ્રદેશ પર મહારાજાધિરાજ તરીકે રાજ્ય કરતો હતો ત્યારે શિલાહાર વંશનો કપર્દી (બીજો) એના ખંડિયા તરીકે કોંકણમાં રાજ્ય કરતો હતો. આ સમયે (શક ૭૭૫-ઈ.સ. ૮૫૪) ગૌડ દેશ (બંગાળ) ગોમી અવિઘ્નાકરે, જે બુદ્ધનો ભક્ત હતો તેણે, કૃષ્ણગિરિના મહાવિહારમાં રહેતા બૌદ્ધ ભિક્ષુઓનાં કપડાં ભોજન ઈત્યાદિને માટે કાન્હેરીમાં એક વિહાર કોતરાવ્યો હતો. કોંકણમાં અને કર્ણાટકમાં બૌદ્ધ ધર્મ ઈ.સ. ૧૨-૧૩ મા સૈકા સુધી અસ્તિત્વમાં હતો તેમજ કર્ણાટકમાં ૧૨ મા સૈકામાં તારાનું મંદિર પણ બાંધવામાં આવ્યું હતું. કોંકણમાં તારાની પૂજા ચાલુ રહેવાનું બીજું પણ એક કારણ હતું. દરિયાઈ મુસાફરી કરતાં યાત્રીઓ અને નાવિકોની તારા બહુ માનીતી દેવી હતી. એલોરાની ગુફામાં તારા યાત્રીઓને આવા દરિયાઈ તોફાનમાંથી બચાવતી દર્શાવી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતમાં પણ તારંગામાં તારાનું મંદિર શોધાયું છે;૪ જોકે ત્યાંનું જૈન મંદિર જ વધારે પ્રખ્યાત છે.

ડૉ. કિરીટ મંકોડીના૫ અભ્યાસ પરથી એમ લાગે છે કે તારાદેવીની પૂજા હિમાચલ પ્રદેશમાં પ્રચલિત હતી. એમણે છમાદી ગામમાંથી શક્તિદેવીની એક કાંસાની ઊભી મૂર્તિનું ચિત્ર આપ્યું છે. આ ઈ.સ. ૯ મા શતકની લાગે છે અને એમ સૂચવે છે કે ચમ્બામાં રાવી નદીને દક્ષિણ તીરે તારાનું મંદિર હતું.

જે ભયાનક અને દુર્દૈવી પ્રસંગોમાંથી આપણે પસાર થઈ રહ્યાં છીએ તેમાંથી તારા આપણને બચાવે એ જ પ્રાર્થના.

ઠે. 'સચ્ચિદાનંદ,' ડેક્કન કૉલેજ સામે, પુણે-૪૧૧૦૦૬

**સંદર્ભગ્રંથો :**

૧. હ. ધી. સાંકળિયા. 'ધ નાલન્દા યુનિવર્સિટી,' ઑરિયન્ટલ પબ્લિશર્સ, દિલ્હી, ૧૯૭૨
૨. બી. ભટ્ટાચાર્ય, 'ધી ઇન્ડિયન બુદ્ધિસ્ટ આઇકોનોગ્રાફી', કે. એલ. મુખોપાધ્યાય, કલકત્તા, ૧૯૫૬
૩. વી. વી. મિરાશી, 'ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ ધ શિલાહાર્સ,' ઇન્સ્ક્રિપ્શન ઇન્ડિકેરમ્ એ. એ. આઇ. વૉ. ૬. ૧૯૭૭ પૃ. ૪.
૪. એ. એસ. ગદ્રે, 'આર્કિયોલૉજી ઇન બડોદા' (૧૯૩૪-૩૫), પ્લેટ ૨૫
૫. એમ. પોસ્ટેલ, એ. નેવેન અને કે. મંકોડી, 'એન્ટિક્વિટીઝ ઑફ હિમાચલ,' પ્રોજેક્ટ ફૉર ઇન્ડિયન કલ્ચર સ્ટડીઝ, વકીલ ઍન્ડ કું. બૉમ્બે, ૧૯૮૫

---

## મોતને

આંખમાં તરણુંય ઉશ્કેરાટ જેવું હોય છે,
લોહીમાં વન કોઈ મુશ્કેરાટ જેવું હોય છે
ગેરહાજર હોય છે જળ આમ તો મળવા વિશે,
ક્યાંક માણસમાંય ખારાપાટ જેવું હોય છે.
ટેરવા પર એક ભરતીની ક્ષણો રોકાઈ ગઈ,
જળ મળે જે સ્હેજ ફાંટો ફાંટ જેવું હોય છે.
ચાલ, તો ઘડિયાળનું ઘર બંધ કરીએ આપણે,
મોતને પણ એક વાટાઘાટ જેવું હોય છે.

**હર્ષદેવ માધવ**

સી/૨૪૭, ભાવના ટેનામેન્ટ્સ, વાસણા બેરેજ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭

## નીડને ભણતર થશે

શ્વાસમાં સુરભિ મળી અત્તર થશે,
હાથમાં ભાષા ઊગી અક્ષર થશે,
આંહીથી ડેરા ઊઠીને ત્યાં જશે,
એમ જાવું-આવવું, અવસર થશે.
એક ટહુકો ફૂટશે ઈંડા થકી,
ગીતનું આ નીડને ભણતર થશે.
એક પરપોટો ફૂટી જાશે અને
કંપવશ જળને નવું કળતર થશે.
આમ તો પડતર પડી છે આંખ, પણ
કોઈ સપનું આવશે તો ઘર થશે.

**ભરત યાજ્ઞિક**

બી-૨૪૭, ભાવના ટેનામેન્ટ્સ, વાસણાબેરેજ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭

## પેથડજીની કથા

(ગીત)

અડધો મારગ ઈ દિશ્યે ને અડધો છે આ આંઈ,
કયાં જાવું?-પેથાના મનમાં ઘડ પડતી ના કાંઈ!
ઓણુ સાલ બહુ વરસ્યો બાવળ એ..યને રાતા લ્હેર!
પેથો કહે : સોણે આંબાના લાલપીળા કેર!
સગી ફાટ છાતીની મેડી તૂટી કડડક ઘોર,
સોથ વળ્યો પગ-હરણાંઓનો, આફત પેથા કોર!
ભર્યો હતો દરબાર કાલ્ય, અવ આવે કાળી યાદ,
લૂમઝૂમ ગોફારો ડોલે પેથડજીનો સાદ!
રડતાં પેથી-પેથુડાની આંખ્યું તો થઈ અંધ,
છેલ્લેરું તેં પેથડ બોલ્યા : રાબ-ચલમ-સંબંધ!

**મનહર ચરાડવા**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતમાં શીતળાપૂજા

અધ્યા. જોમસ પરમાર

ભારતમાં સામાન્ય વર્ગથી માંડીને ભદ્રવર્ગનાં લોકોમાં શીતળા દેવી વિવિધ નામે પૂજાય છે. બંગાળમાં એ વસંતબુઢી કે વાસંતી ચંડી, બિહારમાં કંકરમાતા ફૂલમાતા પુંસાહીમાતા બડીમાતા કે ગુલસૌલા માતા, ઉત્તરપ્રદેશના મિરઝાપુર જિલ્લામાં એ શીતલા ભવાની, આસામમાં આઈ, ઓરિસ્સામાં ઠકુરાની, તામીલનાડુમાં મરિઅમ્મા કે મારી તરીકે પૂજાય છે. દક્ષિણ ભારતમાં પૂજાતી શીતલામ્મા પાણી સાથે સંકળાયેલી દેવી છે. આ શીતલામ્મા અને શીતળાદેવી એ બંને એક જ છે એમ ચોક્કસપણે કહી શકાય નહિ. કર્ણાટકમાં શીતળા દેવી સુખજમ્મા તરીકે પૂજાય છે. મધ્યપ્રદેશના અમારી જાતિના મુસ્લિમો એને 'માતા' તરીકે પૂજે છે. ગુજરાતીમાં એ 'શીતળા મા' તરીકે પૂજાય છે. ગુજરાતમાં શીતળાપૂજાનો પ્રસાર વ્યાપક છે. શીતળાપૂજાનું મૂળ લોકધર્મમાં છે, આથી શીતળા એ લોકદેવી છે. શીતળાના રોગમાંથી બચવા માટે એની પૂજા થતી હોય છે. આમ એ આરોગ્ય સાથે સંકળાયેલી દેવી છે.

શ્રાવણ માસની વદ અને સુદની સાતમ 'શીતળા સાતમ' તરીકે ઊજવાય છે. ગુજરાતમાં ખાસ કરીને સુદની સાતમ શીતળાસાતમ તરીકે ઊજવાય છે, જ્યારે શ્રાવણ વદની સાતમ ઊજવવાનો ચાલ વિશેષ કરીને સૌરાષ્ટ્રમાં અને કડવા કણબીઓમાં જોવા મળે છે. કચ્છના કેટલાક ભાગોમાં ચૈત્ર સુદ તેરસ 'શીતળા તેરસ' તરીકે ઊજવાય છે. ગુજરાત સિવાય બીજે ફાગણ સુદ આઠમના રોજ શીતળાની પૂજા થાય છે.

સ્ત્રીઓ જ શીતળાની પૂજા કરતી હોય છે. આ દિવસે સ્ત્રીઓ પોતાનાં સંતાનોના સુખ અને પતિના દીર્ઘાયુષ માટે શીતળાની પૂજા કરે છે. શીતળાદેવીનું મંદિર હોય તો ત્યાં જઈને એની પૂજા કરવામાં આવે એ સ્વાભાવિક છે, પરંતુ જો મંદિર ન હોય તો શીતળાની માટીની પ્રતિમા બનાવીને કે એની ધાતુપ્રતિમા મૂકીને પૂજા કરવામાં આવે છે. એની પૂજામાં દૂધ દહીં સોપારી કોપરું બાજરી કુલેર ફૂલ અને લીંબડાનાં પાન વગેરે ચડાવવામાં આવે છે. શીતળાની પૂજામાં લીંબડાનાં પાનનું વિશેષ મહત્ત્વ છે. લીંબડામાં જંતુનાશકત્વનો ગુણ હોવાથી શીતળાપૂજા સાથે એનો સંબંધ જોડવામાં આવ્યો હશે, આથી જ શીતળાના રોગ દરમ્યાન દર્દીની પથારી લીંબડાનાં પાન વડે આચ્છાદિત કરવામાં આવે છે અથવા ઘરના બારણે લીંબડાનાં પાનનું તોરણ કે એની એકાદ ડાળી લટકાવવાનો રિવાજ જોવા મળે છે. મહારાષ્ટ્રમાં આ રિવાજ જુદી રીતે જોવા મળે છે. ત્યાં લીંબડાનાં પાન સાથેના પાણીમાં શીતળાની પ્રતિમાને સ્નાન કરાવવામાં આવે છે અને પછી એ પાણી દર્દી પર છાંટવામાં આવે છે. પૂજા દરમ્યાન શીતળાની પ્રતિમાને ઘાટડી (રેશમી વસ્ત્ર) કે સૂતરની નાડાછડી વીંટવામાં આવે છે. જો વર્ષ દરમ્યાન ઘરમાં કોઈને શીતળાનો રોગ થયો હોય તો શીતળા સાતમને દિવસે અડોશપડોશની સાત અથવા તેર છોકરીઓ કે છોકરાઓને જમાડવાનો રિવાજ છે. જે સ્ત્રીનાં સંતાન જન્મતાંની સાથે જ મરી જતાં હોય કે વધુ લાંબો સમય જીવતાં ન રહેતાં હોય તેવી સ્ત્રીઓ સગાંવહાલાંઓનાં સાત ઘેરથી ભીખ માગીને ખાવાની પ્રતિજ્ઞા લે છે. આ તહેવારની ઉજવણીમાં ખાસ મહત્ત્વનું એ છે કે એના આગલા દિવસે એટલે કે રાંધણછઠના દિવસે રાંધી મૂકેલું ઠંડું ખાવાનું હોય છે. આ દિવસે સગડી કે ચૂલો પેટાવવાનો હોતો નથી, અર્થાત્ રસોઈ કરવાની હોતી નથી. આનું કારણ એ હોઈ શકે કે શીતળાના રોગમાં ગરમી અવળી અસર કરતી હોવાથી જેમ બને તેમ કૃત્રિમ ગરમી ટાળવી જોઈએ એનો સંકેત આ રિવાજ કરે છે. આગલે દિવસે સાંજે સગડી કે ચૂલો સ્વચ્છ કરી, લીંપી, રંગી એની પર કંકુ અને ચોખાનો સ્વસ્તિક કરી, પાન સોપારી પૈસો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાંગલો મૂકી પૂજા કરવામાં આવે છે. એવી માન્યતા છે કે આ દિવસે શીતળામાતા રસોડામાં આવીને સગડી કે ચૂલામાં આળોટે છે તેથી આ દિવસે સગડી કે ચૂલો ઠંડો રાખવાં. જો આમ ન થાય તો માતાજી ક્રોધે ભરાય છે અને એ કુટુંબને શીતળાના રોગનો શાપ આપે છે. આ દિવસે સ્ત્રીઓ સ્નાન પણ ઠંડા પાણીથી કરે છે. માતાજીની કૃપા મેળવવા માટે સ્ત્રીઓ શુભકારીની કથા સાંભળે છે. શુભકારી હસ્તિનાપુરના રાજા ઇંદ્રદ્યુમ્ન અને રાણી ધર્મશીલાની પુત્રી હતી. એનો પતિ જ્યારે સર્પદંશથી મૃત્યુ પામ્યો ત્યારે એણે પોતાની ભક્તિથી શીતળા માતાને રીઝવ્યાં હતાં અને મૃત પતિને જીવિતદાન અપાવ્યું હતું. જે સ્ત્રીઓ શીતળામાતાની આ કથા સાંભળે છે અથવા તો એનું વ્રત કરે છે તેમને વૈધવ્ય આવતું નથી એવી શ્રદ્ધા છે.

પ્રાપ્ત પુરાવશેષો—ખાસ કરીને શીતળાનાં મંદિરો અને એની પ્રતિમાઓના આધારે ગુજરાતમાં શીતળાપૂજાના પ્રચાર વિશે જાણી શકાય છે.

ગુજરાતમાંથી શીતળાની કેટલીક પ્રતિમાએ પ્રાપ્ત થઈ છે. આ પ્રતિમાઓ સ્વતંત્ર પ્રતિમાઓ નહિ હોતાં મંદિરના મંડોવરના ભાગમાં કે કુંડના પડથારની દીવાલ પર જોવા મળે છે. શીતળાનું મૂર્તિવિધાન આ પ્રમાણે હોય છે: શ્વેત વર્ણ, નગ્ન, માથે સૂપડું, એક હાથમાં સાવરણી તથા બીજા હાથમાં કળશ હોય છે. એનું વાહન ગધેડું હોય છે.

नमामि शीतलां देवीं रासभास्थां दिगम्बरीम् । मार्जनीकलशोपेतां शूर्पालंकृतमस्तकाम् ॥

શીતળાના આ મંત્રમાં એનું મૂર્તિવિધાન પણ ઇંગિત છે. અષ્ટમાતૃકાઓના સમૂહમાંની જ્યેષ્ઠાદેવીનું વર્ણન શીતળાને મળતું આવે છે. જ્યેષ્ઠાદેવીનાં આયુધોમાં પણ સાવરણી અને સૂપડું કે છાબડાનો ઉલ્લેખ આવે છે. 'બૌધાયનગૃહ્યસૂત્ર'માં જ્યેષ્ઠાદેવીની પૂજાનું વર્ણન આવે છે, જે ઘણું જ પ્રાચીન છે.[૧] 'સ્કંદપુરાણ'ના 'કાશિકાખંડ'માં એનું વિધાન આ પ્રમાણે આપ્યું છે: નગ્ન, ત્રિનેત્ર, ખર (ગધેડા) પર બેઠેલ, બે હાથ પૈકી એકમાં માર્જની (સાવરણી) બીજામાં કળશ, માથે સૂપડું મૂકેલું હોય છે. 'રૂપમંડન' અને 'રૂપાવતાર'માં એના વિધાન વિશે તદ્દન મૌન સેવવામાં આવ્યું છે. ડૉ. જે. એન. બેનરજીનું માનવું છે કે 'બૌધાયનગૃહ્યસૂત્ર'માં નિર્દિષ્ટ જ્યેષ્ઠાદેવીમાંથી શીતળાના સ્વરૂપનો વિકાસ થયો હોય,[૨] જ્યારે બી. સી. ભટ્ટાચાર્ય આનાથી વિપરીત મત આપતાં જણાવે છે કે શીતળા-પ્રતિમાનો વિકાસ કાલરાત્રિની પ્રતિમામાંથી થયો હોય.[૩] હેમાદ્રિએ 'વિષ્ણુધર્મોત્તર'માંથી કાલરાત્રિનું વર્ણન આ પ્રમાણે આપ્યું છે: એ એક ચોટલાવાળી, નગ્ન, ગધેડા પર આરૂઢ, બંને કાનમાં કુંડલ અને કર્ણ પર પુષ્પ ધારણ કરેલ હોય છે. નગ્નતા અને ગધેડાનું વાહન એ બંને શીતળા સાથે કાલરાત્રિમાં એક-સમાન હોવાથી આવો મત બંધાયો હોવાનું જણાય છે. શીતલાને બૌદ્ધદેવી હારિતી સાથે સરખાવવાનો પણ પ્રયત્ન થયો છે.[૪] એની સરખામણી અન્ય બૌદ્ધદેવી પર્ણશબરી સાથે પણ કરવામાં આવે છે.[૫] પર્ણશબરી પિશાચી અને સર્વમારીપ્રશમની એટલે કે સર્વ રોગોને દૂર કરનાર દેવી તરીકે ઓળખાય છે. શીતળા અને પર્ણશબરી રોગહારક હોવાથી બંને વચ્ચે સામ્ય ઊભું થયું હશે; જોકે બંનેનું રૂપવિધાન જુદું જ છે.

ગુજરાતમાંથી મોઢેરા સેજકપુર સૂણક વગેરે સ્થળોએથી શીતળાદેવીની પ્રતિમાઓ મળી આવી છે. આ પ્રતિમાઓ શીતળાનાં ઉક્ત વિધાનો સાથે મળતી આવતી નથી. મોઢેરાના સૂર્યકુંડના પડથારની દક્ષિણની દીવાલ પર શીતળાની એક પ્રતિમા કંડારેલી છે. આ પ્રતિમામાં નગ્ન શીતળાદેવી પશુ (ગર્દભ કે ભેંસ?) પર આરૂઢ છે. એને દસ હાથ છે. સૌથી નીચેના બે હાથમાં અક્ષમાલા (?) અને કમંડલુ ધારણ કરેલ છે, જ્યારે બીજા બે હાથ વડે મસ્તક ઉપર સૂપડું ધારણ કર્યું છે.[૬]

For Private and Personal Use Only

સેજકપુરના મંદિરના મંડપની ઉત્તર બાજુએ શીતળાની એક પ્રતિમાનું આલેખન જોવા મળે છે. આમાં શીતળાદેવીએ બે હાથ વડે મસ્તક પર સૂપડું ધારણ કર્યું છે અને એ ગધેડા પર બેઠેલ છે.[૭]

સૂણકના મંદિરની દીવાલ પર પણ શીતળાની એક પ્રતિમા કંડારેલી છે.[૮]

શીતળાનાં આયુધોમાં સૂપડું અને સાવરણી ઘણાં જ સૂચક છે. ગુજરાતમાં કોઈ વ્યક્તિના માથે સૂપડું મૂકવાનો નિષેધ છે. જો આમ કરવામાં આવે તો એ વ્યક્તિને શીતળાનો રોગ થાય એવી માન્યતા આજે પણ ગુજરાતમાં પ્રવર્તે છે. આ માન્યતાનું પ્રતિબિંબ સૂપડા દ્વારા થયું હોવાનું અનુમાન કરી શકાય, જ્યારે સાવરણી એ સ્વચ્છતાનું પ્રતીક છે. સમાજમાં હાસ્યાસ્પદ એવા પશુ–ગધેડાને શીતળાના વાહન તરીકે સ્થાપીને હિંદુધર્મે દરેક પશુનું મહત્ત્વ સ્વકાર્યું છે.

ગુજરાતના ગામડે ગામડે શીતળાનાં મંદિર આવેલાં છે. મોટે ભાગે આ મંદિરો નાની દહેરીઓના સ્વરૂપનાં છે; જોકે શીતળાનાં કેટલાંક સ્વતંત્ર મંદિર પણ પ્રાપ્ત થયાં છે. ગુજરાતમાં આવું પ્રાચીન મંદિર પીલુદ્રાનું છે. સ્થાપત્યની દૃષ્ટિએ આ મંદિર કસરાના મંદિરને મળતું આવે છે. ઈ. સ.ની ૧૨ મી સદી દરમ્યાન એનું નિર્માણ થયેલું છે. મુખ્ય શિખર અને ગૌણ શિખરોનું આયોજન આકર્ષક છે. પીઠ મંડોવર અને જંઘાનું કોતરકામ સુંદર છે.[૯]

રાજકોટથી ૩૨ કિ.મી દૂર આવેલા કાલાવડમાં શીતળાનું એક મંદિર આવેલું છે. અલ્લાઉદ્દીનના આક્રમણ દરમ્યાન ઘણાંખરાં મંદિરોનો નાશ કર્યો ત્યારે આ મંદિર બચી જવા પામ્યું હતું.[૧૦]

આભિલેખિક પુરાવાઓના આધારે શીતળાના એક મુઘલકાલીન મંદિર વિશે જાણવા મળે છે. ડભોઈના હીરા ભાગોળમાં જડેલી વિસલદેવની પ્રસિદ્ધ પ્રશસ્તિની પાસે, એ દરવાજાની ઉત્તર બાજુ પરના ગોખલામાં, જડેલી સફેદ આરસની તકતી પર મહારાજ દમાજીરાવ ગાયકવાડના રાજ્યકાલ (વિ. સં. ૧૭૯૦)નો લેખ છે. આ લેખમાં કેટલાંક સ્મારકોની યાદી આપી છે તેમાં જણાવ્યા પ્રમાણે દક્ષિણમાં શીતળા માતાનું મંદિર હતું. આ મંદિર હાલ અસ્તિત્વમાં નથી, પરંતુ એની સ્મૃતિ ત્યાં આવેલા શીતળા તળાવમાં જોવા મળે છે. આ મંદિર આ તળાવની નજીક બંધાયું હોવું જોઈએ.[૧૧]

શીતળાની ગુજરાતમાંથી પ્રાપ્ત આ પ્રતિમાઓ અને મંદિરોને આધારે શીતળાપૂજાનો પ્રસાર જાણી શકાય છે. આ પુરાવશેષો પરથી અનુમાન કરી શકાય કે ગુજરાતમાં શીતળાપૂજાનો પ્રચાર ઈ. સ.ની ૧૨ મી સદીથી વધુ પ્રાચીન નથી.[૧૨]

## પાદટીપ


૧. પૌરાણિક કથાકોષ,' પૃ. ૨૫૨

૨. બેનરજી, જે. એન., 'ધ ડેવલપ્મેન્ટ ઑફ હિન્દુ આઈકોનોગ્રાફી', પૃ. ૩૮૩

૩. ભટ્ટાચાર્ય, બી, સ., 'ઇન્ડિયન ઇમેઇજીસ,' પૃ. ૪૦

૪. ભટ્ટાચાર્ય, એન. એન., 'ધી ઇન્ડિયન, મધર ગૉડેસ', પૃ. ૫૩. ૫. એજન, પૃ. ૫૩

૬. સાંકળિયા એચ. ડી., 'આર્કિયોલૉજી ઑફ ગુજરાત', પૃ. ૧૪૬; મજૂમદાર, એ. કે. 'ચૌલુક્યઝ ઑફ ગુજરાત,' પૃ. ૩૦૧

૭. કઝિન્સ, 'સોમનાથ ઍન્ડ અધર મિડાઇવલ ટેમ્પલ્સ ઇન કાઠિયાવાર', પૃ. ૫૮; સાંકળિયા, એચ. ડી., ઉપર્યુક્ત, પૃ. ૧૪૭ ૮. 'કઝિન્સ', ઉપર્યુક્ત, પૃ. ૫૮

૯. સોમપુરા, કે. એફ., 'ધ સ્ટ્રક્ચરલ ટેમ્પલ્સ ઑફ ગુજરાત,' પૃ. ૧૭૧

૧૦. 'ભગવદ્ગોમંડલ, ભા. ૯, પૃ. ૮૩૫૬

૧૧. શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., 'ગુજરાતના ઐતિહાસિક લેખ'—ભા. ૫ (મુઘલકાલ), લેખ નં. ૧૫૭

૧૨. સાંકળિયા એચ. ડી., ઉપર્યુક્ત, પૃ. ૧૪૬

# નવરાત્ર : દુર્ગાપૂજા–મહોત્સવ

શ્રી. હસમુખ વ્યાસ

સમગ્ર સૌરાષ્ટ્ર–ગુજરાતમાં આસો સુદિ (આશ્વિન શુક્લ) એકમથી નવમી સુધી આનંદ અને ઉત્સાહ તેમજ શ્રદ્ધા-ભક્તિથી ઊજવાતું નવરાત્ર પર્વ એક અનોખો અને વિશિષ્ટ ઉત્સવ છે. એ શક્તિ–ઉત્સવ હોવા છતાં સર્વે હિંદુ નાત-જાત કે સંપ્રદાયના ભેદભાવ વગર એક થઈ એ મનાવે છે, ઊજવે છે. એ જેમ લોક–ઉત્સવ છે તેમ તંત્ર–ઉત્સવ પણ છે.

સામાન્ય રીતે આ પર્વની આરાધ્ય દેવી દુર્ગા છે અને એ દુર્ગાએ અસુરોને હણ્યા એના વિજયોલ્લાસરૂપે પ્રસ્તુત પર્વ ઊજવવામાં આવતું હોવાની સર્વમાન્ય માન્યતા છે. માર્કંડેયપુરાણમાં આવતી સપ્તશતી( ચંડીપાઠ)ની કથા પ્રમાણે દેવોને ત્રાસ આપી રહેલા વિભિન્ન અસુરોને આદ્ય શક્તિએ પોતાનાં વિભિન્ન સ્વરૂપ પ્રગટી, વિનાશ કરી પુનઃ શાંતિ સ્થાપી. કુલ ૧૩ અધ્યાયોમાં (અધ્યાય ૭૮ થી ૯૦) આવતી દેવાસુરસંગ્રામની આ કથામાં આદ્ય શક્તિ દુર્ગાસ્વરૂપ ધારણ કરી નવ દિવસમાં અસુરોને હણતી હોઈ પ્રસ્તુત પર્વ નવ રાત્રિઓ સુધી મનાવવાની લોકમાન્યતા છે, તેથી જ એ પર્વ 'નવરાત્ર' (ગુ. નવરાત) કહેવાય છે. અહીંથી જ સર્વપ્રથમ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ માન્યતામાં તથ્ય કેટલું ! આનો આધાર સહ ઉત્તર તપાસીએ.

આગળ નોંધ્યું તેમ માર્કંડેયપુરાણમાં (અધ્યા. ૭૮ થી ૯૦) આવતી સપ્તશતીની કથામાં દુર્ગાએ વિભિન્ન અસુરોને હણ્યા છે. આમાં ક્યાંય આ યુદ્ધ નવ દિવસો સુધી ચાલ્યાનો ઉલ્લેખ નથી, એટલું જ નહિ, જે અસુરોને હણ્યા છે તે પણ જુદા જુદા સમયે. પ્રસ્તુત સંદર્ભ પ્રમાણે અધ્યાય અનુસાર દેવી સાથે થયેલ અસુર–યુદ્ધ નીચે પ્રમાણે છે :

અધ્યાય ૭૮ : મધુ–કૈટભ દૈત્યનો વધ

અધ્યાય ૭૯ : મહિષાસુરના સૈન્યનો વધ

અધ્યાય ૮૦ : મહિષાસુરનો વધ

આમ, આ ત્રણ અધ્યાયોમાં મહિષાસુરવધની કથા આવ્યા પછી લાંબો સમય પસાર થયા બાદ પુનઃ ઉત્પન્ન થયેલ અસુરોના ત્રાસને મિટાવવા દુર્ગા પ્રગટે છે. મૂળ તો શુંભ–નિશુંભ નામના દૈત્યોને હણવાની આ કથા અધ્યાયવાર આ પ્રમાણે છે :

અધ્યાય ૮૨ : દેવી–દૂત (શુંભ-નિશુંભનો દૂતસંવાદ આ અધ્યાયમાં છે. આ બંને અસુરોએ દેવીને પોતાની સેવામાં આવવા દૂત દ્વારા જણાવ્યું છે.

અધ્યાય ૮૩ : ધૂમ્રલોચન અસુરનો વધ

અધ્યાય ૮૪ : ચંડ–મુંડાસુરનો વધ

અધ્યાય ૮૫ : રક્તબીજનો વધ

અધ્યાય ૮૬ : નિશુંભવધ

અધ્યાય ૮૭ : શુંભાસુરનો વધ

આમ, આ અધ્યાયોમાં દુર્ગાએ વિભિન્ન અસુરોને હણ્યાની કથા છે. ટૂંકમાં, આ અધ્યાયોમાં દેવીએ વિભિન્ન સમયે વિભિન્ન અસુરોને હણ્યાની કથા મળે છે. મૂળ મુદ્દો એ કે આમાં ક્યાંય પણ આ યુદ્ધ નવ દિવસ ચાલ્યાનો કોઈ ઉલ્લેખ (સંકેતસ્વરૂપેય) આવતો નથી, સાંપડતો નથી.

બીજી એક માન્યતા પ્રમાણે, ઉપર્યુક્ત અસુરોને હણવા સારુ દુર્ગાએ જે વિભિન્ન સ્વરૂપો ધારણ કરેલાં તેની સંખ્યા નવ ગણાવવામાં આવે છે, જે આ પ્રમાણે છે : રુદ્રચંડા પ્રચંડા ચંડોગ્રા ચંડનાયિકા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંડા ચંડાવતી ચંડરૂપા અતિચંડિકા અને ઉગ્રચંડિકા. દુર્ગા શક્તિ ઉત્તરોત્તર વિકરાળ સ્વરૂપ ધારણ કરતી ગઈ એવું આ ક્રમવિધાન-સ્વરૂપ ગણી શકાય.

આમ, દુર્ગા નવ દુર્ગા બની હોઈ એનો ઉત્સવ નવ રાત્રિઓ પર્યંત માનવામાં આવતો હોવાનું માનવામાં આવે છે, પણ આ સ્પષ્ટતા સંતોષપ્રદ નથી લાગતી, કેમકે નવ રાત્રિઓ દરમ્યાન માત્ર દુર્ગાને જ પૂજવામાં આવે છે, દર રાત્રિએ એનાં વિભિન્ન સ્વરૂપોને પૂજન માટે બદલવામાં આવતાં નથી.

આમ, 'નવ રાત્રિઓ' જ શા માટે એની યથાર્થ સ્પષ્ટતા થઈ શકતી ન હોવા છતાં, એ દુર્ગા-શક્તિનો ઉત્સવ હોઈ મનાવવામાં આવે છે એ હકીકત છે.

સામાન્ય રીતે આસો મહિનામાં નવરાત્ર આપણે ઊજવીએ છીએ, પણ શાક્ત સંપ્રદાય પ્રમાણે વર્ષ દરમ્યાન ચાર 'નવરાત્ર' ગણવામાં આવેલ છે :

(૧) આશ્વિન, (૨) ચૈત્ર, (૩) પોષ, અને (૪) આષાઢમાં

આગળ નોંધ્યું તે પ્રમાણે આસો સુદ ૧ થી ૯ મી પર્યંત આ ઉત્સવ ઊજવવામાં આવે છે, સ્વયં સપ્તશતીમાં દેવીએ એનો ઉત્સવ ક્યારે ઊજવવો એ વિશે કહ્યું છે :

शरत्काले महापूजा क्रियते या च वार्षिके ।

—શરદ ઋતુમાં મારી વાર્ષિક મહાપૂજા કરવી. (માર્કંડેયપુરાણ, અધ્યા, ૮૯, શ્લો. ૧૧)

અર્થાત્ આસો મહિના દરમ્યાન ઊજવાતા 'નવરાત્ર' પર્વનું મૂળ સપ્તશતી પ્રમાણે શરદ ઋતુમાં મળી આવે છે. એક અન્ય પરંપરા પ્રમાણે દુર્ગાપૂજા શારદીય (આશ્વિન શુક્લ) અને વસંતકાલીન (ચૈત્ર શુક્લ) છે : शरद्वसन्तयोस्तुल्य एव दुर्गोत्सवः कार्यः । ('નિર્ણયામૃત', પૃ. ૫૬)

આમાં પ્રથમનું સવિશેષ મહત્ત્વ છે. પરંપરાનુસાર ભગવાન શ્રીરામે આ સમયે દુર્ગાપૂજા કરેલી.[૪] શરદ અને વસંતઋતુ દરમ્યાન દુર્ગા-ઉત્સવ ઊજવવા પાછળનું કારણ એ સમય દરમ્યાન નવું ધાન્ય તૈયાર થતું હોઈ લોકો શક્તિનું પર્વ મનાવતાં હોવાનું અને સમાજનો ધાન્ય ઉત્પન્ન કરતો વર્ગ આખો દિવસ કામમાં હોઈ રાત્રિ દરમ્યાન નવરાશ મળતી હોઈ ઊજવતા હોય એમ લાગે છે.

મૂળ તો, 'નવરાત્ર' એ શક્તિ-દુર્ગાનો ઉત્સવ છે એ હકીકત હોઈ હવે એ પ્રાચીન કાલ દરમ્યાન કઈ રીતે ઊજવાતો એ તપાસીએ :

આગળ નોંધ્યું તે પ્રમાણે શરદ ઋતુમાં આવતી દુર્ગાપૂજા-નવરાત્રનું સવિશેષ મહત્ત્વ મનાય છે. આ પૂજાવિધિનો અવધિ વિભિન્ન રીતે માનવામાં આવેલ છે :

આસો સુદ ૧ થી ૯ સુધી
,, ,, ૭ થી ૯ સુધી
,, ,, મહાષ્ટમીથી નોમ સુધી
,, ,, ફક્ત મહાષ્ટમી
,, ,, ફક્ત મહાનવમી

અર્થાત્ મૂળ પૂજાવિધિ નવ દિવસોનો હોવા છતાં સમાજની દરેક વ્યક્તિ નવ દિવસ પર્યંત એ કરી કે પાળી ન શકે એ ધ્યાનમાં લઈ ઉપર પ્રમાણેના પૂજા-વિધિના વિકલ્પ સૂચવવામાં આવેલ છે, આથી જેમણે જ્યારથી આરંભ કરવો હોય ત્યારથી-તે દિવસથી દેવીપ્રતિમાનું વિધિપૂર્વકનું સ્થાપન કરવું રહે. દેવીની આ પ્રતિમા સિંહવાહિની મહિષાસુરમર્દિનીની મૂકવામાં આવે છે. સોનું-ચાંદી માટી પથ્થર કે અન્ય કોઈ ધાતુની દેવીપ્રતિમા બનાવવામાં આવે છે. પ્રતિમાસ્થાપન સાથે ઘટસ્થાપન તેમજ માટીની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદિકામાં જુવારા (ઘઉં-જવ) વાવવામાં આવે. આમ દેવીપૂજા કરવા ઇચ્છતી દરેક વ્યક્તિએ પોતાને ઘેર સ્થાપનાવિધિ કર્યા બાદ એની પ્રાતઃ મધ્યાહ્ન અને રાત્રિ એમ ત્રણ વખત પૂજા કરવાની રહે, દુર્ગા-પર્વના સમાપનવિધિ બાદ ૧૦ મીના રોજ સ્થાપિત શ્રીમૂર્તિ ઘડો જુવારા વગેરેનું વિસર્જન વહેતા ઊંડા જળમાં કરાતું. વર્તમાન સમય દરમ્યાન જે રીતે નવરાત્ર-ઉત્સવ ઊજવાય છે તેમાં આનાથી થોડો સ્વરૂપ-ફેર થતો હોય એમ લાગે છે. અહીં એક અન્ય માન્યતાનો ઉલ્લેખ કરી લઈએ કે દુર્ગા-પૂજા પ્રારંભમાં સૈન્ય-અભિયાન વખતે કરવામાં આવતો શક્તિવિધિ હોવાનો અને આગળ જતાં ધાર્મિક વિધિ બની ગયાનો શ્રી એન. જી. બેનરજીનો મત છે.[3] અલબત્ત, આ માન્યતા સર્વસ્વીકૃત બની નથી.

શક્તિપૂજા પાછળની એક સૂક્ષ્મ સ્પષ્ટતા-તાત્ત્વિક અર્થઘટન તપાસીએ.

'સપ્તશતી' અનુસાર અસુરો સામેના યુદ્ધ દરમ્યાન દુર્ગા ત્રિવિધ સ્વરૂપ ધારણ કરે છે : તામસ રાજસ અને સાત્ત્વિક. આ ત્રણ સ્વરૂપોની તાત્ત્વિક સ્પષ્ટતા આ પ્રમાણે કરાયેલ છે :

મહાકાલી — તામસ-ગુણાત્મક

મહાલક્ષ્મી — રાજસ-ગુણાત્મક

સરસ્વતી — સાત્ત્વિક-ગુણાત્મક

'સપ્તશતી'નાં ઉપર્યુક્ત ત્રણ સ્વરૂપોની ટીકા આ રીતે કરાયેલ છે :

દુર્ગા-શક્તિનું ત્રણ પ્રકારનું ચરિત :

(૧) સપ્તશતી પ્રથમ ચરિત-દેવી : મહાકાલી; ઋષિ : બ્રહ્મા; છંદ : ગાયત્રી

(૨) સપ્તશતી મધ્યમ ચરિત-દેવી : મહાલક્ષ્મી; ઋષિ : વિષ્ણુ; છંદ : ઉષ્ણિક

(૩) સપ્તશતી ઉત્તમ ચરિત-દેવી : મહાસરસ્વતી; ઋષિ : રુદ્ર; છંદ : અનુષ્ટુભ

હવે આપણે વર્તમાન નવરાત્ર ઉત્સવના સ્વરૂપ વિશે વિચારીએ. અત્યારે ગુજરાતના દરેક ગામ-નગરમાં નવરાત્ર દરમ્યાન રાત્રિના સમયે માતાજીની ગરબી(માંડણી)ની મંડપમાં સ્થાપના કરી, આરતી ઉતારી એની ફરતે ગરબા-ગરબી લેવામાં આવે છે. દુર્ગાપૂજાનો વિધિ પૂર્વે દર્શાવ્યો છે તેમાં ગરબા-ગરબી લેવાની વાત નથી, એટલું જ નહિ, શક્તિપૂજાની પ્રબળ અસરવાળાં ભારતનાં અન્ય રાજ્યો(જેવાં કે, બંગાળ આસામ રાજસ્થાન)માં પણ આ રીતનો વિધિ થતો નથી, અર્થાત્ માતાજીના મંડપમાં 'ગરબી' પધરાવી ફરતે ગરબા-ગરબી લેવાની પ્રથા એક માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે, તો આ પ્રથાનું ઉદ્ભવસ્થાન ગુજરાતને જ ગણવું કે કેમ એવો પ્રશ્ન સહેજે થાય. પ્રાથમિક તપાસમાં એમ લાગે પણ ખરું, પણ આ પ્રથાનાં મૂળ ગુજરાતમાં ન હોવાનો એક પુરાવો સાંપડે છે. પ્રસિદ્ધ વિદ્વાન શ્રી કે. કા. શાસ્ત્રીજીએ વર્ષો પૂર્વે 'સ્ત્રીજીવન'ના એક 'ગરબા અંક'માં આ અંગે માહિતી આપતાં લખેલ કે વર્તમાન ભારતના કર્ણાટક રાજ્યમાં માંગલિક પ્રસંગોએ આવી પ્રથા છે, અર્થાત્ ત્યાં લગ્નાદિ પ્રસંગોએ લાકડાંની માંડણી કરી ફરતાં સમૂહગાન ગાવામાં આવે છે. સંભવ છે કે ત્યાંથી આ પ્રથા આપણે ત્યાં પ્રવેશી હોય. સોલંકી વંશના રાજા કર્ણદેવની રાણી ને સિદ્ધરાજની માતા મીનળદેવી કર્ણાટકની હોવાનું તો સુનિશ્ચિત છે. શકય છે, મીનળદેવીની સાથે આ પ્રથા અહીં પ્રવેશી હોય. આ સિવાય ગુજરાતનો ગરબા-ગરબીનો રિવાજ શાક્ત સંપ્રદાયના કેંદ્ર ગણાતા બંગાળ કે મારવાડમાં પણ નથી.

'માર્કંડેયપુરાણ'(રચનાકાલ : લગભગ ઈસુની ૫-૬ સદી)માં આવતી સપ્તશતીની આરાધ્ય શક્તિ દુર્ગાના પ્રાચીન ઉલ્લેખ પણ પ્રાપ્ત હોઈ દુર્ગાપૂજા પ્રાચીન હોવાનું માની શકાય. મહાભારત(વન. અધ્યા. ૬-૨૩૫)માં શિવપત્ની ઉમા તરીકે એનો ઉલ્લેખ છે, તો કૃષ્ણના સૂચન પ્રમાણે અર્જુને (ભીષ્મ-૨૩) દુર્ગાસ્તોત્રનો પાઠ કરેલ. આમાં દુર્ગાનાં કુમારી કાલી કપાલી ભદ્રકાલી મહાકાલી ચંડી કાત્યાયની ઉમા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે નામોનો ઉલ્લેખ થયેલ છે. આમ, 'દુર્ગા' મહાભારતકાલીન હોવાનું સિદ્ધ થાય છે. શૂદ્રક(સમય ૫ મી સદી)ના 'મૃચ્છકટિક'(૬.૨૭)માં દુર્ગાએ શુંભ-નિશુંભને હણ્યાનો ઉલ્લેખ છે. પ્રાચીન રાજાઓના સિક્કાઓ પર પણ સિંહસ્થ દુર્ગાનાં પ્રમાણ સાંપડે છે; જેમકે ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત ૧ લાના સિક્કાઓ પર સિંહારૂઢ દેવીની આકૃતિ મળે છે, તો કુષાણ રાજા કનિષ્કના સિક્કાઓ પર પણ સિંહારૂઢ દુર્ગાદેવીનું અંકન મળતું હોઈ દુર્ગાપૂજા ૧-૨ સદીથી થતી રહ્યાનું માની શકાય, એટલું જ નહિ, ભારતવર્ષનાં છેલ્લાં બે હજાર વર્ષોના ઇતિહાસ દરમ્યાન દરેક સમયે કોઈ ને કોઈ સ્વરૂપે દુર્ગા-શક્તિપૂજા થતી રહી છે એમ કહીએ તો અયોગ્ય નહિ ગણાય.

આસો સુદ એકમથી આરંભાતા ને નવમીએ સમાપ્ત થતા દેવીના આ પર્વની સાથે ૧૦ મીના રોજ વિજયાદશમીનું પર્વ પણ એટલાં જ શ્રદ્ધા-ભક્તિ ને આનંદ-વિજયોલ્લાસથી મનાવવામાં આવે છે. આમ જોવા જઈએ તો આ બંને પર્વ અલગ અલગ છે: ૧ થી ૯ દેવીનું પર્વ છે, તો ૧૦ શ્રીરામનું પર્વ છે. દશમીએ શ્રીરામે રાવણને હણ્યો એના ઉલ્લાસસ્વરૂપે મનાતું હોવાની પરંપરાગત સામાન્ય માન્યતા છે, જે ખરી નથી. ખરેખર હકીકત એ છે કે આ (દશમીના) દિવસે ભગવાન રામચંદ્રે રાવણને હણવા-જીતવા માટે પ્રસ્થાન કરેલ, 'વાલ્મીકિરામાયણ'માં આ અંગેનો ઉલ્લેખ આ પ્રમાણે છે :

રામ: "હે સુગ્રીવ! હવે આપણે લંકા તરફ જવું ઘટે. માટે આ સમયે જ તમો પ્રયાણ કરવા તત્પર થાઓ. અત્યારે સૂર્ય આકાશના મધ્ય ભાગે આવેલ હોવાથી વિજય આપનારું અભિજિત મુહૂર્ત ચાલે છે." ('યુદ્ધકાંડ', સર્ગ ૪, શ્લો ૩)

આસો સુદિ ૧૦ મીએ નક્ષત્રોદય વખતે વિજય નામનો કાલ કહેવાય છે, જે સર્વ મનોરથ સિદ્ધ કરનાર છે. શ્રવણ નક્ષત્રના યોગવાળી ૧૦ મીએ રામચંદ્રે લંકાભિયાન કરેલ.[4] આમ આસો સુદિ ૧૦ મીએ લંકાવિજય માટે રામચંદ્રે જે દિવસે લંકાભિયાન સારુ પ્રયાણ કરેલ તે દિવસે જ રાવણનું મૃત્યુ નક્કી થઈ ગયેલ હોઈ એમ માની એ દિવસે વિજયોલ્લાસ તરીકે ઊજવવામાં કંઈ ખોટું નહિ!

**સંદર્ભ :**


૧. સં. ડૉ. રાજબલિ પાંડેય, 'હિંદુ ધર્મકોષ', પૃ. ૩૨૩
૨. ડૉ. પી. વી. કાણે, 'ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ,' ભા. ૪. પૃ.૬૩
૩. એન. જી. બેનરજી. 'ઇન્ડિયન હિસ્ટોરિકલ ક્વાર્ટર્લી,' વૉ. ૨૧, પૃ. ૨૨૯
૪. અનુ. શાસ્ત્રી વેણીરામ બહેચર, 'વ્રતરાજ' ખંડ-૧, પૃ. ૧૯૫-૯૬.


ઠે. હાઈસ્કૂલ, મોટા દડવા-૩૬૦૦૪૫ (તા. ગોંડળ)

---

## જીવન

આ વાસના વિનાનું જીવન
ને લાલસા વિનાનું જીવન.
ખીંટિયે લટકયાં ઝભ્ભો ટોપી
તેમ ઇંદ્રિયો વિનાનું જીવન.
ફૂલ હોય ને નીચે કાંટા હોય,
વાહ! હસતાં ઉદાસી વિનાનું જીવન.

ધર્મ ધૂપસળીનો જલવું સૂરવું
તેમ સવિતૃ મહીં સત્યવાન જીવન.
ચેહ પર સૂતા પછી પડી છે સોડની,
ભરખતી આગમાં બળતું જીવન.

**હર્ષદ જોશી, 'ઉપહાર'**
વ્યાસવાસણા (તા. કપડવંજ-૩૮૭૬૨૦)


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીંછણમાતા

**શ્રી. મનસુખ સ્વામી**

વીંછણમાતાનાં મંદિર અલગ રીતે કોઈ સમયે, એમાંય સોલંકીકાલમાં, હશે એમ માનવામાં આવે છે. મૂર્તિવિધાન મુજબ વીંછણમાતાની મૂર્તિ સ્થાપત્યકલાની દષ્ટિએ બેનમૂન છે. નીચે આપેલી તસ્વીરમાં શ્રી વીંછણમાતાના શિર ઉપર સૂર્યાણીની જેમ લાંબો મુગટ અને એ ત્રિભંગી અદામાં ઊભેલાં લાગે છે એટલે આ દેવી રુદ્રસ્વરૂપમાં ક્રોધાયમાન લાગે છે.



વીંછણમાતાના ચરણે નાની બાળસ્વરૂપની મૂર્તિઓ પગે લાગીને પોતાને વીંછી જેવાં જંતુઓના ત્રાસથી મુક્તિ અપાવે એમ વિનંતી-પ્રાર્થના કરતી જોવા મળે છે. માતાના જમણા હાથમાં ત્રિશૂળ છે, જે માનવીની આધિ વ્યાધિ અને ઉપાધિને દૂર કરવાનું પ્રતીક છે, જ્યારે ડાબા હાથમાં મુંડમાળાનું નિશાન છે, જે મૃત્યુ દર્શાવે છે. આજે પણ કાળિયા ઠાકરિયા વીંછી જેમને કરડે છે તે પાણી પીવા પણ માગતાં નથી અને મરણને શરણ થાય છે, એટલે આવા ઝેરી વીંછીથી બચવા માટે પણ માનવી વીંછણમાતાની પ્રાર્થના કરતો હોય. જે તત્ત્વ મનુષ્ય ઉપર આધિપત્ય જમાવે છે તેને માનવી પૂજતો આવ્યો છે.

આ વીંછણમાતાની મૂર્તિમાં ટચલી આંગળીએ વીંછી કરડ્યો છે એટલે એક આંગળી માતાએ પોતાના મોઢામાં નાખી છે અને જ્યારે કોઈને પણ વીંછી કરડે છે ત્યારે એનું રૂપ બદલાઈ જાય છે એ મુજબ આ દેવીનું રૂપ નોખું લાગે છે. હાથ ઉપર સુંદર અલંકાર અને ગળામાં મૂર્તિ ફરતે સ્થાપત્યની દષ્ટિએ પ્રમાણભૂત વળાંક લેતી હારમાળા દેખાય છે.

મૂર્તિ સ્થાપત્યની દષ્ટિએ ઉત્કૃષ્ટ છે અને આવી ઘણી મૂર્તિ સોલંકી-સ્થાપત્યની નિશાની ગણાવે છે. આ જે મૂર્તિ છે તે પાટણમાં સહસ્રલિંગ તળાવની નજીક આવેલી ''રાણકી વાવ''મા જોવા મળે છે.

For Private and Personal Use Only

રાણી ઉદયમતિની આ વાવનું ખોદકામ શરૂ થતાં અમૂલ્ય સ્થાપત્યકલા અને એ સમયની કલાકારની સાચા હૃદયની ભાવના આ સ્થાપત્યોમાં જોવા મળે છે. વેઠ નહિ, પણ પ્રેમથી એક એક હથોડી-ટાંકણું યથાયોગ્ય રીતે કલાકારે વાપર્યું હોય એમ જણાય છે.

મૂર્તિઓની ખાસ પથ્થરોની પેનલો અને સ્થાપત્યના ઉત્તમ નમૂના આ વાવમાં જોવા મળે છે. હજુ પણ આ વાવનું ઉત્ખનન (ખોદકામ) કામ ચાલુ છે...કહેવાય છે કે આ વાવ સાત માળની હોવી જોઈએ, જેના ચારેક માળ અત્યારે પ્રગટ થયા છે અને બ્રહ્મા વિષ્ણુ ગણપતિ વીંછણુમાતા અપ્સરાઓ ગંધર્વો તેમજ અનેક પ્રકારનાં પશુ-પક્ષીઓ, દશાવતારો, કલામય જાળીઓ, સ્તંભો-કુંભીઓનો ખજાનો જોઈ લો...।

સોલંકીકાલમાં ભીમદેવ ૧ લાની રાણી ઉદયમતિની યાદમાં આ વાવ વિ. સં. ૧૧૦૦ની આસપાસ બનાવવી શરૂ કરેલી. ભીમદેવ સારો ખાણાવળી અને પાટણનો બહાદુર રાજવી હતો, અને એના સમયમાં માળવાના ભોજ પરમારને સખ્ત હાર મળેલી.

ભીમદેવના પુત્ર કર્ણે આ અધૂરી રહેલી વાવ વિ. સં. ૧૧૨૦ થી ૧૧૫૦ના સમય દરમ્યાન પૂર્ણ કરાવી હોય એવો ઉલ્લેખ "સરસ્વતીપુરાણ"માં છે.

સોલંકીવંશનો ૬ ઠ્ઠો રાજવી સિદ્ધરાજ બાહોશ અને કલાસંસ્કૃતિનો પોષક દાતા હતો. એણે ઘણાં બેનમૂન કલાસ્થાપત્યવાળાં મંદિરોની રચના કરેલી, જેમાં મૂલરાજ સોલંકીએ અધૂરો મૂકેલો રુદ્રમહાલય અને પોતાના પ્રપિતામહ દુર્લભરાજે બંધાવેલ "દુર્લભસર"નો વિસ્તાર મોટા પાયા પર કર્યો.

સરસ્વતી નદીના વહેણને અઘ્રહાર (અઘાર) ગામેથી ૬ કિ. મી. દૂર શહસ્રલિંગ તળાવ સુધી નહેરરૂપે લાવીને સુંદર સિંચાઈની યોજના કરલી. સહસ્રલિંગ તાળવમાંથી નહેરો કાઢવામાં આવેલી, જેમાં નહેરોની પાળ ઉપર શિવાલય, દશાવતારનાં મંદિર ઉપરાંત એકસો ને આઠ જુદી જુદી દેવીપીઠ સ્થાપેલી કે જેમાં વીંછણુમાતા ભૂતમાતા રુદ્રેશ્વરમાતા વગેરેનાં વિશાળ મંદિર હતાં. હાલ સહસ્રલિંગ તળાવની મધ્યમાં જે ટેકરો બકસ્થળ તરીકે ઓળખાય છે ત્યાં વિંધ્યેશ્વરી માતાનું મંદિર હતું.

પ્રસિદ્ધ ઈતિહાસકાર બર્જેસે નોંધ્યું છે કે ત્યાં શ્રીરુદ્રેશ્વર મહાદેવનું મંદિર હશે. જનસમાજ હાલ એને 'રાણીનો મહેલ' કહે છે. "સરસ્વતીપુરાણ"માં સહસ્રલિંગ તળાવ અને શક્તિપીઠોનો નિર્દેશ સુંદર કર્યો છે, જેમાં "શ્રીવૃશ્ચિકેશ્વરી માતા"નો ઉલ્લેખ છે. 'વૃશ્ચિક'નો 'વીંછી' અર્થ થાય છે અને આમ સમાજ દેવીને વીંછણુમાતા તરીકે નમન કરે છે.

આ મૂર્તિમાં વીંછીનું પ્રતીક માતાજીના મધ્ય ભાગમાં દર્શાવવામાં આવ્યું છે. પાટણમાં કોઠાકૂઈ દરવાજા બહાર શ્રીસિદ્ધેશ્વર મહાદેવના પટાંગણમાં વીંછણુમાતાની મૂર્તિ દર્શનીય છે અને આજે ત્યાં જેને વીંછી કરડયો હોય તે માનતા માને છે એટલે તરત જ શાંતિ થાય છે એમ કહેવાય છે. આ મૂર્તિ કોઈ જગાએથી લાવીને અહીં મૂકવામાં આવી હોય એમ સ્પષ્ટ વરતાય છે.

પાટણમાં ગણુપતિની પોળે પ્રવેશતાં જ વીંછણુમાતાની એક મૂર્તિ દર્શનીય છે. અહીં પણ કોઈ જગ્યાએથી મૂર્તિ મળી આવતાં મૂકવામાં આવી છે. આ મૂર્તિ સ્થાપત્યકલાની દૃષ્ટિએ બેનમૂન છે, પણ પાકા રંગે રંગી નાખવાથી એની આગવી કલા નાશ પામી છે.

વીંછણુમાતાની એક મૂર્તિ પાટણ બદરીદાસ મહારાજની વાડીમાંથી પણ મળી આવેલી હતી.

પાટણની રાણકીવાવ તેમજ સીંધવાઈવાવમાં વીંછણુમાતાની મૂર્તિઓ દર્શનીય છે. ટૂંકમાં, વીંછણુમાતા એ સોલંકીકાળમાં થયેલ ઉત્કૃષ્ટ સ્થાપત્યનો નમૂનો ગણાય છે.

આમ તો આપણી સંસ્કૃતિ મોહેંજો-દડો અને હડપ્પાના સમયથી દૈવી તત્ત્વોને પૂજતી આવી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આર્યો-અનાર્યો(? વૈદિક અને વૈદિકેતર લોકો)ના સંમિશ્રણથી દેવી દેવો પૂજનીય બન્યાં છે. શિવજીએ દ્રવિડો(? દ્રવિડદેશવાસીઓ)ના દેવ તરીકે અને સૂર્ય એ આર્યો(? વૈદિક લોકો)ના દેવ તરીકે એ સમયે પૂજનીય હતા.

પશુ પંખી ઝેરી–જંતુઓ સાપ વીંછી વગેરે મૂળ તો ભગવાન પશુપતિનાથ શંકરના સાંનિધ્યમાં જોવા મળે છે. વિશિષ્ટ સિદ્ધિ પામવા અને ઝેરી જીવજંતુઓથી બચવા તેમ ઝેર ઉતારવા માટે વિધિવિધાનસર શક્તિયંત્રની પૂજા ઘણા પ્રાચીન કાલથી માનવી કરતો આવ્યો છે.

અગ્નિ ચોર સાપ વીંછી આદિથી ભયમુક્તિ અર્થે અને યશ વિજય અને સંપત્તિની પ્રાપ્તિ માટે વિંધ્યવાસિની દુર્ગા, તો કોઈ જગ્યાએ વૃશ્ચિકેશ્વરી દેવી (વીંછણમાતા), રુદ્રચંડા ચંડોગ્રા તેમજ એવી દૈવી શક્તિની ઉપાસના કરવામાં આવે છે.

આદ્યશક્તિ (અં. ઓરિજિનલ પાવર) તે જ મૂળ શક્તિ ગણાય છે, જેનાં શ્યામ રક્ત અને શ્વેત ત્રણ તત્ત્વ ગણાવ્યાં છે. ઋગ્વેદ અને અવેસ્તામાં આ તત્ત્વોનો ઉલ્લેખ છે. ગૈત્રકકાલમાં ઈ. સ. ૫૦૨ માં મહારાજ દ્રોણસિંહે "દેવીસત્ર" ગ્રંથમાં શક્તિનો નિર્દેશ કર્યો કહેવાય છે.

શ્યામ (તમોગુણ) એ મહેશસ્વરૂપ અને શક્તિમાં મહાકાળી મેલડી તેમજ વૃશ્ચિકાદેવીનો ઉલ્લેખ મુખ્ય છે, જેનો વાન કાળો અને પરિધાન લાલ વસ્ત્રો છે. આને એક શાસ્ત્રોક્ત પૌરાણિક માતા માનીને દેવીભક્તો દેવીને ઉપાસના કરે છે, જેનાથી ભૂત-પિશાચ કે ઝેરી જંતુઓથી ભયમુક્ત થવાય છે, એટલે શ્રી વીંછણમાતા તમોગુણ પ્રકૃતિનો દેવી–અંશ છે.

જગતની તમામ પ્રજાઓમાં પ્રાચીન કાલથી માતૃપૂજા-શક્તિપૂજા પ્રચલિત છે, જેમાં દ્રવિડો માતૃપૂજક તરીકે હતા. ઋગ્વેદમાં શક્તિપૂજાનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. "ચંડીપાઠ" અને તંત્રચૂડામણિમાં કુલ ૧૫૩ શક્તિપીઠોનું વર્ણન બતાવ્યું છે, જેમાં શ્રી વૃશ્ચિકાદેવી ૧૦૮ શક્તિપીઠોની ગણનામાં છે.

શક્તિપીઠોની ઉત્પત્તિ સાથે જે તે દેવીઓની આરાધના માટે બીજક મંત્રોની ઉત્પત્તિ તીર્થમંદિરોમાં થઈ હતી. સનાતન સંસ્કૃતિ અને કલાની કાયમી જીવનગાથાઓ એ બીજક મંત્રો છે. દરેક શક્તિના અલગ અલગ મંત્ર છે, જેના રટણથી શક્તિઉપાસક ધન ધાન્ય અને સમૃદ્ધિ પામતા અને ભયમુક્ત બને શક્તિબીજમંત્રોમાં દેવતા ગાંધર્વો અને ભૈરવોનો ઉલ્લેખ છે.

તંત્રચૂડામણિ(પુરાણોક્ત શક્તિપીઠ)માં નીચેના મંત્ર શ્રી વીંછણમાતાના વિશે પ્રકાશ પાડે છે :

ભૈરવ: સિદ્ધિદ: સાક્ષાદ્ દેવી મંગલચંડિકા ।
ચપલે દશ બાહુમે, ભૈરવ ચંદ્રશેખર ॥
(ગોદાવરીતટ, કપાલે, વૃશ્ચિકેશ્વરી, દંડપાણિ
અટ્ટહાસ્ય, અધરોષ્ઠ, ફૂલરાદેવી તેમજ વિશ્વેસરા)

મંગલચંડિકાને (વૃશ્ચિકેશ્વરી) વીંછણમાતા તરીકે પણ ઘણાં ભાવિકો માને છે. જેના હાથમાં દંડ રુદ્રાણી મુંડાની તેમ ઝેરી સર્પની કંઠમાળા અને વૃશ્ચિકનું પ્રતીક છે તે વીંછણમાતાને અષ્ટોત્તર શત શક્તિક્ષેત્રોમાં દેવી ભાગવતના ૭/૩૦/૫૫/૭૪ માં તેમજ મત્સ્યપુરાણ ૧૩/૨૬/૫૬ ની સાતમી પંક્તિ નીચે મુજબ છે :

"એકામ્રકે કીર્તિમતી, વિશ્વસ્મિન્ વૃશ્ચિકેશ્વરી ।"

જ્યોતિષશાસ્ત્રમાં વૃશ્ચિક રાશિવાળા થોડા ઉગ્ર સ્વભાવવાળા, બુદ્ધિના તેજસ્વી અને સારાં કાર્ય કરનારાં મનાય છે. સ્થિર રાશિઓમાં વૃષભ સિંહ વૃશ્ચિક અને કુંભ મુખ્ય મનાય છે.

ઉપરાંત જ્યોતિષદષ્ટિએ સારાં સ્વપ્નાંઓમાં જીવજંતુઓ સર્પ વીંછી માખી વગેરેનું સ્મરણ એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તંદુરસ્તી અને ધન પ્રાપ્ત થવાના માર્ગ બતાવ્યા છે, એટલે વૃશ્ચિકને વીંછણમાતાના સ્વરૂપે પણ શક્તિના અંશમાં ભાવિકો માનતાં હોય.

ભગવાન શિવજી આગળ પણ વીંછી નાગ વગેરે દર્શાવ્યા છે, એટલે જે શિવજીના સાંનિધ્યમાં છે તે સઘળાં તત્ત્વ પૂજનીય મનાય છે. આમ વીંછી અને નારી જાતિ વીંછણ માનવીને કરડે નહિ એ માટે એની પૂજા કરાય છે એમ આપણે માનવું જોઈએ.

આ રીતે વીંછણમાતા (વૃશ્ચિકેશ્વરી) શક્તિના અંશસ્વરૂપે પૂજનીય બની છે અને સોલંકીકાલનાં સ્થાપત્યોમાં આ મૂર્તિનું ચોક્કસ હોવું જરૂરી હશે એમ કેટલાંક સ્થાપત્ય જોવાથી જાણવા મળે છે. ચોબારી આણંદપરનાં સ્થાપત્યોમાં પણ વીંછણમાતા છે.

શક્તિપીઠોમાં એનું સ્વતંત્ર મંદિર આજે તો જોવા મળતું નથી, વળી સૌરાષ્ટ્રમાં જસદણ તાલુકાના "વીંછિયા" ગામમાં પણ વીંછણમાતાનું સ્થાન નથી. જાણવા મુજબ વીંછિયા શાખાના રબારી અને વીંછિયા શાખાના કાઠી દરબારો જૂજ સંખ્યામાં ત્યાં છે, ભવિષ્યમાં આ ગામનો ટીંબો વીંછિયાઓએ બાંધ્યો હોય.

આમ વીંછણમાતા આદ્યશક્તિના તેજ (ઑરિજિનલ પાવર) તમોગુણગ્રાહી સ્વરૂપ હશે, જેમાં ત્રિભંગી અને વીંછીની આકૃતિ, માનવમુંડ ત્રિશૂળ અને મોઢામાં આંગળી દર્શાવતી આ કલાકૃતિ દર્શનીય બની છે.

**સંદર્ભ :**

સરસ્વતીપુરાણ તંત્રચૂડામણિ ચંડીપાઠ શ્રીભુવનેશ્વરી-પંચાંગ દેવીભાગવત મત્સ્યપુરાણ દિવ્ય-શક્તિપીઠરહસ્ય

ઠે. મંગલભવન, વીરનગર-૩૬૦૦૬૦ (જિ. રાજકોટ)

---

## ચમન કાંઈ રોતું

(ગઝલ)

સવાલો તમારા જવાબો અમારા,
દિવાની દુનિયાનાં સ્વપ્નો અમારાં.
હશે કાંઈ થાતું તને ઊડવાનું,
મને કાંઈ થાતું તને ચૂંમવાનું.
ઘટા કાંઈ રંગીન દર્દ છે સંગીન,
અમોને થાતું તુંમાં ઓગળવાનું.
આંખોમાં આંખો હું પરોવી રહું છું,
ઊડે ઊડે, પ્રિયે! મને કાંઈ થાતું.
બદન આ ખીલ્યું ને કફન રાહ જોતું,
ઘડી સંગ તારા ચમન કાંઈ રોતું.

હર્ષદ જોશી, 'ઉપહાર'
વ્યાસવાસણા, (તા. કપડવંજ-૩૮૭૬૨૦)

## વસંતમાં

માદક હવાનાં ફૂલ તો ગ્હેંકે વસંતમાં,
સોળે કળાએ મોર પણ ગ્હેંકે વસંતમાં.
સૂરજ પણ આજ તો અહીં પ્રેમાળ થૈ ગયો.
ખીલી ઊઠ્યો છે બાગ આ તડકે વસંતમાં.
આંખોના આભમાં હવે ઝરણાં વહી ગયાં.
યાદોનાં સરોવર બધાં ચમકે વસંતમાં.
રાખ્યા છે શબ્દો પ્રેમના ધુમ્મસ મહીં તો આજ,
ઝાંખા અરીસે રહેરાઓ ઝમકે વસંતમાં.
આ બિંદુઓ પરોઢમાં જે પાન પર હતાં,
લાગણી બનીને તે ચળકે વસંતમાં.

—નલિન પંડ્યા
૬, નિત્યાનંદિની સોસાયટી, સે. ૨, ચાણક્યપુરી રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કોટેશ્વરની વિરલ શક્તિગણેશપ્રતિમા

શ્રી. રવિ હજરનીસ

ગણેશપૂજાનાં ઉત્પત્તિ અને વિકાસ અંગે ઘણું સાહિત્ય ઉપલબ્ધ છે, જેથી પુનરાવર્તન કરવું ઉચિત માન્યું નથી. ગુજરાતની અદ્યાપિ જ્ઞાત પ્રતિમાઓમાં સૌથી પ્રાચીન એવી શામળાજીની દ્વિભુજ ગણેશ-પ્રતિમા બાબત આ લેખકે અગાઉ 'પથિક'માં પ્રસિદ્ધ થયેલ લેખમાં શાસ્ત્રીય ચર્ચા કરેલી હતી.[૧] વધુ વિગત માટે એ લેખ વાંચવા ભલામણ છે.

ગણેશના પ્રતિમાવિધાન અંગેનાં વિવિધ સ્વરૂપોમાં શક્તિ સાથેની દેવની સંયુક્ત યુગલપ્રતિમાને સામાન્ય રીતે 'શક્તિ-ગણેશ' તરીકે ઓળખવામાં આવે છે. લક્ષ્મી-ગણપતિ, ઉચ્છિષ્ટ ગણપતિ, મહા-ગણપતિ, ઊર્ધ્વ ગણપતિ અને પિંગલ ગણપતિ વગેરે શક્તિ-ગણેશનાં સ્વરૂપ હોઈ એ તંત્રની અસર સૂચવે છે. ક્રિયાક્રમોદ્યોત મંત્રમહોદધિ મંત્રમહાર્ણવ ઉત્તરકામિકાગમ અને વિઘ્નેશ્વરપ્રતિષ્ઠાવિધિ વગેરે ગ્રંથોમાં આ સ્વરૂપો અંગેની માહિતી મળે છે.[૨] પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીથી આશરે પાંચ કિ. મી. દૂર કોટેશ્વર[૩] તીર્થના સ્થળે અન્વેષણ દરમ્યાન આ લેખકને શક્તિ-ગણેશની એક વિરલ પ્રતિમા જોવા મળી હતી. કોટેશ્વરના મુખ્ય દેવાલયના ઊંચા ઓટલાવાળા પ્રાંગણમાં કેટલીક નવી નાની દહેરીઓ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાંધેલી છે તેમાં પૂર્વ તરફની એક દહેરીમાં અંદર ભીંતમાં જડેલી પારેવા પથ્થરની આ મૂર્તિનું માપ આશરે ૩૫×૨૬×૧૦ સે. મી. છે. અદ્યાપિ અપ્રસિદ્ધ આ મનોહર શિલ્પનો પરિચય અહીં પ્રસ્તુત છે.

દીવાલમાં જડેલી હોવાથી દેવના મસ્તક પાછળની પ્રભાવલી સ્પષ્ટ જોઈ શકાતી નથી તેમજ આ પ્રતિમા પૂજામાં હોવાને કારણે ઘી-સિંદૂરનો લેપ કરેલ છે, જેના કારણે પ્રતિમાનાં પ્રાચીનતા અને સૌંદર્યને હાનિ પહોંચી છે. ચતુર્ભુજ ગણેશ ગદ્દિકા પર લલિતાસનમાં બિરાજમાન છે. મસ્તકે નાની ઘંટિકાઓની કીતનું આવરણ છે. મુખ વાસ્તવિક હાથી જેવું છે. લાંબા કાન, કર્ણાભરણ, ત્રિનેત્ર તથા પશુમુખ પરના ભયપ્રદ ભાવ વગેરે નોંધપાત્ર છે. સામાન્યપણે સૂંઢ ડાબી તરફ જતી હોય છે એને બદલે અસામાન્યપણે અહીં એ જમણી તરફ બતાવી છે. સૂંઢની શરૂઆતના મુખભાગ આગળ ચામડી પર પડેલી ત્રણ કરચલી અને દંતશૂળ વગેરે પણ ચહેરાના ભયપ્રેરક ભાવોમાં વધારો કરે છે. કોડીયુક્ત નવીન નેત્રો જડેલાં હોવાથી મૂળ આંખો અંગે જણાવવું અત્યારે અશક્ય છે. કંઠે ઘંટિકામાલા ધારણ કરેલી છે, જે ઈસુના ચોથા સૈકાના અંતભાગની શામળાજીની દ્વિભુજ ગણેશપ્રતિમાના આવા હારની યાદ આપે છે.[૪] ચતુર્ભુજ દેવના જમણા એક હાથમાં અંકુશ (?) કે દંત (?) ધારણ કરેલ છે. ચોથા હાથથી દેવ–દેવીને સ્તનાગ્રે સ્પર્શ આલિંગતતા દર્શાવેલ છે. ગણેશે અન્ય આગળ બતાવેલાં બાજુબંધ કડું અને છાતીબંધ ધારણ કરેલાં છે. મોટા ઉદર પર સર્પ–ઉદરબંધ શોભે છે, જ્યારે નાગયજ્ઞોપવીત અહીં દેખાતું નથી. ઉત્તરીય તરીકે પોતી પરિધાન કરેલી છે.

શક્તિ દેવના ડાબા ઉત્સંગમાં બેઠાં છે. એમનો ચોરસ ભરેલો ગાલવાળો ચહેરો. નીચેનો જાડો ઓષ્ઠ, ચિબૂકી, કાનનાં ગોળ મોટાં કુંડળ, આકર્ષક મોટા અંબોડાવાળી કેશરચના તથા મુખમંડળ પરના અજબ માર્દવવાળા કામોદ્દીપક ભાવ વગેરે નોંધપાત્ર છે. કંઠે ધારણ કરેલો પ્રાચીન લઢણનો સ્તનાગ્ર વચ્ચેથી સરકતો પદકયુકત હારનો છેડો નાભિ સુધી બતાવેલો છે. દેવીનો ડાબો હાથ કટચવલંબિત છે. જમણા હાથથી ગણેશનું દંતૂશળ પકડેલું હોઈ કામોત્સુકતા દર્શાવે છે. દેવીએ બાજુબંધ અને કંકણ જેવાં આભૂષણ ધારણ કરેલાં છે. ઉત્તરીય વસ્ત્રમાં ચુસ્ત સાડી પરિધાન કરેલી છે. દેવીની નીચે ગદ્દિકા પાસે એક ગણ-આકૃતિ દેખાય છે. જમણી તરફ પણ બે ગણ બતાવ્યા છે. આ આખાય શિલ્પમાં તંત્રની અસર વરતાર છે, પરંતુ આયુધો અસ્પષ્ટ હોઈ શક્તિ–ગણેશનું ચોક્કસ સ્વરૂપ જણાવવું મુશ્કેલ છે. સમગ્ર શિલ્પમાં ગુપ્તકલાનાં લક્ષણ દેખાય છે. આ પ્રતિમાને એની સમકાલીન કુંભારિયાની શક્તિ–ગણેશપ્રતિમા સાથે સરખાવી શકાય એમ છે.[૫] કુંભારિયા અને કોટેશ્વર એકબીજાની સમીપમાં હોવાનું પણ સૂચક છે. કુંભારિયાના શક્તિ-ગણેશનું સ્વરૂપ ઉચ્છિષ્ટ–ગણપતિનું છે. આ પ્રતિમા પણ બધી રીતે એને મળતી છે, જેથી કોટેશ્વરના શક્તિ–ગણેશનું સ્વરૂપ પણ ઉચ્છિષ્ટ–ગણપતિનું હોવા સંભવ છે.

ગણેશપ્રતિમાનું વાસ્તવિક પશુમુખ તેમજ દેવ-દેવીનાં અલંકરણો, સપ્રમાણ દેહયષ્ટિ તથા ગુપ્ત-કલાની અસર સૂચવતા આ શિલ્પને ઈસુના સાતમા સૈકામાં મૂકી શકાય.

## પાદટીપ


૧. રવિ હજરનીસ, 'શામળાજીની દ્વિભુજ ગણેશપ્રતિમા : 'સમયાંકન અને વિચારણા,' 'પથિક' જાન્યુ. ફેબ્રુ., ૮૪, પૃ. ૨૨–૨૩

૨. પ્રિયબાળા શાહ, 'હિન્દુમૂર્તિવિધાન,' ૧૯૭૪, પૃ. ૧૧ થી ૧૩


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. तत्र स्नात्वा सरस्वत्यां देवं पशुपतिं विभुम् ।
आनर्चुरर्हणैर्भक्त्या देवीं च नृपतेऽम्बिकाम् ॥ (ભા. ૧૦ ૩૪-૨)
શ્રીમદ્‌ભાગવતમાં જણાવ્યાનુસાર શ્રીકૃષ્ણ ગોપાલકોને લઈ અહીં અંબિકાવનની યાત્રાએ આવ્યા હતા. એમાં પ્રભુએ અંબિકાવનમાં જઈ, સરસ્વતીમાં સ્નાન કરી શંકર અને અંબિકાનું પૂજન કર્યું હોવાનો ઉલ્લેખ છે. (જુઓ કનૈયાલાલ દવે, અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા-૧૯૬૩, પૃ. ૧૦૮.)

૪. ઉમાકાન્ત શાહ, 'સ્કલ્પ્ચર્સ ફ્રોમ શામળાજી ઍન્ડ રોડા,' બુલેટિન ઑફ ધ બરોડા મ્યુઝિયમ ઍન્ડ પિકચર ગૅલેરી, બડોદા, ૧૯૬૦, પૃ. ૧૧૯ તથા રવિ હજરનીસ ઉપર્યુક્ત પૃ. ૨૩

૫. આર. ટી. પરીખ, 'યુનિક સ્કલ્પ્ચર ઑફ શક્તિ-ગણેશ ઑફ ઉચ્છિષ્ટ વેરાયટી ફ્રોમ કુંભારિયા,' જર્નલ ઑફ ધી ઓરિયન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વૉલ્યૂમ ૨૨, માર્ચ, ૧૯૭૩, નં. ૩, પૃ. ૩૭૫

---

## સંબંધો મહીં !

### (ગઝલ)

લાગણીના સંબંધો મહીં તણાતો જાઉં છું,
મિનારાના સંબંધો મહીં ચણાતો જાઉં છું.
અશ્રુઓ પાંપણ પર આવી ટપકી ગયાં
ને ખાલીખમ હૈયા મહીં જણાતો જાઉં છું.
જામની પ્યાલી લઈ હોઠે અટકી ગયા
ને પીનારાના સંબંધો મહીં હણાતો જાઉં છું.
ફૂલોના રસ પી પતંગિયાં છટકી ગયાં
ને ભ્રમરના સંબંધો મહીં વખણાતો જાઉં છું.
આકાશી તારલા થઈ બધે ચમકી ગયા
ને સિતારાનાં સંબંધો મહીં ગણાતો જાઉં છું.
વસંત-પાનખર થઈ અટકી ગયા
ને ખેતરના સંબંધ મહીં લણાતો જાઉં છું.
બસ બધે, 'દિલીપ' સંબંધ ભટકી ગયા
ને કિનારાના સંબંધ મહીં જણાતો જાઉં છું.

**દિલીપકુમાર મનજીભાઈ દેવાણી**

માધવપુર (ઘેડ)-૩૬૨૨૩૦

## પત્ર

### (ગઝલ)

પત્રની આરપાર તમને જોયાં હતાં
કે શબ્દરેખા પાર અમને મોહ્યાં હતાં.
અક્ષરો પી...પી...ને ચ્હેરો તરવાયો,
શબ્દમરોડ પાર અમને મોહ્યાં હતાં.
રંગ ગુલાબી ને...ટશરીલો ચ્હેરો,
વાંચતાં જ બસ શરમાતાં જોયાં હતાં.
આવું હું કલમ-હલેસે પત્ર-તરાપો હંકારી,
લઈ 'ઉપહાર' કુંકુમપગલે ઢેલિયે જોયાં હતાં,
લાવ, હું ખોલી દઉં ઘૂંઘટ ઝટપટ,
ત્યાં ચાંદની ચાંદની બની રેલાતાં જોયાં હતાં.

**હર્ષદ જોશી, 'ઉપહાર'**

વ્યાસવાસણા (તા. કપડવંજ-૩૮૭૫૩૦)

## જનોઈવઢ

શબ્દો જનોઈવઢ, ને અર્થો જનોઈવઢ,
સ્વાદો જનોઈવઢ ને સ્પર્શો જનોઈવઢ.
તોડયા કરે છે શુષ્કતાઓ કોઈ ડાળની,
હું લોહીઝાળ હોઉં તો જન્મો જનોઈવઢ.
તૂટી ગયેલ કાચની એ વારતા નથી,
કટકો થયેલ પ્રેમના પત્રો જનોઈવઢ.
ખીલા સમા પ્રસંગને ધરબ્યા છે કાળજે,
હું ભીંત છું નહિ ને તિરાડો જનોઈવઢ.
ઊંચા ચડયા છે શ્વાસ સમસ્યામાં તૂટતા,
ઘટનાનાં એમ કયાંક ચડાણો જનોઈવઢ.
ભાષા અને શહેર કે ટાવર કે બારીઓ
સ્મરણો/વિચાર/સ્વપ્ન/રહસ્યો જનોઈવઢ.

**ભરત યાજ્ઞિક**

જી-૪૭, ભાવના ટેનામેન્ટ્સ, વાસણા બેરેજ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭

For Private and Personal Use Only

# કોટાયના પ્રાચીન મંદિરના સમયાંકન વિશે પુનર્વિચારણા

શ્રી દિનકર મહેતા

કચ્છના મુખ્ય શહેર ભુજથી ઉત્તરે આશરે ૧૯ કિ. મી. દૂર કોટાય નામનું ગામડું આવેલું છે. આ સ્થળ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનું છે. હાલ જે ગામડું છે તેની ઉત્તરે મધ્યકાલીન કિલ્લાના અવશેષ છે, જેને અણુગોરગઢ કહે છે. આ ગઢ હાલમાં તો બિલકુલ ઉજ્જડ છે, પણ એના ગૌરવવંતા ઈતિહાસની સાક્ષીરૂપ એક પ્રાચીન મંદિર હજુ એની અસ્મિતા જાળવી રહ્યું છે.


૨૬ ઑકટોબર, ૧૮૭૪ થી એપ્રિલ ૧૮૭૫ દરમ્યાન 'આર્કિયોલોજિકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા'ના સર્વેયર શ્રી જેમ્સ બર્જેસે કચ્છની મુલાકાત લીધેલી. આ મુલાકાત દરમ્યાન એઓએ કચ્છનાં પ્રાચીન સ્થળોનું સર્વેક્ષણ કરેલું એનો એક અહેવાલ બહાર પાડેલો. આ અહેવાલમાં કોટાયનું વર્ણન એમણે કરેલું છે, જે મુજબ એમણે જ્યારે કોટાયની મુલાકાત લીધી ત્યારે ૧૦ મી સદીના પ્રારંભમાં બંધાયેલાં મંદિરોના અવશેષ એમણે જોયેલા. રા'લાખાએ બંધાવેલ સૂર્યમંદિર પણ જોયું.[1] રા'લાખાએ કેરામાં પણ મંદિર બંધાવેલું. એણે કેટલોક સમય પોતાની રાજધાની પણ અહીં રાખેલી. રા'લાખાએ બંધાવેલ સૂર્યમંદિર પશ્ચિમાભિમુખ છે. આ મંદિર આસપાસનાં મંદિરોના પણ કેટલાક ભગ્નાવશેષ એમણે જોયેલા. આ મંદિર એમની માન્યતા પ્રમાણે દસમી સદીના આરંભનું હોવું જોઈએ.[2]

જુદા જુદા વિદ્વાનોએ આ મંદિર સંબંધી જુદાં જુદાં વિધાન કરેલાં છે, જેથી કેટલીક દ્વિધા ઉત્પન્ન થાય છે. શ્રી બર્જેસે આ મંદિર પશ્ચિમાભિમુખ કહ્યું છે અને એને સૂર્યમંદિર તરીકે ઓળખ્યું છે.[3] જ્યારે સ્વ. ક. ફૂ. સોમપુરાએ કોટાય અને અણુગોરગઢ એમ અલગ અલગ જગ્યાએ આવેલાં મંદિરોની ચર્ચા કરી છે.[4] હકીકતે કોટાય ગામમાં કોઈ પ્રાચીન મંદિર જ નથી, નહોતાં. કોટાયની બાજુમાં આવેલ પ્રાચીન વસાહત અણુગોરગઢમાં જ બધાં પ્રાચીન મંદિર આવેલાં. લાખા ફુલાણીના નામે ચડેલ સૂર્યમંદિર પૂર્વાભિમુખ હતું એવું વિધાન એઓ બર્જેસનો આધાર લઈ કરે છે,[5] પરંતુ બર્જેસે આ મંદિર પશ્ચિમાભિમુખ છે એમ સ્પષ્ટ જણાવ્યું છે.[6] સ્થળતપાસ પોતે નહિ કરેલી તેથી કદાચ આમ થયું હશે. આ ભૂલનું પુનરાવર્તન 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' ભાગ-૪, સોલંકીકાલમાં પણ થયેલું છે, એટલું જ નહિ, એમાં વિગતદોષ પણ છે. એઓ જણાવે છે કે ત્યાં સૂર્યમંદિર હતું, હવે તો માત્ર ગર્ભગૃહવાળો ભાગ જળવાઈ રહ્યો છે.[7] હકીકતે એમ નથી, હજુ તો ગર્ભગૃહનું શિખર અને સભામંડપ બધું જ જેમનું તેમ જળવાઈ રહેલું છે.

આવી જ સંદિગ્ધતા મંદિરના મૂલનાયક અંગેની છે. હાલમાં આ મંદિરમાં કોઈ પ્રતિમા નથી. જેમ્સ બર્જેસે આ મંદિરની તસવીર આપી એને સૂર્યમંદિર કહ્યું છે, જ્યારે શ્રી ઢાંકીએ આ મંદિર, શિવમંદિર હોવાનું નોંધ્યું છે.[8] ખરેખર આ મંદિર કયા દેવનું છે એ નક્કી થવું જરૂરી છે. આ સંદર્ભે તજ્જ્ઞોએ આ મંદિરનો પુનઃ અભ્યાસ કરવો અનિવાર્ય છે.

જાતનિરીક્ષણ પરથી મને જણાયું છે કે આ મંદિર શિવમંદિર છે. કયા કારણથી બર્જેસે આ મંદિરને સૂર્યમંદિર કહ્યું એ સમજાતું નથી. સૌ-પ્રથમ તો મંદિર પૂર્વાભિમુખ નથી. ખાસ અપવાદ સિવાય સૂર્યમંદિર પૂર્વાભિમુખ જ હોય છે, જ્યારે આ મંદિર પશ્ચિમાભિમુખ છે. મંદિરની ઉત્તર તરફની દીવાલમાં શિવનિર્માલ્યના વહન માટે પરનાળ સ્પષ્ટ છે (તસવીર-૧). મંદિરના ભદ્રગવાક્ષોમાં શિવનાં જ સ્વરૂપ છે, પરંતુ કેટલાક વિદ્વાનો દેવાલયમાં સ્ત્રીસ્વરૂપોનું બહદ્ અંકન અને વિતાનમાં

તસવીર ૧



રાસમાલાનું લક્ષણ જોઈ આ મંદિર દેવીમંદિર એટલે કે પાર્વતીમંદિર હોવાનો મત પ્રગટ કરે છે. આ દેવાલય દેવીમંદિર હોય કે શિવમંદિર, પણ સૂર્યમંદિર તો નથી જ.

બીજો મુદ્દો આ મંદિરના સમયાંકન સંબંધી છે. શ્રી બર્જેસે આ મંદિરને ૧૦ મી સદીના પ્રારંભનું જણાવ્યું છે.[૯] આ મંદિરનો નિર્માણકાલ ૧૦ મી સદીનો આરંભ કહેવા માટે એઓ કોઈ નિશ્ચિત આધાર ટાંકતા નથી. સ્વ. સોમપુરાએ શિલ્પોના સામ્યનો આધાર લઈ એવું પ્રતિપાદિત કર્યું છે[૧૦] અને મોઢેરાનું સૂર્યમંદિર વિ. સં. ૧૦૮૩ (ઈ. સ. ૧૦૨૬-૨૭)નું હોવાનું એઓ જણાવે છે,[૧૧] એટલે કે આ મંદિર અગિયારમી સદીના પ્રારંભનું થયું ગણાય. આભિલેખિક પુરાવાના અભાવે ખરેખર સમયાંકન મુશ્કેલ છે, પણ શ્રી ઢાંકીએ મંદિરની રચનાશૈલીને લક્ષમાં લઈ મંદિરોનું સમયાંકન કરવા પ્રયત્ન કર્યા છે, જે વૈજ્ઞાનિક પદ્ધતિને અનુસરતા હોઈ પ્રતીતિજનક જણાય છે. એઓ આ મંદિરને 'મહાગુર્જર' શૈલીમાં મૂકે છે અને એનો સમય ઈ. સ. ૯૫૦ આસપાસ ગણે છે,[૧૨] એટલે કે ઈસ્વીસનની દસમી સદીનો મધ્યભાગ ગણાય. આ બાબતે હવે ત્રણ મત સ્પષ્ટ થાય છે: શ્રી બર્જેસના મત મુજબ ઈ. સ.ની દસમી સદીનો પ્રારંભ, સોમપુરાના મત મુજબ અગિયારમી સદીનો પ્રારંભ અને શ્રી ઢાંકીના મત મુજબ દસમી સદીનો મધ્યભાગ.

જ્યાં આભિલેખિક પુરાવો ઉપલબ્ધ ન હોય ત્યાં જે તે મંદિરના સમયાંકન માટેની ગૌણ બાબતોને બાદ કરતાં ઐતિહાસિક પાર્શ્વભૂ કે મંદિરની રચનાશૈલી મંદિરના સમયાંકન માટે વિચારણામાં લેવામાં આવે છે, પરંતુ એમાં મંદિરની આજુબાજુની સ્થિતિ કે પર્યાવરણ પણ ધ્યાનમાં લેવાવાં જોઈએ એમ હવે લાગે છે. પુરાતત્ત્વ ખાતાના એક સમયના વડા નિયામક શ્રી છો. મ. અત્રિએ સને ૧૯૮૧માં હરતું ફરતું પુરાતત્ત્વીય શિબિર યોજેલું, જેમાં ઘણાં મહત્ત્વનાં મંદિરોની મુલાકાત અને નિરીક્ષણ સામેલ કરવામાં આવેલાં. નિરીક્ષણ દરમ્યાન એક વાત ખાસ ધ્યાન ખેંચે તેવી જણાઈ છે. સૌરાષ્ટ્રમાં આવેલા બહુચર્ચિત ઉલૂખલો મોટા ભાગે મૈત્રકસમયનાં મંદિરો પાસે ખોડેલા જોવામાં આવ્યા. કોઈ કોઈ જગ્યાએ સૈંધવ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયનાં મંદિરો પાસે પણ શ્રી અત્રિએ જોયા. આ બાબતનો ઉલ્લેખ એઓએ ઉલૂખલ સંબંધી ચર્ચામાં પણ કર્યો છે.[૧૩] આશ્ચર્યની વાત એ છે કે આવો જ ઉલૂખલ, પણ કલાકૌશલ્યા સહેજ ઊતરતો, કોટાયના અત્ર ચર્ચિત મંદિરના પ્રાંગણમાં થોડે દૂર ખોડેલો છે. (તસવીર-૨). (અંકના મુખપૃષ્ઠ ઉપરનો નીચેનો બ્લૉક જુઓ : નીચે ઉલૂખલ દેખાય છે.) ખરેખર આ ઉલૂખલને અને મંદિરને કંઈ સંબંધ છે કે કેમ? આ મંદિરના મૂલ નાયક કે સમયાંકનમાં આ ઉલૂખલ કંઈ મદદરૂપ થઈ શકે એમ છે કે કેમ? આ મંદિર સૈંધવોનું સમકાલીન હોય તો એનો નિર્માણકાલ દસમી સદીના પ્રારંભથી પણ પહેલાંનો કહી શકાય. સૈંધવોએ પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ૮ મી સદીના મધ્યમાં સત્તા ગ્રહણ કરી હતી એની તામ્રપત્રો સાક્ષી પૂરે છે.[૧૪] આ સંદર્ભમાં આ મંદિરના સમયાંકન માટે પુનર્વિચારણા અપ્રસ્તુત નથી.*

* શ્રી કંચનપ્રસાદ છાયાએ આ દેવાલય પાર્વતીમંદિર હોવાનો મત મારી સાથેની ચર્ચા દરમ્યાન પ્રગટ કરેલો.

## પાદટીપ

૧. જેમ્સ બર્જેસ : 'એન્ટિક્વિટીઝ ઑફ કાઠિયાવાડ ઍન્ડ કચ્છ', ૧૯૭૧, પૃ. ૨૧૪
૨-૩ „ : —એજન—
૪-૫ સોમપુરા કાં. ફૂ. : 'પથિક', જુલાઈ-ઑગસ્ટ, ૧૯૭૪, પૃ. ૧૫૯
૬. જેમ્સ બર્જેસ : 'એન્ટિક્વિટીઝ ઑફ કાઠિયાવાડ ઍન્ડ કચ્છ', ૧૯૭૨, પૃ. ૨૧૪
૭. સોમપુરા કા. ફૂ. : 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ-૪, પૃ. ૪૬૧ (આ ગ્રંથની આ પ્રકરણની પાદટીપ ક્રમ ૨૨૪ પણ ભૂલભરેલી છે. બર્જેસે જે ફોટો આપ્યો છે તે એક જ મંદિર અસ્તિત્વમાં છે. એને સૂર્યમંદિર ગણો કે શિવમંદિર, તસવીરવાળું મંદિર હજુ પણ જેમનું તેમ છે.)
૮. ઢાંકી એમ. એ. : 'સ્ટડીઝ ઇન ઇન્ડિયન ટેમ્પલ આર્કિટેક્ચર' પેપર પ્રેઝન્ટેડ ઍટ એ સેમિનાર ઈન વારાણસી, ૧૯૬૭. પ્રકાશક અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા સ્ટડીઝ, ૧૯૭૫. ધી જીનિસીસ ઍન્ડ ડેવલપમેન્ટ ઑફ મારુ ગુર્જર ટેમ્પલ આર્કિટેક્ચર, પ્લેટ ૭૭
૯. જેમ્સ બર્જેસ : 'એન્ટિક્વિટી ઑફ કાઠિયાવાડ ઍન્ડ કચ્છ,' ૧૯૭૧, પૃ. ૨૧૪
૧૦. સોમપુરા. કા. ફૂ. : 'ગુ. રા. અને સાં. ઈ.' ગ્રંથ-૪, પૃ. ૫૧૩
૧૧. „ : —એજન— પૃ. ૪૬૬
૧૨. ઢાંકી એમ. એ. : 'સ્ટડીઝ ઈન ઈન્ડિયન ટેમ્પલ આર્કિટેક્ચર,' ૧૯૭૫, પૃ. ૧૫૨
૧૩. અત્રિ છો. મ. : 'પથિક' નવેમ્બર, ૮૩, પૃ. ૧૪
૧૪. આચાર્ય જી. વી. : 'હિસ્ટોરિકલ ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ ગુજરાત,' ભાગ-૩, ૧૯૪૨

ઠે. પુરાતત્ત્વવિદ કચેરી, કચ્છવર્તુળ, સ્ટેશન રોડ. ભૂજ-૩૭૦ ૦૦૧

For Private and Personal Use Only

# ઇતિહાસ-સંકલનમાં સિક્કાઓનું મૂલ્ય

શ્રી. ભાસ્કરરાય લા. માંકડ

કોઈ પણ દેશ કે પ્રદેશનો કડીબદ્ધ પ્રાચીન ઈતિહાસ આલેખવા માટે ઈતિહાસકારો ઉત્ખનન સ્થળતપાસ દ્વારા કે અન્યથા પ્રાપ્ત થયેલાં શિલ્પો સ્થાપત્યખંડો અભિલેખો સિક્કાઓ તથા અન્ય પુરાતત્ત્વીય અવશેષોની મદદ લે છે. લોકવાર્તાઓ તથા કર્ણોપકર્ણ સાંભળેલી માહિતી પણ આ કાર્યમાં મદદરૂપ બને છે.

ઉપર્યુક્ત સાધનો પૈકી અભિલેખો તથા સિક્કાઓને વધારે મહત્ત્વનાં તથા પ્રમાણભૂત સાધન ગણવાં જોઈએ, કારણ કે શિલ્પ સ્થાપત્ય કે અન્ય અવશેષો બહુધા અભિલેખયુક્ત હોતા નથી, જ્યારે સિક્કા બહુધા અભિલેખયુક્ત હોય છે. શિલ્પ સ્થાપત્ય આદિની શૈલી, પ્રકાર, ઉત્ખનનમાંથી કયા સ્તરે પ્રાપ્ત થયાં છે એ, તથા એ જ સ્તરમાંથી મળેલી અન્ય વસ્તુઓ સાથેની સરખામણીથી એનો સમય નક્કી કરવામાં આવતો હોઈ એમાં એકાદ સૈકાની ભૂલ થવા સંભવ રહે છે, જ્યારે સિક્કાઓ તથા અભિલેખો ઉપર તત્કાલીન રાજાનાં નામ ખિતાબો વંશાવળી અને સિક્કાઓ ઉપર રાજ્યારોહણ-વર્ષ, સિક્કો પાડયાની સાલ તથા ટંકશાળનું નામ કે ચિહ્ન પણ હોય છે તેથી એનો સમય ચોક્કસપણે નક્કી થઈ શકે છે.

સિક્કા ઈતિહાસસંકલનના મહત્ત્વના સાધન તરીકે માન્ય થયા છે અને થોડાક વંશો તથા કેટલાય રાજાઓનાં નામ એમના સિક્કા મળ્યા ન હોત તો ઈતિહાસને પાને અંકિત થયાં જ ન હોત. વળી, કેટલીક વાર સિક્કાઓની મદદથી માન્ય થયેલ કેટલીક હકીકતો, રાજાઓનાં રાજ્યારોહણ મૃત્યુ કે શાસનકાલના ઐતિહાસિક રીતે માન્ય થયેલા સમય પણ બદલવા મંડયા છે. રાજ્યના વિસ્તાર નક્કી કરવામાં, વિવિધ પ્રદેશો વચ્ચેના વેપારી સંબંધ જાણવામાં, યુદ્ધો અને રાષ્ટ્રવ્યાપી હોનારતોની જાણકારી મેળવવામાં પણ સિક્કા મદદરૂપ થયા છે.

કેટલીક વાર બે જુદાં જુદાં ઐતિહાસિક પુસ્તકોમાં એક જ રાજાના રાજ્યારોહણ કે મૃત્યુની જુદી જુદી તારીખો વાંચવા મળે છે. આવા કિસ્સામાં કવચિત્ સિક્કા ખરી હકીકતનું સમર્થન કરે છે.

ઉપર્યુક્ત બાબતોનાં કેટલાંક ઉદાહરણ રસપ્રદ નીવડશે.

પંજાબ સિંધ તથા વાયવ્ય સરહદતા પ્રાંતોમાંથી બેક્ટ્રિયન ગ્રીક રાજાઓના સંખ્યાબંધ સિક્કા પ્રાપ્ત થયા હતા, જેની મદદથી ત્રીસેક જેટલા નવા રાજાઓનાં નામ ઈતિહાસમાં ઉમેરાયાં છે.

ઈસ્વીસનની શરૂઆતના સૈકાઓમાં ભારતવર્ષમાં ગણરાજ્યો હતાં. આવાં ગણરાજ્યો પૈકી માલવ યૌધેય વગેરે ગણરાજ્યોના કેટલાક રાજાઓનાં નામ ઉમેરાયાં છે. યૌધેય વંશના એક રાવણ નામના રાજાનો સિક્કો ગઢવાલમાંથી મળ્યો છે. જેમના નામને છેડે 'મિત્ર' આવે છે તેવા પાંચાલ વંશના દસ-પંદર રાજાઓનાં નામ જોન એલને એમના સિક્કા ઉપરથી જ ઈતિહાસમાં અંકિત કર્યાં મુદ્રાવિદોને સુવિદિત છે. આ હકીકત પછી ઘણાં વર્ષે રામનગરમાંથી પાંચાલ વંશના બે નવા રાજાઓ "અનુમિત્ર" તથા "આયુમિત્ર"નાં પ્રાપ્ત થતાં બે નવાં નામ એ વંશમાં ઉમેરાયાં. એ પછી સમય જતાં આ વંશના વસ્તુસેન વંગપાલ દામગુપ્ત યશપાલ વગેરેના સિક્કા મળતાં આ વંશના રાજાઓનાં નામોને છેડે ફક્ત 'મિત્ર' જ આવે એવી માન્યતા ખોટી પડી. એ પછી પિલિભિત જિલ્લાના પૂરણપુરમાંથી શ્રી કે. ડી. બાજપાઈને આ વંશના શિવનંદી રાજાનો સિક્કો મળ્યો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા સૈકામાં ઈ ગયેલા કૌશામ્બીના રાજા ઈશ્વરસેનનું નામ પણ એના સિક્કા ઉપરથી જ પ્રકાશમાં આવ્યું છે. ચોથા પાંચમા સૈકામાં પંજાબ ઉપર રાજ્ય કરતા કીદારકુશાન રાજા શતમલ્લ તથા પદ્માવતીના પ્રખ્યાત નાગવંશના વૃષભ પ્રભાકર વગેરે રાજાઓ પણ સિક્કાઓની જ દેણગી છે.

ક્ષત્રપવંશનો પ્રથમ રાજા ભૂમક પણ સિક્કા વડે જ જાણીતો થયો છે. એ વંશના બીજા ઘણા રાજાઓ, જેવા કે સત્યદામા, સ્વામી રુદ્રસેન ૨ જો, સ્વામી સત્યસિંહ, દામજદશ્રી પહેલો વગેરે રાજાઓનાં નામ એમના અગર એમના પુત્રોના સિક્કાઓ ઉપરથી જ પ્રાપ્ત થયાં છે.

હવે સિક્કા રાજ્યવિસ્તારના આપણા જ્ઞાનમાં કેવી રીતે મદદ કરે છે એ જોઈએ. ત્રિપુરીમાંથી મળેલા શાતવાહનોના સિક્કા એવું સિદ્ધ કરે છે કે રાજ્યનો વિસ્તાર પૂર્વમાં ઇતિહાસમાં લખ્યા કરતાં ઘણો વધારે હતો. ત્રીજા સૈકામાં ત્રિપુરી ઉપર શાતવાહનોનું રાજ્ય હતું એમ આ સિક્કા દર્શાવે છે.

ગઢવાલ જિલ્લામાંથી યૌધેયોના સો ઉપરાંત સિક્કાઓનો સંગ્રહ મળ્યો છે. આ સંગ્રહ દર્શાવે છે કે ત્રીજી સદીમાં કુષાણોને પરાજય આપ્યા પછી યૌધેયો અત્રે સત્તા ભોગવતા હતા. આ પહેલાં યૌધેયોના સિક્કા દહેરાદૂન સહરાપુર રોહતક અને કાંગરા સુધી જ મળ્યા હતા.

ભૂતપૂર્વ હૈદરાબાદ રાજ્યના વિસ્તારમાંથી શકવંશી રાજાઓના સિક્કાઓનો સંગ્રહ મળ્યો છે. આ ઉપરથી શકોએ શાતવાહનો ઉપર ચડાઈ કર્યાનું અનુમાન થઈ શકે. આવા યુદ્ધનો સાહિત્યમાં અસ્પષ્ટ ઉલ્લેખ છે તેને આ સિક્કા પુષ્ટિ આપે છે.

હવે રાજાઓના રાજ્યકાલ વગેરેમાં સિક્કાઓએ કરેલા ફેરફારનાં થોડાં ઉદાહરણ જોઈએ. ક્ષત્રપવંશી રુદ્રસિંહ ૩ જાનો રાજ્યકાલ ઈ. સ. ૩૪૮ થી ૩૭૮ માનવામાં આવતો હતો, પરંતુ જૂનાગઢમાં ઉપરકોટમાંથી મળેલા સિક્કાઓ ઉપરની સાલ મુજબ આ રાજ્યકાલ ૩૯૨ સુધી લંબાવી શકાય છે.

ગુજરાતના સુલતાન અહમદશાહ ૧ લાની મૃત્યુની સાલ મિરાતે સિકંદરી તથા મિરાતે એહમદીમાં હિજરી ૮૪૫ દર્શાવી છે, પણ એનો હિજરી ૮૪૬ નો સિક્કો ઉપલબ્ધ છે.

ઘણા ઇતિહાસકારોના મત પ્રમાણે મહમૂદ બેગડો હિજરી ૮૬૩ માં ગાદીનશીન થયો, પરંતુ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં મહમૂદ બેગડાનો હિજરી ૮૬૨ નો સિક્કો છે તે આ માન્યતાને ખોટી ઠરાવે છે.

ગુજરાતનો સુલતાન મહમૂદશાહ ૩ જો મિરાતે સિકંદરી તથા મિરાતે એહમદી પ્રમાણે હિજરી ૯૪૩ માં ગાદીએ આવ્યો, પરંતુ ફરિસ્તામાં એના ગાદીનશીન થયાની સાલ ૯૪૪ આપી છે. આ સુલતાનના હિજરી ૯૪૩ ના સિક્કા ઉપલબ્ધ નથી, પરંતુ હિજરી ૯૪૪ ના છે તેથી ફરિસ્તાની હકીકતને થોડી પુષ્ટિ મળે છે. (૯૪૩ ના છેલ્લા મહિનાઓમાં ગાદીનશીન થઈ ૯૪૪ માં સિક્કા પાડવા શરૂ કર્યા હોય એ હકીકતને નકારી શકાય નહિ.) એવી જ રીતે અહમદશાહ ૩ જાનું મૃત્યુ ફરિસ્તા મુજબ હિજરી ૯૬૯ માં તથા મિરાતે સિકંદરી તથા મિરાતે એહમદી મુજબ ૯૬૮ માં થયું હતું.

આ સુલતાનનો હિજરી ૯૬૯ નો સિક્કો અપ્રાપ્ય હોઈ મિરાતે સિકંદરી તથા મિરાતે એહમદીની હકીકતને થોડું સમર્થન મળે છે. (હિજરી ૯૬૯ ની શરૂઆતમાં મૃત્યુ થયું હોય અને સિક્કા ન પાડ્યા હોય એમ બને.)

અહમદશાહે અહમદનગર કઈ સાલમાં સ્થાપ્યું એ વિશે ઇતિહાસકારો જુદાં જુદાં મન્તવ્ય ધરાવે છે. અહમદનગરની ટંકશાળમાંથી પડેલો આ સુલતાનનો હિજરી ૮૨૯ નો સિક્કો એટલું તો સ્પષ્ટ કરે જ છે કે એ ૮૨૯ પહેલાં સ્થાપ્યું હતું.

કેટલીક વખત સિક્કા કેટલીક ઐતિહાસિક ઘટનાઓનું પરોક્ષ રીતે સમર્થન કરે છે. ચંદ્રગુપ્ત ૨ જાના ચાંદીના દુષ્પ્રાપ સિક્કા ક્ષત્રપોના સિક્કાઓનું અનુકરણ કરે છે. સામાન્ય રીતે વિજયી રાજાઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાજિત રાજાના સિક્કાના પ્રકાર શરૂઆતમાં ચાલુ રાખતા હતા તેથી ચંદ્રગુપ્ત ૨ જાના સમયમાં ગુપ્તોએ ક્ષત્રપો ઉપર વિજય મેળવ્યાની હકીકતને પરોક્ષ સમર્થન મળે છે.

ક્ષત્રપ ઈશ્વરદત્ત મૂળ આભીરવંશનો હતો એવી એક માન્યતા પ્રવર્તે છે. એના શિક્કાઓ ઉપર પ્રવર્તમાન શકસંવતને બદલે રાજ્યારોહણનું વર્ષ શબ્દોમાં લખેલું હોય છે. આવી શૈલી આભીરોએ પણ અપનાવી હતી તેથી આ રાજા મૂળ આભીરવંશી હોવાની વાતને એના સિક્કા પરોક્ષ સમર્થન આપે છે.

આ પ્રમાણે ઇતિહાસને પાને કેટલાક નવા વંશો તથા રાજાઓનાં નામ ઉમેરોને, રાજાઓના રાજ્યકાલ લંબાવી-ટૂંકાવીને, એમની રાજ્યારોહણ કે મૃત્યુની સાલમાં ફેરફારો કરીને તથા સંપૂર્ણ રીતે સિદ્ધ ન થયેલી કેટલીક ઐતિહાસિક ઘટનાઓનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમર્થન કરીને પ્રાચીન તથા મધ્યકાલીન સિક્કાઓએ ઇતિહાસસંકલનમાં મળત્વનો ફાળો આપ્યો છે.

આ લેખની માહિતી મુખ્યત્વે નીચેની સંદર્ભસૂચિમાં બતાવેલાં પુસ્તકો ઉપરથી સંકલિત કરી છે :


૧. વિન્સેન્ટ સ્મિથ, કેટૅલોગ ઑફ કૉઈન્સ ઈન ઇન્ડિયન મ્યુઝિયમ, કલકત્તા,' વૉ. ૧
૨. રેપ્સન, 'કેટૅલોગ ઑફ કોઈન્સ ઑફ આંધ્રઝ, વેસ્ટર્ન ક્ષત્રપઝ, ત્રૈકૂટકઝ ઍન્ડ બોધી ડિનેસ્ટી ઈન ધ બ્રિટિશ મ્યુઝિયમ, બૉમ્બે,' લન્ડન
૩. જી. વી આચાર્ય, 'કેટૅલોગ ઑફ કોઈન્સ ઈન ધ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, બૉમ્બે,' (સુલતાન્સ ઑફ ગુજરાત)
૪. જે ઍલન, 'કેટૅલોગ ઑફ ધ ગુપ્ત ડિનેસ્ટી ઍન્ડ શશાંક કિંગ્ઝ ઑફ ગૌડ'
૫. પર્સી ગાર્ડનર, 'કોઈન્સ ઑફ ગ્રીક ઍન્ડ સીથિક કિંગ્ઝ ઑફ બૅક્ટ્રિયા ઍન્ડ ઇન્ડિયા ઈન બ્રિટિશ મ્યુઝિયમ'
૬. એચ. નેલ્સન રાઈટ, 'કેટૅલોગ ઑફ કોઈન્સ ઈન ધી ઇન્ડિયન મ્યુઝિયમ, કલકત્તા,' વૉ. ૨
૭. એમ. આર. મજમૂદાર, 'ક્રૉનૉલૉજી ઑફ ગુજરાત, હિસ્ટોરિકલ અને કલ્ચરલ (ફ્રૉમ અર્લિયેસ્ટ ટાઈમ્સ અપ-ટુ ૯૪૨ એ. ડી.')
૮. પી. એલ. ગુપ્તા, 'કોઈન્સ' ૯. 'જર્નલ્સ ઑફ ધ ન્યુમિસ્મેટિક સોસાયટી ઑફ ઇન્ડિયા.'


ઠે. ૧૧, હરિભક્તિ એક્સ્ટેન્શન, જૂના પાદરા રોડ, વડોદરા—૩૯૦૦૧૫

## ગઝલ

શ્વાસમાં અંધારનું ઝાકળ મળે;
સૂર્ય નામે એ પછી કાગળ મળે.
પાંસળીના શ્હેરનો ધબકાર છે;
ધૂળધોયા શ્વાસની અટકળ મળે.
સાંજના આકાશનો પર્યાય છું;
રેશમી સંબંધનાં વાદળ મળે.
એક દિશા સાવ નિર્જળ છે અને
લો તૃષાના પંખીઓ વિહ્વળ મળે.
આ સ્મરણની ટેકરીના ઢાળ પર
લાગણીમાં જીવવાનું સ્થળ મળે.

અજય પુરોહિત
૩૬, વિજયભુવન, ભાઠારોડ, દેસરા,
પો. બીલીમોરા-૩૯૬૩૨૧

## સાત ખોટની

ઘટનાઓ એક બે મળે છે સાત ખોટની,
એમાં સમસ્યા નીકળે છે સાત ખોટની.
એકાંતનો એકાદ ગ્લાસ સાંજમાં મળે,
એમાં ઉદાસીયે ભળે છે સાત ખોટની.
આ ઝાંઝવાં કંઈ રોશની આપી નથી શકયાં,
તરસો મરેલ ઝળહળે છે સાત ખોટની.
રેતીનો ગાળિયો લઈ દરિયો કહે મરું,
ને કોઈ નદી ટળવળે છે સાત ખોટની.
દરરોજ એક સ્વપ્નનું ભેદી મરણ થતું,
વિધવા નજર પાછી વળે છે સાત ખોટની.

હર્ષદેવ માધવ
સી/૨૪૭, ભાવના ટેનામેન્ટ્સ, વાસણા બેરેજ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુલતાન અહમદશાહ ૧ લો

**શ્રી. શંભુપ્રસાદ હ. દેસાઈ**

ગુજરાતના સૂબા રાસ્તીખાનને શિક્ષા કરવા 'મુઝફ્ફર'નો ઈલકાબ ધારણ કરી ઝફરખાન દિલ્હીથી પાટણ ઉપર ચડયો ત્યારે માર્ગમાં એને સમાચાર મળ્યા કે હિ. સ. ૭૯૩ના જિલહજ્જની ૧૯ મી તારીખે અર્થાત્ તા. ૧૮ મી નવેમ્બર, ૧૩૯૧ના રોજ એનો પુત્ર તાતારખાન એક 'ભાગ્યશાળી' પુત્રનો પિતા થયો છે. એણે એનું નામ અહમદખાન રાખ્યું.

**પિતામહનું ખૂન :**

અહમદશાહના પિતા તાતારખાનનો ઈ. સ. ૧૪૦૩માં એના પિતાએ ઘાત કર્યો ત્યારે એ માત્ર બાર વર્ષનો હતો એટલે કાંઈ પણ કરવા અશક્ત હતો. અહમદશાહ વયમાં આવ્યો ત્યારે પુત્રહત્યાથી સદૈવ ઉદાસ રહેતા મુઝફ્ફરે એને પોતાના અનુગામી તરીકે જાહેર કરી એને સુલતાન થવાને યોગ્ય કેળવણી આપવા માંડી, પરંતુ અહમદશાહના અંતઃકરણમાં એના પિતાના ઘાતનો બદલો લેવાના વિચાર દિન-પ્રતિદિન બલવત્તર થતા ગયા અને અંતે હિ. સ. ૮૧૩ના સફર માસના અંતિમ દિવસોમાં (ઈ. સ. ૧૪૧૦) એણે એને કેદ કરી, ઝેરનો પ્યાલો પિવરાવી, એના જીવનનો અંત આણી વૈરની તૃપ્તિ કરી.

**સુલતાન :**

અહમદશાહે સત્તા સ્વાધીન કરી, પરંતુ એણે છ માસ પછી હિ. સ. ૮૧૩ના રમજાન માસની ૧૪મી તારીખે એટલે ઈ. સ. ૧૪૧૧ના જાન્યુઆરી માસની ૧૦ મી તારીખે ગુજરાતનો તાજ સ્વશિરે પહેર્યો.

**બળવો :**

મુઝફ્ફરખાનને તાતારખાન સિવાય હોશંગ ફીરોઝ અને શેખ મલિક નામના પુત્રો પણ હતા એમ છતાં એણે તાતારખાનના પુત્ર અહમદશાહને યુવરાજ-પદે નિયુક્ત કરેલો તેથી એના કાકાઓ નારાજ હતા. અહમદશાહના ગાદીએ બેસવાની એઓ રાહ જોતા હતા. ફીરોઝનો પુત્ર મોહૂદ ઉર્ફે મોઈઉદ્દીન ઉર્ફે મુયુઅલ-દીને એના પિતાને કે પોતાને ગાદી મળવી જોઈએ એમ કહી હિસામુપમુલ્ક, મલેક અહમદ બીજા, હિસામ, મલેકશાહ, બદર ખત્રી, જીવણદાસ, પ્રયાગદાસ વગેરેને પોતા તરફ લઈ વડોદરાથી કૂચ કરી નડિયાદ આવ્યો ત્યાં સુલતાનના પક્ષના ભીખાજી, આદમ તથા અફઘાનને હરાવી આગળ વધ્યો, પણ એ પછી પાટણ ઉપર હલ્લો લઈ જવાના પ્રશ્ને એઓ અંદર અંદર લડયા અને જીવણદાસને મારી નાખ્યો. બીજા અમીરોએ અહમદશાહ પાસે હાજર થઈ એની માફી માગી. મોહૂદ ખંભાત નાસી ગયો અને પોતાના કાકા શેખ મલિક ઉર્ફે મસ્તીખાનની મદદ મેળવી મોરચો કર્યો, પણ સુલતાન એની સામો ચડતાં એઓ ભરૂચ ભાગી ગયા. સુલતાને ભરૂચ ઘેર્યું. મસ્તીખાનના સરદારો તથા સૈનિકો અહમદશાહને શરણ થયા અને પાછળથી મસ્તીખાને પણ માફી માગી. આમ ગાદીનશીન થયો તે જ વર્ષમાં એણે વિરોધીઓને નમાવી પોતાની શક્તિનો પરિચય આપ્યો.

**બીજો બળવો :**

મોહૂદ અને મસ્તીખાને ભરૂચથી પાછા આવી, તરત જ ઈડરના રાવ રણમલ સાથે મળી જઈ બળવો કર્યો, પણ સુલતાને એના કાકા હોશંગ ઉર્ફે ફતેહખાનને એની સામે લડવા મોકલ્યો. શત્રુઓ મોડાસામાં ભરાઈ ગયા તેથી સુલતાન પોતે ચડયો અને એમને શરણ થવા વિષ્ટિ મોકલી. એઓ સમજ્યા નહિ અને સુલતાનના વિષ્ટિકારોને કેદ કર્યા તેથી અહમદશાહે પ્રબળ આક્રમણ કર્યું. બળવાખોરો નાસી ગયા અને ઈડરના રાજાએ મોહૂદ ઉર્ફે મોઈઉદ્દીન, ફીરોઝ તથા મસ્તીખાનનો હાથી તેમ ઘોડા અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરંજામ સુલતાનને સોંપી દીધાં. મસ્તીખાન અને મોઈઉદ્દીન નાસીને નાગોર ગયા અને શમ્સખાન દંદાનીને ત્યાં રહ્યા. થોડા જ સમયમાં દંદાની તથા ચિત્તોડના રાણા વચ્ચે યુદ્ધ થયું તેમાં મોઈઉદ્દીન માર્યો ગયો.

**અમદાવાદ :**

પોતાના કાકાઓ તથા ભાઈઓનો ઉપદ્રવ હતો છતાં અહમદશાહે એ સમયમાં એના પ્રિય નગર આશાવળમાં પોતાની રાજધાની રાખવાનો નિર્ણય કરી ત્યાં ઈ. સ. ૧૪૧૧ માં એના ગુરુ સંત શેખ અહમદગંજ બક્ષની અનુમતિ મેળવી, આશાવળનો કિલ્લો બાંધવાનું વિચારી શેખ અહમદ ખટ્ટુ, શેખ અહમદ જુલ્લાં, શેખ અહમદ ગંજબક્ષ અને પોતે એમ ચાર અહમદોના હાથે ઈ. સ. ૧૪૧૧ માં પાયો નાખ્યો. આ કામ ઈ. સ. ૧૪૧૩ માં સંપૂર્ણ થયું અને એ સાથે ભદ્રનો કિલ્લો, જુમ્મા મસ્જિદ વગેરે બાંધી આશાવળ નગરનો વિસ્તાર અમદાવાદમાં ભેળવી દીધો.[૧]

**ત્રીજો વળવો :**

હિ. સ. ૮૧૬ (ઈ. સ. ૧૪૧૪)માં ગુજરાત પાટણનો તરફદાર અર્થાત્ પરગણાનો મહેસૂલી અધિકારી શેખ મલિક, અહમદ શેર મલિક તથા અફઘાનખાને માળવાના સુલતાન હોશંગને ગુજરાત ઉપર ચડાઈ કરી, અહમદશાહને હરાવી ગુજરાત સ્વાધીન કરવા સંદેશા મોકલ્યા. હોશંગને આવા વગદાર અમીરો અને અમલદારોની ખાત્રી મળતાં એણે ગુજરાત ઉપર કૂચ કરી. અહમદશાહે એના ભાઈ લતીફખાનને તથા નિઝામઉલમુલ્કને એક મોટા સૈન્ય સાથે એની સામે મોકલ્યા અને પોતે પણ ચાંપાનેરથી દસ કોસ દૂર પાંદરુ[૨] આગળ છાવણી નાખી ઈમાદુલમુલ્કને હોશંગ સામે મોકલ્યો. હોશંગ પાછો વળી ગયો અને એના જોડીદારોએ જૂનાગઢના રા'નો આશ્રય શોધ્યો.

**ગિરનાર ઉપર :**

અહમદશાહને ગિરનારનો પર્વતીય કિલ્લો જોવાની ઘણી ઝંખના થઈ હતી. કોઈ પણ રાજાએ મુસલમાન સલ્તનતનું ધૂંસરું ધારણ કરવાને પોતાની ડોક નીચી નમાવી ન હતી તેથી શેખ મલિકને આશ્રય આપનાર સોરઠના રાજાના પ્રદેશ ઉપર ચડાઈ કરવાનું એને વાજબી કારણ મળ્યું. વળી મુઝફ્ફરે મૂકેલાં થાણાં ઉઠાડી મૂકી સ્વતંત્રતા ધારણ કરેલી એ અક્ષમ્ય ગુનાઓની શિક્ષા કરવા એણે સોરઠ પ્રતિ દૃષ્ટિ કરી.[૩]

**પાટડી :**

સોરઠ ઉપર જતાં પહેલાં અહમદશાહને પાટડીના ઝાલા રાજાની સત્તા ઉખેડી નાખવાનું યોગ્ય જણાતાં પ્રથમ પાટડી ઉપર ચડાઈ કરી. ત્યાંનો રાજા કૃષ્ણદેવ ઝાલા[૪] અહમદશાહ સામે ટકી શક્યો નહિ અને પાટડી ખાલી કરી, કૂવામાં રાજધાની કરી. અહમદશાહે કૂવા પણ ઘેર્યું અને કૃષ્ણદેવે ત્યાંથી વંથળી આવી રા' મેલિગદેવનો આશ્રય શોધ્યો.

**વંથળીનો ઘેરો :**

ઈ. સ. ૧૪૧૩-૧૪ માં અહમદશાહે વંથળી ઉપર એક સુસજ્જ સૈન્ય મોકલ્યું. વંથળી પાસે રા'ના સૈન્યે એનું વીરોચિત સ્વાગત કર્યું અને યુવરાજ જયસિંહે ગુજરાતના સૈન્યને સજ્જડ પરાજય આપ્યો તેમજ એની છાવણી લૂંટી લીધી.[૫]

આવા નામોશી-ભરેલા પરાજયથી અહમદશાહ ક્રોધે ભરાયો અને પોતે ઈ. સ. ૧૪૧૪ માં ચડ્યો. આ યુદ્ધમાં રા' મેલિગદેવનો સ્પષ્ટ પરાજય થયો. રા'એ નજરાણું ધરી અહમદશાહનું આધિપત્ય સ્વીકાર્યું તેથી એ અબુલખેર તથા સૈયદ કાસમ નામના સરદારોને ખંડણી વસૂલ કરવા વંથળીમાં રાખી અમદાવાદ પાછો વળી ગયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સિદ્ધપુર :**

હિ. સ. ૮૧૮ (ઈ. સ. ૧૪૧૫) માં અહમદશાહે સિદ્ધપુરનું રુદ્રમાળનું પ્રસિદ્ધ મંદિર તોડી, એમાં સોના રૂપાની મૂર્તિઓ હતી તે તોડી ખજાનામાં મોકલી દીધી. મિરાતે સિકંદરી આ પ્રસંગનું ૩૮ કાવ્ય-પંક્તિમાં વર્ણન કરતાં કહે છે કે "આ મકાન કાફરોનું પૂજ્ય સ્થાન હતું, એમાં અપવિત્ર મૂર્તિઓ હતી, જેમાં રાત દિવસ જનોઈ પહેરનારાઓ (બ્રાહ્મણો) પૂજા કર્યા કરતા. એ કાફરોનું પ્રસિદ્ધ અને પવિત્ર સ્થાન હતું. ત્યાં પાષાણોમાં સુંદર પ્રતિમાઓ કોતરી હતી અને રંગી હતી, ત્યાં કપૂર અને ચંદનનો લેપ કરેલી મૂર્તિઓ સોનાથી મઢી હતી. એની ફરશ આરસપહાણની હતી. ત્યાં કપૂર અને અગરની દીવીઓ બળતી રહેતી અને એના ગોખલાઓમાં સોનું મઢેલું હતું. ત્યાં રૂપાની એવી મૂર્તિઓ હતી કે જાણે હમણાં એના લાલ ઓષ્ઠો ઉઘાડી વાત કરશે. એના ગાલ ઉપર ચંદનનો લેપ હતો અને એના મુખ ઉપર જાણે કે પુષ્પોની પાંદડીઓ ચોડી હતી."

આવી મૂર્તિઓ તોડી અને મંદિરનું મસ્જિદમાં પરિવર્તન કર્યું, અને ઈસ્લામી રીતરસમો જારી કરી. જ્યાં પૂજારી બેસતા ત્યાં ઈમામ ખતીબ અને મુઅઝ્ઝેન (બાંગી) બેઠા.

**રાજપૂત રાજાઓનું ઐક્ય :**

આ પ્રસંગથી હિંદુ રાજાઓ ઉશ્કેરાયા અને ઈડરના રાવ પૂંજા અને ચાંપાનેર નાંદોદ અને ઝાલાવાડ(ઝાલરાપાડણ)ના રાજાઓએ ઐક્ય સાધી અહમદશાહનો વિરોધ કરવા વિચાર્યું. એઓએ માળવાના સુલતાન હોશંગની મદદ માગી. હોશંગે એની સેના લઈ, મોડાસા આવી ત્યાં છાવણી નાખી. અહમદશાહ ત્યારે નંદરબાર હતો અને ચોમાસું બેસી ગયું હતું છતાં દમોદમ કૂચ કરી મોડાસા આવી પહોંચ્યો. હોશંગને આ સમાચાર મળતાં એ જ રાતમાં મુકામ ઉપાડી નાસી ગયો અને રાજાઓનાં સૈન્ય પણ વેરવિખેર થઈ ગયાં.

**સોરઠ–માળવા :**

આ ચડાઈથી વ્યાપેલી અવ્યવસ્થાનો લાભ લઈ સોરઠના રા' જયસિંહ તથા બીજા રાજાઓએ સુલતાનના અધિકારની અવગણના કરી એના થાણાં ઉઠાડી મૂકયાં છે એવા સમાચાર મળ્યા અને એ સાથે એવી પણ ખબર મળી કે અસીતરના હાકેમ નસીરે હોશંગની મદદ મેળવી થાણેશ્વરને ઘેરો ઘાલ્યો છે અને આગળ વધવા તૈયાર થયો છે. અહમદશાહે ખાને અઝમ મહમૂદને સોરઠ ઉપર અને મલિક મહમૂદને નાદોલ મોકલી બળવાખોરોને શિક્ષા કરી, નસીરને માફી આપી, પણ એના મનમાં હોશંગને કાયમને માટે ચૂપ કરી દેવા આવતા વિચારોને ઈ. સ. ૧૪૧૮ માં સાકાર કરી એના દેશ ઉપર ચડાઈ કરી અને ઉજ્જૈનના મેદાનમાં એને હરાવ્યો.

એ પછી ચાંપાનેરના ત્ર્યંબકદાસ રાવળ ઉપર ચડાઈ કરી એનો પ્રદેશ લૂંટ્યો.

**સંખેડાનો નાશ :**

આ સમયે સંખેડા એક ધનાઢ્ય નગર ગણાતું. પોતાની જ હકૂમતના પ્રદેશો કે નગરો લૂંટવા માટે સુલતાનને કોઈ બહાનાની જરૂર ન હતી. મિરાતે સિકંદરી આ ચડાઈનું પદ્યમાં વર્ણન કરતાં કહે છે કે "શાહ ચાંપાનેરથી સંખેડાના કિલ્લા તરફ રવાના થયો, કારણ કે આ નેષ્ટ સ્થાનમાં નેષ્ટ રીતરિવાજો પાળતા લોકો રહેતા હતા અને દીનદાર લોકોને મિટાવી દેવા માગતા હતા. સંપૂર્ણ ઘેરો ઘાલવામાં આવ્યો. સંખેડા પડ્યું અને પાયદળ તથા હયદળે ત્રાસ અને જબરજસ્તીથી લૂંટ કરી અને જે માલ મળ્યો તે પ્રત્યેક સિપાઈ ઉપાડીને લઈ આવ્યો તેમાં અપાર સોનું રૂપું મોતી વગેરે હમાલ જેમ ખભે કોથળા ઉપાડે તેમ ઉપાડી લઈ ગયા. એ પ્રમાણે બેશુમાર ઢોર પણ લઈ ગયા. અનેક સુંદરીઓને નગ્ન અવસ્થા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંદ લૂટના માલ તરીકે પોતાને ઘેર લઈ ગયા. એ જ પ્રમાણે હૃષ્ટપુષ્ટ ગુલામો તરીકે તથા સ્વર્ગની હોય તેવી સ્ત્રીઓને ગુલામડીઓ તરીકે લઈ જવામાં આવી, વગેરે.

હિ. સ. ૮૨૨ માં (ઈ. સ. ૧૪૨૦) માં અહમદશાહે આમ સંખેડાનો પ્રદેશ તારાજ કરી ત્યાં માંકણી ગામે કિલ્લાનો પાયો નાખ્યો તથા મસ્જિદ બંધાવી, ઈસ્લામનાં પ્રચાર અને શિક્ષણ માટે કાઝીઓ તથા ખતીબોની નિમણૂક કરી.

**ફરી માળવા ઉપર :**

ત્યાંથી અહમદશાહ હોશંગને શિક્ષા કરવા માળવા ઉપર ચડ્યો, પણ એલચીઓએ આવી માફી માગતાં પાછો વળી ગયો, પરંતુ એને ચાંપાનેરના હિંદુ રાજાએ બોલાવેલો તેથી એનો પ્રદેશ વેરાન કર્યો.

ત્યાર પછી મિરાતે સિકંદરી નોંધે છે તેમ એ પછી હિ. સ. ૮૨૩ માં પોતાના રાજ્યમાં વ્યવસ્થા કરી અને જ્યાં કોઈએ માથું ઊંચક્યું ત્યાં એને પાયમાલ કર્યા, મૂર્તિધામો પાડી નાખ્યાં અને એના સ્થળે મસ્જિદો બનાવી કિલ્લાઓના પાયા નાખ્યા અને "સ્થળે સ્થળે થાણાં બેસાડ્યાં."

હિ. સ. ૮૨૪ (ઈ. સ. ૧૪૨૨) માં એ ફરીથી માળવા ઉપર ચડ્યો. હોશંગ ત્યારે ઓરિસ્સાના જાજનગર ગયેલો તેથી લોકો શરણ થયા, પણ મંડુ પડ્યું નહિ. ઉજ્જૈન થઈ, ત્યાં ચોમાસું પસાર કરી સારંગપુરનો કિલ્લો ઘેર્યો. ત્યાં હોશંગના મંત્રીઓએ આવી માફી માગતાં અહમદશાહ પાછો વળી ગયો, પણ હોશંગે પાછળ પડી દગો કરી હુમલો કર્યો તેમાં પણ હોશંગ હાર્યો અંતે લૂંટનો પુષ્કળ માલ તથા હાથીઓ વગેરે લઈ, અહમદશાહ વિજયી થઈ પાછો ફર્યો.

**ઈડર ઉપર ચડાઈ :**

પોતાની સામે થયેલા રાજાઓને પરાજિત કરી એમના પ્રદેશોને તારાજ કરવામાં અહમદશાહ સફળ થયો હતો, પરંતુ ઈડરનો રાવ પૂંજો વારંવાર ઉપદ્રવ કરતો તેથી ઈ. સ. ૧૪૨૬ માં ઈડર ઉપર ચડાઈ કરી અહમદશાહે એનો પ્રદેશ ઉજ્જડ કર્યો અને ઈડર પાસે અહમદનગર નામે એક શહેર વસાવી થાણું મૂક્યું. રાવ પૂંજો એમ છતાં લડતો રહ્યો. અંતે ઈ. સ. ૧૪૨૮ માં યુદ્ધમાં એનો ઘોડો ભડકતાં, એના ઉપરથી ખાઈમાં પડી જતાં એ માર્યો ગયો.

**નાંદોદ ઉપર :**

આ પછી અહમદશાહ ઈ. સ. ૧૪૩૨ માં પાવાગઢ ઉપર ચડ્યો. ત્યાંનો પ્રદેશ વેરાન કરી નાંદોદ ગયો અને ત્યાં એ ગામ ઉજ્જડ કર્યું, અને એમ કરી એની સામા થનારા રાજાઓને શિક્ષા કરી.

**રાજસ્થાન ઉપર :**

અહમદશાહને રાજપુતાના ઉપર ચડી જવા બહુ ઇચ્છા હતી તેથી વળતે વર્ષે અમદાવાદથી સિદ્ધપુર ગયો. ત્યાંનાં મંદિર તોડી, માર્ગમાં આવતાં ગામડાં ઉજ્જડ કરી, મૂર્તિપૂજકોને દેહાંત દંડ આપી આગળ વધતાં રાજસ્થાનમાં ઊતર્યો અને ત્યાં ડુંગરપુર લૂંટી અને કોટાના રાજા પાસેથી ખંડણી લઈ, ચિત્તોડનું સાર્વભૌમત્વ સ્વીકારતા ભીલો અને કોળીઓના પ્રદેશ ઉજ્જડ કરી અમદાવાદમાં આવ્યો.

**થાણા માહિમ ઉપર :**

આ પહેલાં ઈ. સ. ૧૪૩૧ માં ગુજરાતના સુલતાનનું આધિપત્ય સ્વીકારતો માહિમનો રાજા ગુજરી જતાં ગુલબર્ગના બહ્મની સુલતાને માહિમ કબજે કર્યું તેથી અહમદશાહે એક બળવાન સૈન્ય માહિમ લેવા મોકલ્યું તે સાથે દીવના કોટવાલ મુખબિલઉલમુલ્કે વેરાવળ ઘોઘા વગેરે બંદરોનાં વહાણ કબજે કરી, એમાં સૈનિકોને ચડાવી ગુજરાતના સૈન્યને સહાય કરવા થાણા રવાના કર્યું. બંને પક્ષો વચ્ચે ત્રણ વાર ખૂનખાર લડાઈ થઈ અને ગુજરાતની ફત્તેહ થતાં લૂંટમાં પુષ્કળ કિંમતી માલ-સામાન મેળવી ગુજરાતનું સૈન્ય પાછું ફર્યું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પછી દસ વર્ષ પર્યંત એણે નાની મોટી ચડાઈઓ અને લડાઈઓ કર્યા કરી, પરંતુ એ કોઈ નોંધપાત્ર નથી.

**મૃત્યુ :**

હિ. સ. ૮૪૫ (ઈ. સ. ૧૪૩૪)માં અહમદશાહ ગુજરી ગયો અને અમદાવાદમાં માણેકચોકમાં એનો હજીરો છે ત્યાં એના મૃત દેહને દફન કરવામાં આવ્યો.

વીસ વર્ષની વયે ઈ. સ. ૧૪૧૧ માં ગાદીએ બેસી ૩૨ વર્ષ, ૬ માસ અને ૨૨ દિવસ (હિંદી વર્ષ પ્રમાણે) એણે રાજ્ય કર્યું. મૃત્યુ સમયે એનું વય ૫૨ વર્ષ, ૬ માસ હતું.

**રાજનીતિ :**

ગુજરાતના મહાન શાસકોમાં અહમદશાહ કદાચ અગ્રસ્થાને છે. એણે વૃદ્ધ પિતામહના વારસામાં સમૃદ્ધ અને શક્તિશાળી ન કહેવાય તેવું રાજ્ય મેળવી, એનાં વિસ્તાર અને સત્તા વધારી માળવા કોંકણ રાજસ્થાન સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાત ઉપર વિજયો મેળવ્યા. અહમદશાહ દુરંદેશી અને હિંમતવાન સુલતાન હતો, પરંતુ રાજપૂત કુળમાં એના પૂર્વજો જન્મેલા છતાં એણે એના પિતામહની મૂર્તિખંડનની પ્રવૃત્તિને વેગીલી બનાવી ગુજરાત સૌરાષ્ટ્રનાં કલાના અપ્રતિમ નમૂના જેવાં અનેક મંદિર ખંડિત કર્યાં. રાજ્યતંત્ર સ્વાધીન કર્યા પછી ત્રણ વર્ષમાં જ એણે આ પ્રવૃત્તિને પદ્ધતિસરની કરવા અને વિકસાવવા મલેક તુહફાનને તાજુલમુલ્કનો ખિતાબ આપી માત્ર મૂર્તિભંજન અને મંદિરખંડન તેમ ધર્માંતર કરવાનું કાર્ય સોંપ્યું અને એ એણે નિષ્ઠાપૂર્વક બજાવ્યું. ફરિશ્તા એની પ્રશંસા કરતાં કહે છે કે એણે હિંદુ પાસેથી ખરાજ અને જમિયો જબરજસ્તીથી વસૂલ કર્યાં અને કેટલાયે હિંદુઓને ઈસ્લામ સ્વીકારવા ફરજ પાડી. હિંદુ રાજાઓ અને જાગીરદારોને એમની પુત્રીઓ પોતાને પરણાવવા માટે ત્રાસ આપ્યો અને કેટલાયને એમની મરજી વિરુદ્ધ ઈસ્લામની દીક્ષા લેવા ફરજ પાડવામાં આવી. અહમદશાહે એના મૂર્તિભંજનના કાર્ય માટેના ઉત્સાહ અને આવેશમાં સિદ્ધપુર સોમનાથ ગિરનાર આદિ સ્થળોમાં કલાના અપ્રતિમ નમૂના જેવાં મંદિરોને નષ્ટ કર્યાં, એટલું જ નહિ, પણ અમદાવાદ આબાદ કરતી વખતે ગુજરાતનાં ઐતિહાસિક અને અનુપમ શિલ્પોવાળાં સમૃદ્ધ મંદિરો અને મકાનો પાડી, એના પથ્થર અમદાવાદ લાવી ત્યાંની ઈમારતોમાં વાપર્યા.

કોઈ શાસક પોતાની જ હકૂમતનાં ગામ ઉજ્જડ કરે, પ્રદેશ વેરાન કરે અને લૂંટે એ ન માની શકાય તેવી વાત છે, પણ એની પાછળ પણ આ પ્રકારની તીવ્ર લાલસા પડી હશે. આવાં કૃત્યોથી આવા મહાન સુલતાને એની કારકિર્દીને ઝાંખપ લગાડી છે.

**હિંદુ રાજાઓ :**

સુલતાને એનો વિરોધ કરતા રાજાઓનું બળ તોડી નાખ્યું અને એમને નમાવ્યા તેમજ એ સાથે ગુજરાતના સોલંકી અને વાઘેલા રાજાઓના સમયથી નાનાં નાનાં અનેક રાજ્ય હતાં તે બધાં અહમદશાહે ખાલસા કર્યાં અને જ્યારે એઓ બહારવટે નીકળ્યા અને તોબા પોકરાવી દીધી ત્યારે સુલતાને સમાધાન કરી એમનાં ગામોના ત્રણ ભાગ ખાલસા વહીવટમાં લઈ એક ભાગનો વાંટો એમને નોકરી કરવાની શરતે આપ્યો. આ પદ્ધતિથી જમીનદરોનું જોર તૂટી ગયું.

**સુધારા :**

સુલતાને એના સૈનિકોને જે પગાર મળતો તેનો અર્ધો કરી નાખ્યો અને અર્ધાના બદલામાં જમીનો આપી. સૈનિકો મુસ્લિમો હતા. એમને જમીન મળતાં એઓ કાયમી રીતે બંધનમાં આવી ગયા અને સેવા છોડી ચાલ્યા જવાના કે મેદાનમાંથી નાસી જઈ શત્રુને મળી જવાના કિસ્સા બંધ થઈ ગયા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહેસૂલ વસૂલ કરતા અને નાણાકીય જવાબદારી સંભાળતા અધિકારીઓ ઉપર અંકુશ મૂકવા એણે એકબીજાથી વિરુદ્ધ પક્ષના હોય તેવા સંયુક્ત અધિકારી નીમ્યા. એણે રાજ્યતંત્રમાં નાનામોટા ઘણા સુધારા કર્યા હશે તેની વિસ્તૃત ચર્ચા આવશ્યક નથી.

**કવિ :**

અહમદશાહ કવિ હતો અથવા એને કવિતાનો શોખ હતો. એણે લખેલાં કાવ્ય ઉપલબ્ધ નથી, પરંતુ મિરાતે સિકંદરીએ અહમદશાહે સૈયદ બુરહાન અલદીનની પ્રશંસામાં લખેલી એક બેત આપી છે :

કુતબે ઝમાને મા બુરહાન બસ અસ્ત મારા
બુરહાન ઉ હંમેશાં ચું નામશ આશકારા.

**ન્યાય :**

સુલતાન ન્યાય આપવા માટે બહુ જાગ્રત હતો. એની કેટલીક વાતો કહેવાય છે તે અનુસાર ખૂનના ગુના બદલ પોતાના જમાઈને એણે દેહાંત દંડ આપેલો અને એક ગામડાના પટેલે અનાજના વેપારીને મારી, એની લાશ કોઠીમાં નાખી નદીમાં નાખી દીધેલી એની તપાસ કરી ગુનેગારને ફાંસીએ ચડાવેલો.

અહમદશાહ ઈસ્લામના નિયમ બરાબર પાળતો. નમાજ કે રોજા ચૂકતો નહિ તથા શેખ ફરીદગંજ શકરના પૌત્ર શેખ રુકનુદ્દીનનો એ શિષ્ય હતો. શેખ અહમદ ગંજબક્ષ ઉપર પણ એને પૂરતી શ્રદ્ધા હતી. શેખ અહમદ ખટ્ટુ અને શેખ બુરહાનુદ્દીનને પણ ગુરુપદે માનતો.

એનું અંગત જીવન બહુ સાદું હતું. પોતાના પિતામહનો ઘાત કરેલો એ માટે એ વારંવાર પશ્ચાત્તાપ કરી ખુદાની ક્ષમા માગતો અને તેથી જ એના મૃત્યુ પછી એને "ખુદાયગાને મતાફૂર" તરીકે (અર્થાત્ 'ખુદાની ક્ષમા મેળવેલો') સંબોધવામાં આવ્યો છે.

**સંદર્ભ :**

૧. મિરાતે સિકંદરી–ફારસી, ડૉ. મિસ્રસ
૨. હિસ્ટરી ઑફ ગુજરાત, પ્રો. કૉમીશેરિયત
૩. તારીખે ફરિશ્તા, બ્રીગ્સ
૪. મિરાતે એહમદી, નવાબઅલી
૫. ગુજરાત, બેઈલ
૬. માંડલિક કાવ્ય, ગંગાધર
૭. સૌરાષ્ટ્રનો ઈતિહાસ, શં. હ. દેશાઈ
૮. રાસમાળા, ફૉર્બ્સ

**પાદટીપ**

૧. વિગતો માટે જુઓ મારો લેખ 'આશાવલ–કર્ણાવતી–અમદાવાદ,' અખંડાનંદ માસિક તથા ઈતિહાસ-દર્શન, ભા. ૨.

૨. આ ગામનાં નામ જુદી જુદી પ્રતોમાં જુદાં જુદાં છે.

૩. મિરાતે એહમદી–રાસમાળા–સૌરાષ્ટ્રનો ઈતિહાસ

૪. મિરાતે સિકંદરી છત્રસાલ ઝાલા નામ આપે છે, માંડલિક કાવ્ય કૃષ્ણદેવ કહે છે. છત્રસાલ સંભવતઃ ઝાલરાપાટણનો હતો.

૫. મિરાતો આ યુદ્ધનો ઉલ્લેખ કરતી નથી (સૌરાષ્ટ્રનો ઈતિહાસ). માંડલિક કાવ્ય સ્પષ્ટ કહે છે કે આ યુદ્ધમાં અહમદશાહની સેના વેરવિખેર થઈ ગઈ હતી.

૬. 'ફારસી શબ્દો" બસી નાઝનીયામ દાગુદાબર છે. એક પ્રતમાં "તાઉસ પર" (મોરનાં પીછાં જેમ) શબ્દ છે. 'દાગુદાબર'ના ઘણા અર્થ થાય તેમાં એક 'સંપૂર્ણ નગ્ન' થાય છે.

ઠે. ઓજસ્, સરદારચોક, ટાઉનહૉલ સામે, જૂનાગઢ–૩૬૨ ૦૦૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઓગણીસમી સદીના પ્રારંભે સૌરાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ અને વોકર–કરાર

ડૉ. એસ. વી. જાની

ભારતવર્ષના વિવિધ પ્રદેશોમાં સૌરાષ્ટ્ર એક સમૃદ્ધ સભ્ય અને રસાળ પ્રદેશ તરીકે પુરાતન કાલથી પ્રસિદ્ધિને પામેલો છે. જગતના દેશો માટે તો એ જાણે કે કસોટીનો પથ્થર બની ગયો.[1] પ્રાચીન કાલમાં સમૃદ્ધ અને પ્રસિદ્ધ એવા સૌરાષ્ટ્રમાં અઢારમી સદી અને ઓગણીસમી સદીના આરંભમાં રાજકીય સ્થિતિ ભારે ગૂંચવાડાવાળી, વ્યવસ્થાતંત્ર વગરની અને રાજકીય કુસંપો, લડાઈ તેમજ અરાજકતા-વાળી હતી, આમ ત્યાં રાજકીય એકતાનો અભાવ હતો.[2]

અઢારમી સદી દરમ્યાન અને ઓગણીસમી સદીના પ્રારંભે સૌરાષ્ટ્રમાં રાજકીય દૃષ્ટિએ "મારે તેની તલવાર"ની સ્થિતિ પ્રવર્તતી હતી. શક્તિશાળી નબળાને દબાવી એનું રાજ્ય કે સંપત્તિ ઝૂંટવી લેતો હતો. ભૂમિયા (રાજાઓ) રૈયત (ખેડૂતો) પાસેથી મન ફાવે તે રીતે કરની વસૂલાત કરતા હતા. સર્વત્ર અવિશ્વાસનું વાતાવરણ ફેલાયેલું હતું.[3] સૌરાષ્ટ્રમાં રાજા અને પ્રજા તથા રાજા-રાજાઓ વચ્ચે પણ એકતા ન હતી. બાહ્ય આક્રમણ સામે એકસંપ થવાને બદલે એઓ એકેક થઈને લડચા અને પોતાના જ પાડોશીની બાહ્ય આક્રમક સામેની હારને પોતાના હરીફની શક્તિ ઘટી છે એમ માની વધાવી લેતા હતા એમનું આ રાજકીય ગેરડહાપણ એમના માટે આત્મઘાતક નીવડશે એવો ખ્યાલ પણ એમને ન હતો, તેથી "ઘર ફૂટચે ઘર જાય." જેવી રાજકીય પરિસ્થિતિ હતી. આવી સ્થિતિમાં અઢારમી સદીમાં પ્રથમ મુઘલોએ અને પછીથી મરાઠાઓએ સૌરાષ્ટ્રમાંથી ખંડણી ઉઘરાવવા માટે કાયમી લશ્કર રાખવાને બદલે દર વર્ષે લશ્કર સાથે સવારી કરવાની પદ્ધતિ અપનાવી હતી. એ પદ્ધતિ "મુલ્કગીરી" નામથી ઓળખાતી હતી.

મરાઠાઓની મુલ્કગીરીની આવી પ્રથમ ચડાઈ સૌરાષ્ટ્રમાં પિલાજી ગાયકવાડ અને કંથાજી કદમના નેતૃત્વ હેઠળ ૧૭૨૧ માં થઈ હતી અને ૧૮૦૭ સુધી એવી ચડાઈઓ ચાલુ રહી હતી. ખંડણી ઉઘરાવનાર મરાઠા સરદારોમાં શિવરામ ગારદી અને બાબાજી આપાજીનાં નામ મોખરે હતાં. એમણે ખંડણીની રકમમાં ઘણો વધારો કર્યો હતો એઓ ધાકધમકી અને બળના જોરે ખંડણી ઉઘરાવતા હતા.[4] સૌરાષ્ટ્રનાં રાજ્ય મરાઠા સેના સામે સંગઠિત થઈને લડચાં નહિ. તેથી એનાં શક્તિ અને પ્રભાવ પણ નબળાં પડતાં ગયાં અને પરિણામે જોરદાર મરાઠા હુમલાઓ સામે એકલે હાથે સામનો કરનારનું તો અસ્તિત્વ જ લોપાઈ જતું. સૌરાષ્ટ્રના આ તાલુકદારો ખંડણીની રકમ પ્રજા પાસેથી બળજબરીથી ઉઘરાવતા અને પરિણામે પ્રજા માટે તો "નાણાં આપો અથવા વિનાશ નોતરો" સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો.

આમ અઢારમી સદીમાં સૌરાષ્ટ્રનો પ્રદેશ મુસ્લિમો તથા મરાઠાઓની ચડાઈઓ, સૌરાષ્ટ્રના રાજવીઓનાં પારસ્પરિક કુસંપ અને લડાઈઓ તથા સ્થાનિક રાજવીઓની રાજ્યવિસ્તારી સત્તા વધારવાની લાલસાને પરિણામે નિર્ધન નિસ્તેજ અને નિર્જળ થઈ ગયો હતો. ઓગણીસમી સદીના પ્રારંભે પણ એની સ્થિતિ એવી જ હતી. એ અંગે ૧૮૦૮ માં કર્નલ વૉકરે લખેલું કે "કાઠિયાવાડ એક કાળે કોઈને પણ અદેખાઈ આવે તેવી સુધરેલી અને આબાદ હાલતમાં હતો. હાલ એ મહાન જંગલી અને વેરાન હાલતમાં આવી પડચો છે.[5]...એ ચોર લૂંટારા લોકોનું રહેઠાણ થઈ પડચો છે અને...રાજ્યમાં કાયદો કે વ્યવસ્થાનું નામનિશાન નથી.'[6]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ ઓગણીસમી સદીની ઉષા પ્રગટતાં જ કાઠિયાવાડ અને ગુજરાતમાં શાંતિરૂપી ઉષાનાં કિરણ પ્રગટ થઈ રહ્યાં હતાં....ઈ. સ. ૧૮૦૦ માં અમદાવાદ અને કાઠિયાવાડના પ્રદેશોની પેશવાની ખંડણી ઉઘરાવવાનો ઇજારો બ્રિટિશ ગૅરન્ટી હેઠળ ગાયકવાડને આપ્યો હતો તે ૧૮૧૮ સુધી ચાલુ રહ્યો હતો. આ બાબત આ વિસ્તારની પ્રજાની પ્રગતિ અને સમૃદ્ધિ માટે લાભદાય પુરવાર થઈ.[૭] એવામાં ૧૮૨૦ માં વસઈના કરાર થતાં બ્રિટિશ સત્તા ગુજરાતમાં સર્વોપરિ બની[૮] તેથી હવે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો પગપેસારો સૌરાષ્ટ્રમાં ગાયકવાડના સાથી મિત્ર તરીકે થયો. એ પહેલાં પણ જોકે ૧૭૬૦ માં તળાજાની લડાઈ વખતે કમ્પનીએ સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો હતો, પરંતુ ૧૮૦૨ ના વસઈના કરાર પછી પેશવાના પ્રદેશો ઉપર પોતાની હકૂમત બેસાડી કમ્પનીએ સૌરાષ્ટ્રની બાબતોમાં વિધિસર હસ્તક્ષેપ કર્યો[૯] અને સૌરાષ્ટ્રમાં નવા યુગનો ઉદય થયો.

બ્રિટિશ ઇસ્ટ ઇંડિયા કમ્પનીની વિશાળ સત્તા સામે તો પેશવા અને ગાયકવાડ પણ, ૧૯ મી સદીની શરૂઆતમાં, બહુ અસરકારક રહ્યા ન હતા. એવા સમયે સૌરાષ્ટ્રના કેટલાક નાના તાલુકદારો કે જેઓ ભાવનગર જામનગર કે જૂનાગઢ જેવા મોટા તાલુકદારોનાં અન્યાયી અને સામ્રાજ્યવાદી કાર્યોથી ત્રાસી ગયા હતા તેમણે કમ્પનીને એમને આ ત્રાસમાંથી મુક્ત કરવા અને એમને કમ્પનીનું રક્ષણ આપવા વિનંતી કરતા પત્ર લખ્યા હતા. આવો સૌ-પ્રથમ પત્ર ચીતળ જેતપુર મેંદરડા અને કુંડલાના કાઠીઓએ ૧૯ ડિસેમ્બર, ૧૮૦૩ ના રોજ વડોદરામાં રહેતા બ્રિટિશ રેસિડન્ટ કર્નલ વૉકરને લખ્યો હતો. આમ કાઠિયાવાડમાં અંગ્રેજોને સૌ-પ્રથમ નિમંત્રણ આપનાર કાઠી પ્રજા હતી. આ પત્રમાં એમણે જણાવેલું કે "ભાવનગરના રાજા રાવળ વખતસિંહે ચીતળનો તાલુકો હલ્લો કરી ઉજ્જડ અને પાયમાલ કીધો છે. એ તાલુકાની પાછી વ્યવસ્થા કરી, ચીતળમાં કમ્પનીનું નિશાન ચડાવી એનું રક્ષણ કરવું જોઈએ. મેંદરડા અને જેતપુરનાં પરગણાંઓમાં જૂનાગઢવાળા અને જામના લોકો આવી જુલમ કરે છે અને અસલ દસ્તૂર ઉપરાંત નવી નવી રીતો દાખલ કરે છે...નગર જ્યારથી વસ્યું ત્યારથી તે ગયા બે વર્ષ સુધીમાં ચીતળ ઉપર વાર્ષિક હક્ક માત્ર ઘોડાવેરાની ૫૦૦૦ કોરી (૨૦૦૦ રૂ.) હતા તે ભાવનગરવાળા જોડે લડાઈમાં અમે હાર્યા ત્યારથી જામે રૂ. ૧૨૦૦૦ માગવા માંડયા છે...એ બંધ કરી આગળનો દસ્તૂર ચલાવવો જોઈએ. આજ દિન સુધી પ્રથમ કોઈ વાર જેતપુર પરગણા ઉપર જામે જરા પણ હરકત કરી ન હતી, પણ હાલ એણે મસાલ-ખરચની કોરી ૫૦૦ (રૂ, ૨૦૦) લીધી છે." આમ ભાવનગર જામનગર અને જૂનાગઢ રાજ્યોએ એમના ઉપર ગુજારેલા અન્યાયની વિગતો દર્શાવી અંતે એમણે જણાવેલું કે "વાજબી કારણ સિવાય કોઈને અમારી ઇજ્જત તથા અમારા હક્ક ઉપર હાથ નાખવા ન દેવો, એ ઉમેદથી અમે અંગ્રેજ સરકારની મદદ માગવાને લલચાણા છીએ."[૧૦]

કાઠીઓ ઉપરાંત જોડિયાના તાલુકદાર ભાઈઓ સગરામ ભવાન અને પ્રાગજી ભવાને પણ ૩૦ ડિસે., ૧૮૦૩ ના રોજ વૉકરને પત્ર લખી જામનગરના જામ જસાજી(૧૭૬૮–૧૮૧૪)ના ત્રાસમાંથી છોડાવવા વિનંતી કરી હતી. એની જેમ જ મોરબીના તાલુકદાર જાડેજા જીવાજી(૧૭૯૦–૧૮૨૮)એ પણ ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીના સૌરાષ્ટ્રમાં મોકલવામાં આવેલા દૂત મૌલવી મહમદઅલી મારફત કર્નલ વૉકર પાસે જામ જસાજી વિરુદ્ધ મદદ માગી હતી. આમ ૧૮૦૩ માં ચીતળ જેતપુર મેંદરડા કુંડલા વગેરેના કાઠી તાલુકદારોએ, જોડિયાના ખવાસ ભાઈઓએ તથા મોરબીના જીવાજીએ કમ્પનીની મદદની માગણી કરી હતી, તો ૧૮૦૭ માં ધ્રોલના જાડેજા ભૂપતસીંગે (વૉકર ઉપરના એમના ૨૬ મે, ૧૮૦૭ ના પત્રાનુસાર); ખિરસરાના જાડેજા હઠીજીએ (૧–૬–૧૮૦૭ ના વૉકરના ઉપરના પત્રાનુસાર), સરધારના જાડેજા વીરાજીએ (૨૩–૫–૧૮૦૭ ના વૉકરના પત્રાનુસાર) કમ્પનીની મદદ માગી હતી. ધ્રોળના ભૂપતસીંગે ઉપર્યુક્ત પત્રમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખેલું કે "અમારાં પરગણાંઓની તમામ પેદાશ જામ ઉઠાવી ગયા છે એ બાબતનો ચુકાદો, સાહેબ, ફક્ત આપની મહેરબાની-ભરેલી મદદથી જ થાશે." તો ખિરસરાના ઠકોરજીએ જણાવેલું કે "જામના જુલમથી અમારી સ્થિતિ હાલ ઘણી જ અફસોસ કરવા યોગ્ય છે. એણે અમારા તાબાના જીવાપુર ગામ ઉપર હલ્લો કરી ઉજ્જડ કર્યું તેથી અમારા આ સઘળા ગામની વસ્તી ભાગી ગઈ છે." લાઠીના સૂરસિંહજીએ લખેલું કે "લાઠી અને એના તાબાની જગ્યાઓ ઉપર કાઠી અને રાજપૂત લોકોનો ઘણો જુલમ છે."[૧૧]

આમ સૌરાષ્ટ્રમાં પેશવા અને ગાયકવાડની વારંવાર ખંડણી ઉઘરાવવા માટેની ચડાઈઓથી ત્રાસેલા તથા ભાવનગર જામનગર અને જૂનાગઢ જેવાં સૌરાષ્ટ્રનાં મોટાં રાજ્યોથી ભયભીત બનેલા કેટલાક નબળા રાજવીઓએ આ અન્યાયી ત્રાસદાયક પરિસ્થિતિમાંથી પોતાને ઉગારી લેવા માટે તથા એમને કમ્પનીનું રક્ષણ આપવા માટે ૧૮૦૩ માં વૉકરને વિનંતી કરી હતી. કર્નલ વૉકરે આ અંગે આવેલા બધા પત્ર મુંબઈના ગવર્નરને મોકલી આ બાબત એમનું માર્ગદર્શન માગ્યું હતું. એના જવાબમાં મુંબઈ સરકારના સેક્રેટરી જે. એ. ગ્રાન્ટે ૨૨ ફેબ્રુઆરી, ૧૮૦૪ ના પત્રમાં વૉકરને જણાવેલું કે "કાઠિયાવાડના આ તાલુકદારો અંગ્રેજી રાજ્યના અમલ હેઠળ દાખલ થવાને પોતાની મેળે અરજ કરે એ ગમે તેટલું બ્રિટિશ પ્રજાની આબરૂને માનભરેલું હોય અથવા બીજી બાબતોમાં મનગમતું હોય." તોપણ એનાં બધાં પાસાં તપાસી જવા સૂચવ્યું હતું, છતાં એવું જરૂર લખેલું કે બ્રિટિશ સરકારને કોઈ અડચણ વિના મુલક મળતો હોય તો એ મેળવવા ખુશી દર્શાવી હતી. ઉપરાંત સૌરાષ્ટ્રના મધ્યભાગમાં આવેલી કોઈ સુરક્ષિત અને જ્યાં રહી ચારે તરફ સત્તા ચલાવી શકાય તેવી કોઈ જગ્યા મેળવવાની ઇચ્છા પણ દર્શાવી હતી. વળી એમને સૌરાષ્ટ્રના સમુદ્રકાંઠે એક અંદર મેળવી ચાંચિયાઓને તાબે કરવાની ઇચ્છા પણ હતી. આમ "થોભો અને રાહ જુઓ" અને "સૌ-પ્રથમ સલામતી" સિદ્ધાંત અનુસાર કમ્પની આગળ વધી રહી હતી તેથી થોડો વિલંબ કર્યા પછી, પરંતુ બધી બાબતોનો સંપૂર્ણ અભ્યાસ કરી સૌરાષ્ટ્રમાં ગાયકવાડના લશ્કરને ખંડણી ઉઘરાવવાના કાર્યમાં મદદ કરવાના હેતુથી બ્રિટિશ સેનાને સૌરાષ્ટ્રમાં મોકલવા મુંબઈ સરકારે પરવાનગી આપી હતી. આ કાર્યને તો વળી એમની વડી સરકારે પણ મંજૂરી આપી હતી જ. ઉપરાંત ગાયકવાડની સેના સાથે અંગ્રેજ અધિકારીઓ હોય તો ખંડણીની બળજબરીથી થતી વસૂલાતની પ્રવૃત્તિ અંગે પણ સુધારા સૂચવી શકાય એમ મુંબઈ સરકાર માનતી હતી.

આમ સૌરાષ્ટ્રમાં અંગ્રેજોના પ્રવેશ માટે મુખ્ય બે કારણ હતાં: (૧) સૌરાષ્ટ્રના નાના તાલુકદારોએ સ્થાનિક મોટા તાલુકદારો તરફથી થતા અન્યાય અને ત્રાસમાંથી બચવા માટે કરેલી બ્રિટિશ રક્ષણની વિનંતીને સ્વીકારવા માટે તથા (૨) ગાયકવાડ અંગ્રેજોના મિત્ર હતા તેથી પોતાના મિત્રને સૌરાષ્ટ્રમાં ખંડણી ઉઘરાવવાના કાર્યમાં મદદ કરવા માટે એમણે સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો હતો. બ્રિટિશ સેનાએ ગાયકવાડની સેના સાથે રહીને ગુજરાતમાં શાંતિ સ્થાપવામાં મદદ કરી હતી, પરંતુ દર વર્ષે જ્યારે મરાઠાઓને સૌરાષ્ટ્રમાં ખંડણી ચૂકવવામાં આનાકાની કરાતી હતી અને એની સેનાનો સક્રિય સામનો પણ થતો હતો ત્યારે અંગ્રેજોને લાગ્યું કે એવા કોઈ ઉપાયની જરૂરિયાત હતી કે જેનાથી ખંડણી નિયમિત રીતે ભરાય અને રક્તપાત અટકાવી શકાય. ઉપરાંત ભાવનગર જામનગર અને જૂનાગઢ જેવા મોટા તાલુકદારોના જુલમ સામે રક્ષણ આપવા જેતપુર ચીતળ મેંદરડા કુંડલા જોડિયા મોરબી વગેરેના નાના તાલુકદારોએ વિનંતીપત્ર મોકલ્યા હતા. આ બંને દૃષ્ટિકોણોને ધ્યાનમાં રાખીને એવું નક્કી કરાયું હતું કે વડોદરાના બ્રિટિશ રેસિડન્ટ કર્નલ ઍલેક્ઝાંડર વૉકર બ્રિટિશ સેના લઈને ગાયકવાડની બાબાજી આપાજીના નેતૃત્વ હેઠળ ૧૮૦૭ માં કાઠિયાવાડમાં જનારી મરાઠી સેના સાથે જાય. સૌરાષ્ટ્રના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક રાજ્યે કેટલી ખંડણી આપવી એ નક્કી કરવાની તથા સૌરાષ્ટના અરજદાર તાલુકદારને કેટલી મદદ કરવી એની સત્તા વૉકરને આપવામાં આવી હતી.

અંગ્રેજોના સૌરાષ્ટ્રમાં પ્રવેશ કરવા માટેનાં ઉપર્યુક્ત બે કારણો ઉપરાંત પણ બીજાં કેટલાંક કારણ હતાં; જેમકે ૧૮૦૩ માં પોરબંદરના રાણા સરતાનજી ૨ જા(૧૭૫૭-૧૮૦૪)એ ઈરાનના દૂતની સંપત્તિ લૂંટી લીધી હતી. પોરબંદર જેવડું એક નાનું રાજ્ય ઈરાન જેવા મોટા રાજ્યના દૂતની સંપત્તિ ઝૂંટવી લે એ એક પ્રકારનું લૂંટનું કૃત્ય જ ગણાય. કોઈ પણ પરદેશી દૂતને રક્ષણ મળે એ જરૂરી હતું તેથી ભવિષ્યમાં આવું ન બને એ માટેનાં પગલાં લેવાં જરૂરી હતાં અને પોરબંદરને યોગ્ય બોધપાઠ આપવાથી એમ કરી શકાય. ઉપરાંત જૂનાગઢ-રાજ્યના નવાબે બ્રિટિશ સરકારની માલિકીનો ઘઉંનો જથ્થો લૂંટયો હતો તથા એક મુંબઈવાસીની મૂલ્યવાન સંપત્તિ ઝૂંટવી લીધી હતી. જૂનાગઢનાં આ બંને કાર્ય બ્રિટિશ સરકારની સત્તા માટે પડકાર સમાન હતાં. એ સમય સુધી જૂનાગઢ તરફથી એ અંગે કોઈ વળતર મેળવવાનું અસંભવ બન્યું હતું[૧૩] તેથી જૂનાગઢ અને પોરબંદર રાજ્યોને યોગ્ય પદાર્થપાઠ આપવાનું જરૂરી બન્યું હતું. આમ અનેક કારણોને લીધે અંગ્રેજોએ સૌરાષ્ટ્રમાં દરમ્યાનગીરી કરી હતી.

કર્નલ વૉકરે સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો ત્યારે મરાઠા આક્રમણોના પરિણામસ્વરૂપ આ પ્રદેશ અત્યંત ઉજ્જડ અને વેરાન જેવી સ્થિતિમાં હતો. મોટા ભાગના પ્રદેશના લોક સતત હુમલાના ભય હેઠળ જીવતા હતા. માત્ર કંડોરણાથી રાજકોટ વચ્ચે જ ૩૦ શહેર કે ગામડાં ઉજ્જડ હતાં. જે ગામ ઉજ્જડ ન હતાં તે ગામ ઈજારે અપાયા હતાં અને એ ગામના લોક ઈજારેદારોના શોષણના શિકાર બનેલા હતા. ટૂંકમાં, ચારે બાજુ અંધાધુંધી અને અવ્યવસ્થા પ્રવર્તતી હતી. સંપૂર્ણ પ્રદેશમાં બેશુમાર ધાડ અને લૂંટ થતી હતી.[૧૪]

કર્નલ વૉકરે ૧૮૦૭ માં સૌરાષ્ટ્રના તાલુકદારોને મોરબી પાસે આવેલા ઘૂંટુ મુકામે મળવા માટેનું નિમંત્રણ આપતો પત્ર લખેલો તેમાં એણે પારસ્પરિક સમજૂતીથી ખંડણી નક્કી કરવાના હેતુ અને ફાયદા દર્શાવતાં જણાવેલું કે "માંહોમાંહેના ટંટાફિસાદ હંમેશ દેશને નુકસાન પહોંચાડે છે. એ ઉપરાંત આવા સારા પ્રાંતમાં દર વર્ષે મુલકગીરી ઉઘરાવવા જે ફોજ આવે છે તે હુમલા કરી લૂંટફાટ કરે છે તેથી ખેડૂતની મહેનત નકામી જાય છે. ખેતી અને વસ્તી જે રાજા અને રાજ્યના સુખનું મૂળ છે તે આનાથી ઘટે છે." એમાં એમ પણ જણાવવામાં આવેલું કે "તાલુકદારો પાસેથી ઉઘરાવાતી ખંડણીની રકમ એમણે આનાકાની કર્યા વિના આપવી જોઈએ અને એ માટે સેના મોકલવાની જરૂર ન પડવી જોઈએ. એમ કરવામાં આવે તો એનાથી ખૂબ જ ફાયદો થશે એ સ્પષ્ટ છે. મને તો એ બાબત આશ્ચર્ય થાય છે કે સૌરાષ્ટ્રના તાલુકદારોએ આવા ફાયદાવાળી વ્યવસ્થા આજ સુધી કેમ અમલમાં ન મુકી. આ વ્યવસ્થા સ્વીકારશે તો એમનો પ્રદેશ લશ્કરના આવવાથી થતા ત્રાસમાંથી મુક્ત થશે. ઉપરાંત લશ્કરના આગમનથી જે લોકો ઉપર એઓ રાજ્ય કરે છે તેમનાં સુખ અને વૈભવને તથા એમની પોતાની પ્રતિષ્ઠા તથા સ્વતંત્રતાને નુકસાન થાય છે.'[૧૫]

વડોદરાના ગાયકવાડે પણ ૧૮૦૭ માં આવી ગોઠવણ કરવા માટે પોતાનું તથા કમ્પનીનું લશ્કર ઘૂંટુ તરફ રવાના કર્યાની જાણ કરતા પત્ર સૌરાષ્ટ્રના તાલુકદારોને લખ્યા હતા તથા એમાં દરેક તાલુકદારને પોતાના વકીલને ત્યાં મોકલવા જણાવેલું. વૉકરના ઉપર્યુક્ત પત્રનો જવાબ આપતાં ભાવનગર રાજ્યના તાલુકદાર વખતસિંહજીએ જણાવેલું કે (૧૮-૫-૧૮૦૭ ના પત્રમાં) "મોરબી તાલુકામાં ઘૂંટુ મુકામે ગાયકવાડ અને બ્રિટિશ ફોજ મુકામ કરશે... એ જાણી અમને ઘણો આનંદ થાય છે, કેમકે કમ્પની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરકાર આખી દુનિયાના કલ્યાણને ચાહે છે અને એમના રાજ્યની આબાદી માટે લોકો આશીર્વાદ દે છે."૧૬

વડોદરાના ગાયકવાડ તરફથી વિઠ્ઠલરાવ દેવાજી લશ્કર સાથે સૌરાષ્ટ્રમાં આવ્યો. એની સાથે વડોદરાનો રેસિડેન્ટ કર્નલ વૉકર પણ હતો. રક્તપાત નિવારી શકાય અને ખંડણી નિયમિત રીતે મળતી રહે એ માટે એ બંનેએ સૌરાષ્ટ્રના રાજાઓને પત્ર લખી મોરબી રાજ્યના ઘૂંટુ નામના સ્થાને બોલાવ્યા હતા. સુદીર્ઘ વિચારણાને અંતે ૧૫ મે, ૧૮૦૮ ના રોજ સૌરાષ્ટ્રના કુલ ૧૫૩ તાલુકદારો સાથે ખંડણી (જમાબંધી) અંગેના કરાર થવા. આ કરારનો સંપુટ "વૉકર સેટલમેન્ટ" તરીકે ઓળખાય છે. આ કરારોથી સૌરાષ્ટ્રમાંથી મુલ્કગીરીપદ્ધતિ નાબૂદ કરવામાં આવી છે.[૧૮]

આ સેટલમેન્ટ(સમાધાન)નાં બે પાસાં હતાં : રાજકીય અને નાણાકીય. રાજકીય દૃષ્ટિએ સૌરાષ્ટ્રમાં યુદ્ધો થતાં રોકાય અને શાંતિ સ્થાપવા તથા નાણાકીય દષ્ટિએ ખંડણી દર વર્ષે વિના અવરોધ નિયમિત રીતે મળતી રહે એ માટે આમાં જોગવાઈ કરવામાં આવી હતી તેથી આ સેટલમેન્ટ અનુસાર કરારમાં જોડાનાર દરેક રાજવીને બે દસ્તાવેજ ઉપર સહી કરવાની હતી : એક રાજકીય બાબતો અંગેનો અને બીજો નાણાકીય બાબતો અંગેનો હતો. રાજકીય બાબતો અંગેના દસ્તાવેજનું નામ "ફેલ જામીન બૉન્ડ" હતું. આ દસ્તાવેજમાં સહી કરનાર રાજવીએ બ્રિટિશ સરકાર, પેશવા અને ગાયકવાડના પ્રદેશોના રક્ષણની તથા શાંતિ જાળવવાની બાંહેધરી આપવાની હતી.[૧૯] આ કરારમાં વેપારીઓ અને પ્રવાસીઓને પોતાના પ્રદેશમાં રક્ષણ આપવાનું પણ રાજવીએ સ્વીકારવાનું હતું. વળી આ કરારના પાલનની ખાત્રી માટેના જામીન પણ સહી કરનાર રાજવીએ આપવાના હતા. એ જામીન પણ એના પાડોશી રાજ્યના રાજવીના જ હોવા જોઈએ એવું નક્કી કરવામાં આવ્યું હતું. આમ દરેક રાજવીએ સહી કરીને આ પ્રદેશની શાંતિ માટેની ખાત્રી આપી તથા એના પાડોશી રાજા પણ શાંતિનું પાલન કરશે એવી બાંહેધરી આપી. આમ આ કરારથી સૌરાષ્ટ્રના રાજવીઓને પારસ્પરિક જવાબદારીની સાંકળમાં ગૂંથી લેવામાં આવ્યા. એ રીતે આ રાજકીય દસ્તાવેજથી સૌરાષ્ટ્રમાં શાંતિ સ્થાપવાનો પ્રયત્ન કરવામા આવ્યો હતો.

બીજો એટલે કે નાણાકીય દસ્તાવેજ ખંડણી અંગેનો હતો. એમાં સહી કરનાર રાજવીએ સ્વીકારેલું કે ૧૮૦૭ માં નક્કી કરવામાં આવેલી ખંડણી એ અને એના વંશવારસ દર વર્ષે વડોદરા રાજ્યને આપશે. એ ભરવાની ખાત્રી માટે એણે પોતાના તરફથી જામીન પણ આપવાના હતા. આ બે દસ્તાવેજોમાં સહી કરનાર રાજવીએ પણ પોતાના પક્ષે પ્રતિ-સલામતીની માગણી કરી હતી તેથી ગાયકવાડે પોતાના તરફથી એક બાંહેધરીખત આવા દરેક રાજવીને આપ્યું હતું, જેમાં ગાયકવાડ સરકારે ખાત્રી આપેલી કે નક્કી થયેલી ખંડણીની રકમ કરતાં વધુ રકમ પોતે લેશે નહિ. ગાયકવાડ સરકારની આ ખાત્રીના જામીન તરીકે બ્રિટિશ સરકારના પ્રતિનિધિ તરીકે કર્નલ વૉકરે સહી કરી હતી. મુકરર કરેલી ખંડણી દર વરસે ભરી દેવાનો રાજવીએ કરી આપેલ લેખ જેમ હંમેશને માટે હતો તેમ બ્રિટિશ સરકારની જામીનગીરી પણ હંમેશને માટે હતી,[૨૦] પરંતુ સલામતીની બાંહેધરી દર દસ વર્ષે તાજી કરાવવાની હતી.

આમ વૉકર સેટલમેન્ટ રાજકીય તેમજ નાણાકીય બંને દૃષ્ટિએ મહત્ત્વનું હતું. રાજકીય દૃષ્ટિએ આ સમાધાનના પરિણામે સૌરાષ્ટ્રનાં રાજ્યોનાં પારસ્પરિક યુદ્ધ બંધ થયાં તથા ગાયકવાડની મુલ્કગીરી-ચડાઈઓનો અંત આવ્યો, તો નાણાકીય દષ્ટિએ ગાયકવાડને વિના વિરોધ નિયમિત ખંડણી મળવાની ખાત્રી મળી. સૌરાષ્ટ્રના રાજવીઓને પણ નક્કી કરેલી ખંડણી આપ્યા પછી પોતાના રાજ્ય ઉપરથી ચડાઈનો ભય દૂર થયો અને સલામતી મળતાં શાંતિના વાતાવરણમાં પોતાના રાજ્યનો વિકાસ કરવાની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તક મળી. આવી રીતે 'વોકર કરાર'થી સૌરાષ્ટ્રમાં અવ્યવસ્થા દૂર થઈ, શાંતિ સ્થપાઈ અને પરિણામે સૌરાષ્ટ્રનાં વિકાસ અને પ્રગતિ માટેની પૂર્વભૂમિકા રચાઈ.

આમ ઓગણીસમી સદીના ઉષાકાળે ઈ. સ. ૧૮૦૭-૦૮ માં 'વોકર કરાર' થતાં સૌરાષ્ટ્રમાં ત્રાસદાયક મુલ્કગીરીચડાઈઓનો તથા મુઘલોના પતનથી દ્વીપકલ્પમાં મહદ્ અંશે સામાન્ય બની ગયેલી આંતરિક અશાંતિનો સંપૂર્ણ અંત આવ્યો[૨૧] પરિણામે સૌરાષ્ટ્રમાં સામાન્ય શાંતિ અને વ્યવસ્થા સ્થપાઈ. 'વોકર કરાર' પછી ખંડણી ઉઘરાવવાનું કાર્ય બ્રિટિશ કમ્પની મારફત શરૂ થવાથી સૌરાષ્ટ્રની યુદ્ધથી ત્રાસી ગયેલી પ્રજા તથા નવાબી અને મરાઠી સત્તાઓના શોષણથી તારાજ થયેલા રાજાઓ અને તાલુકદારોએ રાહત અનુભવી. કમ્પનીના ન્યાય અને શાંતિ માટેના પ્રયાસોથી સૌરાષ્ટ્રના રાજાઓ તેમ પ્રજાનાં કમ્પની પ્રત્યે માન અને ચાહ વધ્યાં.[૨૨]

'વોકર કરાર'ને પરિણામે સૌરાષ્ટ્રના તાલુકદારો અને એમની પ્રજા મુલ્કગીરીચડાઈઓ અને આંતર-રાજ્ય યુદ્ધોમાંથી મુક્ત થયાં અને એમને લાંબા ગાળાની શાંતિપૂર્ણ પ્રગતિની ખાત્રી મળી.[૨૩] આમ વર્ષોથી સૌરાષ્ટ્રમાં પ્રવર્તતી અશાંતિનો અંત આવ્યો. આમ 'વોકર કરાર'ના સમયથી સૌરાષ્ટ્રમાં શાંતિ અને વ્યવસ્થાના યુગનાં પ્રથમ કિરણ સૌરાષ્ટ્રની ધરતી ઉપર પડયાં અને ૧૮૨૦-૨૨ માં રાજકોટમાં બ્રિટિશ કોઠી સ્થપાતાં સૌરાષ્ટ્રમાં સુખ શાંતિ અને સમૃદ્ધિની ઉષા પ્રગટી.

## પાદટીપ


૧. ઈ. સી. બેઈલી- "હિસ્ટરી ઑફ ગુજરાત," ન્યૂ દિલ્હી, ૧૯૭૦, પૃ. ૧૮૦
૨. ર. છો. પરીખ અને હ. ગં. શાસ્ત્રી (સંપાદિત)- "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-૭," અમદાવાદ, ૧૯૮૧, પૃ. ૧૧૨ ૩. એજન, પૃ. ૧૧૩ ૪. એજન, પૃ. ૧૪૩
૫. ભગવાનલાલ સંપતરાય દ્વારા અનૂદિત- "રેકોર્ડ્સ ઑફ બૉમ્બે ગવર્નમેંટ સિલેકશન્સ" નં. ૩૯, પાર્ટ-૧, ન્યૂ સિરીઝ (ગુજરાતી અનુવાદ), મુંબઈ, ૧૮૭૦, પૃ. ૨૮૮
૬. એજન, પૃ. ૧૬૧-૧૬૨
૭. એમ. એસ. કોમિસરિયત- "હિસ્ટરી ઑફ ગુજરાત, વૉલ્યૂમ-૩, અમદાવાદ, ૧૯૮૦, પૃ. ૮૭૮
૮. "ભાવનગર ડિસ્ટ્રિક્ટ ગેઝેટિયર", (અંગ્રેજી), અમદાવાદ, ૧૯૬૯, પૃ. ૭૨
૯. શં. હ. દેસાઈ- "સૌરાષ્ટ્રનો ઈતિહાસ," જૂનાગઢ, ૧૯૬૮, પૃ. ૭૧૨
૧૦. ઉપર ક્રમાંક-૫ માં દર્શાવેલ ગ્રંથ, પૃ. ૩ થી ૫ ૧૧. એજન, પૃ. ૩૪ થી ૩૬
૧૨. એચ વિલ્બરફોર્સ બેલ-"હિસ્ટરી ઑફ કાઠિયાવાડ," લન્ડન, ૧૯૧૬, પૃ. ૧૭૮
૧૩. એજન, પૃ. ૧૭૮ ૧૪. એજન, પૃ ૧૭૯
૧૫. ઉપર ક્રમાંક-૫ માં દર્શાવેલ ગ્રંથ, પૃ. ૨૨ ૧૬. એજન, પૃ. ૪૪
૧૭. વિઠ્ઠલરાવ દેવાજી સૌરાષ્ટ્રમાં ગાયકવાડની સત્તાનું વિસ્તરણ તથા સુદૃઢીકરણ કરવામાં અનેક રીતે જવાબદાર હતા. જુઓ, "અમરેલી ગેઝેટિયર", અમદાવાદ, ૧૯૭૨, પૃ. ૭૦
૧૮. ર. છો. પરીખ- "સૌરાષ્ટ્રમાં મરાઠી સત્તા" નામનો લેખ, "પથિક", અમદાવાદ વર્ષ ૧૦, અંક ૯. પૃ. ૭૩-૭૪. ૧૯. પૂર્વોક્ત અમરેલી ડિસ્ટ્રિક્ટ ગેઝેટિયર, પૃ. ૬૮-૬૦
૨૦. ડૉ. શિવપ્રસાદ રાજગોર, "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ," અમદાવાદ, ૧૯૭૪, પૃ. ૯
૨૧. ઉપર ક્રમાંક ૮ માં દર્શાવેલ ગ્રંથ, પૃ. ૭૨ ૨૨. શં. હ. દેસાઈ, પૂર્વોક્ત પુસ્તક, પૃ. ૭૧૩
૨૩. એમ. એસ. કમિશરિયત-પૂર્વોક્ત પુસ્તક, પૃ. ૮૯૪


ઠે. ઇતિહાસ વિભાગ, સૌ. યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦ ૦૦૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૂનાગઢમાં બ્રિટિશ ઍડમિનિસ્ટ્રેશન

પ્રો. એ. એમ. કીકાણી

૧૭૪૮ માં મુઘલશાહીનો અંત લાવી જૂનાગઢમાં બહાદુરખાનજી ઉર્ફે શેરખાનજીએ બાબીવંશની નવાબશાહીની સ્થાપના કરી તથા પોતે ધારણ કરેલ નવાબના હોદ્દાને કર્નલ વોકરે ૧૮૦૭ માં માન્ય કરેલ.[૧]

એના વારસો પૈકી નવાબ મહોબતખાન ૨ જાના પુત્ર (૨૧ જાન્યુઆરી, ૧૮૯૨નાં, પોષ વદ-૩૦ સં. ૧૯૪૮ના સાંજના પાંચ વાગ્યે) બહાદુરખાનજી ૩ જા ૩૬ વર્ષની જુવાન વયે નિર્વંશ ગુજરી ગયેલ, એના નાના ભાઈ રસૂલખાનજી ૨૩ જાન્યુઆરી, ૧૮૯૨ ના રોજ ૩૪ વર્ષની વયે ગાદી પર આવ્યા. એને આ સમયે એક પુત્ર શેર જુમાખાન હતો તેનો જન્મ ૪ માર્ચ, ૧૮૮૧ ના રોજ થયેલ.[૨]

રસૂલખાનજી સ્વભાવે અતિનમ્ર નિરભિમાની, સરળ પ્રકૃતિના બિનસાંપ્રદાયિક તથા ખુદાઈ ખિદમતમાં માનનારા હતા. એમણે જૂનાગઢની પ્રજાને પૂર્ણ સંતોષ આપ્યો હતો. એમના શાસનના સંધ્યાકાલે એમના જુવાન પુત્ર શેર જુમાખાનનું અકાળ અકુદરતી મૃત્યુ થયું (૧૫ ઑગસ્ટ, ઈ. સ. ૧૯૦૮ માં રાત્રિના ૮ બજે).[૩] આ આઘાતથી નવાબ રસૂલખાન ભાંગી પડયા. એમને લાગ્યું કે પોતે હવે વધુ જીવશે નહિ. એમના પુત્ર મહોબતખાન ૩ જા સગીર હતા તેથી ૧૮૫૧ માં સગીર મહોબતખાન ૨ જાના સમયના રાજ્યના પ્રતિષ્ઠિતો દ્વારા રિજન્સી સ્થપાયેલ તેવી રિજન્સી રાયજીને પાછા બોલાવી સ્થાપવાનો હતો.[૪] પરંતુ એ વિચારને મૂર્ત સ્વરૂપ મળે તે પહેલાં જ એમનું અવસાન થયું. (૨૨ જાન્યુઆરી ૧૯૧૧ બપોરના ત્રણ બજે)[૫] અને તરત જ તક શોધતા અંગ્રેજોએ જૂનાગઢનો કબજો લઈ લીધો. મિ. સ્ટ્રૉન્ગ તથા મિ. કેએ આવી ૨૩ જાન્યુ., ૧૯૧૧ના રોજ જૂનાગઢનો કબજો લીધો.[૬] જૂનાગઢની તિજોરી. ખજાનો, રાજ્યનું ઝવેરાત તથા મહત્ત્વનાં સાધનો પર પોતાની હકૂમત સ્થાપી, રિજન્સીને બદલે ઍડમિનિસ્ટ્રેશન દાખલ કર્યું. ૬ ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૧૧ ના રોજ નોટિફિકેશન નંબર-૪ બહાર પાડ્યું તેમજ એચ. ડી. રેન્ડૉલને ઍડમિનિસ્ટ્રેટર નીમવામાં આવ્યો.[૭]

એણે આવતાંની સાથે જ એક પછી એક આપખુદ ઘમંડી પગલાં લેવાની શરૂઆત કરી. જૂનાગઢના વફાદાર પ્રામાણિક અધિકારીઓ અને કર્મચારી બેવફા તથા અણઆવડતવાળા હોય એવી દૃષ્ટિથી જ એણે મૂલ્યાંકન શરૂ કર્યું. રસૂલખાનજીના સમયમાં જે કર્મચારીઓએ નિષ્ઠાથી કાર્ય કરેલ તેવા સ્વદેશપ્રેમીઓને માનસિક ત્રાસ આપી એક પછી એક આક્ષેપો દ્વારા એમને દૂર થવા માટે ફરજ પાડી. પોલીસ સુપરિટેન્ડેન્ટ જમાદાર સુલેમાન ઉમર કે જેણે ફકીર મહમદ જેવા બહારવટિયા સામે સફળ કામગીરી કરેલ તેને તથા નવાબી દરમ્યાન ખાનગી કારભારી તરીકે અપ્રતિમ સેવા આપેલ તેવા ઈશ્વરપરાયણ શુદ્ધ આત્મિક અને પ્રામાણિક અમરજી આણંદજી કચ્છીને વિદાય આપી તેમજ પોલીસ ખાતાનો હવાલો આસિ. બૉઈડરને સોંપ્યો તથા હજૂર આસિ. તરીકે મિ. તાબેને નીમ્યા.[૮] રસૂલખાનજીના હજૂર છોટાલાલ બક્ષી કે જે જૂનાગઢના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ પણ હતા તેમની પર ૮૦ હજાર રૂ.ના ગોટાળાનો આક્ષેપ મૂકવામાં આવ્યો તથા એ રકમ એમની પાસેથી વસૂલ કરી; જોકે પાછળથી એઓ નિર્દોષ પુરવાર થયેલ અને એમને જૂનાગઢ છોડવાની મનાઈ કરવામાં આવેલી. અમરજીભાઈ પર એવો કોઈ આક્ષેપ ન કરી શકયા, પરંતુ આ ધર્મભીરુને ખૂબ પરેશાન કરેલ.[૯]

આથી પણ ખરાબ રીતે જૂનાગઢના વયોવૃદ્ધ સેવાભાવી બિનસાંપ્રદાયિક, એક સમયના સિંહ સમા, અને અંગ્રેજોના ચચુપાતના વિરોધી બહાઉદ્દીનભાઈ વજીરને અન્યાય કરવામાં આવેલ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમની મિલકત જપ્ત કરવામાં આવી તથા બધો હિસાબ માગવામાં આવ્યો. ૧૯૦૩ પછી એઓ નિવૃત્ત જેવું જીવન જીવતા હતા. એઓ અપુત્ર હતા અને રાજકુટુંબના સભ્ય હતા. એમની પાસે લખાવી લેવામાં આવ્યું કે એમના મૃત્યુ બાદ એમની મિલકત ખાલસા કરવી.[૧૦] બહાઉદ્દીનભાઈના વકીલ તરીકે શ્રી એન. કે. નાણાવટી હતા તેમણે ૧૦ ફેબ્રુઆરી, ૧૯૧૧ ના રોજ જવાબ લખેલ. ૩૦ ઑક્ટોબર, ૧૯૧૧ ના રોજ વજીર અને રેન્ડૉલ વચ્ચે ઍગ્રીમેન્ટ થયેલ હતું. ૧૪ જુલાઈ ૧૯૧૪ ના રોજ સવારમાં ૧૧-૦૦ બજે બહાઉદ્દીનભાઈ ગુજરી ગયા. એમની બિમારી દરમ્યાન એમની મિલકત ખાલસા કરવા માટે સ્લેડનને જાણ કરવામાં આવેલ. નં. ૫૮૮૩/૭૦ અ. (એ. ઓ. આ.) ધોરાજીના મકાન સિવાય બધી મિલકત, સક્કરબાગ વગેરે, ખાલસા કરવામાં આવેલ. એમનું સોનું-ચાંદી વગેરે પણ વહેંચી નાખ્યું તેમજ ફરી વારની હરરાજી કરવામાં આવી.[૧૧] પોરબંદરના ઍડમિનિસ્ટ્રેટર કે મુંબઈમાં ગવર્નરની પુત્રીના માનમાં જૂનાગઢમાં રજા પાડનાર રેન્ડૉલે જૂનાગઢના ઉદ્ધારક વજીરના અવસાનની જૂનાગઢના ગૅઝેટમાં નોંધ લેવાની દરકાર પણ ન કરી.[૧૨]

આવા ઉદ્ધત વર્તન સામે જૂનાગઢમાં રોષ ફેલાયો. આ રોષને શાંત કરવા રેન્ડૉલને થોડો સમય માટે રજા પર ઉતારી એલ. રોબર્ટસનને નોટિ.-૪૨ થી ૧૪ નવેમ્બર, ૧૯૧૧ ના રોજ ઍડમિનિસ્ટ્રેટર તરીકે નીમવામાં આવ્યો.[૧૩] એણે જૂનાગઢનું સંચાલન ખૂબ કુનેહથી કર્યું, પરંતુ ૧૯-૩-૧૯૧૩ થી રેન્ડૉલ રજા પરથી પાછો ફરતાં જૂનાગઢનું સુકાન ફરી એના હાથમાં સોંપાયું.[૧૪]

દરમ્યાન ૨૮ જુલાઈ, ૧૯૧૪ ના રોજ બકિંગહામ પૅલેસમાંથી ઇંગ્લૅન્ડના રાજવીએ યુદ્ધમાં જોડાવાનું કારણ દર્શાવતું જાહેરનામું બહાર પાડયું. આ યુદ્ધમાં એક તરફ મિત્ર દેશો અને બીજી તરફ ધરી રાજ્યો હતાં. વ્યક્તિગત રીતે જૂનાગઢના રાજવી તેમજ પ્રજાને આ યુદ્ધ સાથે કોઈ સંબંધ ન હતો છતાં પણ અંગ્રેજોની શોષણખોર નીતિના કારણે એણે જૂનાગઢમાં મળેલ તકનો પૂરેપૂરો લાભ લઈને જૂનાગઢની તિજોરીનો તેમજ પ્રજાની લાચારીનો પૂરો ઉપયોગ કરવાનું નક્કી કર્યું હોય તેમ ઉઘાડી લૂંટ શરૂ કરી. નવાબ સગીર હતા. રાજમાતા આશાબીબી કે પ્રજાનો કોઈ નેતા પડકાર કરી શકે એમ ન હતું. ૧૯૧૨ માં જ્યારે નવાબે રાજકુટુંબ માટે એક ડૉક્ટરની માગણી રેન્ડૉલ પાસે કરી ત્યારે આ ખર્ચ રાજ્યને પોસાય એમ નથી એમ કહી સગીર નવાબને પુનર્વિચારણા માટે જણાવેલ (૬-૧૦-૧૯૧૨).[૧૫] જ્યારે એ જ રેન્ડૉલે યુદ્ધ દરમ્યાન જૂનાગઢની તિજોરી અંગ્રેજ રાજ્યના કલ્યાણ માટે ખુલ્લી મૂકી દીધી.

યુદ્ધની શરૂઆત સાથે જ જૂનાગઢમાં ઇમ્પીરિયલ ઇન્ડિયન રિલીફ ફંડની શરૂઆત કરવામાં આવી તથા નવાબના નામે રૂ. ૨૫ ૦૦૦ નોંધવામાં આવ્યા.[૧૭] જૂનાગઢના કર્મચારીઓ વેપારીઓ કૉન્ટ્રાક્ટરો પાસેથી લગભગ ૧ લાખ રૂ. જેટલું ઉઘરાણું કરવામાં આવ્યું. સ્થાનિક કર્મચારીઓના પગારની સરખામણીમાં અંગ્રેજ અધિકારીના પગાર ઘણા ઊંચા હતા છતાં પણ દબાણને વશ થઈ બધાએ પોતાની શક્તિ ઉપરાંત પૈસા ફાળામાં નોંધાવવા પડયા. આમ એક તરફથી કર્મચારીઓને પજવ્યા, તો બીજી તરફથી મુંબઈમાં લેડી વિલિન્ગડને ઇમ્પીરિયલ ઇન્ડિયન વિમેન્સ વૉરફંડની શરૂઆત કરી.[૧૮] જૂનાગઢમાં મિ. રેન્ડૉલના કન્વીનરપણા નીચે એની શાખા ખોલવામાં આવી તથા અધિકારીઓની પત્નીઓનાં નામે ઉઘરાણાં શરૂ થયાં. આ મહિલાનિધિની વિશેષતા એ હતી કે એમાંથી નિયમિત આવક મળે, પરંતુ સૈનિકનાં કપડાં પણ સિવાય. માસિક લવાજમ પણ ઉઘરાવવામાં આવ્યું.

બીજી તરફ અંગ્રેજોએ વૉરબૉન્ડ શરૂ કર્યાં હતાં તેનું વ્યાજ ૫½% ઇન્કમટૅક્સ ફ્રી રાખવામાં આવેલ. દેશી રાજ્યોના નાના કર્મચારીઓ આ વૉરબૉન્ડમાં તાત્કાલિક પૈસા રોકી શકે એમ ન હતું તેથી એમને ૭ મહિનાનો ઍડવાન્સ પગાર આપી અને દસ હપ્તે એ વાળવાની યોજના જાહેર કરેલ.[૧૯] બીજી તરફથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સગીર નવાબની માતા આશ્રામીબી પાસે જ હજાર રૂા. નાં સર્ટિફિકેટ લેવડાવવામાં આવ્યાં, પરંતુ બ્રિટિશ તિજોરીને લાભ થાય એ માટે આ સર્ટિ. ની વિશેષતા એ હતી કે વગર વ્યાજે બૉન્ડ લેવાયેલ (૨૬ જૂન, ૧૯૧૭).[૨૦]

અંગ્રેજોને વિજય નજીકમાં દેખાતો ન હતો. યુદ્ધખર્ચ અને યુદ્ધસામગ્રીની તીવ્ર અછત પ્રવર્તતી હતી. જર્મન લશ્કરના ધસમસતા પ્રવાહને રોકવા માટે યુદ્ધસાધનો વધારવાં જરૂરી હતાં. આ માટે દેશી રાજ્યોનાં સાધનો–તિજોરી પર અંગ્રેજ સરકારની નજર ફરતી હતી. જ્યાંથી તક મળે ત્યાંથી સાધનો પડાવવામાં આવતાં હતાં. જૂનાગઢની તિજોરીમાં ૫૦ લાખ રૂા. ઉપર થાપણ હંમેશાં રહેતી હતી, જેની નોંધ વૉટસને લીધી છે.[૨૧] સગીર નવાબ મહોબતખાન પર દબાણ કરીને લાખ રૂા. થી વધુ કિંમતનાં એમનાં ત્રણ શસ્ત્રસજ્જ વિમાન પડાવી લેવામાં આવ્યાં.[૨૨] આનાથી પણ સંતોષ ન થતાં દર વર્ષે જૂનાગઢ રાજ્ય પાસેથી વાર્ષિક ૫ લાખ રૂા. નૈરફંડમાં લેવાનું શરૂ કરવામાં આવ્યું.[૨૩] આમ ઍડમિનિસ્ટ્રેશને યુદ્ધ દરમ્યાન જૂનાગઢની તિજોરી અને પ્રજાનો પૂરેપૂરો લાભ લીધો.

૩૧ માર્ચ, ૧૯૨૦ ના રોજ મહોબતખાન પુખ્ત થતાં એમને બહાઉદ્દીન કૉલેજના મધ્યસ્થ ખંડમાં એક મોટો સમારંભ ભરી પૉલિટિકલ એજન્ટે વાઇસરૉયનો ખરીતો આપ્યો (સવારે ૯ વાગ્યે).[૨૪] યુદ્ધ દરમ્યાન જૂનાગઢે અંગ્રેજ સરકારને પુષ્કળ મદદ કરેલ તેના બદલામાં વર્સેલ્સની સંધિથી જર્મની પાસેથી યુદ્ધદંડ પેટે જે આવક ઇંગ્લૅન્ડને થઈ તેમાંથી એક પણ વસ્તુ કે પૈસો ભારતને કે દેશી રાજ્યોને ન મળ્યાં, પરંતુ આ મદદના બદલામાં જૂનાગઢને બે તોપની વધુ સલામી મળી.

મહોબતખાનજીના રાજ્યાભિષેક સમયે પૉલિટિકલ એજન્ટ મૅકોનકીએ ભાષણ કર્યું તેમાં રેન્ડોલની પ્રશંસા કરી તથા જૂનાગઢને એનાથી જે લાભ થયા તેની વિગતે ચર્ચા કરી. રાજ્યની તિજોરીમાં ૧ કરોડ ૬૨ લાખની પુરાંત નવાબને સોંપવામાં આવી.[૨૫] રેન્ડોલે જૂનાગઢની જૂની ભાગબટાઈની પ્રથા બંધ કરી વિઘોટીપ્રથા શરૂ કરેલ તેથી રાજ્યની તિજોરીમાં નાણાં આવ્યાં, પરંતુ અનાજના સમૃદ્ધ કોઠાર ખાલી હતા.

આમ જૂનાગઢનો ઍડમિનિસ્ટ્રેશનનો કઠણ કાલ ૩૧ માર્ચ, ૧૯૨૦ થી પૂરો થયો ત્યાંસુધી જૂનાગઢની તિજોરીમાંથી મોટા પગાર લઈ યુદ્ધનો ભાર જૂનાગઢની પ્રજા પર મૂક્યો. આમ છતાં એ જૂનાગઢનો હિતેચ્છુ હતો તથા અતિપ્રામાણિક હતો એવી જ આભા ઊભી કરેલ એની કહેવાતી પ્રામાણિકતા પર પ્રકાશ પાડતો એક પત્ર મહમદભાઈ દીવાન થયા ત્યારે મુંબઈથી તા. ૭–૮–'૨૫ ના રોજ કાજીએ લખેલ તેમાં જણાવેલ કે "ધોરાજીમાં આવેલ વજીર બહાઉદ્દીનભાઈનો બંગલો રૂા. ૧૫૦૦૦ માં વહેંચવામાં આવેલ, પરંતુ એની કિંમત ૩૦ હજાર ગણાય."[૨૬] આવા અનેક બંગલા સાવ સસ્તામાં વેચાયા. (લગભગ ૨૦૦ થી વધુ મકાન વેચાયાં.)

જૂનાગઢનાં નવાબનાં ઘણાં મકાન વેચવામાં આવેલ.[૨૭] નવાબનું ઝવેરાત પણ વેચી નાખવામાં આવેલ.[૨૮] આ અને સસ્તી કિંમતે વેચાયેલ મકાનોમાં શાસકનો કેટલો ભાગ ગણવો ?

## પાદટીપ

૧. કર્નલ વૉટસન, સ્ટેટિસ્ટિકલ એકાઉન્ટ્સ ઑફ જૂનાગઢ, પ્રથમ આવૃત્તિ, ૧૮૮૦, પૃષ્ઠ ૨૬
૨. રાજ્યપ્રકાશન–"બાબી રૂલર્સ ઑફ જૂનાગઢ'–પ્રથમ આવૃત્તિ, ૧૯૦૩, પૃષ્ઠ. ૧૪૫–૧૪૬
૩. દી. દ. જી. ૧૮૪૨. ૧૫ ઑગસ્ટ, ૧૯૧૮ (Extra Ordinary), "દસ્તૂરલ અમલ"—રાજ્ય પ્રકાશિત ગૅઝેટ, જૂનાગઢ
૪. જ. પુ. જોશીપુરા. "પુરુષોત્તમરાય ઝાલાનું જીવનચરિત્ર", ભાગ–૨, પ્રથમ આવૃત્તિ–૧૯૫૩, બજરંગ પ્રેસ, જૂનાગઢ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫. દી.દ.જી. ૬૦૦ Extra Ordinary, દસ્તૂરલ અમલ, ૨૨ જાન્યુ., ૧૯૧૧
૬. નોટિફિકેશન-૧/૧૯૧૧. Extra Ordinary, ૨૩ જાન્યુ, ૧૯૧૧
૭. નોટિફિકેશન-૪/૧૧. Extra Ordinary, ૧૮ ફેબ્રુ., ૧૯૧૧
૮. નોટિફિકેશન-૧૬-૧૭/૧૧. દસ્તૂરલ અમલ. ૩ માર્ચ, ૧૯૧૧
૯. શં. હ. દેસાઈ, જૂનાગઢ અને ગિરનાર, પ્રથમ આવૃત્તિ-૧૯૭૫. પ્રકા. સોરઠ સંશોધન સભા, જૂનાગઢ, પૃ. ૨૧૦-૨૧૧
૧૦. વઝીર બહાઉદ્દીનભાઈનું દફતર-ફાઈલ નં. ૧૦
૧૧. " " ૧૫/૧૨. (A)
૧૨. દસ્તૂરલ અમલ, ૯ મે. ૧૯૧૬, Extra Ordinary
૧૩. નોટિફિકેશન-૪૨/૧૧. ૧૬ નવે. ૧૯૧૧. Extra Ordinary ગેઝેટ
૧૪. નોટિફિકેશન-૬/. ૨૦ માર્ચ, ૧૯૧૩ Extra Ordinary
૧૫. નંબર નથી. ૬ ઑગસ્ટ ૧૯૧૪ 'દસ્તૂરલ અમલ'
૧૬. દીવાન ઑફિસ, રાજકુટુંબનું દફતર-ફાઈલ ૧૮ D/O/P 6-10-12
૧૭. નોટિફિકેશન-૩૧/૧૫, ૨૦ ઑગસ્ટ, ૧૯૧૫ દસ્તુરલ, Ex.
૧૮. નોટિફિકેશન-૩૩/૧૪. ૮ સપ્ટે. ૧૯૧૪ "દસ્તૂરલ." Ex.
૧૯. નોટિફિકેશન-૧૨/ ૧૬, એપ્રિલ, ૧૯૧૬, "દસ્તૂરલ અમલ"
૨૦. દી. ઑ. રાજકુટુંબનું દફતર-ફાઈલ, નં. ૧૮
૨૧. વૉટસન. સ્ટેટિસ્ટિકલ એકા. ઑફ. જૂનાગઢ, પ્રથમ આવૃત્તિ, ૧૮૮૦, પૃ. ૫૪
૨૨. નોટિફિકેશન-૩૩ ૯ નવે., ૧૯૧૫. દસ્તૂરલ (તારની નકલ છે.)
૨૩. એ. ઑ. ની ૯૯૭/૭૩, ૧૭ માર્ચ, ૧૯૧૭ Ex. દસ્તૂરલ અમલ
૨૪. ૩૧ એપ્રિલ-૧૯૨૦, દસ્તૂરલ અમલમાં રિપોર્ટ
૨૫. ૩૧ એપ્રિલ, ૧૯૨૦ ના દસ્તૂરલ અમલનો રિપોર્ટ
૨૬. દીવાન દફતર. રાજકુટુંબના દફતરમાંથી નીકળેલ છૂટો પત્ર
૨૭. નં. ૬૫-૩૦ મે, ૧૯૧૧ તથા ૨૮ જૂન, ૧૯૧૧ નાં દસ્તૂરલ અમલ
૨૮. નોટિફિકેશન-નં. ૧૯, ૨૫ જુલાઈ, ૧૯૧૪, દસ્તૂરલ અમલ

ઠે. આર્ટ્સ કૉલેજ, ગોંડળ-૩૬૦ ૩૧૧

---


મહારાષ્ટ્ર, દક્ષિણ ભારત અને સૌરાષ્ટ્ર માટે રોજિંદી નિયમિત સેવા

# શ્રી માતંગી ટ્રાન્સપોર્ટ કું.

ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર, કમિશન એજન્ટ અને ટ્રક-ઓનર

૧૨, સુપ્રભાત ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, બંસીધર મિલ સામે, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ
શાખાઓ : મુંબઈ, વાપી, અંકલેશ્વર, વડોદરા, બાજવા, નારોલ, વટવા, ઓઢવ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનગર રાજ્યની કલ્યાણલક્ષી આર્થિક નીતિ ઈ. સ. ૧૮૯૬–૧૯૧૯*

ડૉ. પી. જી. કોરાટ

**૧. પ્રાક્કથન :**

ગોહિલવાડમાં આવેલું ભાવનગરનું ગોહિલ રાજ્ય કાઠિયાવાડ પ્રાંતના પ્રથમ વર્ગનાં રાજ્યોમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતું હતું.[૧] ભાવનગર રાજ્ય ખંભાતને મથાળે ને એની પશ્ચિમ બાજુ પર કાઠિયાવાડ દ્વીપકલ્પમાં ૨૧° ૧૮' અને ૨૨° ૧૮' ઉત્તર અક્ષાંશ તેમજ ૭૫° ૧૫' અને ૭૨° ૧૮' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલું હતું.[૨] ૨,૯૬૧ ચો.મા.નો વિસ્તાર ધરાવતા ભાવનગર રાજ્યમાં કુલ ૬૭૧ ગામડાં હતાં.[૩] ભાવસિંહજી ૧ લા(ઈ. સ. ૧૭૦૩–૧૭૬૪)એ ઈ. સ. ૧૭૨૩ માં[૪] ભાવનગર ખાતે રાજધાની સ્થાપ્યા બાદ ૧૮ મી સદીના સમય-ફલક દરમ્યાન અખેરાજજી ૨ જા (ઈ. સ. ૧૭૬૪–૧૭૭૨) અને ઠાકોર વખતસિંહજી(ઈ. સ. ૧૭૭૨–૧૮૧૬)એ શાસન કર્યું. ઠાકોર વખતસિંહજી ઉર્ફે આતાભાઈનો સમય સૌરાષ્ટ્રના મધ્યયુગ(Medicvalism)નો છેલ્લો અવશેષ હતો.[૫] ઈ. સ. ૧૮૨૦ માં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કમ્પની સરકારને પેશવા અને ગાયકવાડ સરકારના હક્ક મળતાં બ્રિટિશ હકૂમતની સૌરાષ્ટ્રમાં વિધિવત્ સ્થાપના થયા બાદ સૌરાષ્ટ્રનાં રૂપરંગ બદલવા મંડ્યાં. સૌરાષ્ટ્રમાં રાજકીય સ્થિરતા સ્થપાતાં એક નવા યુગનો પ્રારંભ થયો. પરિણામે આ યુગમાં સૌરાષ્ટ્રમાં મહદ્ અંશે શાંતિ સલામતી અને સ્થિરતા જળવાઈ રહ્યાં, જેનો ભાવનગર રાજ્યે પૂરેપૂરો લાભ ઉઠાવ્યો હતો.

૧૯ મી સદીનાં અંતિમ વર્ષોમાં મહારાજા ભાવસિંહજી ૨ જા (ઈ. સ. ૧૯૧૯) ભાવનગરની ગાદીએ આવ્યા. એમના ૨૩ વર્ષના શાસનકાલ દરમ્યાન (૧) છપ્પનિયો દુકાળ (વિ. સં. ૧૯૫૬ : સ. ૧૯૦૦), (૨) પ્લેગનો રોગચાળો (ઈ. સ. ૧૯૦૩) અને (૩) પ્રથમ મહાયુદ્ધ (ઈ. સ. ૧૯૧૪ થી ૧૯૧૮) આ ત્રણ અત્યંત મહત્ત્વપૂર્ણ ઘટના હતી, જેણે ૨૦ મી સદીના પ્રારંભિક દાયકાઓમાં ભાવનગર રાજ્યનાં આર્થિક વિકાસ અને પરિવર્તનમાં અગત્યની ભૂમિકા ભજવી હતી, એટલું જ નહિ, બલ્કે પ્રજાના આર્થિક જીવન પર વ્યાપક અસરો પાડી હતી. આમ છતાં ભાવસિંહજી ૨ જા ના શાશનકાલ દરમ્યાન કલ્યાણલક્ષી આર્થિક નીતિના અમલને પરિણામે ભાવનગર શહેર અને રાજ્યનો નોંધપાત્ર વિકાસ થયો. ભાવનગર શહેર અને રાજ્ય શહેરીકરણ અને આધુનકીરણ તરફ હરણફાળ ભરી રહ્યાં હતાં. એક રીતે જોઈએ તો મહારાજા ભાવસિંહજી ૨ જાના સમયમાં જ ભાવનગર 'આદર્શ' રાજ્ય બન્યું હતું.

**૨. કલ્યાણલક્ષી આર્થિક નીતિનાં કેટલાંક પાસાં : ૨.૧ : આર્થિક સમિતિની નિયુક્તિ :**

મહારાજા ભાવસિંહજી ૨ જાના હૈયે પ્રજાનાં ઉન્નતિ અને હિત વસેલાં હતાં. એમણે પ્રજાને વધુ સુખી અને સમૃદ્ધ બનાવવા તેમજ ભાવનગર રાજ્યની આર્થિક પ્રગતિમાં વધારો થાય તેવા હેતુસર ભાવનગર રાજ્યની (૧) આર્થિક, (૨) ઔદ્યોગિક અને (૩) ખેતીવાડીની સ્થિતિ સંબંધી સર્વાંગી તપાસ અને અભ્યાસ કરી એના ઉપર અહેવાલ રજૂ કરવા માટે એક સમિતિની નિયુક્તિ કરી, જેણે રાજ્યના મહાલો ટપ્પાઓ અને ગામો જેવા પ્રાદેશિક વહીવટી એકમોમાંથી વહીવટદાર, મદદનીશ વહીવટદાર, થાણદાર અને મુખી જેવા અધિકારીઓ પાસેથી જેતે વહીવટી એકમોની આર્થિક ઔદ્યોગિક

* વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની સહાયથી ઇતિહાસ ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી–રાજકોટના ઉપક્રમે તા. ૨૫–૨૯ નવેમ્બર, ૧૯૮૩ દરમ્યાન યોજાયેલ સેમિનારમાં વાંચવામાં આવેલ સંશોધનલેખનું સંક્ષિપ્તીકરણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ખેતીવાડી સંબંધી સ્થિતિ અંગેના જવાબરૂપે અહેવાલો માગ્યા. આ પછી સમિતિએ એ સંકલિત કરી ગ્રંથસ્વરૂપે પ્રગટ કર્યા, જેના પરથી આખરી અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

૨.૨ : ખેડૂતોની સ્થિતિ સુધારવા થયેલા પ્રયાસ :

૨૦ મી સદીના પ્રારંભિક બે દાયકાઓ દરમ્યાન ભાવનગર રાજ્યે ખેડૂતોની સ્થિતિ અને ખેતીવાડી સુધારવા માટે નીચે મુજબના પ્રયાસ કર્યા :

૨.૨.૧ : ભાવનગર રેલવે અને બંદરોની આવક દ્વારા રાજ્યની આવક વધતાં મહારાજા ભાવસિંહજી ૨ જા એ દુકાળના સમયમાં ખેડૂતો અને એમના માલ-ઢોર દુઃખી ન થાય એ માટે રૂા. ૨૦,૦૦,૦૦૦ની રકમ અલગ કાઢીને એનું 'ખેડૂત સંકટ નિવારણ ફંડ' ઊભું કર્યું.[૮]

૨.૨.૨ : નબળાં અને દુકાળનાં વર્ષોમાં વિઘોટીની રકમ ખેડૂતોની સ્થિતિ અને શક્તિ મુજબ લેવા અને બાકીની રકમ રાજ્યની લેણી રકમ તરીકે ખેંચવા માટે ઠરાવ કરવામાં આવ્યો. પરિણામે સંવત ૧૯૫૬ ના દુકાળ પહેલાં ભાવનગર રાજ્યની મહેસૂલી આવક રૂા. ૩૫,૦૦,૦૦૦[૯] હતી તે ઘટીને દુકાળ પછીનાં સંવત ૧૯૫૭ અને ૧૯૫૮નાં વર્ષોમાં અનુક્રમે રૂા. ૩૧,૪૮,૧૬૦[૯] અને રૂા. ૩૦,૯૨,૯૦૮[૧૦] ની થઈ.

૨.૨.૩ : ભાવનગર રાજ્યમાં છેક ૧૯ મી સદીનાં અંતિમ વર્ષો સુધી રાજ્યની મહેસૂલી રકમ ભર્યા પછી જ ખળાં ઉપાડવા દેવાની પ્રથા હતી તે હવે રદ કરવામાં આવી. હવે ખેડૂતને મહેસૂલ ભરવાની રકમના બે હપ્તા ઠરાવી આ રકમ ભરવાના જામિન લઈ ખેડૂત પોતાની ઊપજ સારા ભાવે વેચી શકે એવા હુકમ કરવામાં આવ્યા.

૨.૨.૪ : નબળાં વર્ષોમાં ખેડૂત ઉપર થયેલ હુકમનામાની બજવણી મોકૂફ રાખવાના ઠરાવ કરી ખેડૂતોને નાણાકીય રાહત આપવાનું શરૂ કરવામાં આવ્યું.

૨.૨.૫ : ખેતીસુધારણા માટે ધોળા ગામે એક 'મોડલ ફાર્મ' શરૂ કરી સુધરેલી રીતે ખેતીના અખતરા ખેડૂતો સમક્ષ કરી બતાવવામાં આવ્યા.

૨.૩ : સિંચાઈ-યોજનાનો પ્રારંભ :

સિહોર નજીક રામધરી નામનું તળાવ રૂા. દોઢલાખના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું. આ તળાવનું પાણી ખેતી માટે આસપાસનાં ગામડાંઓને પૂરું પાડવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી આ ઉપરાંત ભીમડાદ પાસેનુ તળાવ બાંધી નહેરો વાટે ખેતીને પાણી પૂરું પાડવાની યોજના કરવામાં આવી. આમ ભાવનગર રાજ્યમાં 'ઇરિગેશન વર્ક્સ'નો પ્રારંભ થયો.

રાજ્યમાં ૨૦,૦૦૦માંથી ૧૨,૪૦૯ પાકા બંધાયેલા કૂવાને પરિણામે મહારાજા ભાવસિંહજી ૨ જાના સમયમાં રાજ્યની કુલ ૨,૦૦,૦૦૦ વીઘા જમીન સિંચાઈ નીચે આવરી લેવામાં આવી.[૧૧]

૨.૪ બેન્કિંગ-પ્રથાનો પ્રારંભ :

મહારાજા ભાવસિંહજી ૨ જા ગાદીએ આવ્યા ત્યારે રાજ્ય ઉપર રૂા. ૨૦ લાખનું કરજ હતું અને ઈ. સ. ૧૯૦૦ માં 'છપ્પનિયો' દુકાળ પડતાં બીજા રૂા. ૩૦ લાખની જરૂર ઊભી થઈ.[૭] આ ઉપરાંત ભાવનગર રાજ્ય રેલવે તથા ભાવનગરોનાં બંદરોની જાળવણી તેમજ રાજ્યનાં અન્ય વિકાસકાર્ય કરવા એઓ હંમેશાં પ્રયત્નશીલ રહેતા. આ સંજોગોમાં રાજ્યની આર્થિક સધ્ધરતા વધારવા નાણાંની ખાસ જરૂર હતી. તા. ૧ એપ્રિલ, ૧૯૦૨ ના રોજ 'ભાવનગર દરબાર સેવિંગ્ઝ બેન્ક'[૮] શરૂ કરવામાં આવી, જેમાં રોકવામાં આવનાર મૂડી ઉપર વાર્ષિક રૂા. ૩½ ટકા વ્યાજ નક્કી કરવામાં આવ્યું. આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બૅન્કમાં લેકો પોતાનાં નાણું રોકવા લાગ્યા અને ક્રમે ક્રમે બૅન્કમાં જમા થતી થાપણ વધતી ગઈ. નાણાંની છૂટ થતાં રાજ્યે એનો ઉપયોગ કલ્યાણલક્ષી વિકાસકાર્યો પાછળ કર્યો.

૨.૫ : પ્લેગનો ઉપદ્રવ અને ભાવનગર રાજ્ય :

ભાવનગર રાજ્યની કલ્યાણલક્ષી સમાજની કલ્પના તબીબી સહાય અને જાહેર આરોગ્યના ક્ષેત્રે કેટલી સ્પષ્ટ હતી એનો ખ્યાલ આ સદીના પ્રારંભકાલે જ્યારે સમગ્ર રાજ્યમાં પ્લેગનો વ્યાપક ઉપદ્રવ ફાટી નીકળ્યો ત્યારે થાય છે. પ્લેગનો આ રોગ ઑગસ્ટ, ૧૯૦૩ માં તળાજામાં સૌ-પ્રથમ દેખાયા બાદ નવેમ્બર સુધીના ચાર માસમાં સમગ્ર ભાવનગર રાજ્યના પ્રદેશોમાં ફેલાઈ ગયો. પ્રજા અને રાજ્યને પુનઃ આર્થિક ક્ષેત્રે મોટા પાયા પર ખુવારી વહોરવી પડી, એટલું જ નહિ, સમગ્ર રાજ્યમાં વ્યાપક પાયા પર જાનહાનિ થઈ, જે નીચેના કોઠા દ્વારા આપવામાં આવેલા આંકડા પરથી જોઈ શકાય છે :

| ક્રમ | પ્રાદેશિક વિસ્તાર | પ્લેગના હુમલાનો ભોગ બનેલ લોકો | પ્લેગમાં મૃત્યુ પામેલા લોકો |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૩,૭૯૩ | ૩,૨૨૧ |
| ૨ | સિહોર | ૯૬ | ૮૮ |
| ૩ | ઉમરાળા | ૪ | ૧ |
| ૪ | તળાજા | ૧૦ | ૫ |
| ૫ | ઘોળા | ૨ | – |
| ૬ | વરતેજ | ૨ | – |
| ૭ | કુંડલા | ૫૬૨ | ૩૪૪ |
| ૮ | બુધેલ | ૧ | – |
| ૯ | રાજુલા | ૧૭૯ | ૧૨૩ |
| ૧૦ | ગઢડા | ૨૫૨ | ૨૨૧ |
| ૧૧ | બોટાદ | ૨૧૯ | ૧૪૪ |
| ૧૨ | મહુવા | ૧૩૫ | ૭૮ |
| ૧૩ | જેસર | ૭ | ૫ |
| | કુલ | ૫,૨૬૨ | ૪,૨૨૦ |

ભાવનગર રાજ્ય સામે એક ગંભીર પડકાર હતો, કારણ કે પ્લેગના આ ઉપદ્રવમાં ભાવનગર શહેરની ૩,૨૨૧ સહિત સમગ્ર રાજ્યમાં કુલ ૪,૨૨૦ વ્યક્તિઓનાં મૃત્યુ થયાં. રાજ્યે તબીબી સહાય અને જાહેર આરોગ્યના ક્ષેત્રે તકેદારીનાં નીચે મુજબનાં વ્યાપક અને સમયસરનાં પગલાં જો હાથ ધર્યાં ન હોત તો કદાચ આ સંખ્યા આનાથી પણ વધારે હોત :

(૧) ભાવનગર શહેરમાં અને મહાલનાં મુખ્ય શહેરોમાં કામચલાઉ ધોરણે દવાખાનાં ખોલવામાં આવ્યાં.

(૨) વ્યાપક પાયા પરનાં સામૂહિક સ્થળાંતર કરાવવામાં રાજ્યે મદદ કરી.

(૩) રાજ્યના અધિકારીઓની સીધી દેખરેખ નીચે પ્રત્યેક ઘર દવાના છંટકાવ દ્વારા સંપૂર્ણ રીતે ચેપી જંતુઓથી મુક્ત કરવામાં આવ્યું.

(૪) રાજ્યના મુખ્ય મેડિકલ ઑફિસરની વ્યક્તિગત દેખરેખ નીચે ઑપરેશનની કામગીરી હાથ ધરવામાં આવી.

ટૂંકમાં, રાજ્યનો કોઈ પણ નાનો એકમ આવા અણધાર્યા આપત્તિના સમયે કેવાં અને કયા પ્રકારનાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જલદ તેમજ અસરકારક પગલાં લઈ શકે એનો સ્પષ્ટ ખ્યાલ ભાવનગર રાજ્યમાં પ્લેગના ઉપદ્રવ વખતે જે પગલાં લેવામાં આવ્યા તેના પરથી મળી રહે છે.

૨.૬ : ભાવનગર રાજ્ય બૉન્ડ યોજના :

ભાવસિંહજી ૨ જાએ ૨૪ ઑક્ટોબર, ૧૯૦૪ ના રોજ 'ભાવનગર રાજ્ય બૉન્ડ એક્ટ' (સંવત ૧૯૬૧નો ધારો ૧ લો) પસાર કરી વાર્ષિક ૫ ટકાના વ્યાજે રૂા. ૧૫ લાખનાં બૉન્ડની જાહેરાત કરી.[૧૫] આમ ભાવસિંહજી ૨ જાના સમયમાં ભાવનગર રાજ્યે અન્ય કોઈ દેશી રાજ્યે નહિ કરેલું તેવું ફતેહમંદ સાહસ કરી સરકારી ગેરન્ટી વગર પ્રોમિસરી લોનના ધોરણે 'ભાવનગર રાજ્ય બૉન્ડ યોજના' અમલમાં મૂકી.[૧૬]

૨.૭ : દુકાળરાહતનાં કાર્ય :

'છપ્પનિયા' દુકાળ સાથે ઈસુની ૧૯ મી સદીએ વિદાય લીધી. સંવત ૧૯૫૬ (ઈ. સ. ૧૯૦૦)માં પડેલ 'છપ્પનિયો' દુકાળ ભારતના ઘણાબધા પ્રદેશોમાં પડ્યો હતો. સ્વ. રમેશચંદ્ર દત્તે આ દુકાળની ભયાનક સ્થિતિ નિહાળીને એ સમયના હિંદના વાઈસરોય લૉર્ડ કર્ઝન(ઈ. સ. ૧૮૯૯ થી ૧૯૦૫)-ને લખ્યું હતું કે "એકસો ત્રીસ વર્ષના અંગ્રેજોના રાજ્યવહીવટ દરમ્યાન બાવીસ દુકાળ બ્રિટિશ હિંદના પ્રદેશોમાં પડેલા નોંધાયેલા છે અને આ સૌનો છેલ્લો છપ્પનિયો દુકાળ દેશમાં ચોતરફ પ્રસરેલો છે, એટલું જ નહિ, પણ એ સખ્તમાં સખ્ત છે."[૧૭] ભાવનગર રાજ્યના પ્રદેશો ઉપર પણ એના વરવા ઓળા ઊતરી આવ્યા. રાજ્યે સમયસર ચેતીને દુકાળરાહત કાર્યો દ્વારા પ્રજાકલ્યાણનાં નીચે મુજબનાં અનેકવિધ પગલાં લીધાં :

૨.૭.૧ : દુકાળની ભયંકર આફતનો સામનો કરવા માટે મહારાજા ભાવસિંહજી ૨ જાએ એક વ્યવસ્થિત તંત્ર ગોઠવવા માટે રાજ્યને મદદરૂપ થવા તેમજ ઉપયોગી સલાહ-સૂચનો કરવા માટે ભાવનગર રાજ્યના સાચા મિત્ર શ્રી ઇ. એસ. પર્સિવલ[૧૮]ને સલાહકારના રૂપમાં ખાસ બોલાવ્યા. ખુદ મહારાજા ભાવસિંહજી ૨ જા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ લોકોને વ્યક્તિગત રીતે મળ્યા અને રાહત માટે સ્થળ પર જ જરૂરી હુકમો કર્યા.[૧૯]

૨.૭.૨ : 'ફૅમિન કોડ'ની ભાવનગર રાજ્યે રચના કરી. સૌરાષ્ટ્રભરનાં દેશી રાજ્યોમાં આ પ્રકારની વ્યવસ્થા કરનાર ભાવનગરનું રાજ્ય સૌ-પ્રથમ હતું.[૨૦]

૨.૭.૩ : રાહતકાર્યોના ભાગરૂપે નીચે મુજબનાં વિવિધ કાર્ય હાથ ધરવામાં આવ્યાં :

( ) ધોળા જંકશનથી જેસર રસ્તે પોર્ટ આલ્બર્ટ વિક્ટર સુધીની રેલવે-લાઈન લંબાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું.

(૨) રૂા. ૧૧¾ લાખના ખર્ચે નવા રોડ તૈયાર કરાવવાની યોજના અમલમાં મૂકવામાં આવી.

(૩) રૂા. ૧¾ લાખના ખર્ચે ૮૫ તળાવ ખોદાવ્યાં કે ઊંડાં કરાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું.

(૪) ૨૦૦૦ નવા કૂવાઓનું ખોદકામ શરૂ કરવામાં આવ્યું.

(૫) રાજ્ય હસ્તકની તમામ ગોચર જમીન ચરિયાણ જમીન તરીકે ખુલ્લી મૂકી દેવામાં આવી.

(૬) દુકાળનો ભોગ બનેલા લોકો માટે મહાલના દરેક મુખ્ય મથકે ગરીબખાનાં ખોલવામાં આવ્યાં.

(૭) બિયારણ અને ઘાસચારા માટે રાજ્ય તરફથી તગાવી આપવામાં આવી.

(૮) ખેડૂતોને એમના કૂવા ઊંડા ઉતારવાના કાર્યમાં પ્રેરી રજકો છાસટિયો વગેરે વાવવા ઉત્તેજન આપવામાં આવ્યું.

ટૂંકમાં, મહારાજા ભાવસિંહજી ૨ જાએ દુકાળરાહતકાર્યો માટે આશરે રૂા. ૨૩ લાખ વાપર્યા હતા.[૨૧] લોકોએ પોતાના મહારાજાની આ ઉદારતા અને ત્યાગની ભાવનાને બિરદાવી.[૨૨]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરાંત સંવત ૧૯૬૮ (ઈ. સ. ૧૯૧૨)માં કાઠિયાવાડ અને ગુજરાતના કેટલાક ભાગોમાં પુનઃ દુષ્કાળ પડયો. આ કાળને ખેડૂતો 'દ્વેઢાંકાળ' કહેતા. આ દુકાળ પ્રસંગે અત્યારની પદ્ધતિની 'દુકાળ રાહત સમિતિઓ' અને 'કેટલ કેમ્પ' ગામેગામ અસ્તિત્વમાં આવ્યાં. દુકાળરાહત સમિતિઓએ જેટલી રકમ એકઠી કરી તેટલી બીજી રકમ ભાવનગર રાજ્યે, ફંડના હિસાબો જોવા સિવાય, બીજી કોઈ પણ પ્રકારની દખલગીરી ન કરવાનું જાહેર કરી, જે તે સમિતિને આપી. ભાવનગર રાજ્યમાં આ દુકાળ-રાહત સમિતિઓએ ખૂબ જ પ્રશંસાપાત્ર કામ કર્યું હતું.

૨.૮ : બંદરના અબાધિત અધિકારો અને બંદરી વેપારનો વિકાસ :

૨૦ મી સદીના પ્રારંભમાં કાઠિયાવાડનાં બંદરો સંબંધી બ્રિટિશ સરકારની રાજનીતિમાં ફેરફાર થયો. લૉર્ડ કર્ઝનના સમયમાં સરકારે વીરમગામની લાઈન-દોરી નાખી. ભાવનગરને પણ એમાં ભેળવી દેવામાં આવ્યું, પરંતુ ઈ. સ. ૧૮૬૦ ના કરાર[૨૩] પ્રમાણે ભાવનગર રાજ્ય કસ્ટમ યુનિયનમાં જોડાયેલું હોઈ એની બ્રિટિશ બંદરમાં ગણના થતી હતી, આમ છતાં વીરમગામ લાઈન-દોરીમાં ભાવનગરનો અપવાદ રાખવામાં આવેલ નહિ, આથી ભાવનગર રાજ્ય વતી મુખ્ય દીવાન સર પ્રભાશંકર પટ્ટણીને ભાવનગર બંદરના હક્ક અબાધિત રાખવા માટે હિંદમાંની બ્રિટિશ સરકારની સામે ઈંગ્લૅન્ડમાં હિંદી પ્રધાન સુધી જવું પડયું. ઈ. સ. ૧૯૦૯ માં એ વખતના હિંદી પ્રધાન લૉર્ડ મોર્લીએ ભાવનગર રાજ્યની લડતને વાજબી ઠરાવનારો નિર્ણય જાહેર કરતાં જણાવ્યું કે "ભાવનગરનાં બંદર બ્રિટિશ બંદરોના અધિકાર ભોગવે છે એટલે એની સામે લાઈન-દોરી પડી શકે નહિ."

આ પછી બંદરી વેપારમાં કદી ન થયેલો તેવો સુધારો થયો. આ ઉપરાંત ઈ. સ. ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં કાઠિયાવાડનાં બંદરી રાજ્યો પૈકી ભાવનગર રાજ્યને અન્ય દેશી રાજ્યોની તુલનાએ ઉપલબ્ધ થયેલ દરિયાકિનારાનો વિશિષ્ટ લાભ તથા બ્રિટિશ સરકાર સાથે થયેલ કરાર મુજબ વિશિષ્ટ અધિકારો મળેલા હોવાથી સૌથી વિશેષ લાભ થયો, જેનો ખ્યાલ પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં અને પછીનાં વર્ષોમાં ભાવનગર રાજ્યની આયાત-નિકાસના આંકડા[૨૪] દર્શાવતા નીચેના કોઠા પરથી આવી શકશે :

| સાલ | નિકાસ રૂ. | આયાત રૂ. |
|---|---|---|
| ઈ. સ. ૧૯૧૩–૧૪ | ૧,૯૯,૩૪,૨૯૬ | ૧,૪૯,૪૮,૦૮૩ |
| ઈ. સ. ૧૯૧૮–૧૯ | ૩,૬૬,૨૬,૩૭૧ | ૨,૦૭,૦૭,૪૫૭ |

આ ઉપરાંત મુંબઈના બંદરી લાગાઓ અને મજૂરી વગેરેની સરખામણીમાં ભાવનગરનાં બંદરોએ લેવાતા લાગા ઓછા અને મજૂરી સસ્તી હોવાથી તથા રાજ્યની પોતાની રેલવેના નૂર અનુકૂળ રીતે ઘટાડેલ હોવાથી ભાવનગર બંદરે ઊતરેલો પરદેશી માલ-સામાન ઉત્તર-ગુજરાત માળવા અને છેક દિલ્હી સુધી જવા લાગ્યો. આનાથી ભાવનગર રાજ્યની કસ્ટમ-આવકમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી ગઈ.

૨.૯ : આર્થિક હેતુસર રચાયેલાં જ્ઞાતિનાં સંગઠન :

પ્રથમ વિશ્વયુદ્ધના સમયગાળા દરમ્યાન તેજીનું જે તોફાન શરૂ થયું તેમાં કડિયા દરજી મોચી કંસારા વાળંદ કુંભાર વગેરે કારીગર અને વસવાયા વર્ગ કસદાર થઈ ગયા. આ કોમોએ પોતપોતાની જ્ઞાતિનાં બંધારણ કરી પોતાની મજૂરીના ઊંચા દર નીચે ન જવા દેવા સંગઠનો કરવાની શરૂઆત કરી, જેમાંથી ભાવનગર રાજ્યમાં આર્થિક હેતુસર રચાયેલાં જ્ઞાતિનાં સંગઠનોનો ઉદય થયો. કલ્યાણલક્ષી સમાજ અને અર્થવ્યવસ્થાની નીતિને વરેલા ભાવનગર રાજ્યે આ અંગે કોઈ હસ્તક્ષેપ કર્યો નહિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨.૧૦ : પ્રકીર્ણ બાબતો :

(૧) મહારાજા તખ્તસિંહજીના સમયમાં ઊભા કરવામાં આવેલા વિકટોરિયા-પાર્ક નામના સૌરાષ્ટ્રના સૌ-પ્રથમ અભયારણ્યની જાહોજલાલી મહારાજા ભાવસિંહજી ૨ જાના સમયમાં મોટા પ્રમાણમાં ફાલી ફૂલી. આ સમયે પાર્કનાં પશુપંખીની સૃષ્ટિ અને એનો વનરાજી તેમજ કાંટ સૌથી ઊંચા દરજ્જાની બની રહી હતી.[૨૫] આ ઉપરાંત સિહોરની કાંટમાંથી લાકડાં કાપવાની મનાઈ ફરમાવવામાં આવી તેમજ નવાં વૃક્ષ ઉછેરાવી આ કાંટને વધારે ઘાટી બનાવવામાં આવી. આજથી આશરે પોણી સદી પહેલાં શરૂ કરવામાં આવેલા આ પ્રકારના આયોજન પાછળ મહારાજા ભાવસિંહજી ૨ જાની ઊંડી સમજ અને સૂઝ માટે તથા સામાન્ય પ્રજાને સુખી કરવાના તેમજ રાજ્યની આબાદી વધારવા માટેના એમના પ્રયાસ માન ઊપજે તેવા છે.

(૨) વીસમી સદીના પ્રારંભે ઈ. સ. ૧૯૦૩ માં મહારાજા ભાવસિંહજી ૨ જા ભાવનગરમાં પહેલ-વહેલી મોટરકાર લાવ્યા.

(૩) ગ્રામોફોન અને ફોનોગ્રામ પણ પ્રથમ રાજ્યનાં મોટાં શહેરોમાં અને ત્યાર પછી ગામડાંઓમાં દાખલ થયાં.

(૪) મહારાજા ભાવસિંહજી ૨ જાએ રાજ્યની આમદાનીના ભોગે દારૂનો ઈજારો આપવો બંધ કર્યો અને દારૂની આયાત તથા વપરાશ ક્રમશઃ ઘટાડવા માટેની નીતિનો જાન્યુઆરી, ૧૯૧૯ થી પ્રારંભ કર્યો.

(૫) પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન મુંબઈ રંગૂન અને આફ્રિકામાં ગયેલા વેપારીઓ પુષ્કળ ધન પેદા કરી પોતાના વતનમાં પાછા આવ્યા. રાજ્યનાં પ્રોત્સાહન અને પ્રેરણાથી એમણે સારાં મકાન બંધાવ્યાં તથા નિશાળો પુસ્તકાલયો દવાખાનાં ધર્મશાળા અને જળાશયો બનાવવા જેવાં લોકોપયોગી કાર્ય કરવા પાછળ પોતાનાં નાણાં વાપર્યાં. જેણે સામાન્ય જનજીવનને સુવિધાઓ પૂરી પાડી, એટલું જ નહિ, બલ્કે જનજીવન વધારે સમૃદ્ધ બન્યું. ભાવનગર રાજ્યે પણ આ અંગે જરૂરી સુવિધાઓ કરી આપી હતી.

૩. નિષ્કર્ષ :

સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ કાઢતાં કહી શકાય કે મહારાજા ભાવસિંહજી ૨ જા(ઈ. સ. ૧૮૯૫ થી ૧૯૧૯)ના આશરે ૨૩ વર્ષના શાસનકાલ દરમ્યાન રાજ્યની આર્થિક વ્યવસ્થાને છિન્ન-ભિન્ન કરતા કેટલાક દુકાળો, નબળાં વર્ષો અને જીવલેણ પ્લેગ જેવા રોગચાળા આવ્યા, છતાં રાજ્યે પૂરી મક્કમતાથી એનો સામનો કર્યો હતો. આ ઉપરાંત રાજ્યમાં એકંદર શાંતિ સલામતી અને સ્થિરતા જળવાઈ રહી હતી. પરિણામે આ ૨૩ વર્ષના શાસનકાલ દરમ્યાન ભાવસિંહજી ૨ જાએ મુખ્ય દીવાન સર પ્રભાશંકર પટ્ટણીના સાથ-સહકારથી કલ્યાણલક્ષી આર્થિક નીતિ અપનાવીને તેમજ રચનાત્મક સુધારા કરીને, ભાવનગર રાજ્યના આર્થિક માળખાને સુવ્યવસ્થિત અને સંગીન કક્ષાએ મૂકીને આર્થિક વિકાસ અને પરિવર્તનની આગેકૂચ ચાલુ રાખી હતી.

મહારાજા ભાવસિંહજી ૨ જાના સમયની આર્થિક નીતિથી ૨૦ મી સદીના પ્રથમ બે દાયકાઓ દરમ્યાન ભાવનગર રાજ્યની આર્થિક આમદાનીમાં ક્રમશઃ વધારો થતાં આર્થિક દૃષ્ટિએ સંપન્નતા તથા વૃદ્ધિ થયાનું સ્પષ્ટ જણાય છે. આમ થતાં રાજ્ય પરનું કરજ હતું તે પણ ભરપાઈ થઈ ગયું, એટલું જ નહિ, પરંતુ મહારાજા ભાવસિંહજી ૨ જાનાં અંતિમ વર્ષોમાં રાજ્યની તિજોરીમાં સારી એવી મૂડી જમા થઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકી હતી. પરિણામે હવે કાઠિયાવાડી રાજ્યોમાં ભાવનગરનું રાજ્ય એક નમૂનેદાર અને પ્રથમ પંક્તિનું રાજ્ય ગણાવા લાગ્યું.[૨૬] ટૂંકમાં,

"His career began with a depleted treasury and successive lean years. He was thus obliged to incur heavy debts for administrative purpose. Thereby the exercise of wise economy he succeeded in clearing off without resorting to fresh sources of revenue and left to his son a flourishing state"[૨૭]

## પાદટીપ

૧. પંડ્યા, કાળિદાસ દેવશંકર : ગુજરાત રાજસ્થાન અથવા ગુજરાતનાં દેશી રાજ્યો (અમદાવાદ-૧૮૮૪), પૃ ૩૪૮
2. Report on the Administration of the Bhavnagar State for the Year 1905–03, p 1
3. The Ruling Princes, Chiefs and Leading Porsonages in tn Western India States Agency (Second Edition–New Delhi–1935), p. 115
૪. નર્મદાશંકર લાલશંકર, કાઠિયાવાડ સર્વસંગ્રહ (અનુવાદ), પૃ. ૫૧૬
૫. મહેતા, ગોરધનદાસ નાગરદાસ : સૌરાષ્ટ્ર ઈતિહાસ દર્શન, (પાલિતાણા : ૧૯૩૭), પૃ. ૬૧
૬. ભાવનગર સમાચાર, નવેમ્બર ૧૯૭૦ (પુસ્તક ૩૧ મું, અંક ૪૩ થી ૪૫), પૃ. ૧૪૭
૭. સંયુક્ત કારભાર(ઈ. સ. ૧૮૭૦ થી ૧૮૭૮)ના સમયમાં જમીનમહેસૂલપદ્ધતિમાં ફેરફાર કરી 'ખાતાબંધી' કે વિઘોટીનું ધોરણ દાખલ કરવામાં આવ્યું હતું.
Turkhad, M. A : Village Accounts, p. 7
8. Aitchison, C. U. : A collection of Treaties, Engagements and Sunnads Relating to the Province of Katbiawar, Vol. VI, p. 197
9. Report on the Administration of the Bhavnagar State, for the Year 1902–1903, P. 34
10. Ibid.
11. Idid, p 32
૧૨. ભાવનગર સમાચાર, ૨૮ ઑક્ટોબર, ૧૯૬૭ (પુસ્તક, ૨૭ મું, અંક ૩૯–૪૩), પૃ. ૨૧
૧૩. આ બેન્ક પ્રારંભમાં 'ભાવસિંહજી સેવિંગ્ઝ બેન્ક' એ નામથી લોકોમાં પ્રચલિત થઈ હતી.
14. Report on the Administration of the Bhavnager State, for the Year 1903–1904, (Summary), p. IV
15. Report on the Administration of the Bhavnagar State, for the Year 1904-1905, p. 25
૧૬. ભાવનગર સમાચાર, ૨૮ ઑક્ટોબર, ૧૯૬૭ (પુસ્તક ૨૭ મું, અંક ૩૯–૪૩), પૃ. ૨૧
૧૭. પારેખ, (સ્વ). હીરાલાલ ત્રિભુવનદાસ : અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન, (અમદાવાદ–૧૯૭૬), પૃ ૪૦૩
૧૮. મહારાજા તખ્તસિંહજીની સગીર વય દરમ્યાન ભાવનગર રાજ્યમાં ઈ. સ. ૧૮૭૦ થી ૧૮૭૮ સુધી જે સંયુક્ત કારભાર સ્થપાયો હતો તેમાં પ્રારંભનાં વર્ષોમાં શ્રી ગગા ઓઝા સાથેના એક કારભારી શ્રી ઈ. એસ. પર્સિવલ નિમાયા હતા.
19. Edwardes, S. M. : Ruling Princes of India–Bhavnager–Being a Historical, Archaeological, Political and Statistical Account of the State, (Bambay–1909–), p. 83

[ અનુસંધાન પાન ૧૩૨ નીચે ]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કરસનદાસ મૂળજીનો લીંબડી રાજ્યનો વહીવટ

ડૉ. મુગટલાલ પો. બાવીસી

કરસનદાસ મૂળજી મુંબઈના મહાન સુધારક હતા. એમણે સુધારાની જે ઝુંબેશ શરૂ કરી હતી તેને લીધે મુંબઈની એમની જ્ઞાતિએ એમના કુટુંબને જ્ઞાતિમાંથી દૂર કર્યું હતું. કરસનદાસ આ સ્થિતિ જીરવી શકે તેટલા મજબૂત હતા, પરંતુ એમનું કુટુંબ માનસિક ત્રાસનો અનુભવ કરતું હતું. કરસનદાસ અને એમના કુટુંબને આ સ્થિતિમાંથી મુક્ત કરવા મુંબઈના ગવર્નરે એમને સૌરાષ્ટ્રમાં વહીવટકર્તા તરીકે મોકલવાનું નક્કી કર્યું. ઈ. સ. ૧૮૬૭ માં એમની રાજકોટમાં વહીવટકર્તા તરીકે નિમણૂક થઈ અને એ પછી ૧૮૭૦ ના એપ્રિલમાં માસિક રૂા. ૫૦૦/–ના પગારથી લીંબડી રાજ્યના વહીવટકર્તા (Special Assistant To The Political Agent) તરીકે નિમણૂક થઈ.[૧] એ જ વર્ષની ૨૭મી એપ્રિલે એઓ રાજકોટથી લીંબડી આવ્યા અને ૧૮૭૧ની ૨૮ મી ઑગસ્ટે એમનું અવસાન થયું ત્યાંસુધી એટલે કે લગભગ એક વર્ષ અને ચાર માસ સુધી એમણે લીંબડી રાજ્યના વહીવટકર્તા તરીકે ફરજ બજાવી.

કરસનદાસનાં સ્વભાવ ખાસિયત તથા એમના લીંબડીના વહીવટ વિશેની કેટલીક માહિતી રસપ્રદ છે. કરસનદાસને એકાંતવાસ ખૂબ ગમતો. એમણે લીંબડીમાં પોતાનું નિવાસસ્થાન શહેરની બહાર એક સુંદર બગીચામાં રાખ્યું હતું.[૨] ત્યાં એકાંતમાં બેસવા માટે એમણે એક ભભકદાર બંગલી બંધાવી હતી અને પોતાના નિવાસસ્થાન સાથે જોડી દીધી હતી. એ બંગલીના માળ પર એકાંત ઓરડામાં પોતે ઘણી વાર બેસતા અને ત્યાં લેખન વાચન તથા મનન કરતા. કોર્ટમાં પણ એઓ એકાદ બે કલાક ખાનગી દીવાનખાનામાં બેસતા. કોર્ટમાં વાદી અને પ્રતિવાદી બંનેને ઘરમેળે સમાધાન કરવા સમજાવતા. એઓ ઘણી વાર ઠાકોર જશવંતસિંહજીને પોતાની સાથે રાખી એમને કોર્ટનું કામ સમજાવતા.[૩]

કરસનદાસ દયાળુ પણ હતા. એક વૃદ્ધ ગુનેગારની દયા ખાઈને એને ફટકાની સજામાંથી મુક્ત કર્યો હતો. પચ્છમ ગામના શેઠોએ "કરસનદાસ લાઇબ્રેરી" શરૂ કરવાનું વિચાર્યું હતું, પરંતુ કરસનદાસે પોતાના

---

[ અનુસંધાન પાન ૧૩૧ થી ચાલુ ]

૨૦. ભાવનગર સમાચાર, ૨૮ ઑક્ટોબર ૧૯૬૭, (પુસ્તક ૨૭ મું, અંક ૩૯–૪૩), પૃ. ૨૧

21. The Ruling Princes, Chiefs and Leading Personages in the Western India States Agency, op cit, p. 190

22. Edwardes, S. M. op. cit., p. 83

૨૩. ઈ. સ. ૧૮૬૦ના આ કરાર મુજબ ભાવનગર બંદરને સ્વતંત્ર બંદરના લાભ અને અધિકારો ઉપલબ્ધ થયા તેથી ભાવનગર બંદરને 'કુદરતી અને તંદુરસ્ત વિકાસ' કરવાનો અધિકાર તેમ બ્રિટિશ બંદરનો વિશિષ્ટ દરજ્જો પ્રાપ્ત થયો. દેશી રાજ્ય, સપ્ટેમ્બર, ૧૯૩૫, પૃ. ૨૭૬

24. Report on the Administration of the Bhavnagar State, for the Year 1918–1919, p. 33

૨૫. 'વિક્ટોરિયા પાર્કનો ભવ્ય ભૂતકાળ': સૌરાષ્ટ્ર સમાચાર, દૈનિક, તા. ૨૧–૮–૧૯૮૩

૨૬. (૧) મહેતા, ગોરધનદાસ નાગરદાસ : પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૯૭

(૨) અખબારે સોદાગર : ૧૯ ઑગસ્ટ, ૧૯૦૨

27. The Ruling Princes, Chiefs and Leading Personages in the Western India States Agency, op. cit., p. 191

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાદટીપ

૧. મહીપરામ રૂપરામ : 'કરસનદાસ મૂળજી ચરિત્ર', (અમદાવાદ, ૧૮૭૭), પૃ. ૧૬

૨. હાલમાં જ્યાં 'દિગ્ભુવન પૅલેસ' (લાલ બંગલો) છે ત્યાં જ એક બંગલીમાં કરસનદાસનું નિવાસસ્થાન હતું. લીંબડીના ઠાકોર જશવંતસિંહજી એ વખતે દરબારગઢમાં રહેતા હતા. ઈ. સ. ૧૯૦૬ માં દરબારગઢમાં મોટી આગ લાગ્યા પછી જશવંતસિંહજીએ એમનું નિવાસસ્થાન લાલબંગલામાં ફેરવ્યું. એ પછી દેલતસિંહજીના સમયમાં ત્યાં નવો વિશાળ બંગલો બનાવીને લીંબડીના રાજકુટુંબે ત્યાં જ રહેવાનું પસંદ કર્યું.

૩. આ સમયે ઠાકોર જશવંતસિંહજીની ઉંમર અગિયાર વર્ષની હતી.

૪. કરસનદાસ સામાન્ય રીતે ધર્મવિરોધી વલણ ધરાવતા હતા. આમ છતાં લીંબડીના હવેલી મંદિરમાં એઓ દર્શન કરવા જતા એ બાબત નોંધપાત્ર છે.

૫. આ ઉલ્લેખથી એ સાબિત થાય છે કે લીંબડીમાં 'સર જશવંતસિંહજી ફ્રી લાઇબ્રેરી ઍન્ડ રીડિંગ રૂમ'ની સ્થાપના થઈ એ પહેલાં ૧૮૭૦ માં પણ પુસ્તકાલય હતું.

૬. મુગટલાલ પો. બાવીસી : "લીંબડી રાજ્યનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ઈ. સ. ૧૭૧૮ થી ઈ. સ. ૧૯૪૮ સુધી" (અપ્રગટ મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૧૯૮૪), પૃ. ૧૨૬

૭. હાલના દરબારગઢમાં પ્રવેશ કરતાં જમણી તરફની જે પાંખ છે (જેના પર માળ નથી) તે વિશે આ ઉલ્લેખ છે. ઈ. સ. ૧૯૦૬ માં દરબારગઢમાં મોટી આગ લાગી ત્યાં સુધી ઠાકોર જશવંતસિંહજી આ સ્થળે રહેતા હતા.

૮. મુગટલાલ પો. બાવીસી, પૂર્વોક્ત, પૃ. ૧૨૭

૯. કરસનદાસ મૂળજી જેવા મહાન સુધારક લીંબડીમાં અવસાન પામ્યા હોવા છતાં ત્યાં એમનું કોઈ સ્મારક નથી; ખરેખર ત્યાં એમનું નાનું કે મોટું સ્મારક થવું જોઈએ.

૧૦. જીવનના અંતસમયે કરસનદાસને ગુંસાઈ મહારાજો સામે કોઈ વેર કે વિરોધ ન હતાં એ બાબત નોંધવા જેવી છે.

૧૧. મહીપતરામ રૂપરામ, પૂર્વોક્ત, પૃ. ૧૩૩

૪/૪, શ્રી સાંઈ ઍપાર્ટમેન્ટ્સ, હવાડિયા ચકલા પાછળ, સૂરત–૩૯૫૦૦૩

સ્વાદિષ્ઠ તાજા લિજ્જતદાર

SILVANA

જુદી જુદી જાતના અનેરા સ્વાદમાં.... કેક્સ – બિસ્કિટ્સ

ફરાળી બિસ્કિટ્સ ખારી બિસ્કિટ્સ વેજિટેબલ પફ વ.

બર્થ-ડે કેક અમારી સ્પેશિયાલિટી છે

સિલ્વાના કેક શોપ

ગેંડીગેટ દરવાજા પાસે, ચોખંડી, વડોદરા

For Private and Personal Use Only